ગાથા સોસાયટી પબ્લીકેશન નંબર ૧૪

નીરંગ્-ઈ પાદ્યાબ્
અવસ્તા-ઈ કુસ્તી
અને
નીરંગ્-ઈ કુસ્તી બસ્તન્

બેહરામગોર તેહમુરસ અંકલેસરીઆ

મુંબઇ

૧૯૩૯

ગાથા સોસાયટી તરફથી પ્રગટ થયલાં કેટલાંક કિમતી પુસ્તકોની વિગત.

ગાથા સોસાયટીની સ્થાપના કેટલાંક જુવાન ઉત્સાહી ધર્મ અભ્યાસીઓએ ઇ. સ. ૧૯૦૨ માં કરી હતી. એ સોસાયટીની મકસદ અઠવાડીક ભાષાણો મારફતે અને પુસ્તકો પ્રગટ કરી જરથોશતી ધર્મના અસલ ખાલેસ શિક્ષણોનો કોમમાં ફેલાવો કરવાની છે. ગાથા સોસાયટી તરફથી પ્રગટ થયલાં કેટલાંક કિંમતી પુસ્તકોની ટુંક વિગત નીચે આપી છે:—

પાંચ ગાથા, સ્તુમનો કરદો અને ફ્રા-ભ્રઓતનો હા:—ગુજરાતી લીપીમાં, છેલ્લામાં છેલ્લી પદ્ધતી પ્રમાણેની શુદ્ધ જોડણી સાથના શુદ્ધ ઉચ્ચારોવાળું ભણતર માટેનું પૉકેટ સાઇઝ પુસ્તક. ગાથાના 'મીટરો' પ્રમાણે દરેક લાઇનો ગોઠવવામાં આવી છે જેઓ ગાથા શુદ્ધ ઉચ્ચારે અને કવિતાઇ માંગતા હોય તેઓ માટે ગજવામાં રહી શકે એવું ફક્ત ૭ આનાની કિંમતનું આ ઉપયોગી પુસ્તક છે. પાકી કલૉથ બાઇન્ડીંગના ૧૦ આના.

બહેશ્ત અને દોજખ (અંગ્રેજી ભાષામાં):—આ અતિ અગત્યના વિષય ઉપર મી૦ સોરાબજી નવરોજી કાંગાએ ઉંડા અભ્યાસ પછી લખેલું પુસ્તક છે. જરથોશતી ધર્મમાં બહેશ્ત અને દોજખ માટે કેવા ઉમદા અને ફીલસુફી

ભર્યાં વિચારો સમાયલા છે તે દેખાડનારૂં અને એ તકરારી બાબદ ઉપર વધુ રોશની ફેંકનારૂ આ પુસ્તક છે. વળી તેમાં વેદ અને ગ્રીક ફીલસુફ પ્લેટોના એ વિષયને લગતા ખ્યાલોની સરખામણી પણ કરવામાં આવી છે. કિંમત ફકત આના આઠ.

સ્પેન્તામઇન્યુને લગતી વિગતવાર સમજણ (અંગ્રેજી ભાષમાં) :—આ પુસ્તક ફીલસુફી ભર્યાં નવા વિચારોથી ભરપુર છે. મી૦ સોરાબજી નવરોજી કાંગાએ એ બાબેના ખંતીલા અભ્યાસ પછી જરથોસ્તી ધર્મને લગતી આ એક ઘણી અગત્યની બાબદ ઉપર નવીજ રોશની નાંખી છે. ફ્રવષી, ફીરસ્ટોસ અને લોગોસની ફીલસુફી ઉપર આ વિષય કાંઇક નવુંજ અજવાળુ નાંખે છે. આ પુસ્તક વાંચવા લાયક છે. કિંમત ફકત આના દસ.

અર્દીબહેશ્ત યશ્ત અને સ્વસુચનાનો કાયદો (અંગ્રેજી ભાષામાં) :— આ પુસ્તક આજનાં સાયન્સ અને સ્પીરીચ્યુઅલીઝમને લગતી બાબદોની સરખામણી સાથનાં અભ્યાસ ઉપર રચાયલું છે. આપણી અર્દીબહેશ્ત યશ્તમાં શું ઉમદા તત્વ સમાયલાં છે તે આ પુસ્તક મારફતે મી૦ સો. ન. કાંગાએ દેખાડવાની વિદ્વતાભરી કોશેષ કરી છે. વળી એ પુસ્તકમાં કેટલાક દાખલાઓ આપી આજના સ્પીરીચ્યુઅલીઝમ અને સ્વસુચનાનો કાયદો સમજાવ્યો છે. ખચીતજ આ એક વાંચવા લાયક બાબદ છે. કિંમત ફકત આના દસ.

ગાથા સોસાયટી તરફથી હાલમાંજ પ્રગટ થયલું વાંચવાલાયક ધાર્મિક પુસ્તક

ધાર્મિક વિષયો—ફ્રવષીની ફીલસુફી (ગુજરાતી ભાષામાં) :— કે જેમાં ફ્રવર્દિન યશ્તની બારીક તપાસ અને ફ્રવષીની ફીલસુફી ભરેલી સમજણ યુનાની ફીલસુફ પ્લેટોના Ideas સાથે ફ્રવષીનું અજબ જેવું મલતાપણું વિગેરે અનેક વાંચવાલાયક બાબદો સમાવવામાં આવી છે. ૨૨૩ પાનાનું, સારી બાઇન્ડીંગ સાથનું તેમજ વળી ૧૬ પાનાના ઇન્ડેક્ષ રૂપી સાંકળ્યા સાથનું આ એક વ. [illegible] ન [illegible] " લાયક સરળ, સાદી ગુજરાતી ભાષામાં લખાયલું પુ[illegible] [illegible]. કીંમત ૨ [illegible] ણીના ખરચ પુરતીજ માત્ર રૂ. ૧) રાખવામાં આવી છે. જરૂરજ આ પુસ્તક ખરીદી વાંચજો અને વંચાવજો.

મળવાના ઠેકાણાં :—

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ,

ફીરોજશાહ મેહતા રોડ, કોટ, મુંબઇ.

એર્વદ ફ્રામર્જી અર્દશીર બોદ,

યુસુફ બીલ્ડીંગ, ૧ લે માળે, ૧૨ એ,

ફલોરા ફાઉન્ટનની સામે કોટ.

ગાથા સોસાયટી પબ્લીકેશન નંબર ૧૪

નીરંગ્-ઈ પાદ્યાબ્,
અવસ્તા-ઈ કુસ્તી
અને
નીરંગ્-ઈ કુસ્તી બસ્તન્

બેહરામગોર તેહમુરસ અંકલેસરીઆ

૧૯૩૯

મુંબઇ

કિમત ૧૨ આના

ધી ફોર્ટ પ્રીંટીંગ પ્રેસ, નં. ૨૩, ગોવા સ્ટ્રીટ, બેલાર્ડ એસ્ટેટ, કોટ, મુંબઈ મધે મી૦ એ. એફ. ડી'સુઝાએ છાપ્યું છે, અને ગાથા સોસાયટીના ઑનરરી સેક્રેટરી એર્વદ ફરામજી અ. બોદએ યુસુફ બીલ્ડીંગ, ફલોરા ફાઉંટન, કોટ મધેથી પ્રગટ કર્યું છે.

દિબાચો

ગાથા સોસાયટી આજે વર્ષો થયાં પોતાની કમીની શકિત પ્રમાણે અઠવાડીક ભાષણો મારફતે જરથુશ્ત્રિ ધર્મનાં અસલ શિક્ષણોનો ફેલાવો કરવાની કોશેશ કરે છે. તે ઉપરાંત પોતાને હસ્તકનાં નાણાંની જોગવાઇ મુજબ જરથુશ્ત્રિ ધર્મ સાહિત્યને લગતાં સંગીન પુસ્તકો છપાવી કોમની બની શકતી સેવા બજાવે છે. આ ગાથા સોસાયટીના પ્રમુખ શેઠ બેહરામગોર તેહમુરસ અંકલેસરીઆ આજે વર્ષો થયાં ઉમેદ દર્શાવતા હતા કે આપણી રોજીંદી બંદગીઓના તરજુમા અને સમજણ નાની નાની ચોપડીઓના આકારમાં બહાર પાડવાં જોઇએ. જોકે ગાથા સોસાયટી પાસે પુસ્તકો છપાવવા માટે કાંઇબી ખાસ ફંડ નથી છતાં એ ઘણું અગત્યનું અને કોમની ધાર્મિક સેવાનું કામ તુરતજ હાથ ધરવાની તેને અગત્ય જણાઇ; કારણકે જે નાની મોટી બંદગીઓ કરવામાં આવે છે તેની સુંદર સમજણ જો જાણવામાં આવે તો વધારે ઉલટ અને યકીનથી બંદગી થઇ શકે. આથી શરૂઆતમાં તો કુસ્તીનું ભણતર અને તેનો તરજુમો ખીસામાં રહી શકે એવી શુમારે વીસ પાનાંની એક નાની ચોપડીમાં છાપવો એવો ઠરાવ સોસાયટીની કારોબારી કમિટીએ કીધો, અને સારાં નસીબે આપણી સોસાયટીના એક લાઇફ મેમ્બર અને મેનેજીંગ કમિટીના સભાસદ શેઠ પીરોજશાહ નસરવાનજી મહેતાએ એ શુભ કામમાં સહાય થવા આવાં એક પુસ્તકની પાંચ હજાર નકલો પોતાને ખર્ચે છપાવી તેનો નજીવી કિમતે સઘળા જરથુશ્ત્રિઓમાં ફેલાવો કરવા ખુશી બતાવી.

શુમારે એક વર્ષની વાત પર સોસાયટીના પ્રમુખ શેઠ બેહરામગોર તેહમુરસ અંકલેસરીઆએ એ કામ ઉપાડી લીધું અને થોડાજ દિવસમાં કુસ્તી પાદયાબનું શુદ્ધ ભણતર અને તેનો તરજુમો લખી આપ્યાં. પછી એ ભણતરની ફિલસુફી સમજાવવા શરેહ લખવાનું શરૂ કીધું. જેમ કરતાં એઓ ઉંડાણમાં જવાથી લખાણ ઘણું લાંબું થયું. આ પુસ્તક બહાર પાડતાં આથી વિલંબ લાગ્યો, અને એવી ગોઠવણ કરવામાં આવી કે કુસ્તીનાં ભણતરની લંબાણ સમજણ અને શરેહ ગાથા

સોસાયટીનાં એક જુદાં પુસ્તક તરીકે છાપવી, અને એક નાનાં પુસ્તકમાં કુસ્તીનું ભણતર, તેનો તરજુમો અને તેની સમજણનો ટુંક સાર છાપવો. એ ઠરાવ અનુસાર એક નાનકડું પુસ્તક જે છપાઇ બહાર પડયું છે તેમાં જરથુસ્ત્રિઓને ઉપયોગી થઇ પડે એવી રીતે કુસ્તીનું ભણતર, તેનો તરજુમો અને તેની સમજણ આપવામાં આવ્યાં છે કે જેથી કુસ્તી કરનાર પોતાની બંદગીનો સાર અને ભાવાર્થ સમજી પોતાની જીંદગી વધુ ભલી બનાવે. હવે બની શકતી સઘળી સમજણ સાથનું આ મોટું પુસ્તક બહાર પાડવામાં આવે છે.

આ તકે શેઠ પીરોજશાહ નસરવાનજી મહેતાનો પહેલાં પ્રગટ થયલાં નાનાં પુસ્તક અને આ પ્રગટ થતાં મોટાં પુસ્તકની છપામણી માટે નાણાંની મદદ કરવા માટે સોસાયટી તરફથી આભાર માનવામાં આવે છે. સોસાયટીના એક ભલા સભાસદ મી૦ હોમી ફ૦ ચાચાએ પ્રુફો વાંચી જે બીજી સલાહ અને મદદ આપી છે તે માટે એ ભાઇનો આભાર માનવામાં આવે છે.

લા. સેવક,

ફરામજી અર્દેશીર બોદ,

ઑનરરી સેક્રેટરી.

મુંબઇ, તા૦ ૧ લી જાન્યુઆરી, સને ૧૯૩૯ ઇસ્વી.

સાંકળિયું

નીરંગ[૧]-ઇ[૨] પાદ્યાબ્[૩]

ખ્શ્નઑથ્ર[૧] અહુરહે[૨] મઝ્દાઑ[૩].
અષૅમ્[૧] વૉહૂ[૨] વહિશ્તૅમ્[૩] અસ્તી[૪];
ઉશ્તા[૫] અસ્તી[૬]; ઉશ્તા[૭] અહ્માઇ[૮]
હ્યત્[૯] અષાઇ[૧૦] વહિશ્તાઇ[૧૧] અષૅમ્[૧૨].

[યસ્ન હા ૨૭, ૧૪.]

અવસ્તા-ઇ કુસ્તી

કેમ્[૧]-ના[૨], મઝ્દા[૩]!
મવઇતે[૪] પાયૂમ્[૫] દદાઑ[૬]?
હ્યત્[૭] મા[૮] દ્રૅગ્વાઑ[૯]
દીદરૅષતા[૧૦] અએનઙ્હે[૧૧],
અન્યેમ્[૧૨] થ્વહ્માત્[૧૩]
આથ્રસ્[૧૪]-ચા[૧૫] મનઙ્હસ્[૧૬]-ચા[૧૭],
યયાઑ[૧૮] શ્યઑથ્નાઇશ્[૧૯]
અષૅમ્[૨૦] થ્રઑશ્તા[૨૧], અહુરા[૨૨]!
તાંમ્[૨૩] મોઇ[૨૪] દાંસ્ત્વાંમ્[૨૫]
દએનયાઇ[૨૬] ફ્રાવઑચા[૨૭].

[ગાથા ઉશ્તવઇતિ, યસ્ન હા ૪૬, ૭.]

કે[૧] વૅરૅથ્રેમ્[૨]-જા[૩]
થ્વા[૪] પોઇ[૫] સેંગ્હા[૬] યોઇ[૭] હૅંતી[૮]?
ચિથ્રા[૯] મોઇ[૧૦] દાંમ્[૧૧]
અહૂમ-બિશ્[૧૨] રતૂમ[૧૩] ચીઝ્દી[૧૪],
અત્[૧૫] હોઇ[૧૬] વૉહૂ[૧૭]
સ્રઑષો[૧૮] જંતૂ[૧૯] મનઙ્હા[૨૦],
મઝ્દા[૨૧]! અહ્માઇ[૨૨]
યહ્માઇ[૨૩] વષી[૨૪] કહ્માઇ[૨૫]-ચીત્[૨૬].

[ગાથા ઉશ્તવઇતિ, યસ્ન હા ૪૪, ૧૬.]

પાદ્યાબ્[૩]-ની[૨] નીરંગ્[૧]

ખુશ્નુદી[૧] અહુર[૨]-મજ઼્દા[૩]-તણી[૨-૩].

સર્વોત્તમ[૩] અષ[૧], અચળ-નિયમ[૧], આબાદી[૨] છે[૪];
નેકી[૫] છે[૬]; અચળ-નિયમ[૧૨] તેને-કાજે[૮] નેકી[૭]
છે જે[૯] સર્વોત્તમ[૧૧] અચળ-નિયમને-કાજે[૧૦] છે.

[યસ્ન હા ૨૭, ૧૪.]

કુસ્તી કરવાના અવસ્તા

ઓ-અહુર[૨૨]-મજ઼્દા[૩], મહાજ્ઞાની[૩] સ્વામી[૨૨]!
જ્યારે[૭] દ્વંદ્વ[૯] મને[૮]
ઇજા-કરવા-માટે[૧૧] હામ-ભીડી[૧૦] ત્યારે
તારા[૧૩] આતર્[૧૪] અને[૧૫,૧૭]
મનસ્[૧૬] સિવાય બીજો[૧૨]
કોણ[૧-૨] રક્ષક[૫] મારા-જેવાને[૪] તેં-આપ્યો[૬]?
જે-એ[૧૮], આતર્ અને મનસ્,-નાં[૧૮] કાર્યોથી[૧૯]
અચળ-નિયમ[૨૦] આગળ-વધ્યો[૨૧],
તે[૨૩] દીનનો[૨૬] કાનુન[૨૫]
મને[૨૪] પ્રગટ-કહે[૨૭].

[ગાથા ઉશ્તવઇતિ, યસ્ન હા ૪૬, ૭.]

તારાં[૪], જે[૭] વચનો[૬] રક્ષણ-કાજે[૫] છે[૮]
તે-વચનો-વડે[૬] શત્રુને[૨]-મારનાર[૩] કોણ[૧]?
બન્ને-હસ્તી-કાજે[૧૨] પ્રગટ-રીતે[૯] મને[૧૦]
જ્ઞાની[૧૧] ગુરૂ[૧૩] નેમ[૧૪],
જેથી[૧૫] સુ[૧૭]-મનસ્[૨૦]-થી
શ્રુતિ[૧૮] મળે[૧૯] તેને[૧૬],
જે[૨૩] કોઇને[૨૫]-પણ[૨૬] તું-ઇચ્છે[૨૪]
તેને[૨૨], ઓ-મહાજ્ઞાની[૨૧]-મજ઼્દા[૨૧]!

[ગાથા ઉશ્તવઇતિ, યસ્ન હા ૪૪, ૧૬.]

પાત[1]-નો[2] ત્મિષ્યંતન્[3] પઇરિ[4]
મજ્દાઓ[5]-સ્-ચ[6] આરમઇતિશ્[7]-ચ[8]
સ્પેંતસ્[9]–ચ[10].
નસે[11], દએવી[12] દ્રુખ્શ્[13] !
નસે[14], દએવો[15]-ચિથ્રે[16] !
નસે[17], દએવો[18]-ફ્રકર્શ્તે[19] !
નસે[20], દએવો[21]-ફ્રદાઇતિ[22] !
અપ[23] દ્રુખ્શ્[24] નસે[25] !
અપ[26] દ્રુખ્શ્[27] દ્વાર[28] !
અપ[29] દ્રુખ્શ[30] વીનસે[31] !
અપાખ્ઁધ્રે[32] અપ-નસ્યેહે[33] !
મા[34]-મૅરૅંચઇનીશ્[35]
ગએથાઓ[36] અસ્ત્વઇતીશ્[37] અષહે[38] !

[અવસ્તા વંદીદાદ, પરગરદ ૮, ૨૧;
અદિંએહેસ્ત યસ્ત, ૧૭.]

નૅમસ્[1]-ચા[2] યા[3]
આરમઇતિશ્[4] ઇઝા[5]-ચા[6].

[સ્પેંતામઇન્યુશ્ ગાથા, યસ્ન હા ૪૯, છંદ ૧૦, પદ ૩.]

અષૅમ વૉહૂ ૦

નીરંગ[1]-ઇ[2] કુસ્તી[3] બસ્તન્[4]

[ઉપલી અવસ્તા નીરંગનો જુના જમાનાના દસ્તુરોએ પાસીંક ભાષામાં આપેલો ભાવાર્થ.]

હોરમૅઝ્દ[1] ઇ[2] ખુદાએ[3]! (ત્રણ વાર.) અહરિમન[4] અવાદશાહાં[5] દૂર[6] અવાજ[7]-દાશ્તાર[8]! જન[9] શકસ્ત[10] બાદ[11] અહરિમન[12], દેવાં[13], દ્રુજાં[14], જાદૂઆં[15], દરૂવંદાં[16], કીકાં[17] કરપાં[18] સાસ્તારાં[19], ગુનાહકારાં[20], આશમોગાં[21]! દરૂવંદાં[22],

મહાજ્ઞાની-મજ્દા[5], સમ્પૂર્ણ-મતિ[7]
અને[6,8,10] વૃદ્ધિવાન[9]-મીનો અમને[2]
દુ:ખ-દેનારથી[3] બચાવે[1,4].
નાશ-પામ[11], ઓ-દેવને-લગતી[12] હાનિ[13] !
નાશ-પામ[14], ઓ-દેવનાં[15]-બીજ[16] !
નાશ-પામ[17], ઓ-દેવની[18]-પેદાશ[19] !
નાશ-પામ[20], ઓ-દેવની[21]-ભેટ[22] !
અય-દ્રુજ[24], અદ્રશ્ય-થા[23,25] !
અય-દ્રુજ[27], દૂર[26] દોડી-જા[28] !
અય-દ્રુજ[30], દૂર[29] નાશ-પામ[31] !
તું[33] ઉત્તરે[32] અદ્રશ્ય-થા[33] !
ના[34]-માર[35]
અચળ-નિયમની[38] હસ્તી-વાળી[37] જેહાનને[36] !

[અવસ્તા વંદીદાદ પરગરદ ૮,
૨૧ ; અદિબેહેસ્ત યશ્ત, ૧૭.]

નમસ્કાર[1]-અને[2] આરાધના[5]
તેને જે[3] સમ્પૂર્ણ-મતિ[4].

[સ્પેંતામઇન્યુશ ગાથા, યસ્ન હા ૪૯, છંદ ૧૦, પદ ૩.]

સર્વોત્તમ અચળ-નિયમ આબાદી છે........

કુસ્તી[3] બાંધવા[4]ની[2] નીરંગ[1]

[પાર્સીક ભાષામાં ભાવાર્થ.]

ઓ-હોરૂમજ્દ[1] માલેક[3]! (ત્રણ વાર.) અહરિમનને[4] સત્તા-રહિત[5] દૂર[6] પછાત[7]- રાખનાર[8]! મારેલાં[9] તુટેલાં[10] હોજો[11] અહરિમન[12], દેવો[13], દ્રુજો[14], જાદુગરો[15], દર્વંદો[16], કીકૂ[17] અને કરપનૂ[18] જુલ્મી-રાજ્યકર્તાઓ[19], ગુનાહગારો[20], અધર્મીઓ[21]! દવ્દો[22],

દુશ્-મનાં[૨૩], પરૂયાં[૨૪] જત[૨૫] શ્કસ્ત[૨૬] બાત[૨૭]! દુશ્-પાદશાહાં[૨૮] અવાદશાહાં[૨૯] બાત[૩૦]! દુશ્-મનાં[૩૧] સ્તોહ[૩૨] બાત[૩૩]! દુશ્-મનાં[૩૪] અવાદશાહાં[૩૫] બાત[૩૬]!

હોરમઁજદ[૧] ઈ[૨] ખદાએ[૩]! અઁજ[૪] હમા[૫] ગુનાહિહા[૬] પતિત[૭] પશેમાંન[૮] ઑમ[૯]; અઁજ[૧૦] હરૂવિસ્પીન[૧૧] દુશ્-મત[૧૨] દુજ-ઊખ્ત[૧૩] દુજ-વરૂશ્ત[૧૪]. મઁન[૧૫] પ[૧૬] ગેતી[૧૭] મિનીદ[૧૮], વઍમ[૧૯] ગુફત[૨૦], વઍમ[૨૧] કરૂદ[૨૨], વઍમ[૨૩] જસ્ત[૨૪], વઍમ[૨૫] બુન[૨૬] બૂદ[૨૭] ઍસ્તઁદ[૨૮], અઁજ[૨૯] આં[૩૦] ગુનાહિહા[૩૧] હા[૩૨] મિનિશ્ની[૩૩] ગવઁશ્ની[૩૪] કુનિશ્ની[૩૫], તની[૩૬] રૂ[૩૭] રવાંની[૩૮], ગેતી[૩૯] મીનોયાંની[૪૦], ઑખે[૪૧] અવખ્શ[૪૨] પશેમાં[૪૩], પ[૪૪] સઁ[૪૫] ગવઁશ્ની[૪૬] પ[૪૭] પતિત[૪૮] હોમ[૪૯].

[પાઝંદ ભાવાર્થ સમાપ્ત.]

ખ્શ્નઓથ્ર[૧] અહુરહે[૨] મઝ્દાઓ[૩],
તરોઇદીતિ[૪] અઙ્રહે[૫] મઇન્યેઉશ[૬]:
હઇથ્યાવરૂશ્તાંમ[૭] હીત[૮] વસ્ના[૯] ફ્રષોતઁમઁમ[૧૦].

[સ્પેંતામઇન્યુશ ગાથા, યસ્ન હા ૫૦, કડી ૧૧, ૫ઇ ૪.]

સ્તઓમિ[૧૧] અષઁમ[૧૨].

અષઁમ વોહૂ ૦

યથા[૧] અહૂ[૨] વઇરૂયો[૩]
અથા[૪] રતુશ[૫], અષાત-ચીત[૬] હચા[૭],
વઙ્હેઉશ[૮] દઝ્દા[૯] મનઙ્હો[૧૦]
શ્યઓથનનાંમ[૧૧] અઙ્હેઉશ[૧૨] મઝ્દાઇ[૧૩]
ખ્શથ્રઁમ[૧૪]-ચા[૧૫] અહુરાઇ[૧૬] આ[૧૭]
યિમ[૧૮] દ્રિગુબ્યો[૧૯] દદત[૨૦] વાસ્તારઁમ[૨૧].

(બે વાર.) [યસ્ન હા ૨૭, ૧૩.]

અષઁમ વોહૂ૦

દુશ્મનો[૨૩], પરીઓ[૨૪] મારેલાં[૨૫] તુટેલાં[૨૬] હોજો[૨૭]! દુષ્ટ-પાદશાહો[૨૮] સત્તા-રહિત[૨૯] હોજો[૩૦]! દુશ્મનો[૩૧] હારેલા[૩૨] હોજો[૩૩]! દુશ્મનો[૩૪] સત્તા-રહિત[૩૫] હોજો[૩૬]!

ઓ-હોર્મજ્દ[૧] માલેક[૩]! હું[૪] સઘળા[૫] ગુનાહો[૬]-થી[૭] પાછો-ફરેલો[૭] પશેમાંન[૮] છું[૯]; મેં[૧૫] શારીરિક-જીંદગી[૧૭]-માં[૧૬] વમાસેલા[૧૮] સઘળા[૧૧] દુષ્ટ-વિચાર[૧૨]-થી[૧૦], મેં[૧૯] ઉચ્ચારેલાં[૨૦] સઘળાં[૧૧] દુષ્ટ-વચન[૧૩]-થી[૧૦], મેં[૨૧] કીધેલાં[૨૨] સઘળાં[૧૧] દુષ્ટ-કર્મ[૧૪]-થી[૧૦], જે મારા[૨૩]-થી ઉપજ્યાં[૨૪] કે મારા[૨૫]-થી શરૂ[૨૬] થયાં[૨૭]હોય[૨૮], તે[૩૦] મનસા[૩૩], વાચા[૩૪], કર્મ-ને-લગતા[૩૫], તન[૩૬] અને[૩૭] રવાનને-લગતા[૩૮], દુન્યવી[૩૯] કે મીનોયને-લગતા[૪૦] ગુનાહો[૩૧]-થી[૨૯], ત્રણ[૪૫] વાર પશ્ચાતાપ બોલી[૪૬,૪૪], અંતઃકરણ[૪૧]-થી મારી-ચાહી[૪૨], હું[૪૯] પશેમાંન[૪૩], ગુનાહોથી-પાછો- ફરેલો[૪૭,૪૮] છું[૪૯].

[પાર્સીક ભાવાર્થ સમાપ્ત.]

ખુસ્નુદી[૧] અહુર[૨]-મજ્દા[૩]-તણી,
ધીટકાર[૪] અંગ્ર[૫]-મઈન્યુ[૬]-તણો :
જે[૮] સદાચરણીઓની[૭] પ્રથમ[૧૦] ઇચ્છા[૯].

[સ્પેંતામઇન્યુશ ગાથા, યસ્ન હા ૫૦, છંદ ૧૧, પદ ૪.]

હું[૧૧] અચળ-નિયમ[૧૨]-ની સ્તુતિ-કરૂં-છું[૧૧].

સર્વોત્તમ અચળ-નિયમ આબાદી છે.........

જેમ[૧] વડો[૩] સરદાર[૨]
તેમ[૪] ધર્મગુરૂ[૫], અચળ-નિયમ[૬]-થી[૭]-જ[૬],
જીંદગીનાં[૧૨] સુ[૮]-મનસ્[૧૦]-નાં
કાર્યોની[૧૧] ભેટ[૯]
અને[૧૫] સત્તા[૧૬] જે[૧૮] ગરીબોની[૧૯] નિગેહબાન[૨૧]
તે અહુર[૧૬]-મજ્દા[૧૩]-ને[૧૭] અર્પણ-કરે[૨૦].

(બે વાર.) [યસ્ન હા ૨૭, ૧૩.]

સર્વોત્તમ અચળ-નિયમ આબાદી છે......

આસ્તૂઇતિ

જસ[૧]-મે[૨] અવઙ્‌હે[૩], મજ઼્દ[૪]!

(ત્રણ વાર.) [હોર્મજ઼્દ યશ્ત, ૨૭.]

મજ઼્દયસ્નો[૧] અહ્મી[૨].
મજ઼્દયસ્નો[૩] જરથુશ્ત્રિશ[૪]
ફ્રવરાને[૫] આસ્તૂતસ્[૬]-ચા[૭] ફ્રવરેતસ્[૮]-ચા[૯];
આસ્તુયે[૧૦] હુમતેમ્[૧૧] મનો[૧૨],
આસ્તુયે[૧૩] હૂખ્તેમ્[૧૪] વચો[૧૫],
આસ્તુયે[૧૬] હ્વર્શ્તેમ[૧૭] શ્યઓથનેમ્[૧૮].
આસ્તુયે[૧૯] દએનાંમ્[૨૦] વઙ્‌હુઈમ્[૨૧]
માજ઼્દયસ્નીમ્[૨૨], ફ્રસ્પાયઓખ્‌ધાંમ્[૨૩],
નિધાસ્નઇથિશેમ્[૨૪], ખ્વએત્વદથાંમ્[૨૫], અષઓનીમ્[૨૬],
યા[૨૭] હાઇતિનાંમ્[૨૮]-ચા[૨૯] બૂશ્યેઇંતિનાંમ્[૩૦]-ચા[૩૧]
મજિશ્તા[૩૨]-ચા[૩૩] વહિશ્તા[૩૪]-ચા[૩૫] સ્રએશ્તા[૩૬]-ચા[૩૭],
યા[૩૮] આહૂઇરિશ[૩૯] જરથુશ્ત્રિશ[૪૦];
અહુરાઇ[૪૧] મજ઼્દાઇ[૪૨] વીસ્પા[૪૩] વોહૂ[૪૪] ચિનહ્મી[૪૫].
અએષા[૪૬] અસ્તી[૪૭] દએનયાઓ[૪૮] માજ઼્દયસ્નોઇશ[૪૯]
આસ્તૂઇતિશ[૫૦].

[યસ્ન હા ૧૨,૮-૯.]

અષેમ વોહૂ ૦

દીનનો એકરાર

આવ[૧] મારી[૨] મદદે[૩], ઓ-મહાજ્ઞાની-મઝદા[૪]!

(ત્રણ વાર.) [હોર્મજદ યશ્ત, ૨૭.]

હું-છું[૨] મઝદયસ્ની[૧].
હું[૫] મઝદયસ્ની[૩] જરથુસ્ત્રિ[૪]
ઇમાન-રાખનાર[૬] અને[૭,૯] દીન-કબુલ-કરનાર[૮] એકરાર-કરૂં[૫];
હું-માનું-છું[૧૦] સારા-વમાસેલા[૧૧] વિચાર[૧૨]માં,
હું-માનું-છું[૧૩] સારાં-ઓચરેલાં[૧૪] વચન[૧૫]માં,
હું-માનું-છું[૧૬] સારાં-કીધેલાં[૧૭] કર્મ[૧૮]માં.
હું-માનું-છું[૧૯] દીન[૨૦] ભલી[૨૧]
માઝદયસ્ની[૨૨], જંધ-ફેંકી-દેનારી[૨૩],
શસ્ત્ર-મેલાવી-દેનારી[૨૪], સ્વત્વ-અર્પણ-કરનારી[૨૫], અષો[૨૬],
જે[૨૭] હાલની[૨૮] અને[૨૯,૩૧] ભવિષ્યની[૩૦] દીનોમાં
સર્વથી-મહાન[૩૨] અને[૩૩] સર્વોત્તમ[૩૪] અને[૩૫,૩૭] શ્રેષ્ઠ[૩૬],
જે[૩૮] આહુરિ[૩૯] જરથુસ્ત્રિ[૪૦] દીન;
અહુર[૪૧]-મઝદા[૪૨]-સ્વામી[૪૧]-મહાજ્ઞાની[૪૨]-માટે
હું[૪૫] સઘળી[૪૩] ભલાઇ[૪૪] સંગ્રહ-કરૂં-છું[૪૫].
આ[૪૬] છે[૪૭] દીન[૪૮]-માઝદયસ્ની[૪૯]-તણી માન્યતા[૫૦].

[યસ્ન હા ૧૨,૮-૯.]

સર્વોત્તમ અચળ-નિયમ આબાદી છે........

ખુલાસાવાર સમજણ

સુદ્રેહ અને કુસ્તી

અષો જરથુશ્ત્રની મહાન, સર્વોત્તમ અને શ્રેષ્ઠ દીન હસ્તીમાં આવ્યાને શુમારે ૮૬૦૦ વર્ષ થયાં છે. એ અરસામાં જરથુશ્ત્રની દીન કબુલ કરનારાંઓ અને તેઓનાં વંશજોએ શુદ્ધ સફેદ 'વસ્ત્ર' (="સુદ્રેહ")નું પહેરણ પહેરી, બંદગી કરી, તેની ઉપર પવિત્ર 'અઇવ્યાઑહ્નન' (="કુસ્તી") બાંધવાનું ચાલુ રાખ્યું છે. ખુદ અષો જરથુશ્ત્રએ પોતાના પિતા પૉઉરુશસ્પની મિરાસમાંથી વારસામાં એક કુસ્તી પસંદ કીધેલી હોવાની બાબત અએપર્તત્ જાતસ્પરમ્ ગોશ્નજમાન્નાં શુમારે દશથી વધુ સદી પહેલાં લખેલાં લખાણુમાં સચવાયલી છે.[1]

વળી જાતસ્પરમનાં 'વિચીતકીહા' (="ચુંટી કાઢેલાં લખાણો" પ્રકરણ ૪, ૩–૭) માં નીચલું લખાણ મળે છે:—

"જમાનામાં દીનનાં આગમન વિષે: ... જ્યારે જમાનો દુનિયાદારીની હકુમતથી મીનોય રૂપ તરફ પાછો ફરતો હતો ત્યારે માજ્દયસ્ની દીન પૃથ્વી ઉપર પેદા થઇ, પહેલે સ્પેંદાર્મત્ મારફતે, પછી અહુરમજ્દ મારફતે; જે મુજબ માતા ગર્ભવંતી થઇ બાળકને કબુલે છે અને પાછું પિતાને સ્વાધિન કરે છે તેમ.

"દીન સ્પેંદાર્મત્ મારફતે તે વેળાએ પેદા થઇ જ્યારે અફ્રાસિયાબએ ઇરાન શહર તરફ આવતું અટકાવેલું પાણી સ્પેંદાર્મત્ પાછું લાવી, અને એક કન્યાનું સુક્ષ્મ શરીર ધારણ કરી, ઇરાન શહરના શેહેનશાહ, ગયર-ઇરાનીઓને હંફાવનાર, પેશ્દાદી મનુશ્ચીહરનાં ઘરમાં પ્રગટ થઇ. તેણીએ નુરમંદ પોશાક પહેર્યો હતો, જેની રોશની સઘળી બાજુઓ તરફ, એક 'હાથ' યાને બે ફરસંગ જેટલી લંબાઇએ ઝળકી રહી. તેણીએ કમર ઉપર બાંધી હતી જરીન્ (=સોનેરી) કુસ્તી, જે ખુદ માજ્દયસ્ની દીન હતી; સબબ કે દીન એક બંધ છે જેની સાથે તેત્રીસ ગુનાહો ઉપરના તેત્રીસ બંધ સંબંધ ધરાવે છે, જે વડે તમામ ગુનાહોથી મુકિત મળે છે. જે

---

૧. 'વિચીતકીહા-ઈ જાતસ્પરમ્,' પ્રકરણ ૧૩, ૨.

કન્યાઓએ સ્પૅંદામર્તને કુસ્તીના બંધ સાથે જોઇ, તેઓને આ સોહામણું દેખાયું તેટલા માટે, તે પછી તેઓ કુસ્તી બાંધવા માટે ઇંતેજાર થઇ."

જાતસ્પરમ્માંથી લીધેલા આ ઉતારા ઉપરથી સિદ્ધ થાય છે કે અષો જરથુસ્ત્રની આગમચના અસલી આર્યનોમાં કુસ્તી બાંધવાનો ખ્યાલ ઘણો જુનો અને જાણીતો હતો.

હિંદુઓમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, એ ત્રણે ઉંચ વર્ણો, ડાબાં ખભાં અને જમણા હાથ તળે 'ઉપવીત' પહેરતા હતા. બ્રાહ્મણની 'ઉપવીત' કપાસ અથવા 'કુશ' ઘાસમાંથી, ક્ષત્રિયની શણની, અને વૈશ્યની ઊનની બનાવતા; બ્રાહ્મણના દીકરાને ૮ થી ૧૬ વર્ષની વયે, ક્ષત્રિયના દીકરાને ૧૧ થી ૨૨ વર્ષની વયે, અને વૈશ્યના દીકરાને ૧૨ થી ૨૪ વર્ષની વયે 'ઉપવીત' પહેરાવવામાં આવતી. 'ઉપવીત' પહેરાવવાની ક્રિયાનો અર્થ એ હતો કે એક જવાનને એક ગુરૂના હાથ તળે મેલી તેને બીજીવાર જન્મ લેવાની સ્થિતિમાં લાવવો. એ 'ઉપવીત' દેવાની ક્રિયા 'ઉપ–નય' કે 'યજ્ઞોપવીત' કહેવાય છે. પાછળથી 'યજ્ઞોપવીત' શબ્દ પહેરવામાં આવતા પવિત્ર બંધ માટે વપરાયો. 'યજ્ઞોપવીત' શબ્દનો અપભ્રંશ 'જનોઇ' થયો, અને ફારસી ભાષામાં એ શબ્દને 'જેન્નાર્' બનાવવામાં આવ્યો.

વળી 'દાતસ્તાન્–ઇ દીની' (પોર્સિશન ૩૮, ૧૯–૨૧) અને 'ચેમ્–ઇ કુસ્તી બસ્તન્' નામનાં પાસીક ભાષામાં લખેલાં પુસ્તકો મુજબ પેશદાદી શેહેનશાહ જમશેદએ પોતાનાં લોકોને કમર ઉપર દાદાર અહુરમજદાની બંદગીની નિશાની તરીકે બંધ બાંધવા ફરમાવ્યું હતું.

હોર્મજ્દ યશ્ત અને વંદીદાદનાં અવસ્તા ભાષામાં રચાયલાં જુનાં લખાણો ઉપરથી સિદ્ધ થાય છે કે હજારો વર્ષ આગળ કદીમ જમાનાના જરથુસ્ત્રિઓ 'અઇવ્યાઑન્ઘન' (="કુસ્તી") કમર ઉપર બાંધવાનું ફરમાન ઉસ્તવારીથી પાળતા હતા.

હોર્મજ્દ યશ્ત, ફકરા ૧૭ માં, કુસ્તી બાંધતાં અને કુસ્તી છોડતાં, દાદાર અહુરમજ્દાનાં પવિત્ર નામો લેવાનું ફરમાન છે. વંદીદાદની પરગરદ ૧૮, ફકરા ૯ માં, જે કોઇએ ત્રણ વર્ષની મુદત સુધી શરીર ઉપર કુસ્તી બાંધવાનું મોકુફ કીધું હોય તેનાં કામને ઘણું ગુનાહભર્યું ઠેરવ્યું છે.

પાર્સ અને કેર્માનના 'રત' (="વડા ધર્મગુરૂ") મનુશ્ચીહર્ ગોશ્નજમાન્એ આજથી ૧૦૫૦ વર્ષ ઉપર લખેલાં પોતાનાં પુસ્તક 'દાતસ્તાન્-ઇ દીની'માં[1] સુદ્રેહ શબ્દ માટે 'વોહુમની વસ્ત્ર' (="નેક મનશ્નીનું પહેરણ") શબ્દ વાપર્યો છે.

આજથી તેરસો વર્ષ પહેલાં, સાસાની જમાનામાં લખાયલી 'નીરંગસ્તાન્' કેતાબમાં, અને સાસાની રાજ્ય ખતમ થવા બાદ થઇ ગયલા મશહુર ધર્મગુરૂઓ અને જરથુસ્ત્રિ કોમના પેશ્વાઓનાં લખાણોમાં, જરથુસ્ત્રિઓએ પોતાની પવિત્ર દીનની ઉપમા દર્શાવનારાં સ્વચ્છ સફેદ પહેરણ યાને સુદ્રેહ પહેરી, તેની ઉપર મેંઢાંનાં ઊનમાંથી વણેલી કુસ્તી બાંધવાનાં ફરમાનના સબબ સમજાવ્યા છે.

મોબદાન્ મોબદ્ આતુર્પાત્ માંરસ્પંદ્નાં વંશથી ઉતરી આવેલા બેહદીનોના પેશ્વા આતુર્ ફ્રેનબગ્ ફરોખ્જાતએ, આસરે અગિયારસો વર્ષ પહેલાં, દીનકર્તનાં પાંચમાં પુસ્તકમાં, બોખ્તમારી નામના એક ખ્રિસ્તીએ પુછેલા એક સવાલના જવાબમાં, તેમજ 'ગજસ્ત અબાલીશ્'એ ખલીફ મામુનની દરબારમાં તેમને પુછેલા એક સવાલના જવાબમાં, કુસ્તી બાંધવા વિષે જરથુસ્ત્રિ મજહબ મતની ફિલસુફી સમજાવી છે. તેમજ તેમની ચાર પેઢી પછી થઇ ગયલા મનુશ્ચીહર્ ગોશ્નજમાન્એ, પોતાનાં પુસ્તક 'દાતસ્તાન્-ઇ દીની', પોર્સિશ્ન ૩૮ માં કુસ્તી બાંધવાના મુસ્તકીમ સબબો દર્શાવ્યા છે.

એક ઘણું પુરાણું પાર્સીક (=પહલવી) લખાણ 'ચેમ્-ઇ કુસ્તી બસ્તન્' (="કુસ્તી બાંધવાના સબબ") આપણ જરથુસ્ત્રિઓના હાથમાં સલામત રહેવા પામ્યું છે, જેનો તરજુમો સંસ્કૃત ભાષામાં, આજથી અગિયારસો વર્ષ ઉપર, ઉસ્તાદોના ઉસ્તાદ મોબદ્ નેરિયોસંગ ધવળએ કીધો હતો. એ પુસ્તકમાં પણ જરથુસ્ત્રિઓએ શા માટે કમર ઉપર કુસ્તી બાંધી જરથુસ્ત્રિ દીનનાં મૂળ ફરમાનો ઉપર ઉસ્તવાર રહેવું જોઇએ તેના ઉત્તમ સબબો આપ્યા છે.

આપણ હિંદુસ્થાનના જરથુસ્ત્રિઓની દંતકથા મુજબ, જ્યારે આપણા વડવાઓએ સંજાણ આવી ત્યાંના જાદી રાણા પાસે ઉતારો માંગ્યો ત્યારે આપણા ટોળાના તે વેળાના આગેવાને સંસ્કૃત ભાષામાં રચેલા, હાલ

---

૧. પોર્સિશ્ન ૩૮, ૨૨.

સુધી જળવાઇ રહેલા, પંદર શ્લોકમાં, આપણા ધર્મનો ટુંક સાર કહી સંભળાવ્યો હતો. ત્રીજા શ્લોકમાં, સુદ્રેહ અને કુસ્તી વિષે જણાવ્યું છે કે:

"હમે બહાદુર, ધીરા, શુરવીર પારસીઓ, નિત્ય શરીરે બખ્તર જેવો ગુણ ધરાવતું સુંદર પવિત્ર વસ્ત્ર (="સુદ્રેહ") પહેરી તેની ઉપર ઊનની કુસ્તીનું બંધન રાખનારા, માથું ઢાંકીને ફરનારા, અને જોડા પહેરી પગોનાં તળિયાંનું રક્ષણ કરનારા છિયે."

એજ મુજબ તેરમા શ્લોકમાં 'મેખલા' (="કુસ્તી") ધારણ કરવા વિષેનું વર્ણન કીધું છે.

કુસ્તી કરવાની નીરંગ્

કુસ્તી છોડવા આગમચ જે અવસ્તા 'નીરંગ્' યાને "ભણતર" આપણે ભણિયે છિયે તે અવસ્તા વંદીદાદના જમાના પૂર્વેનું ઘણું પુરાણું છે. વંદીદાદની આઠમી પરગરદના ફકરા ૧૪-૧૯ માં ફરમાન આપવામાં આવ્યું છે કે ગુજરેલાંની લાશને જે રસ્તેથી લઇ જવામાં આવી હોય તે રસ્તા ઉપરથી, પીળા રંગનો ચાર ચશ્મનો, અથવા સફેદ પીળા કાનવાળો કુતરો, ત્રણ વાર ચલાવી જવો, જેમ કરવાથી 'દ્રુજ યા નસુશ' (="ગુજરવા બાદ માણસની લાશમાં દાખલ થયલી અસ્વચ્છતા") દૂર થઇ જાય; જો એટલેથી અસ્વચ્છતા તમામ નાશ પામે નહિ તો કુતરાને છ વાર કે નવ વાર ચલાવી જવો; જો એમ કરવાથી પણ 'દ્રુજ યા નસુશ' સમુળગી નાશ પામે નહિ તો આથ્રવનો તે રસ્તા ઉપરથી આ 'વારેથ્રઘ્નીશ્ વચો' (="દુશ્મનને મારનાર ફત્તેહ આપનારૂં વચન") ભણતા પસાર થાય:

'યથા અહૂ વઇર્યો ... વાસ્તારેમ્' [યસ્ન હા ૨૭, ૧૩],
'કેમ ના મઝ્દા ... ફ્રાવઓચા' [યસ્ન હા ૪૬, ૭],
'કે વેરેથ્રેમ્ જા ... વંપી કહ્યાઇચીત્' [યસ્ન હા ૪૪, ૧૬],
'પાત નો ત્બિષ્યંતત્ ... મા મેરૅંચઇનીશ્ ગએથાઓ અસ્તવ્ઇતીશ્ અષહે' [વંદીદાદ પરગરદ ૮, ૨૧].

વળી એજ પરગરદ આઠમીના ફકરા ૭૨ માં, પરગરદ નવમીના ફકરા ૨૭ અને ૨૮ માં, પરગરદ દશમીના ફકરા ૨૦ માં, પરગરદ અગિયારમીના ફકરા ૩, ૮, ૧૧ અને ૨૦ માં, અવસ્તાનું એજ પુરાતન ભણતર જુદે જુદે પ્રસંગે ભણવાનું ફરમાન આપ્યું છે.

વંદીદાદ પરગરદ આઠમીના ફકરા ૩૫–૭૨ માં ગુજરેલાં કુતરાં અથવા માણસની લાશ ઉંચકી લઇ જનારા અસ્વચ્છ થયલા પુરૂષોને ફરી સ્વચ્છ કરવા માટે આપવામાં આવતાં 'બરૅશ્નૂમ્' (="સ્નાન")નું વર્ણન આપવામાં આવ્યું છે. એ સ્નાન પુરૂં થવા પછી, સ્વચ્છ થઈ આ પુરાતન ભણતર ભણવાનું ફરમાન છે.

એજ મુજબ, વંદીદાદ પરગરદ નવમીના ફકરા ૨૭ અને ૨૮ માં, 'બરૅશ્નૂમ'નું સ્નાન પુરૂં થવા પછી, 'યથા અહૂ વઇર્યો'થી 'મા મૅરૅંચઇનીશ્ ગઍથાઑ અસ્ત્વઇતીશ્ અષહે' સુધીનું આ ભણતર ભણવાનું ફરમાન છે.

વંદીદાદની પરગરદ દશમીમાં, જે 'દ્રુજ યા નસુશ્' (="અસ્વચ્છતાની હાનિ") ગુજરેલાંની લાશમાંથી નિકળી, જીવતાંનાં શરીર ઉપર ધસી, શરીરને અપવિત્ર કરે છે, તેના ઇલાજ તરીકે, સ્વચ્છતાને માટે, ગાથાના અમુક પવિત્ર કલામો ભણવાનું ફરમાન આપવામાં આવ્યું છે; તે કલામો ભણવા પછી છેલ્લે, 'યથા અહૂ વઇર્યો', 'કેમ્ ના મજ્દા'થી 'મા મૅરૅંચઇનીશ્ ગઍથાઑ અસ્ત્વઇતીશ્ અષહે' તથા 'અર્યેમ્ વૅઇ્ય'નું જે ભણતર હાલ આપણે 'કુસ્તી પાદ્યાબ્' વેળા ભણિયે છિયે તે ભણવાનું ફરમાન છે.

વંદીદાદની અગિયારમી પરગરદમાં એક અલંકારિક વર્ણન છે. જરથુસ્ત્રિ દીનનો મુદ્રાલેખ પવિત્રતા છે. એક જરથુસ્ત્રિએ પોતાનાં વિચાર, વચન અને વર્તન સ્વચ્છ રાખવાં જોઇએ. એ સ્વચ્છતા મેળવવા માટે આપણી પાક દીનનાં 'માંથ્ર'ના કલામો એક સબળ હથિયાર છે. પરગરદ અગિયારમીમાં અષો જરથુસ્ત્ર અહુરમજ્દાને સવાલ કરે છે કે: ઘર, આતશ, પાણી, જમીન, જાનવર, ઝાડ, અષો નર, અષો નારી, તારા, ચંદ્ર, સૂર્ય, રોશન નુરો, અને સઘળી મજ્દાએ પેદા કીધેલી, અષનાં મૂળમાંથી નિકળેલી ભલી વસ્તુઓને પવિત્ર કેમ કરવી? તેના જવાબમાં અહુરમજ્દા ફરમાવે છે કે: પવિત્રતા આપનારાં 'માંથ્ર'થી સઘળું પવિત્ર થશે, અને પછી અતિશય ફત્તેહમંદી બક્ષનાર, અતિશય શુદ્ધિ આપનાર આ વચનો તું ભણ: પાંચ 'અહુનવર્', 'કેમ્ ના મજ્દા'થી 'મા મૅરૅંચઇનીશ્ ગઍથાઑ અસ્ત્વઇતીશ્ અષહે' સુધી. વળી દરેક જુદી જુદી પેદાશની પવિત્રતા માટે, જુદા જુદા ગાથાના કે 'યસ્ન હપ્તન્હાઇતિ'ના કલામો ભણવા પછી, બીજી વાર આઠ 'અહુનવર્', 'કેમ્ ના મજ્દા'થી 'મા મૅરૅંચઇનીશ્ ગઍથાઑ અસ્ત્વઇતીશ્ અષહે' સુધી ભણી, સઘળી

હાનિકારક શક્તિઓને દૂર થવા ફરમાવી, ત્રીજી વાર ચાર 'અહુનવર્', 'કેમ્ ના મજ્દા'થી 'મા મૅરૅંચઇનીશ્ ગએથાઓ અસ્ત્વઇતીશ્ અષહે' સુધી ભણી, ઉપર વર્ણવેલી હાનિકારક શક્તિઓ દૂર થઇ એવું જાહેર કરી, ચોથી વાર પાંચ 'અહુનવર્', 'કેમ્ ના મજ્દા' થી 'મા મૅરૅંચઇનીશ્ ગએથાઓ અસ્ત્વઇતીશ્ અષહે' અને 'અષૅમ વોહૂ' ભણવા ફરમાવ્યું છે.

વળી વંદીદાદ પરગરદ વીસમીને છેડેના ફકરા ૧૩–૧૪ માં સઘળાં દુઃખદર્દો દફે થાય એવી દુવા માંગવા પછી આ બંદગી ભણવાનું ફરમાન છે; એજ પ્રમાણે, વંદીદાદ પરગરદ એકવીસમીના ફકરા ૨૨–૨૩ અને વંદીદાદ પરગરદ બાવીસમીના ફકરા ૨૫–૨૬ માં પણ આ બંદગી ભણવા ફરમાવ્યું છે.

વંદીદાદ પરગરદ આઠમીના ફકરા ૧૯ માં આ બંદગીને 'વારૅથ્રઘ્નીશ્ વચો' (="દુશ્મનને મારનારાં વચન")ની ઉપમા આપવામાં આવી છે. વંદીદાદ પરગરદ અગિયારમીના ફકરા ૩,૮,૧૧,૧૪,૧૭,૨૦ માં એ બંદગીને 'વચો વારૅથ્રઘ્નોતૅમચ બએષજ્યોતૅમચ' (="દુશ્મનને ઘણાંજ મારનાર અને દુઃખ દર્દો સાજાં કરનાર વચન")ની ઉપમા આપવામાં આવી છે. આ ઉપમા પાદ્યાબ્નાં ભણતરમાં આવતા શબ્દો 'કે વૅરૅથ્રેમ્–જા થ્વા પોઇ સેંગ્હા યોઇ હૅંતી' ઉપરથી લેવામાં આવી છે, જ્યાં અષો જરથુસ્ત્ર અહુરમજ્દાને સવાલ પુછે છે કે "તારાં જે વચનો રક્ષણ કાજે છે તે વચનો વડે શત્રુને મારનાર કોણ?"

આ ઉપરથી ખુલ્લું જણાય છે કે આપણે જરથુસ્ત્રિઓ હાલમાં કુસ્તી છોડવા પહેલાં જે નીરંગ ભણિયે છિયે તે, અષો જરથુસ્ત્રના ગાથાનાં પવિત્ર વચનોથી મઢેલી, વંદીદાદની પહેલાંના જમાનાની ઘણી પુરાતન છે, જે ધરાવવા માટે દરેક જરથુસ્ત્રિએ વાજબી રીતે દાદારના શુકરાના કરી આપણી કોમ એ ભણતર સદા નિભાવે એવી દુવા ગુજારવી અવશ્ય છે. આપણે માજ્દયસ્ની જરથુસ્ત્રિઓ આપણા વડીલોને શુભ પગલે ચાલી આપણાં મન, વચન અને કર્મ સ્વચ્છ કરી દિવસ ઉગવા સાથ આપણાં કામો પવિત્રતાથી કરી શકવા માટે આ નીરંગ્ ભણિયે છિયે.

કુસ્તી પાદ્યાબ્ વેળાએ ભણવાની વંદીદાદમાંથી લીધેલી આ નીરંગ્‌ને છેડે 'સ્પૅંતામઇન્યુશ્' ગાથા (યસ્ન હા ૪૯, છંદ ૧૦, પદ ૩)

માંના 'નૅમસ્-ચા યા આરમઇતિશ્ ઇજા-ચા' શબ્દો ઉમેરી એક 'અષૅમ્ વૉહૂ' ભણવામાં આવે છે. આ શબ્દોથી અમર્ગ તેજસ્વિ શક્તિ 'આરમઇતિ' (="સમ્પૂર્ણ મતિ"), જે જરથુશ્ત્ર મજહબનાં મત પ્રમાણે જમીન ઉપર મુવક્કલ છે, તેને નમસ્કાર અને આરાધના કરવામાં આવે છે. પૃથ્વી ઉપર જે કાંઇ અસ્વચ્છતા માણસજાતથી થાય છે તે સઘળી અસ્વચ્છતાનો ભાર સહન કરવા માટે આપણે જરથુશ્ત્રિઓ હર હમેશ 'આરમઇતિ' ને નમસ્કાર અને આરાધના કરિયે છિયે.

કુસ્તી કરવાની નીરંગની રચના

હજારો વર્ષ પુર્વે, વંદીદાદનું અવસ્તા લખાણ રચાયું તે પહેલાં, આપણા જરથુશ્ત્ર અષો નયાગાનોએ આ કુસ્તી કરવાની નીરંગની જે રચના કીધી અને ત્યારપછી સાસાની જમાનામાં તેમાં 'નીરંગ-ઇ કુસ્તી બસ્તન'નો જે ઉમેરો કીધો તેની ઉપર વિચાર કરવો ઘટે છે. કુસ્તી કરવાનાં આંશ શરૂ કરવા આગમચ "પાદ્યાબ્ની નીરંગ" ભણવામાં આવે છે.

કુસ્તી કરવાની નીરંગ

કુસ્તી કરવાની નીરંગમાં નીચલાં ૭ માંથ્રોનો સમાવેશ છે:—

૧) 'કેમ્ ના મજ્દા ...' [યસ્ન હા ૪૬, ૭],
૨) 'કે વૅરૅથ્રેમ્-જા ...' [યસ્ન હા ૪૪, ૧૬],
૩) 'પાત-નો ત્બિષ્યંતત...' [વંદીદાદ પરગરદ ૮, ૨૧],
૪) 'અપાઍઘ્રે અપનસ્યેહે મા-મૅરૅંચઇનીશ્ ગએથાઓ અસ્તવઇતીશ્ અષહે' [અદિઁબેહેસ્ત યશ્ત, ૧૭],
૫) 'નૅમસ્-ચા યા આરમઇતિશ્ ઇજા-ચા' [યસ્ન હા ૪૯, ૭ઁદ ૧૦, ૫૬ ૩],
૬) 'અષૅમ્ વૉહૂ'..., ૧, [યસ્ન હા ૨૭, ૧૪].

નીરંગ-ઈ કુસ્તી બસ્તન્

'નીરંગ-ઈ કુસ્તી બસ્તન્' યાને "કુસ્તી બાંધવાની નીરંગ"માં નીચલા સાત કલામોનો સમાવેશ છે:—

પાઝંદ: ૧) 'હોર્મજ્દ-ઇ ખુદાએ ... અબાદશાહીં બાદ',
૨) 'હોર્મજ્દ-ઇ ખુદાએ ...પ પતિત હોમ',
અવસ્તા: ૩) 'ઝ્મનઑઅ ... મઝ્દયેઉશ્',
'હમ્થ્યાવરેશ્તાંમ્ છત વસ્તા ક્ષ્થેંતેમમ'
[યસ્ન હા ૫૦, છંદ ૧૧, પદ ૪],
૪) 'સ્તઑમિ અષેમ્',
૫) 'અષેમ્ વોહૂ ...', ૧, [યસ્ન હા ૨૭, ૧૪].
૬) 'યથા અહૂ વઇર્યો ...', ૨, [યસ્ન હા ૨૭, ૧૩].
૭) 'અષેમ્ વોહૂ ...', ૧, [યસ્ન હા ૨૭, ૧૪].

આસ્તુઇતિ

'આસ્તુઇતિ'માં નીચલા ત્રણ અવસ્તાના કલામોનો સમાવેશ છે:–

૧) 'જસ–મે અવઙ્હે મજ્દ', ૩, [હોર્મજ્દ યશ્ત, ૨૭].
૨) 'મજ્દયસ્નો અહ્મી ...' [યસ્ન હા ૧૨, ૮–૯].
૩) 'અષેમ વોહૂ ...', ૧. [યસ્ન હા ૨૭, ૧૪].

પાદ્યાબની નીરંગ

'ઝ્મનઑઅ,' 'અષેમ વોહૂ'

આપણે જોયું છે કે વંદીદાદની પરગરદ આઠમી અને બીજી પરગરદોમાં જે નીરંગ આવે છે તે એક 'અહુનવર'થી શરૂ થાય છે. એ નીરંગ જુદે જુદે નામે ઓળખાય છે: સવારના પહોરમાં ઉઠતાંને વાર જ્યારે એ નીરંગ ભણવામાં આવે છે ત્યારે એની સાથે 'સ્રોષ્ બાજ' ભણવામાં આવે છે, અને એને 'અવસ્તા-ઇ દસ્ત ઉ રૂય્-ઇ શવીન' યાને "રાતના વસીદા હાથો અને મોઢું સ્વચ્છ કરતાં ભણવાના અવસ્તા" કહે છે. હાલના રેવાજ પ્રમાણે એક જરથુસ્ત્રિ સવારે બિછાણું છોડતાં કુસ્તીનું જે ભણતર પઢે છે તેમાં 'કેમ-ના મજ્દા'ના કલામથી શરૂ થતાં માંથ ભણવામાં આવતાં નથી; પણ એક 'અષેમ' પઢી, કુસ્તી છોડી, 'હોર્મજ્દ-ઇ ખદાએ'થી શરૂ થતાં 'નીરંગ-ઇ કુસ્તી બસ્તન'નાં ભણતરથી કુસ્તી બાંધે છે અને 'જસ–મે અવઙ્હે મજ્દ'થી શરૂ કરી 'આસ્તુઇતિ'નું ભણતર ખતમ કરી 'સ્રોષ્ બાજ' ભણે છે. વળી એજ નીરંગને 'અવસ્તા-ઇ કુસ્તી બાંદન' યાને "કુસ્તીનાં ભણતરના અવસ્તા" અથવા 'અવસ્તા-ઇ કુસ્તી અફ્જુદન' યાને "કુસ્તી પખોડી ફરી બાંધવાના અવસ્તા" પણ કહે છે.

આપણી 'પાદ્યાબ્'ની 'નીરંગ'માં 'ખ્શ્નઑથ્ર' અને એક 'અષેંમ્ વૉહૂ' ભણવામાં આવે છે. મરહુમ દસ્તુર રૂસ્તમજી મેહેરજી સંજાણાએ લખેલાં 'ખુર્દેહ્ અવસ્તા'નાં દફતરમાં 'પાદ્યાબ્'ના અવસ્તા વિષે ફારસી બેતોમાં નીચલું લખાણ આપ્યું છે:

'ચું સાજી પાદીઆબ-ત્ યક અષેંમ ખાં;
કુની બરૂહમ્ દહાનત્ રા પસે આં.
બે-શૂઈ દસ્તો રૂ પાયત્ સે રેહા,
જે રૂમાલ-ત્ નોમાઈ સાફ રૂ રા.
પસી નીરંગ ખાં કેમ્ ના મજ્દા
હમે તા યક અષેંમ વૉહૂ. હજાચા.'

અર્થ

"જ્યારે તું પાદ્યાબ્ કરે ત્યારે પ્રથમ 'ખ્શ્નઑથ્ર અહુરહે મજ્દાઑ', 'અષેંમ વૉહૂ' ૧ ભણ; ત્યારપછી તારૂં મોઢું બંધ રાખ. તારા હાથ, મોઢું તથા પગ ત્રણ વાર ધો, અને મોઢું રૂમાલથી સાફ કર. પછી આ નીરંગ ભણ: 'કેમ્ ના મજ્દા'...'હજાચા' સુધી અને એક 'અષેંમ વૉહૂ.' "

'ખ્શ્નઑથ્ર અહુરહે મજ્દાઑ' (= "અહુરમજ્દાની ખુશનુદી") શબ્દો ભણી એક 'અષેંમ વૉહૂ' ભણવાનો સબબ આ છે કે આ ટુંક ભણતર પછી "આજ ધરી" ભણનારે પોતાનાં શરીરના ખુલ્લા ભાગો પાણીએ ધોઇ સ્વચ્છ કરવા. હરેક જરથુશ્ત્રિ ભણતર શરૂ કરતી વખતે આ 'નીરંગ-ઇ પાદ્યાબ્' (= "પાણીથી શરીરના ખુલ્લા ભાગો ધોઇ સ્વચ્છ કરવાની નીરંગ") ભણાય છે.

અવસ્તા-ઇ કુસ્તી

એ પછી 'કેમ્ ના મજ્દા'થી 'નૅમસ્-ચા યા આરમઇતિશ્ ઇજા-ચા' સુધીનું ભણતર 'અવસ્તા-ઇ કુસ્તી' (= "કુસ્તીના અવસ્તા")નું છે.

'કેમ્ ના મજ્દા'

કુસ્તી કરવાની નીરંગના ૭ વિભાગમાંનો પહેલો વિભાગ 'કેમ્-ના મજ્દા' 'ઉશ્તવઇતિ' ગાથામાંથી લીધો છે. 'ઉશ્તવઇતિ' ગાથામાંનો 'કાંમ્ નૅમોઇ જાંમ્' હા (યસ્ન હા ૪૬) અષો જરથુસ્ત્રએ તે વેળાએ રચેલો કે જ્યારે એમની દીન કોઇપણ પાદશાહે કબુલેલી નહિ. 'કેમ્ ના

મજ્દા' એક બશારતી કલામ છે જેમાં અષો જરથુશ્ત્ર અહુરમજ્દા પાસે બશારત માંગી જાણવા ઇચ્છે છે કે જ્યારે દુનિયામાં મારી સામે બુરો દર્વંદ અંગ્રમઇન્યુ ઇજા અને હાનિ કરવા ઉભો થયો ત્યારે તારા 'આતર્' અને 'મનસ્' સિવાય બીજાં કોણે મારૂં રક્ષણ કીધું. આ ફકરો ભણતી વેળા આપણે આપણુને ગોયા અષો જરથુશ્ત્રની હાલતમાં મેલી, જેવી મદદ અહુરમજ્દાએ જરથુશ્ત્રને આપી તેવી મદદ મેળવવા આતુર બનિયે છિયે.

'કે વૅરૅથ્રેમ્-જા'

આ નીરંગનો બીજો વિભાગ 'કે વૅરૅથ્રેમ્-જા' પણ 'ઉશ્તવઇતિ' ગાથામાંથી, હા 'તત્ થ્વા પૅરૅસા' (યસ્ન હા ૪૩) માંથી લીધો છે. એ 'તત્ થ્વા પૅરૅસા' હામાં અષો જરથુશ્ત્રએ અહુરમજ્દાને પુછેલા સવાલોનો સંગ્રહ છે. એ સવાલોમાંના એક ("તારાં જે વચનો રક્ષણ કાજે છે તે વચનો વડે શત્રુને મારનાર કોણ?") નો ખુલાસો આ છંદમાંથી મળે છે.

'પાત-નો દ્વિબ્ય્યંતત્'

કુસ્તીની નીરંગનો 'પાત-નો દ્વિબ્ય્યંતત્' શબ્દોથી શરૂ થતો ત્રીજો વિભાગ વંદીદાદની પરગરદ ૮, ૨૧ માંથી લીધો છે, અને ઉપર લંબાણથી વિગતવાર દર્શાવ્યું તેમ આ કુસ્તીની નીરંગ વંદીદાદની પરગરદો ૮,૯,૧૦,૧૧,૨૦,૨૧,૨૨ માં જુદા જુદા સબબસર વપરાયલી મળે છે. વંદીદાદમાંથી લીધેલો આ કલામ 'અહુનવઇતિ' ગાથાના હા 'અથા યાસા' (યસ્ન હા ૨૮) ના ૭ મા છંદની ઉપરથી રચેલો છે, જ્યાં અષો જરથુશ્ત્ર અહુરમજ્દાને અરજ કરે છે કે:

"આપ સુમનસ્થી, આપ અચળ નિયમની ભેટ દીર્ઘાયુ; સાચાં વચનોથી, ઓ અહુરમજ્દા! જરથુશ્ત્રને અને અમને જોરાવર ઇચ્છા આપ, જેથી અમે તોડિયે દુ:ખ દેનારનાં દુ:ખ."

જે પ્રમાણે 'અથા યાસા'ના ૭ મા છંદમાં અષો જરથુશ્ત્ર અને તેમના શાગેરદો 'ઍરૅશ્વ ઉખ્ધ' (= "સાચાં વચન") થી 'અપ'ની ભેટ દીર્ઘાયુ અને જોરાવર ઇચ્છા મેળવી દુ:ખ દેનારનાં દુ:ખ તોડવાની ઉમેદ બાંધે છે, તેમ વંદીદાદના આ કલામમાં આપણે જરથુશ્ત્રિઓ અહુરમજ્દા, આરમઇતિ અને સ્પૅંતમઇન્યુ પાસેથી દુ:ખ દેનારાંઓ સામે રક્ષણ માગિયે

છિયે, અને જરથુશ્ત્ર મજહબનાં મત મુજબનાં 'દએવી દ્રુજ' (="દેવને લગતી હાનિ"), 'દએવો-ચિથ્ર' (= "દેવનું બીજ"), 'દએવો-ફ્રકરૂરત' (="દેવની પેદાશ"), 'દએવો-ફ્રદાઇતિ' (="દેવની ભેટ") અને 'દ્રુજ' (="અંગ્રમઇન્યુ") જેવાં દુઃખ દેનારાંને તેઓનાં નામે બોલાવી નાશ પામવા અને નજર આગળથી દૂર થવા કહિયે છિયે.

'અપ દ્રુખ્શ્ નસે

વંદીદાદ પરગરદ ૮, ફકરા ૨૧ માંના 'નસે દએવો-ફ્રદાઇતિ' પછીના આપણી કુસ્તીની નીરંગના ચોથા વિભાગના શબ્દો 'અપ દ્રુખ્શ્ નસે ... ગએથાઓ અસ્ત્વઇતીશ્ અષહે', અર્દિબેહેશ્ત્ યશ્ત, ફકરા ૧૭ના શબ્દો: 'દ્રુખ્શ્ નસ્યાત, દ્રુખ્શ્ દૂરાત, દ્રુખ્શ્ વીનસ્યાત; અપાખ્ઝ્રે અપનસ્યેહે, મા-મૅરૅંચઇનીશ્ ગએથાઓ અસ્ત્વઇતીશ્ અષહે' (="દ્રુજ નાશ પામે, દ્રુજ દોડી જાય, દ્રુજ સમ્પૂર્ણ નાશ પામે; દ્રુજ! તું ઉત્તરે અદ્રશ્ય થા; ના માર અચળ નિયમની હસ્તીવાળી જેહાનને") સાથે ઘણો સંબંધ ધરાવે છે. 'અર્દિબેહેશ્ત્ યશ્ત્'ના ફકરામાંના 'અપાખ્ઝ્રે અપનસ્યેહે'થી 'અસ્ત્વઇતીશ્ અષહે' સુધીના છેલ્લા શબ્દો બોલેબોલ વંદીદાદ પરગરદ ૮ ફકરા ૨૧ માં ઉતારી લીધેલા મળે છે.

જરથુશ્ત્ર બંદગીનો પાયો

જરથુશ્ત્ર દીનમાં, જેમ ઉપર યસ્ન હા ૨૮ છંદ ૭ માંથી દેખાડયું છે તેમ, "બંદગી"નો સંગીન પાયો 'અષ' (= "અચળ નિયમ"), 'ઍરૅઝ્વ ઉખ્ધ' (= "સાચાં વચન") અને 'અઑજાઁગૂહ્વત્ રફ્નો' (= "જોરાવર ઇચ્છા") ઉપર રચેલો છે. અચળ નિયમથી અને સાચાં વચનથી મેળવવા ધારેલી જોરાવર ઇચ્છા કોઇપણ પુરૂષ મેળવી શકે. જરથુશ્ત્ર મજહબનાં મત મુજબ માણસજાતમાંથી જે કોઇ પોતાની જોરાવર ઇચ્છા વાજબી રીતે મેળવવા ઇચ્છે તે તે જરૂર મેળવી શકે. અવસ્તા સાહિત્યમાં, ખાસ કરી યશ્તોમાં એના તવારીખી દાખલાઓનો એક સુંદર સંગ્રહ છે, અને આપણી 'નીરંગ-ઇ કુસ્તી પાદ્યાબ'માં આ વિચાર આપણાં મન ઉપર મજબુત ઠસાવવાની કોશેશ કરવામાં આવી છે, અને જો આપણે આપણી બંદગી અર્થ સમજીને કરિયે તો દરેક જરથુશ્ત્ર બંદગી કરનાર એક નમુનેદાર કોમનો નમુનેદાર કાર્ય કરનાર થઇ શકે.

'નૅમસ્-ચા યા આરમઇતિશ્ ઇજા-ચા'

કુસ્તીની નીરંગ'નો પાંચમો વિભાગ 'નૅમસ્-ચા યા આરમઇતિશ્ ઇજા-ચા' (="નમસ્કાર અને આરાધના તેને જે સમ્પૂર્ણ-મતિ") 'સ્પેંતામઇન્યુશ્' ગાથા (યસ્ન હા ૪૯)ના ૧૦ મા છંદનું ત્રીજું પદ છે.

સાધારણ રીતે આપણે જરથુસ્ત્રિઓ કુસ્તી પાદ્યાબ્ કરતી વેળાએ 'નૅમસ્--ચા યા આરમઇતિશ્ ઇજા--ચા'નું પદ ભણિયે છિયે. પણ એક ગુજરેલાં જરથુસ્ત્રિની લાશનો સંસ્કાર કરનારાઓ સંસ્કાર કરતી વેળા 'સ્રોષ્ વાજ્' ભણે તેમાં, જરથુસ્ત્રિ ધર્મગુરૂઓ ગુજરેલાંની લાશ પાસે ગેહસારણું ભણે તે વેળા, ગુજરેલાંની લાશ પાછળ દોખ્મા સુધી જનારા જરથુસ્ત્રિઓ જવા આગમચ 'સ્રોષ્ વાજ' ભણે તેમાં, ગુજરેલાંની લાશના સમાગમમાં આવનાર પોતાનાં શરીરને પવિત્ર કરવા 'બરૅશ્નૂમ્' લે ત્યારે 'બરૅશ્નૂમ'નું સ્નાન પુરૂં થવા પછી કુસ્તી પાદ્યાબનું ભણતર ભણે તેમાં, 'નૅમસ્-ચા યા આરમઇતિશ્ ઇજા--ચા' શબ્દો ભણવામાં આવતા નથી.

ગુજરેલાંની લાશ પાસે 'ગેહસારણું' ભણનારા ધર્મગુરૂઓ 'ગેહસારણું' પુરૂં કરી રહેવા પછી ત્રણ વાર 'નૅમસ્-ચા યા આરમઇતિશ્ ઇજા-ચા' શબ્દો ભણે છે; ગુજરેલાંની લાશ પાછળ દોખ્મા સુધી જનારા જરથુસ્ત્રિઓ ગુજરેલાંની લાશને સેવટની આરામગાહે મેલવા પછી 'સ્રોષ્ વાજ્' મુકતાં 'નૅમસ્-ચા યા આરમઇતિશ્ ઇજા-ચા' શબ્દો ભણે; અને 'બરૅશ્નૂમ'નું સ્નાન લેનાર 'બરૅશ્નૂમ'ની નવ રાત્રીની મુદત પુરી થવા પછી 'નૅમસ્-ચા યા આરમઇતિશ્ ઇજા-ચા' ભણે.

'અહૅમ્ વૉહૂ'

આપણી 'નીરંગ્-ઇ કુસ્તી પાદ્યાબ્'નો છઠ્ઠો અને છેલ્લો વિભાગ 'અહૅમ્ વૉહૂ'નો કલામ છે.

'નીરંગ્-ઇ કુસ્તી બસ્તન્'

'નીરંગ્-ઇ કુસ્તી પાદ્યાબ્' પછી 'નીરંગ્-ઇ કુસ્તી બસ્તન્' ભણવામાં આવે છે.

પાર્સીક ભાષામાં આપેલો ભાવાર્થ

સાસાની જમાનામાં, શુમારે ઇસ્વી સને ૩૨૦માં, ઇરાનમાં ક્રિસ્તીઓએ જરથુસ્ત્રિઓને પોતાના ધર્મમાં લેવાનું બીડું ઝડપ્યું હતું, ત્યારે

સાસાની શેહેનશાહ શાપુર બીજાના રાજ્યઅમલ દરમિયાન, મોબદાન્ મોબદ્ આતુરપાત મારસ્પંદ્એ પોતાના શાગેરદો સાથે મળી અવસ્તા સાહિત્યનાં એકવીસ નુસ્કનો તરજુમો તે વેળાની બોલાતી 'પાર્સીક' (=પહલવી) ભાષામાં કીધો, કે જેથી જરથુસ્ત્રિઓ પોતાનાં સાહિત્ય અને ભણતરોનો ભાવાર્થ સમજતા થઇ, પોતાની દીન ઉપર ઉસ્તવાર રહી, પોતાની દીન તજીને બીજી દીનમાં જાય નહિ. તે વેળાએ, જરથુસ્ત્રિ દંતકથા મુજબ, આપણા જરથુસ્ત્રિ વડવાઓની રોજીંદી બંદગીનાં ભણતરોનો ભાવાર્થ 'પાર્સીક' ભાષામાં રચવામાં આવ્યો હતો. તેજ નિયમ અનુસાર, આપણી 'નીરંગ-ઇ પાદ્યાબ'નો સાર પણ ઉપલાં વંદીદાદમાંથી લીધેલાં અવસ્તા ભણતરને છેડે મેલેલો આજસુધી મોજુદ છે, જે 'નીરંગ-ઇ કુસ્તી બસ્તન્'ને નામે જાણીતો છે.

'હોર્મજદ્-ઇ ખદાએ ... અવાદશાહાં બાત'

આ ભાવાર્થના પહેલા વિભાગમાં, જે મુજબ અવસ્તામાં ઇચ્છવામાં આવ્યું છે તેમ અંગ્ર મઇન્યુ, દેવો, દુજો, જરથુસ્ત્રિ દીનના દુશ્મનો, કીકૂ અને કરપન્ ટોળાના જુલ્મી રાજ્યકર્ત્તાઓ, પરીઓ, જાદુગરો, વિગેરેનો આપણે પરાજય ઇચ્છીયે છિયે.

'હોર્મજદ્-ઇ ખદાએ...પ પતિત હોમ'

બીજા વિભાગમાં એક ઘણી ટુંકી અસરકારક પશેમાનીની બંદગી ઉમેરવામાં આવી છે, કે જે ભણવાથી ભણનાર ખરાં અંતઃકરણથી પશ્ચાતાપ કરી પોતાનાં તન, મન અને રવાનને પવિત્ર કરે.

એ બંદગી આપણે જરથુસ્ત્રિઓ આપણી 'આપ્ વાજ,' નીયાયિશ્નો અને યશ્તોમાં હમેશ ભણિયે છિયે. દુનિયામાં દરેક માણસ વિચાર, વચન અને વર્તનને લગતી નાની ભૂલો હર રોજ કરે છે, અને ખરો માણસ તેજ હોય કે જે પોતાની નાની કે મોટી ભૂલો હર પળે જોવાને તૈયાર રહી તેવી ભૂલો ફરીથી નહિ કરવાની સંભાળ રાખે અને દુનિયામાં હર રોજ સ્વચ્છ જીંદગી ગુજારી, મીનોય જીંદગીમાં આગળ વધી, આ દુન્યવી હસ્તીમાંથી પસાર થવા આગમચ, સમ્પૂર્ણ અને સ્વચ્છ બને. આપણે જરથુસ્ત્રિ બંદગીઓનું રહસ્ય અને ખરો અર્થ સમજીશું

ત્યારેજ આપણે જોઈશું કે જરથુસ્ત્રિ દીન માણસજાતને સમ્પૂર્ણ અને સ્વચ્છ બનાવવા માટે અષો જરથુશ્ત્ર આ દુન્યવી હસ્તીમાં લાવ્યા છે.

'ફ્રનઑથ્ર'

'પાર્સીક' ભાષામાં આપેલા આ ભાવાર્થ પછી ત્રીજા વિભાગમાં આપણે જરથુસ્ત્રિઓ, આ કુસ્તી બાંધવાની નીરંગમાં, અવસ્તા ભાષામાં રચેલું આપણી દીનનું મહત્વનું ફરમાન ટુંકમાં રજુ કરિયે છિયે: 'ફ્રનઑથ્ર...ફ્રષોતૅમૅમ્'. આપણે જરથુસ્ત્રિઓ આ શબ્દો ભણી આપણાં શરીર ઉપર કુસ્તી પાછી વિંટાળિયે છિયે. એ શબ્દોનો ભાવાર્થ પણ આપણાં પાજંદ ભણતરમાં સમાઇ જાય છે. જરથુસ્ત્રિ દીને માણસજાત ઉપર ફરજ નાખી છે કે સૃષ્ટિના પેદા કરનાર દાદાર અહુરમજ઼દાની ઇચ્છા અનુસાર ચાલી, અહુરમજ઼દાને ખુશ્નુદ યાને ખુશી કરી, દુનિયામાં આમેજ થયલી અહરિમની, બદી, હાનિ અને નુકસાન દૂર કરવાં. એ નેમ બર લાવવા માટે પોતાનાં મનને દ્રઢ કરવા એક જરથુસ્ત્રિએ 'ફ્રનઑથ્ર અહુરહે મજ઼દાઑ, તરોઇદીતિ અહ્રહે મઇન્યેઉશ' (="અહુરમજ઼દાની ખુશાલી, અહરિમનનો તિરસ્કાર") દ્રઢ વિચારથી જાહેર કરી, અહુરમજ઼દાને પસંદ પડતાં, અહુરમજ઼દાની પેદાશોને આબાદ કરનારાં, કામો કરવાં જોઇએ. આ એતેકાદ જરથુસ્ત્રિ મજહબ મતનો મૂળ પાયો છે, અને આ એતેકાદ દર્શાવનારા શબ્દો પાછળ 'સ્પઁતા મઇન્યુશ' ગાથા (યસ્ન હા ૫૦)ના છંદ ૧૧ નાં ચોથાં પદના શબ્દો: 'હઇથ્યાવર્સ્તાંમ્ હ્યત્ વસ્ના ફ્રષોતૅમૅમ્' (="સદાચરણીઓની જે પ્રથમ ઇચ્છા") ઉમેરયા છે; યાને જે કોઇ પણ માણસ સદાચરણી હોય તેની સૌથી પહેલી મુરાદ આ હોવી જોઇએ કે પેદા કરનાર અહુરમજ઼દાનાં ફરમાન મુજબ ચાલી, અહરિમને લાવેલી હાનિનો સૃષ્ટિમાંથી નાશ કરવો.

'સ્તઑમિ અષૅમ'

ઉપર કહેલી મુરાદ પાર પાડવા માટે જરથુસ્ત્રિઓ હમેશ 'સ્તઑમિ અષૅમ' (="હું 'અષ' યાને અહુરમજ઼દાના અચળ નિયમને વખાણું છું") શબ્દો ભણી, અચળ નિયમ મુજબ ચાલવાનો પોતાનાં અંતઃકરણને આગ્રહ કરે છે, અને 'અષૅમ વૉહૂ' (યાને 'અષ-સ્તૂઇતિ'="અચળ નિયમની સ્તુતિ") ઉઠતાં અને બેસતાં, સુતાં અને જાગૃત થતાં, ગાય છે.

'અર્ષેમ્ વૉહૂ'

કુસ્તી બાંધવાનાં ભણતરમાં પણ 'અહ્નઑશ્ર'ની ટુંક બંદગી પછી, 'સ્તઑમિ અર્ષેમ્' શબ્દો ઉચ્ચારી એક 'અર્ષેમ વૉહૂ' ભણવામાં આવે છે.

ઉપર જણાવ્યું તેમ શુભ કામો કરવાની જોરાવર ઇચ્છા ધરાવવાથીજ માણસ દુનિયામાં સ્વચ્છ ઉપયોગી જીંદગી ગુજારી પોતાની હસ્તીનું સાર્થક કરી શકે.

આપણી સઘળી યશ્તોમાં 'નીરંગ્-ઇ કુસ્તી બસ્તન્'નાં ભણતરમાંના વિભાગો ૨-૫ શરૂઆતમાં સામટા ભણવામાં આવે છે. હોર્મજ્દ યશ્ત્માં એક 'અર્ષેમ્' ભણવા પછી 'ફ્રસ્તુયે ...' ભણી ત્રણ 'અર્ષેમ્' ભણિયે છિયે. બીજી સઘળી યશ્તોમાં એક અર્ષેમ્' અને 'ફ્રસ્તુયે ...' ભણવામાં આવતાં નથી. આપણી નીયાયિશ્નોમાં બીજો વિભાગ જુદો આવે છે અને વિભાગો ૩-૫ જુદા આવે છે, અને તેઓની વચમાં બીજું બંદગીનું ભણતર આવે છે.

આપણાં સઘળાં ભણતરોમાં આવતા આ કલામો 'નીરંગ-ઈ કુસ્તી બસ્તન્'માં ખાસ મેલવામાં આવ્યા છે તે એક જરથુશ્ત્રિએ પોતાની દીનનું મુખ્ય ફરમાન મનમાં રાખી પોતાનાં કામોમાંનું કોઇપણ તે ફરમાનનું ઉલંઘન કરે નહિ તેની ખાસ સંભાળ રાખવા માટે છે.

'અહુનવર્' ૨, 'અર્ષેમ' ૧

આ 'અર્ષેમ્ વૉહૂ' યાને 'અષ-સ્તૂઇતિ' (="અચળ નિયમની સ્તુતિ") પછી, 'નીરંગ્-ઇ કુસ્તી બસ્તન્'ના છઠ્ઠા અને સાતમા છેલ્લા બે વિભાગોમાં 'અહુનવર્' (='યથા અહૂ વઇર્યો')નું વચન બે વાર ભણતાં આપણે કુસ્તીના આગલા બે ગાંઠ વાળિયે છિયે, અને તેની પછી 'અર્ષેમ્ વૉહૂ' એક ભણી પાછલા બે ગાંઠ વાળિયે છિયે.

કુસ્તીના ગાંઠ

પહેલા બે ગાંઠ દરેક 'અહુનવર્'માંનો શબ્દ 'બ્યઑથનનાંમ્' ભણતાં અને બીજા બે ગાંઠ 'અર્ષેમ'નું ભણતર પુરૂં કરતાં વાળવામાં આવે છે.

જુના જમાનાના જરથુશ્ત્રિ દીનના જે પેશ્વાઓએ 'બ્યઑથનનાંમ્' શબ્દ ભણતાં બે ગાંઠ વાળવાનો રેવાજ પાડયો તેઓએ "નેક મનશ્નીનાં

જીંદગીનાં કાર્યો"થી સઘળા મનસા, વાચા, કર્મને લગતા ગુનાહોને બાંધી તે ગુનાહોને પોતાના નેક વિચાર, નેક વચન અને નેક વર્તનમાં વચ્ચે પડી દખલગીરી કરે તે અટકાવવાની કોશેશ કરવાનો જરથુશ્ત્ર મજહબ મતનો બુલંદ નિયમ આપણી નજર સામે હરદમ રાખવાની ઉમદા નેમ રાખી હતી. જરથુશ્ત્ર બંદગીની મુખ્ય નેમ માણસજાતને સમ્પૂર્ણ બનાવવાની છે; સમ્પૂર્ણ બનવા માટે ગુનાહથી મોકળા થવાની જરૂર છે; અને ગુનાહથી મોકળા થવા માટે, જોરાવર ધારણાથી મનને એક અજીત કિલ્લો બનાવી, 'અંગ્ર મઇન્યુ' તરફથી આપવામાં આવતી સઘળી લાલચો સામે હરરોજ અને હરદમ લડત ચલાવવાની આપણ માણસજાતની મોટી ફરજ છે. જ્યાંસુધી બંદગીનો ખરો અર્થ સમજ્યા વગર આપણે નીરંગો અને ભણતરો ભણિયે ત્યાંસુધી બંદગી ફાયદાકારક થઇ શકે નહિ.

'અષેમ્' ભણતાં કુસ્તીના પાછલા ગાંઠો વાળવાનો સબબ પણ ખુલ્લો છે. જરથુશ્ત્રિઓએ પોતાની આખી જીંદગી 'અષ' ("અષોઇ, રાસ્તી, સ્વચ્છતા, અહુરમજદના 'અચળ નિયમ'") થી ગુજારવાની ફરજ છે; તેટલા માટે દરેક બંદગીની શરૂઆત અને અંત 'અષેમ્' નાં પવિત્ર વચનથી કરવામાં આવે છે. કુસ્તી છોડતાં અને બાંધતાં આપણે જુદી જુદી વેળા પાંચ 'અષેમ્' ભણિયે છિયે.

આસ્તૂઇતિ

કુસ્તી બાંધી રહેવા પછી આપણે જરથુશ્ત્રિઓ આપણી પવિત્ર માન્યતા, આપણી દીન ઉપર દ્રઢતા, આપણી 'આસ્તૂઇતિ', આપણું "ઇમાન" જાહેર કરિયે છિયે. એ 'આસ્તૂઇતિ'નાં ટુંક ભણતરમાં ત્રણ વિભાગ છે.

'જસ મે અવઙ્હે મજ્દ'

પહેલો વિભાગ, 'જસ મે અવઙ્હે મજ્દ,' માત્ર ચાર શબ્દોનો બનેલો છે, જે શબ્દો હોર્મજ્દ યશ્ત, ફકરા ૨૭ માંથી લેવામાં આવ્યા છે, જેમાં આપણે ત્રણ વાર 'મજ્દા' (="મહાજ્ઞાની")ને આપણી મદદે આવવા કહિયે છિયે. એ શબ્દો ખુર્શેદ નીયાયિશ્નના ફકરા ૯ માં પણ મેલવામાં આવ્યા છે.

'મજ્દયસ્નો અહ્મી'

બીજા વિભાગમાં 'આસ્તૂઇતિ'નું અગત્યનું ભણતર છે. 'ગાથા'ની

પુરાતન ભાષામાં રચેલું એ ઘણું જુનું ભણતર યસ્ન હા ૧૨ ના ફકરા ૮–૯ માં મળે છે. આ 'આસ્તૂઇતિ'માં જરથુશ્ત્રિ તરીકેની આપણી ઉમદા માન્યતાઓ આપણે જાહેર કરિયે છિયે.

આ એકરાર 'ફ્રવરાને' શબ્દથી શરૂ થતો હોવાથી એને 'ફ્રૉરતિ'નું નામ પણ પુરાતન કાળથી આપવામાં આવ્યું છે. આપણી માન્યતાઓ ચાર છે, તે ઘણી સાદી અને ઘણાં મહત્વની છે. આપણે ૧) સારા વિચાર, ૨) સારાં વચન, ૩) સારાં કર્મ, અને ૪) ભલી માજ્દયસ્ની દીનમાં માન્યતા ધરાવિયે છિયે.

આપણી દીન અક્કલપસંદ હોવાથી, એ દીન કબુલ કરનારા અષો જરથુશ્ત્રના પહેલા શાગેરદોએ એ દીન માટે જે વિશેષણો વાપર્યાં છે તે ઉપરથી એ દીનનું ખરૂં સ્વરૂપ પ્રગટ થાય છે. આપણી દીનને ૧) ભલી, ૨) અષો, ૩) માજ્દયસ્ની (= "મજ્દાની પરસ્તેશ કરવાને શિખવનારી") ૪) 'આહુરિ' (= "અહુરને માનનારી"), ૫) જરથુશ્ત્રિ (= "અષો જરથુસ્ત્રની"), ૬) 'ફ્રસ્પાયઑખ્ધ્રા' (= "ચોફત્ર, જોતર, બંધ ફેંકી દેનારી"), ૭) 'નિધા–સ્નઇથિષ' (= "લડાઇનાં હથિયારો મેલાવી દેનારી"), ૮) 'ખ્વએત્વદથા' (= "હુંપણું, સ્વાર્થ તજી અહુરમજ્દાને સ્વત્વ અર્પણ કરી, તેની સાથે એકતાન થવા માટે કુદરતની સઘળી પેદાશો અને માણસજાત સાથે એકતાન થઇ જે પરમાર્થી કામો કરવાં જોઇએ તે કામોનું શિક્ષણ આપનારી"), અને હમણાંની અને હવે પછી હસ્તીમાં આવનારી બધી દીનોમાં ૯) સર્વથી મહાન, ૧૦) સર્વોત્તમ, અને ૧૧) શ્રેષ્ઠ જાહેર કીધી છે; એ ઉપરાંત આપણી દીન શિખવે છે કે આ દુનિયામાં જે કાંઇ દોલત, નેઅમત, નેકી, ભલાઇ છે તે અહુરમજ્દાની છે અને તે સઘળાંનો સંગ્રહ કરી તે સંગ્રહ અહુરમજ્દાને અર્પણ કરવો. એ મૂળ માન્યતા 'આસ્તૂઇતિ'ની આખરે જાહેર કરવામાં આવી છે.

આ આપણા એકરારમાં કોઇ એક પણ વસ્તુ તકરારને જન્મ આપતી નથી, અને આપણે જરથુસ્ત્રિઓએ આપણી દીનનું મહત્વ આ 'આસ્તૂઇતિ' ઉપરથી સમજવાની ચાલુ કોશેશ કરવી જોઇએ.

'અષેમ્ વૉહૂ'

આ 'આસ્તૂઇતિ'નો ત્રીજો અને છેલ્લો વિભાગ 'અષેમ વૉહૂ'નો પવિત્ર કલામ છે.

'ફ્રૅઑરૅતિ', 'આસ્તઑથ્વન'

આ 'આસ્તૂઈતિ'નાં માંથ્રમાં બે મુખ્ય શબ્દો 'ફ્રવરાને' અને 'આસ્તુયે' આવે છે; તે ઉપરથી એ માંથ્રને માટે યસ્ન હા ૧૩, ફકરા ૮ માં આ વ્યાખ્યાન આવે છે:

'ફ્રૅઑરૅતીમ્-ચા આસ્તઑથ્વનૅમ્-ચા દએનયાઓ માઝ્દયસ્નોઈશ યઝમઈદે'.

અર્થ: "માઝ્દયસ્ની દીનનાં પસંદગી અને ઈમાનને અમે વખાણિયે છિયે".

'ફ્રવરાને'ના ધાતુ 'ફ્રવૅરૅ' ઉપરથી ભાવવાચક નામ 'ફ્રૅઑરૅતિ' (="પસંદગી") ઉપજ્યું, અને 'આસ્તુયે'ના ધાતુ 'આ-સ્તુ' ઉપરથી ભાવવાચક નામ 'આસ્તઑથ્વન' (="ઇમાન") નિકળ્યું છે.

'ફ્રવરાને'

જરથુશ્ત્રિ દીનના ઇતિહાસનો અભ્યાસ કરવા માટે ફ્રવદીંન્ યસ્તનું જ્ઞાન અવશ્યનું છે. ફ્રવદીંન્ યસ્તના ફકરા ૮૯ માં જણાવવા મુજબ

'યો પઑઈર્યો સ્તોઇશ્ અસ્તવઇથ્યાઓ સ્તઑત્-અૅષૅમ્ નાઇસ્ત્-દએવો ફ્રૅઑરૅનત મઝ્દયસ્નો જરથુશ્ત્રિશ્ વીદએવો અહુર-ત્કએષો'.

અર્થ: "જરથુસ્ત્ર, જે હાડમંદ દુનિયાના પહેલા 'અષ'ની સ્તુતિ કરનાર યાને 'અષૅમ્ વૉહૂ'નું વચન ઓચરનાર, દેવનો ધર્મ વખોડનાર, માઝ્દયસ્ની, જરથુશ્ત્રિ, દેવની વિરૂદ્ધના, અહુરના તરીકાવાળા, 'ફ્રવરાને'નો કલામ ઓચર્યા".

આ ઉપરથી જણાય છે કે ખુદ અષો જરથુસ્ત્રએ પહેલો માઝ્દયસ્ની દીનની 'ફ્રૅઑરૅતિ' (="પસંદગી") જાહેર કરી હતી, અને તેમના શાગેર્દોએ તેમને પગલે ચાલી એ સર્વોત્તમ દીનની પસંદગી જાહેર કીધી, અને ત્યારથી તે આજ સુધી આપણા જરથુશ્ત્રિઓના વડીલોએ અને આપણે તેઓના વંશજોએ, આ 'ફ્રવરાને'નું ભણતર ભણી આપણી દીન ઉપરનો એતેકાદ સાબેત દેખાડવાનું ચાલુ રાખ્યું છે.

ફ્રવદીંન્ યસ્તનાં આ લખાણને વંદીદાદની પરગરદ ૧૯ ના ફકર

૨ થી ટેકો મળે છે, જ્યાં જણાવ્યું છે કે અષો જરથુશ્ત્રએ "માજદયસ્ની દીન કબુલ કીધી" (='દએનાંમ્ માજદયસ્નીમ્ ફ્રૉરૅનએત').

વળી વીસ્પરદના કરદા ૫ માં એજ મુજબ ભણનાર કહે છે:

'ફ્રા તે વૅરૅને અહે દએનય, અષાઉમ્ અહુરમજ્દ! મજ્દયસ્નો જરથુશ્ત્રિશ્ વીદએવો અહુર-તકએષો'.

અર્થ: "જરથુશ્ત્રની એ દીન મારફતે, હું મજ્દયસ્ની જરથુશ્ત્રિ, દેવની વિરૂદ્ધનો, અહુરના તરીકાવાળો, ઓ અષો અહુરમજ્દા! તને પસંદ કરૂં છું".

આ ઉપરથી સિદ્ધ થાય છે કે 'ગાથા'ની ભાષામાં રચેલું, આ 'ફ્રૉરૅતિ' યાને "એકરારનું ભણતર" પાછલાં અવસ્તા સાહિત્યનાં પુસ્તકો વીસ્પરદ, વંદીદાદ અને યશ્તો આગમચનું ઘણું પુરાતન છે.

જ્યારથી જરથુશ્ત્રિ દીનની સ્થાપના થઇ ત્યારથી તે આજસુધી ઘણા જરથુશ્ત્રિઓએ આ બંદગી મારફતે જરથુશ્ત્રિ દીનની સિફત ગાઇ છે, અને આજે પણ આપણે ગાઇયે છિયે. જો જરથુશ્ત્રિઓ ચઢતી કે પડતીમાં, દુનિયાનાં જે ખુણાંમાં હોય ત્યાં, હિંમતથી સારાં કામો કરી શકયા હોય તો આવા ઉમદા સદગુણો શિખવનારી પવિત્ર દીનની બરકતથીજ, અને જ્યાંસુધી દરએક જરથુશ્ત્રિ આ એકરાર ભણી એમાં આવેલાં અચળ ફરમાન મુજબ ચાલશે ત્યાંસુધી જરથુશ્ત્રિ કોમની ચઢતી કાયમ રહેશે.

'પાદ્યાબ્ કુસ્તી'નું ભણતર કયારે ભણવું ?

જરથુશ્ત્રિ મજહબ મત મુજબ દિવસના પાંચ ભાગ કરવામાં આવ્યા છે: હાવન્ ગાહ, રપિથ્વિન્ ગાહ, ઉજયેઇરિન્ ગાહ, અઇવિસ્રૂથ્રિમ્ ગાહ અને ઉષહિન્ ગાહ. હાવન્ ગાહનો અમલ સૂર્યના ઉગવાથી બપોરના શુમારે બાર વાગ્યા સુધી રહે છે. રપિથ્વિન્ ગાહનો અમલ બપોરના બાર વાગ્યાથી શુમારે ત્રણ વાગ્યા સુધી છે. ઉજયેઇરિન્ ગાહ ત્રણ વાગ્યાથી સૂર્યાસ્ત સુધી ગણાય છે. અઇવિસ્રૂથ્રિમ્ ગાહ સૂર્યાસ્તથી મધ્યરાત્રી સુધી છે. ઉષહિન્ ગાહનો અમલ મધ્યરાત્રીથી, રાતે શુમારે બાર વાગ્યાથી, સૂર્યોદય સુધી રહે છે. ક્રિયાકર્મની સઘળી ગોઠવણો જરથુશ્ત્રિ ધર્મગુરૂઓ

વર્ષને 'હામિન્' અને 'જમેસ્તાન્'ની બે રૂતુમાં વહેંચીને કરે છે. 'હામિન્' યાને ઉનાળાની રૂતુની લંબાઈ વર્ષના પહેલા સાત મહિના સુધીના ૨૧૦ દિવસની છે, અને 'જમેસ્તાન્' યાને શિયાળાની રૂતુની લંબાઈ તે પછીના પાંચ મહિના અને પાંચ દિવસની યાને ૧૫૫ દિવસની છે. વર્ષની શરૂઆત વસંત રૂતુથી દિવસ અને રાત એકસરખાં થાય ત્યારે, સૂર્ય મેષ રાશિના પહેલા અંશમાં આવે ત્યારે થાય છે. વર્ષના પહેલા સાત મહિનાની ઉનાળાની રૂતુમાં રપિથ્વિન્ ગાહ ગણવામાં આવે છે. બીજા પાંચ મહિના અને પાંચ દિવસની શિયાળાની રૂતુમાં રપિથ્વિન્ ગાહ ગણવામાં આવતી નથી, અને રપિથ્વિન્ ગાહને બદલે "બીજી હાવન્ ગાહ" ગણવામાં આવે છે, યાને શિયાળાની રૂતુમાં રપિથ્વિન્ ગાહ ભણવામાં આવતી નથી.

ઉપર વર્ણવેલી આ પાંચ ગાહમાંની દરેકની શરૂઆતમાં ઘણા જુના જમાનાથી 'પાદ્‌યાબ્ કુસ્તી'નું ભણતર ભણવાનું ફરમાન છે. સૂર્ય ઉગતાં જરથુસ્ત્રિઓ હાથો અને મોઢું ધોઇ હાવન્ ગાહમાં કુસ્તી કરે છે. એજ મુજબ રપિથ્વિન્, ઉજયેઇરિન્, અઇવિસ્રૂથ્રિમ્ અને ઉષહિન્ ગાહની શરૂઆતમાં કુસ્તી કરવાનો રેવાજ છે.

એક જરથુસ્ત્રિએ સવારના પહોરમાં બિછાનું છોડતી વખતે એક 'અર્ષમ્ વૉહૂ' ભણી પોતાના હાથો અને મોઢું પવિત્ર પાણીથી સ્વચ્છ કરી 'ઓષ્ વાજ્' અને કુસ્તીનું ભણતર ભણી કુસ્તી બાંધવાનો ઉત્તમ રેવાજ ચાલુ રાખવો જોઇએ.

'અહુનવર્'નાં વચનની પ્રાપ્તિ

'અહુનવર્'નાં વચનની પ્રાપ્તિ વિષે પુરાતન અવસ્તામાં મળતી જરથુસ્ત્રિ દંતકથા ઘણી જાણવાજોગ છે. જુના જમાનામાં, અષો જરથુસ્ત્રના પાંચ ગાથા ઉપર, પાછલી અવસ્તા ભાષામાં, ત્રણ ટીકા લખાઇ હતી. એ ત્રણ ટીકા અવસ્તાનાં એકવીસ નુસ્કોમાંના ત્રણ નુસ્કો 'સૂતકર્', 'વર્શ્તમાંસર્' અને 'બક્'માં, યજુદગર્દી સને ૩૦૦ સુધી, કે ત્યારપછી પણ, જળવાઇ રહી હતી. અવસ્તા 'બક્' નુસ્કનાં ત્રણ પ્રકરણો આજ સુધી હયાત છે, અને તે આપણી યસ્નના હા ૧૯,૨૦,૨૧ માં સચવાઇ રહ્યાં છે. એ હાઓમાંના હા ૧૯મામાં 'અહુનવર્'નાં વચન વિષેની જરથુસ્ત્રિ

અવસ્તા દંતકથા આપવામાં આવી છે. એ દંતકથા મુજબ, દાદાર અહુરમજ્દાએ જે 'વચ' (="વચન") અષો જરથુશ્ત્રને જાહેર કીધું તે 'અહુનવર્'નું વચન હતું, જે વચન દાદાર અહુરમજ્દાએ પેદા કીધેલી, 'અષ' યાને "અચળ નિયમ"નાં બીજમાંથી નિકળેલી, સઘળી ભલી પેદાશો: આસ્માન, પાણી, જમીન, ગોસ્પંદ, ઝાડપાન, અહુરમજ્દાના પુત્ર આતર્, અષો નર, દેવ, બુરાં માણસ, અને તમામ હસ્તી ધરાવનાર જીંદગીની પૂર્વે હતું. આ પાછલી અવસ્તા દંતકથાને આધારે, પાછળના જમાનાની પાર્સીક દંતકથાઓ માને છે કે દાદાર અહુરમજ્દાએ 'વચ અહુનવઇય" (="અહુનવર્નાં વચન")ને 'વૉહુ મનહ્' (="સુમનસ્") તથા 'દએના' (="દીન")ની સાથે, સૃષ્ટિની સઘળી પેદાશો અગાઉ, પેદા કીધું હતું.

'અહુનવઇય"માં આવતા 'અહુન' શબ્દ ઉપરથી 'અહુનવઇતિ' ગાથા (= યસ્ન હા ૨૮–૩૪)નું નામ પાડવામાં આવ્યું છે.

અહુરમજ્દાનાં એ 'અહુનવઇય"નાં વચન ઉપરથી અષો જરથુશ્ત્રએ પોતાના પાંચ ગાથા 'અહ્યા'થી 'વહ્યો' સુધી રચ્યા એવું 'બગ' નુસ્કનું લખાણ છે. 'અહ્યા' શબ્દથી પહેલો 'અહુનવઇતિ' ગાથા, યસ્ન હા ૨૮, 'અહ્યા યાસા' શરૂ થાય છે, અને 'વહ્યો' શબ્દ પાંચમા 'વહિશ્તોઇશ્તિ' ગાથા, યસ્ન હા ૫૩ના છેલ્લા ૯ મા છંદનો છેલ્લો શબ્દ છે.

દાદાર અહુરમજ્દા તરફથી મેળવેલાં 'અહુનવર્'નાં વચન ઉપરથી અષો જરથુશ્ત્રએ પોતાના પાંચ ગાથા રચ્યા, અને અષો જરથુશ્ત્રના શાગેર્દોએ, એમના પાંચ ગાથા ઉપરથી બશારત મેળવી, એમના પછી, એકવીસ નુસ્કો રચ્યા, એવી આપણી જરથુશ્તિ દંતકથા છે.

અવસ્તામાં, યસ્ન હા ૭૧, ફકરા ૭માં, જળવાઇ રહેલી દંતકથા મુજબ, 'અહુનવર્', 'અષેમ્', 'યેંહે હાતાંમ્' અને 'દહ્મા આફ્રિતિ'નાં વચનો, બુરા વિચાર, બુરાં વચન અને બુરાં વર્તનને મારનારાં 'વાચો મજ્દો-ફ્રઑખ્ત' (="અહુરમજ્દાએ જાહેર કરેલાં વચનો") છે.

યસ્ન હા ૬૧ મુજબ, એ વચનો ઉચ્ચારવાથી 'અંગ્ર મઇન્યુ'ની સઘળી બુરી પેદાશનો નાશ કરી શકાય.

અહુરમજ્દાએ જાહેર કરેલાં એ વચનોમાંનાં એક 'અહુનવર્'નો ઉપયોગ અષો જરથુશ્ત્રએ 'અંગ્ર મઇન્યુ' સામે કીધો હતો. તે વિષેનું અલં-

કારિક લખાણુ અવસ્તા વંદીદાદ, પરગરદ ૧૯, ફકરા ૯–૧૦માં મળે છે, જ્યાં અષો જરથુશ્ત્ર 'અંગ્ર મઇન્યુ'ને જણાવે છે કે: "એ અંગ્ર મઇન્યુ! 'વચ મજ્દો–ફ્રૅાખ્ત' (="મજ્દાએ જાહેર કરેલું વચન") મારૂં સર્વથી ઉત્તમ હથિયાર છે; એ 'વચ'થી હું તારો નાશ કરીશ". આટલું બોલી અષો જરથુશ્ત્રએ અહુનવરના નાદ ગાયા. આ દંતકથા આપણે જરથુશ્તિઓએ આજસુધી જાળવી રાખી છે; એ દંતકથાને અનુસરી આપણે જરથુશ્તિઓ, દરેક સારૂં કામ આરંભતી વખતે તેમજ કોઇપણ મુશ્કેલી નડતાં, દક્ષિણ દિશા તરફ નજર કરી 'અહુનવર્'નું પવિત્ર માંથ્ર ગાઇયે છિયે; પણ આપણામાંનાં કેટલાંકોની માન્યતા એવી છે કે આ પવિત્ર વચનનાં, શુદ્ધ યા અશુદ્ધ, ઉચ્ચારણ માત્રથી આપણે સઘળું માઠું થતું અટકાવી શકિયે; એ માન્યતા ભૂલ ભરી છે. આ માંથ્રમાં આપેલી નસીહત મુજબ ચાલવાથીજ આપણે આપણી ઉપર, આપણાં લાગતાં વળગતાંઓ ઉપર, આપણી કોમ ઉપર, આપણા દેશ ઉપર, સૃષ્ટિની સઘળી ભલી પેદાશ ઉપર આવી પડતી બુરી અસર ટાળી શકિયે.

'અહુનવર્', 'અર્ષેમ્', 'યેહ્હે હાતાંમ્'ની સંખ્યા

અતિશય પુરાતન કાળથી, જરથુશ્તિ કોમની નાની બંદગીઓમાં તેમજ મોટાં ભણતરોમાં, 'યથા', 'અર્ષેમ્' અને 'યેહ્હે હાતાંમ્'નાં પવિત્ર માંથ્ર જુદી જુદી સંખ્યામાં ભણવાનું ફરમાન છે. અવસ્તાના 'સૂત્કર્' નુસ્કમાં 'યથા અહૂ વઇર્યો' ઉપર જે ટીકા રચાઇ હતી તે હાલમાં આપણી પાસે મોજુદ નથી; પણ યજ્દગર્દી સને ૩૦૦ માં, આજથી એક હજાર વર્ષ ઉપર પાર્સીક ભાષામાં રચાયલાં દીનકર્દ પુસ્તકમાં તે જમાનાના જરથુશ્તિઓના પેશ્વા આતુરૂપાત્–ઇ હેમીત્એ રચેલો એ નુસ્કનો સારાંશ આપણા હાથમાં છે. એ સારાંશમાં જણાવવા મુજબ જ્યારે કોઇ કાંઇ ચીજ ઇચ્છે અને કામે જાય ત્યારે 'અહુનવર્' એક ભણે; જ્યારે કોઇ આફ્રીન કરવા ઇચ્છે ત્યારે બે; જ્યારે 'રતુફ્રીતિ' (="રૂતુઓની ખુશાલી") માટે ગાહાનબાર્ની યજિશ્ન કરે ત્યારે ચાર; જ્યારે 'દ્રુજ'ને દૂર કરવા ઇચ્છે ત્યારે પાંચ; જ્યારે હિંમત યા લડાઇમાં ફત્તેહ ઇચ્છે ત્યારે છ; જ્યારે અમેષાસ્પેંદોની યજિશ્ન કરવા ઇચ્છે ત્યારે સાત; અષો ફ્રવહરોની યજિશ્ન કરે ત્યારે આઠ; જ્યારે જમીનમાં બીજનું વાવેતર કરે ત્યારે નવ; જ્યારે જાનવરની વૃદ્ધિ ઇચ્છે ત્યારે દશ; જ્યારે લગ્ન માટે સ્ત્રીની

માંગણી કરવા જાય ત્યારે અગિયાર; જ્યારે પહાડ ઉપર જવાનું મન કરે ત્યારે બાર, જ્યારે ગામ જવા ઇચ્છે ત્યારે તેર; જ્યારે ખોટે રસ્તે ઉતરી પડે ત્યારે બાર, અને જ્યારે દરિયાની મુસાફરી કરવા ઇચ્છે ત્યારે એક 'અહુનવર્' ભણે.

હાલમાં આપણે જરથુશ્ત્રિઓ આફ્રીંગાનો ભણિયે છિયે; એ આફ્રીંગાનોના દિબાચામાં શરૂઆતમાં આપણે 'યથા અહૂ વઇર્યો'નાં માંથ્ર ભણિયે છિયે. 'આફ્રીંગાન-ઇ દહ્માન'માં 'અહુનવર' બે, 'આફ્રીંગાન-ઇ ગાહાનબાર'માં ચાર, 'આફ્રીંગાન-ઇ સ્રોષ'માં પાંચ, 'આફ્રીંગાન-ઇ અમેષાસ્પેંદાન'માં સાત, 'આફ્રીંગાન-ઇ અર્દાફ્રવષ્' અને 'આફ્રીંગાન-ઇ ગાથા'માં આઠ, 'આફ્રીંગાન-ઇ દાદાર હોર્મેજ્દ્'માં દશ, અને 'આફ્રીંગાન-ઇ રપિથ્વિન'માં બાર 'અહુનવર્' ભણિયે છિયે.

'સૂતકર્' નુસ્કના સારાંશમાંથી જે વિગત આપવામાં આવી છે તેની સાથે હાલના જરથુશ્ત્રિઓ આફ્રીંગાનોમાં 'અહુનવર્'ની જે સંખ્યા ભણે છે તેની સરખામણી કરિયે તો માલુમ પડશે કે આપણા વડીલોએ અતિશય પુરાતન કાળથી પોતાનાં ભણતરની રૂઢીઓ કાંઇપણ ફેરફાર વગર આજ સુધી જાળવી રાખી છે.

વળી આપણે જરથુશ્ત્રિઓ યજિશ્ન કરિયે કરાવિયે છિયે. એ યજિશ્ન ક્રિયાની શરૂઆતમાં આપણે 'અહુનવર્' અમુક સંખ્યામાં ભણિયે છિયે: 'સીરોઝા'ની યજિશ્નમાં બે, ગાહાનબાર્ની યજિશ્નમાં ચાર, સ્રોષ્ની યજિશ્નમાં પાંચ, મીનો નાવરની અથવા હરેક રોજની યજિશ્નમાં સાત, અષો ફ્રવહરોની અથવા ગાથાની યજિશ્નમાં આઠ, અને હોર્મેજ્દ રોજની યજિશ્નમાં દશ 'અહુનવર્' ભણાય છે.

યજિશ્નનાં 'પરગનાં'ની ક્રિયામાં બાજ મુકવાના અવસ્તા ભણવા અગાઉ 'અહુનવર્' બે, તથા હોમસળી અને ઉર્વરાંમ્ કુટી હાવનીમ્ વગાડતી વેળાએ 'અહુનવર્' ચાર ભણવામાં આવે છે.

ખુદ યજિશ્નની ક્રિયાના બોત્તેર હાઓમાં: હા ૭૨ માં, જોતી 'જોર'નું પાણી કુવામાં નામી 'જોર' મેળવતી વેળાએ પહેલે 'અહુનવર્' એક ભણી થોડું 'જોર'નું પાણી કુવામાં નામે છે, પછી 'અર્યમ્ વૉહૂ' એક ભણી બીજું થોડું 'જોર'નું પાણી કુવામાં નામે છે, પછી 'અર્દ્વિસૂર અનાહિત'ને

નમસ્કાર કરી 'અષૅમ્' એક ભણી થોડું 'જોર'નું પાણી કુવામાં નાખે છે, પછી 'અદ્વિસૂર'ને આરાધી, એક 'અષૅમ્' ભણે છે, પછી દાદાર અહુરમજ્દાએ પેદા કીધેલાં ઝાડપાનને નમસ્કાર કરી એક 'અષૅમ્', અમગર્ સૂર્યને આરાધી એક 'અષૅમ્', ચંદ્રમાને આરાધી એક 'અષૅમ્', સૂર્યની મદદ માંગી ફરી એક વાર એક 'અષૅમ્', અને છેલ્લે ભલી પવિત્ર માજ્દયસ્નીદીનનાં 'ખુરેહ'ને યાદ કરી એક 'અષૅમ્', યાને સઘળા મળી આઠ 'અષૅમ્', ભણવામાં આવે છે.

વળી જેમ 'પરગનાં'ની ક્રિયામાં બાજ મુકતી વેળાએ 'યથા અહૂ વઈર્યો' બે ભણવામાં આવે છે, તેજ મુજબ યજિશ્નની ક્રિયામાં પણ ભણવામાં આવે છે: યસ્ન હા ૮ ફકરા ૪ ની પછી, હા ૧૧ ફકરા ૧૧ની પછી, હા ૫૭ ની આખરીએ, હા ૬૮ ફકરા ૧૩ ની પછી, હા ૭૨ ફકરા ૫ માં બાજ છોડતી વેળાએ, બે 'અહુનવર્' ભણવામાં આવે છે. તે ઉપરાંત યજિશ્નની ક્રિયામાં આતશ ઉપર 'એસમ્ બોય્' (="ખુશ્બો") મેળતી વેળા બે 'અહુનવર્' ભણવામાં આવે છે: યસ્ન હા ૭ ફકરા ૨૫ પછી, અને હા ૬૨ ની શરૂઆતમાં, બે 'અહુનવર્' ભણવામાં આવે છે. તેમજ યસ્ન હા ૫૨ ની શરૂઆતમાં, યસ્ન હા ૫૯ ને છેડે 'અઇવ્યાઑઙ્હન્' 'માહરૂય'માં ખોસવા માટે દીધેલા બે ગાંઠ છોડતાં, હા ૬૮ ફકરા ૧૩ ને છેડે કુલિયાંમાંથી 'હાવનીમ્'માં એકએક ટીપું નામતાં, અને હા ૭૧ ફકરા ૨૪ પછી 'અઇવ્યાઑઙ્હન્' ઉપર કુલિયાંમાંથી એકએક ટીપું નામતાં, બે 'અહુનવર્' ભણવામાં આવે છે.

વળી યજિશ્નની ક્રિયામાં હા ૧૩ ફકરા ૭ પછી, બર્સમની 'અઇવ્યાઑઙ્હન્' ઉપર ગાંઠ વાળતી વેળાએ બે 'અહુનવર્', અને બે ગાંઠ વાળી રહ્યા પછી બીજા બે 'અહુનવર્', યાને સઘળા મલી ચાર 'અહુનવર્' અને ત્રણ 'અષૅમ્' ભણવામાં આવે છે. એજ મુજબ યસ્ન હા ૧૮ ને છેડે, ચાર 'અહુનવર્' અને ત્રણ 'અષૅમ્' ભણવામાં આવે છે; હા ૨૭ ફકરા ૭ ને છેડે, ચાર 'અહુનવર્' ભણતાં હોમસળી તથા 'ઉર્વરાંમ્' કુટી 'હાવનીમ્' વગાડવામાં આવે છે; 'અહુનવઇતિ' ગાથાના હરેક હાને છેડે, તેમજ યસ્ન 'હપ્તહ્હાઇતિ' હા ૪૧, તથા હા ૫૬ અને હા ૬૦ ને છેડે, ચાર 'અહુનવર્' અને ત્રણ 'અષૅમ્' ભણવામાં આવે છે; હા ૬૩ ને છેડે ચાર 'અહુનવર્', અને હા ૭૧ ને છેડે ચાર 'અહુનવર્' અને ત્રણ 'અષૅમ્' ભણવામાં આવે છે.

યસ્ન હા ૫૯ ફકરા ૩૧ પછી રાથ્વી આતશ ઉપર 'અએસમ્ બોય્' મેલે છે ત્યારે, હર વેળા 'અએસમ્ બોય્' મેલવામાં આવે ત્યારે, જોતી અને રાથ્વી બન્ને 'અહુનવર્' અને 'અષેમ્' ભણે છે; દશ વેળા 'અએસમ બોય્' મેલવામાં આવતી હોવાથી જોતી અને રાથ્વી દશ 'અહુનવર્' અને દશ 'અષૅમ્' ભણે છે.

જરથુશ્ત્ર ધર્મગુરૂઓ વીસ્પરદ્‌ની ક્રિયામાં, જો ગાહાનબારૂની વીસ્પરદ્‌ કરે તો ચાર 'અહુનવર્', અને જો નાવરની તથા 'ગેતી ખરીદ્'ની વીસ્પરદ્‌ કરે તો દશ 'અહુનવર્' પઢે છે. તેમજ વીસ્પરદ્‌ની ક્રિયામાં યસ્ન હા ૫૯ ફકરા ૩૧ પછી અને યસ્ન હા ૬૦ ફકરા ૧૨ પછી, દશ 'અહુનવર્' અને દશ 'અષૅમ્' ભણવામાં આવે છે.

ધર્મગુરૂઓ રપિથ્વિન્‌ની યજિશ્ન બાર 'અહુનવર્' ભણી શરૂ કરે છે.

આપણી યશ્તોમાં: સ્રોષ્ યશ્ત્ હાદોખ્ત્‌ના કરદા ૩, ૪ અને ૫ ની શરૂઆતમાં એક 'અહુનવર્' ભણવામાં આવે છે. દરેક યશ્તને છેડે પાઝંદમાં જે ફકરો બાજમાં ભણવામાં આવે છે તેની પછી બાજ છોડી, બે 'અહુનવર્' ભણી, 'યસ્નૅમ્ચ વહ્મૅમ્ચ અઑજસ્ચ જવરૅચ આફ્રીનામિ ......' ભણવામાં આવે છે. આશ્તાદ્ યશ્ત્‌ના ફકરા ૮ માં 'અહુનવર્' અને 'અષૅમ્'ની આરાધના કરવામાં આવે છે, તે આગમચ ચાર 'અહુનવર્' અને ત્રણ 'અષૅમ્' ભણવામાં આવે છે, ફ્રવર્દીન્ યશ્તને છેડે, ફકરા ૧૫૫ પછી 'યેન્હે હાતાંમ્ ...' ભણી આઠ 'અહુનવર્' ભણવામાં આવે છે. હોર્મઁજ્દ્ યશ્ત્‌ના ફકરા ૨૨ માં 'અહુનવર્' અને 'અષૅમ્'ની આરાધના કરવામાં આવે છે, તે અગાઉ દશ 'અહુનવર્' અને દશ 'અષૅમ' ભણવામાં આવે છે.

આપણાં 'ખુર્દેહ અવસ્તા'નાં ભણતરોમાં: 'સ્રોષ્ વાજ'નું ભણતર પાંચ 'અહુનવર્' અને ત્રણ 'અષૅમ્' થી શરૂ થાય છે.

'હુશબામ્' યાને "બામદાદની બંદગી" પાંચ 'અહુનવર્' થી શરૂ કરી, 'કૅમ્‌ના મજ્દા', ભણી રહેવા બાદ એકવીસ 'અહુનવર્' અને બાર 'અષૅમ્' ભણવામાં આવે છે.

અદ્વિંસૂર્ નીયાયિશ્નમાં 'અથા રતુશ્ અષાત્ચિત્ હચ ફ્રા અષવ વીખ્વાઑ ક્રઑતુ' પછી દશ અહુનવર્' ભણવામાં આવે છે.

'પતેત્ પશેમાની' પાંચ 'અહુનવર્'થી શરૂ થાય છે, અને આખરે 'ફ્રસ્તુયે'થી શરૂ થતી બંદગી પુરી કરવા બાદ, એકવીસ 'અહુનવર્' અને બાર 'અષેંમ્' ભણવામાં આવે છે.

ફ્રવર્દેગાન્ના પહેલા પાંચ દિવસ, સ્પેંદામંર્દ્ માહ અને આસ્તાદ્ રોજથી તે અનેરાન્ રોજ સુધી ૧૨૦૦ 'અષેમ' ભણવામાં આવે છે. ગાથાને નામે ઓળખાતા ફ્રવર્દેગાન્ના બીજા પાંચ દિવસો ઉપર ૧૨૦૦ 'અહુનવર્' ભણવામાં આવે છે.

'અહુનવર્'ને આપવામાં આવેલું મહત્વ

પુરાતન જમાનામાં 'અહુનવર્'ની બંદગીને અતિશય મહત્વ આપવામાં આવ્યું હતું તેના સબબો જાણવાની અગત્ય છે. અષો જરથુસ્ત્રની જીંદગીનું વર્ણન અઓપંત્ જાતસ્પરમ્ ગોશનજમાન્એ યજ્દગર્દી સને ૨૫૦ (=ઇસ્વી સને ૮૮૧)ના અરસામાં લખ્યું હતું. એ વર્ણન સઘળું તે જમાનામાં હયાતી ધરાવતાં અવસ્તા સાહિત્ય ઉપરથી રચવામાં આવ્યું હતું. એ વર્ણનમાં અષો જરથુસ્ત્રના જનમવા વિષે કહે છે કે

"જે રાત્રે અષો જરથુસ્ત્ર જનમિયા ત્યારે અહરિમને સેપાહસાલારોને ચુંટી કાઢયા અને લડવૈયાઓને તૈયાર કીધા; કોઇ સેપાહસાલારે હજાર દેવો સાથે, અને કોઇએ એ હજાર દેવો સાથે, દોડતાં અને અફળાતાં, યજતોની સામે, ખાસ કરી અષો જરથુસ્ત્રનું ખરેહ જે આતશનાં રૂપમાં, જન્મ વખતે, હાજર હતું તેની સામે થવા કોશેશ કીધી. તેનાં તેજ અને ઉજાશ દૂર સુધી દીપવાને લીધે તેઓને કાંઇ ઇલાજ સુઝયો નહિ. અંતે અહરિમને 'અકોમન્' (="બુરાં મન") ને મોકલ્યું; અહરિમને તેને કહ્યું કે 'તું વધારે અણદીઠ છે, કારણકે તું વધારે ભિતરમાં છે; જા, ફરેબ દેવા, જરથુસ્ત્રનાં મન ઉપર, તેનું મન આપણ દેવો તરફ ફેરવી નાખ.' ત્યારે અહુરમજ્દાએ 'વોહુમન્' (="સુમનસ્") ને મોકલ્યું. 'અકોમન્' આગળ હતું, દરવાજા તરફ આવી પુગ્યું હતું, અને તેણે અંદર જવા ઇચ્છયું. 'વોહુમન્' તદબીરથી પાછળ રહ્યું; તેણે 'અકોમન્'ને કહ્યું કે 'અંદર જા'. 'અકોમન્'એ વમાસ્યું કે 'વોહુમન્'એ મને જે કાંઇ કહ્યું તે મારે કરવું નહિ, અને પાછળ રહ્યું. 'વોહુમન્' અંદર ગયું, અને જરથુસ્ત્રનાં દેલમાં મળી ગયું. જરથુસ્ત્ર હસ્યા, કારણકે 'વોહુમન્' અદ્રશ્ય ખુશાલી આપનાર છે.

જે સાત જાદુગરો પાસે બેઠા હતા તેઓ જે રોશની ઘરમાં પુષ્કળ ઉજાશવાળી દેખાઈ તેથી, અને જનમતી વેળાએ બીજાં માણસો રડે છે તેથી ઉલટું અષો જરથુશ્ત્ર હસ્યા તેથી બીધા. જનમતાંને વાર અષો જરથુશ્ત્રએ અહુરમજદા તરફથી દીન ઉપર દસ્તુરી યાને વડપણ કબુલ્યું. જેમકે દીની સાહિત્યમાં કહે છે કે: 'જનમતી વખતે અષો જરથુશ્ત્ર બોલ્યા: "જેમ તું 'અહુ' જે જોતી છે, યાને પેદાશોનો સરદાર છે, તેણે તારી ઈચ્છા મને જાહેર કીધી કે મારે દસ્તુર થવું.'" જે મુજબ જરથુશ્ત્ર દુન્યવી શરીર ધરાવવાને સબબે દુન્યવી અવાજે બોલ્યા તેમ અહુરમજદાએ મીનોયરૂપે તેમને જવાબ આપ્યો કે 'તેમજ ધર્મગુરૂપદથી યાને સત્યતાથી, અષોઈથી, અષો આગાહીથી જાહેર કર કે હું તારો દસ્તુર છું.'"

આ લંબાણ લેખનો છેલ્લો ભાગ અગત્યનો છે. અષો જરથુસ્ત્રએ જનમતાંને વાર અહુરમજદા તરફથી દીન ઉપર "દસ્તુરી" કેમ કબુલી ? આ ઉતારામાં જે અવરતાં શબ્દોનું પાસીંક ભાષામાં ભાષાંતર છે તે અસલ અવસ્તા શબ્દો આપણે જોઈશું. 'સ્રોષ્ વાજ્,' નીયાયિસ્નો, ગેહો, યશ્તો, યજિશ્ન, વીસ્પરત, વંદીદાદ અને બીજી મહત્વની ક્રિયાઓમાં, સાધારણ ભણનારા તેમજ ક્રિયા કરનારા ધર્મગુરૂઓ જે અગત્યના શબ્દો બોલે છે તે આ છે:

'યથા[1] અહૂ[2] વઈર્યો[3] જઑતા[4] ફ્રા[5]–મે[6] મ્રૂતે[7], અથા[8] રતુશ્[9] અષાત[10]–ચિત[11] હચ[12] ફ્રા[13] અષવ[14] વીધ્વાઑ[15] મ્રઑતૂ[16]'.

અર્થ: "જેમ[1] વડા[3] અહુ[2] જોતી[4] મને[6] ફરમાવે છે[5+7], તેમ[8] અષો[14] વિદ્વાન[15] ધર્મગુરૂ[9] અચળ-નિયમ[10]થી[12] જ[11] ફરમાવે[13+16]".

જાતસ્પરમનું લખાણ અને અવસ્તાનો આ જાણીતો ફકરો સરખાવતાં માલમ પડશે કે અષો જરથુશ્ત્ર જન્મ લેતાંને વાર બોલ્યા હતા કે: 'યથા અહૂ વઈર્યો જઑતા ફ્રા–મે મ્રૂતે' (="જેમ વડા અહુ જોતી મને ફરમાવે છે"); અને અહુરમજદા તેના જવાબમાં બોલ્યા હતા કે: 'અથા રતુશ્ અષાત–ચિત હચ ફ્રા અષવ વીધ્વાઑ મ્રઑતૂ' (="તેમ અષો વિદ્વાન ધર્મગુરૂ અચળ નિયમથીજ ફરમાવે.") જરથુસ્ત્રનાં મુખમાંથી જે 'અહૂ વઈર્યો' (="વડા અહુ") શબ્દો નિકળ્યા તે શબ્દો અહુરમજદાને માટે હતા; અને અહુરમજદાએ જે 'રતુશ્...અષવ વીધ્વાઓ' (="અષો વિદ્વાન ધર્મગુરૂ") શબ્દો વાપર્યા તે અષો જરથુસ્ત્રને માટે

હતા; યાને જન્મની ઘડીથીજ અહુરમજ્દાએ અષો જરથુશ્ત્રને 'રતુ' (= "વડા ધર્મગુરૂ") નેમ્યા હતા.

આ લખાણ મુજબ, અહુરમજ્દાએ અષો જરથુશ્ત્રને જનમતાંને વાર 'રતુ' નેમ્યા હતા. પણ તેમના જન્મની ઘણું આગમચ અહુરમજ્દાએ એમને 'રતુ' તરીકે પસંદ કીધા હતા એમ 'અહુનવઇતિ' ગાથા, હા ૨૯, બંદ ૬, ૮ ઉપરથી માલમ પડે છે, જ્યાં કહે છે કે:

'અત્[૧] એ[૨] વઑચત્[૩] અહુરો[૪]
મજ્દાઑ[૫] વીદ્વાઑ[૬] વફૂષ્[૭] વ્યાનયા[૮]:
નોઇત્[૯] અએવા[૧૦] અહૂ[૧૧] વિસ્તો[૧૨],
નએદા[૧૩] રતુશ્[૧૪], અષાત્[૧૫]-ચીત્[૧૬] હચા[૧૭],
અત્[૧૮] જ્રી[૧૯] થ્વા[૨૦] ફ્શુયંતએ[૨૧]-ચા[૨૨]
વાસ્ત્ર્યાઇ[૨૩]-ચા[૨૪] થ્વોરૅષ્તા[૨૫] તતષા.[૨૬]'

. . . .

'અએમ્[૧] મોઇ[૨] ઇદા[૩] વિસ્તો[૪],
યે[૫] ને[૬] અએવો[૭] સાસ્નાઑ[૮] ગૂષતા[૯],
જરથુશ્ત્રો[૧૦] સ્પિતામો[૧૧];
હ્વો[૧૨] ને[૧૩] મજ્દાઇ[૧૪] વશ્તી[૧૫] અષાઇ[૧૬]-ચા[૧૭]
ચરૅકૅરૅથ્રા[૧૮] સ્રાવયેઙ્હે[૧૯],
હ્યત્[૨૦] હોઇ[૨૧] હુદ્દૅમૅમ્[૨૨] દ્યાઇ[૨૩] વખ્ધ્રહ્યા[૨૪].'

અર્થ: "ત્યારે[૧] તેને[૨] (ગેઉશ ઉર્વનને = સૃષ્ટિનાં રવાનને) અહુર[૪] મજ્દા[૫] જ્ઞાની[૬] ચમત્કારીએ[૭] અગમચેતીથી[૮] ઉત્તર-દીધો[૩]: 'નથી[૯] કોઇએક[૧૦] અહુ[૧૧] મળ્યો,[૧૨] નહિ[૧૩] રતુ,[૧૪] અચળ-નિયમ[૧૫]-થી[૧૭]-જ[૧૬]-ચાલનાર, તને[૨૦] વળી[૧૯] વધારવા-માટે[૨૧] અને[૨૨+૨૪] તને[૨૦] ફળદ્રુપ-કરવા-માટે[૨૩] સરજેલો[૨૫] અને ઘડેલો[૨૬]."

. . . .

"તે[૧], જરથુસ્ત્ર[૧૦] સ્પિતામ[૧૧], મને[૨] અહિં[૩] મળ્યો[૪], જે[૫] એકલાએ[૭] અમારૂં[૬] શિક્ષણ[૮] સાંભળ્યું[૯]; તે[૧૨] ઇચ્છે-છે[૧૫] અમારી[૧૩], મજ્દા[૧૪] અને[૧૭] અષની[૧૬], કીર્ત્તિ[૧૮] ગાઇ-સંભળાવવા[૧૯], જેને[૨૦+૨૧] હું-મેળવી-આપીશ[૨૩] વ્યાખ્યાન-કરનારનું[૨૪] ઉચ્ચ-સ્થાન[૨૨]."

આ બે ફકરાઓ ઉપરથી જણાય છે કે જ્યારે 'ગેઉશ્ ઉર્વન્' (= "સૃષ્ટિનાં રવાન")એ સૃષ્ટિની શરૂઆતમાં બુરાઇ સામે પોતાનાં રક્ષણ માટે અહુરમજ્દા પાસે એક નેક પાસબાન માંગ્યો ત્યારે તેના જવાબમાં અહુરમજ્દાએ જણાવ્યું કે ભવિષ્યમાં જન્મ લેનારાઓમાં માત્ર જરથુસ્ત્ર સ્પિતામ જ એકલા અહુરમજ્દા અને અચળ નિયમનાં કીર્ત્તન કરવાને લાયક હતા, અને એમના સિવાય બીજો કોઇ અચળ નિયમથી ચાલનાર 'અહુ' કે 'રતુ' સૃષ્ટિનાં રવાનને વધારવા અને ફળદ્રુપ કરવા હતો નહિ. યાને જે અનેક રવાનો ભવિષ્યમાં સૃષ્ટિમાં આવવા માટે સરજાવાનાં હતાં તેમાં માત્ર અષો જરથુસ્ત્રનું રવાન અહુરમજ્દાએ મીનોય હસ્તીમાં જોયું કે જે ભવિષ્યમાં સૃષ્ટિનું સમ્પૂર્ણ રક્ષણ કરે.

યસ્ન હા ૨૯ ના છંદ ૬ અને ૮ નાં આ લખાણને આધારે પાછલાં અવસ્તા સાહિત્યમાં, વીસ્પરત્ન કરદા ૨ ફકરા ૪ માં અને યસ્ન હા ૨૭, ફકરા ૧ માં, જેમ અહુરમજ્દાને મીનોય હસ્તીના 'અહુ' અને 'રતુ' કહ્યા છે, તેમ જરથુસ્ત્રને આ દુનિયાની હસ્તીમાં દુન્યવી પેદાશના 'અહુ' અને 'રતુ' કહ્યા છે. (વળી જુવો ફ્રવર્દીન્ યસ્ત્ ફકરા ૯૧, ૯૨.)

જાતસ્પરમનાં લખાણ મુજબ, અષો જરથુસ્ત્રએ અહુરમજ્દાનાં ફરમાનથી જનમતાંને વાર 'રતુ'ની પદ્વી યાને 'દસ્તુરી' સ્વિકારી.

આપણી કુસ્તી પાદ્યાબ્ની નીરંગમાં યસ્ન હા ૪૪ નો છંદ ૧૬ મો લીધો છે; તે છંદમાં અહુરમજ્દાનાં રક્ષણ કરનારાં વચનો વડે શત્રુને મારવાનો જે ઇશારો છે તે વચનો 'અહુનવર', 'અઁર્યમ્', 'યેડ્હે હાતાંમ્' અને 'દહ્મા આફ્રિતિ'નાં વચન છે, અને શત્રુને મારનાર અષો જરથુસ્ત્ર પોતે છે. શત્રુને મારનાર તરીકે અષો જરથુસ્ત્ર અહુરમજ્દાને અરજ કરે છે કે એવણની 'રતુ' તરીકે નેમણૂક કરે, જેથી અષો જરથુસ્ત્રનાં શિક્ષણથી દુનિયામાં કોઇપણ માણસ સુમનસ્થી બશારત મેળવી શકે.

જાતસ્પરમનાં લખાણમાં અષો જરથુસ્ત્રને જનમતાંને વાર 'રતુ' નેમવામાં આવેલા હોવાની જે દંતકથા છે તે અવસ્તા 'વસ્તમાંસર' નુસ્કની પહેલી પરગરદ 'અએથ્રપઇતિશ'માંથી લીધી હોય એ બનવાજોગ છે. દીનકર્તનાં નવમાં પુસ્તકમાં 'વસ્તમાંસર' નુસ્કની ત્રેવીસ પરગરદોનો સારાંશ આપવામાં આવ્યો છે; એમાં 'અએથ્રપઇતિશ' નામની પહેલી પરગરદના સારાંશમાં આ શબ્દો મળે છે:

"જન્મ વેળા ભારે માથું બહાર આવ્યું ત્યારે જરથુશ્ત્રનું બીનોઈ યાને અણદીઠ રીતે બોલવું: 'તું અહુ જે જોતી છે તે મને ફરમાવે તે મુજબ', અને અહુરમજ્દાનો જવાબ: 'તે મુજબ રદી યાને દીનની સરદારી માટે હર પ્રકારના અચળ નિયમથી, અષો આગાહીથી, હું જાહેર કરૂં છું કે તું છે સૌથી કિમતી, તું છે સૌથી અષો, તું છે સૌથી વધુ જ્ઞાની, અને તું મજ્દયસ્ની દીન તમામ પેદાશને કહી સંભળાવશે.'"

દસ્તુરી

આ ફકરો જે અષો જરથુસ્ત્ર જનમતાંને વાર બોલ્યા હતા એવી અવસ્તાની દંતકથા છે તે ફકરો ભણનાર 'સ્રોષ્ વાજ, નીયાયિશ્નો, ગેહો અને યશ્તોમાં ભણે છે. તે ભણવાનો અર્થ શું ? આપણાં જે ભણતરો આપણે જરથુસ્ત્રિઓ એકલાં આપણી ફરજિયાત બંદગી તરીકે ભણિયે છિયે તેમાં આપણે 'ફ્રવરાને મજ્દયસ્નો જરથુસ્ત્રિશ્ વીદએવો અહુરત્કએષો' (="હું એકરાર કરૂં છું કે હું મજ્દયસ્ની, જરથુસ્ત્રિ, દેવનો વિરોધી, અહુરને માનનાર છું") બોલિયે છિયે; તે પછી દિવસની પાંચ ગેહોમાંની જે ગેહમાં ફરજિયાત ગુજારિયે તે ગેહની સ્તુતિ ગાઈયે છિયે; ત્યારબાદ જેની યાદ, નમસ્કાર, આરાધના કરતાં હોઈયે તેની 'ખ્નુમન્' યાને "ખુરનુદી"ના અવસ્તા ભણિયે છિયે; અને આખરે આ ફકરો 'યથા અહૂ વઈર્યો જઑતા ફ્રા મે મ્રૂતે, અથા રતુશ્ અષાતચિત્ હચ ફ્રા અષવ વીધ્વાઑ ત્ર્અઑતૂ' ભણ્યે છિયે. પુરાતન કાળમાં જે અષો ધર્મગુરૂઓએ ભણતરો બંદગી માટે રચ્યાં તેઓએ 'સ્રોષ્ વાજ', નીયાયિશ્નો, ગેહો અને યશ્તોનાં સઘળાં ભણતરોમાં આ ફકરો જરૂરી બનાવ્યો છે. આ ફકરાનો જે અર્થ ઉપર આપ્યો છે તેમાંના: "જેમ વડા અહુ જોતી મને ફરમાવે છે" શબ્દો જ્યારે અષો જરથુસ્ત્ર બોલ્યા ત્યારે તેમનાં મનમાં "વડા અહુ જોતી" તે અહુરમજ્દા હતા, અને એની પછીના વાકય 'અથા રતુશ્ અષાત્-ચિત્ હચ ફ્રા અષવ વીધ્વાઑ ત્ર્અઑતૂ' (="તેમ અષો વિદ્વાન ધર્મગુરૂ અચળ નિયમથીજ ફરમાવે")માં "અષો વિદ્વાન ધર્મગુરૂ" શબ્દોમાં અષો જરથુસ્ત્રને માટે ઇશારો હતો. પણ જ્યારે હાલનો એક મજ્દયસ્ની જરથુસ્ત્રિ આ શબ્દો ભણે છે ત્યારે એ ફકરામાં આવેલા શબ્દોનો અર્થ શું ?

અષો જરથુશ્ત્ર પછીના પુરાતન કાળમાં 'અહુ' શબ્દ "દેશના વડા" યાને "શેહેનશાહ" માટે વપરાવા લાગ્યો.

'ઉશ્તવઇતિ' ગાથા, યસ્ન હા ૪૬ ના ૧૩ મા છંદમાં એક બશારત છે, જ્યાં અષો જરથુશ્ત્ર શાહ વિશ્તારપ ભવિષ્યમાં તેમની મદદે આવશે તેની આ શબ્દોમાં આગાહી કરે છે:

'યે[1] સ્પિતામૅમ્[2] જરથુશ્ત્રૅમ્[3] રાદહ્રા[4]
મરૅતએષૂ[5] ખ્શ્નાઉશ્[6] હ્વો[7]–ના[8] ફ્રૅરહ્રૂઇદ્દયાઇ[9] ઍરૅશ્વો[10].
અત્[11] હોઇ[12] મઝ્દાઑ[13] અહૂમ્[14] દદાત્[15] અહુરો[16],
અહ્માઇ[17] ગએથાઑ[18] વૅાહૂ[19] ફ્રાદત્[20] મનહ્રા[21];
તૅમ્[22] વે[23] અષા[24] મેહ્માઇદી[25] હુશ્હખાઇમ્[26].'

અર્થ: "ઇન્સાનોમાં[5] જે[1] નર સ્પિતમ[2] જરથુશ્ત્રને[3] નવાજેશથી[4]
ખુશ-કરનાર[6], તે[7] નર[8] પ્રસીદ્ધિ-માટે[9] ઉંચ[10] છે,
તેથી[11] તેને[12] અહુર[16] મઝ્દા[13] અહુપદ[14] આપશે[15],
સુ[19]–મનસથી[21] તેની[17] મિલકત[18] વધારશે[20];
અચળ-નિયમથી[24] તેને[22] અમે[25] તમારો[23] સાચો-મિત્ર[26] માનિયે-
છિયે[25]."

આ ફકરામાં 'અહુ' શબ્દ "રાજ્યસત્તા ધરાવનાર", "શેહેનશાહ" માટે વાપર્યો છે, અને ખુદ અષો જરથુશ્ત્રના જમાનામાં અહુરમજ્દાએ શાહ વિશ્તારપને તેનાં વર્તનને લીધે 'અહુ' નેમેલો હોવાનો પુરાવો પુરો પાડે છે.

જેમ 'અહૂ વઇર્યો' શબ્દોથી પહેલે "વડા અહુ" યાને "અહુરમજ્દા"–ને ઇશારો હતો, તેમ પાછળથી 'અહૂ વઇર્યો' શબ્દો "વડા અહુ"ને અર્થે "દેશના શેહેનશાહ" માટે વપરાયા. કાનુન અને નિયમ પ્રમાણે ચાલનારી એક પ્રજા તરીકે જરથુશ્તિ કોમે પોતાનાં દરેક ફરજિયાત ભણતરોમાં પોતાના શેહેનશાહની સરદારી પોતાને માથે સ્વિકારી દરેક ભણતર તેની 'ફરમાયેશ'થી ભણવાનું જારી કીધું.

અષો જરથુશ્ત્રની હયાતી ખતમ થવા પછી 'રતુ અષવ વીધ્વાઓ' (="અષો વિદ્વાન ધર્મગુરૂ") શબ્દો અષો જરથુસ્ત્રના જાયનિશીન 'જરથુશ્ત્રોતૅમ' (="જરથુસ્તિ કોમના વડા ધર્મગુરૂ")ને માટે વપરાવા લાગ્યા.

એ નિયમ આજસુધી જરથુશ્ત્રિઓએ ચાલુ રાખ્યો છે, અને હરેક જરથુશ્ત્ર પોતાનાં ભણતરમાં પોતાના શેહેનશાહની સત્તા અને પોતાના વડા ધર્મગુરૂની 'દસ્તુરી' (="ધર્મગુરૂપદ") સ્વિકારી "અહુરને માનનાર મજ્દયસ્નની જરથુશ્ત્રિ" તરીકે પોતાની દરેક બંદગી કરે છે.

બંદગીમાં 'દસ્તુરી' ભણવાના નિયમ ઉપર એક પુસ્તક લખી શકાય. એવી મહત્વની આ બાબત છે. જ્યારે જરથુશ્ત્રિઓનું રાજ્ય હતું, તેઓના વડા શેહેનશાહ અને વડા 'મોબદાન્ મોબદ્' તથા 'રતુ'ઓ હતા ત્યારે આ 'દસ્તુરી'નો અર્થ ખુલ્લો સમજી શકાતો. આજે આપણી શેહેનશાહત નથી; આપણો કોઇ 'મોબદાન્ મોબદ્' કે 'રતુ' નથી; તેવા જમાનામાં પણ યકીનદારીથી અસલ રાહ ઉપર ચાલનારા આજના જરથુશ્ત્રિઓએ, સમજદારીથી યા વગર સમજે, આ 'દસ્તુરી'નો ફકરો ભણવાનું ચાલુ રાખ્યું છે.

યસ્ન, વીસ્પરદ્ અને વંદીદાદની જે મોટી ક્રિયાઓમાં એકથી વધુ ક્રિયા કરનાર ધર્મગુરૂની હાજરીની જરૂર છે, તેમાં આ 'દસ્તુરી'નો ફકરો ભણવાની રૂઢીમાં ફેર છે.

માત્ર ભણતર અને ક્રિયામાંજ 'દસ્તુરી' ભણવાનો નિયમ નથી. એક રીમન જરથુશ્ત્ર 'બરૅશ્નૂમ્' લે ત્યારે, અને ગુજરેલાંની લાશનો સંસ્કાર કરતી વેળા સંસ્કાર કરનારા, તેમજ લાશને દાદગાહે મેલતાં લાશ મેલનારા 'દસ્તુરી' ભણે છે. એ 'દસ્તુરી' પાછલા જમાનાની ફારસી ભાષામાં રચાઇ છે.

'અહુનવર્'નો અર્થ

આપણા 'અહુનવર્'નાં વચનનો ભાવાર્થ હજીસુધી સમ્પૂર્ણ રીતે સમજી શકાયો નથી. એ વચનમાં આવતા શબ્દો 'ખ્ષથ્રૅમ્ ..યિમ્ દ્રિગુબ્યો ... વાસ્તારૅમ્' (="સત્તા જે ગરીબોની નિગેહબાન") હજી સુધી બરાબર સમજાવવામાં આવ્યા નથી. 'બગ્' નુસ્કમાં અવસ્તા ભાષામાં 'અહુનવર્' વિષે લખેલી ટીકા યસ્ન હા ૧૯ માં જળવાઇ રહી છે. એ ટીકામાં 'અહુનવર્'માં આવતા શબ્દો 'ખ્ષથ્રૅમ્ અહુરાઇ' ઉપર શરેહ કરતાં 'વહિસ્તોઇશ્તિ' ગાથા (= યસ્ન હા ૫૩) ના નવમા છંદનાં ચોથાં પદના શબ્દો ટાંકયા છે: 'તત્, મજ્દા! તવ ખ્ષથ્રૅમ્'. આખાં પદના શબ્દો આ છે: 'તત્, મજ્દા! તવા ખ્ષથ્રૅમ્ યા ઍરૅજેજ્યોઇ દાહી દ્રિગઑવે

વહ્યો' (=“તે, ઓ મજ્દા ! તારી સત્તા જેથી નીતિવાન ગરીબને તું બેહતરી આપે છે.” ગાથા ‘વહિશ્તોઇશ્તિ'માં આપેલાં શિક્ષણ મુજબ, અહુરમજ્દા નીતિવાન ગરીબ (=‘દ્રિગુ') ને પોતાની સત્તા (=‘ખ્ષથ્ર') થી વધારે સારી હાલતમાં મેલે છે. ‘વહિશ્તોઇશ્તિ' ગાથાનો આ ઉમદા વિચાર ‘અહુનવર્' ના શબ્દો ‘ખ્ષથ્રૅમ્ ... યિમ્ દ્રિગુબ્યો ... વાસ્તારૅમ્' (= “સત્તા જે ગરીબોની નિગેહબાન”) ઉપરથી રચાયો છે. ‘અહુનવર્'માં ‘ખ્ષથ્ર' (=“સત્તા”) ને અલંકારિક રીતે ‘વાસ્તર્' (=“નિગેહબાન”) નું રૂપ આપ્યું છે. અને અવસ્તા ‘બકૂ' નુસ્ક લખનારે ઘણા જુના જમાનામાં ‘વહિશ્તોઇશ્તિ' ગાથાનું પદ ‘અહુનવર્'માં આવતા શબ્દ ‘ખ્ષથ્રૅમ્'ની સમજણ આપવા ટાંક્યું છે તે ઉપરથી ખુલ્લું સિદ્ધ થાય છે કે ‘બકૂ' નુસ્કનો લખનાર જાણતો હતો કે ‘વહિશ્તોઇશ્તિ'નું આ લખાણ ‘અહુનવર્'ને આધારે રચાયું હતું.

વળી ‘અહુનવર્'નો આ વિચાર ‘અહુનવઇતિ' ગાથા (યસ્ન હા ૩૪, છંદ ૫) માં અષો જરથુશ્ત્ર ઘણા અસરકારક શબ્દોમાં ફરી દર્શાવે છે:

‘કત્ વે ખ્ષથ્રૅમ્, કા ઇશ્તિશ્?
શ્યઑથ્નાઇશ્, મજ્દા! યથા વાઑ હ્મી
અષા વૅહૂ મનઙ્હા,
થ્રાયોઇદ્યાઇ દ્રિગૂમ્ યૂષ્માકૅમ્'.

અર્થ: “શું તમારી સત્તા? શું દોલત? જે અનુસાર, ઓ અહુરમજ્દા! અચળ નિયમ અને સુમનસ્થી તમારા ગરીબનું પોષણ કરવા માટે, કાર્યોનાં સાધને તમારી પૂઠે ચાલું.”

આ ફકરામાં અષો જરથુશ્ત્ર ‘અહુનવર્'નાં માંથ્રનો વધુ ભેદ સમજાવે છે. ‘અહુનવર્'નાં શિક્ષણ મુજબ જેમ ‘અહુ' તેમજ ‘રતુ' અચળ નિયમથી (=‘અષાત્ હચા'), ‘સુમનસ્' (=“સારા વિચાર”)થી કીધેલાં જીંદગીનાં કાર્યો (=‘શ્યઑથનનાંમ્ અઙ્હેઉશ્')ની ભેટ, અને સત્તા જે ગરીબોની નિગેહબાન (=‘ખ્ષથ્રૅમ્-ચા...યિમ્ દ્રિગુબ્યો...વાસ્તારૅમ્') તેની ભેટ (=‘દજ્દા') અહુરમજ્દાને આપે.

‘અહુનવઇતિ' ગાથાના આ છંદમાં અષો જરથુશ્ત્ર ઉમેદ બાંધે છે કે અહુરમજ્દાની જે પ્રકારની સત્તા (=‘ખ્ષથ્રૅમ્') અને દોલત

(='ઇશ્તિ') છે તે અનુસાર કાર્યો કરી (='બ્યઑથનાઇશ્ન'), અચળ નિયમ (='અષ') અને સુમનસ્ (='વૉહૂ મનફ્હ') ની મદદથી એઓ ગરીબનું પોષણ કરે.

અષો જરથુસ્ત્રના ગાથા છોડી પાછલાં અવસ્તા સાહિત્ય ઉપર આવતાં આપણે જોઇએ છિયે કે 'હમાન્ યશ્ત' અને 'સીરોજા'માં 'ખષથ્ર' (="સત્તા") ને 'મરૅજ઼દિક, થ્રાયો-દ્રિગુ' (="માફ કરનાર, ગરીબનું પોષણ કરનાર")ની ઉપમા આપવામાં આવી છે.

'સ્રોષ્ યશ્ત્ હાતોખ્ત', ફકરા ૩-૬ માં લખનાર પોતાના વખતમાં જરથુસ્ત્રિઓ 'અહુનવર્'ની ખુબી વિષે શું વિચાર ધરાવતા હતા તે સ્પષ્ટ ભાષામાં દર્શાવી જાય છે:—

"અચળ નિયમનું કાર્ય કરનાર (='અષ્ય'), ગરીબનું ઘણું પોષણ કરનાર 'સ્રોષ્', તે દુશ્મનને મારનાર, 'દ્રુજ'ને ઘણો મારનાર; ઘણા આશીર્વાદ દેનાર અષો નર, તે ફત્તેહથી ઘણો ફત્તેહમંદ; અદ્રશ્ય 'દ્રુજ્'ને દૂર કરનાર તેજસ્વિ માંથ્ર 'અહુનવર્', વચનોમાંનું દુશ્મનનો ઘણો નાશ કરનાર, બળવાન શુદ્ધ બોલેલું વચન દુશ્મનને ઘણું મારનાર, માજ઼્દયસ્ની દીન સઘળી નેઅમતોમાં, સઘળાં અચળ નિયમનાં બીજમાં જરથુસ્ત્રિ તરીકા જેવી ઘણી સાચવટથી પેદા કીધેલી. અને જે કોઇ નર કે નારી, ઓ જરથુસ્ત્ર ! આ બોલેલું વચન, ઘણા પુરા વિચારથી, ઘણાં પુરાં વચનથી, ઘણાં ઉત્તમ વર્તનથી જાહેર કરે તેને ઉંડાં પાણીમાં, કે ભારે ભયમાં, કે અંધારી ધુમસવાળી રાતે, કે નાવથી તરી જવાતી નદીઓના પુલ ઉપર, કે રસ્તાઓના જુદા પડતા ફાંટા ઉપર, કે અષો નરોની અનજુમનમાં, કે દર્વંદ દેવયસ્નીઓની ગીરદીમાં, કે કોઇપણ સંજોગ આવી બને ત્યારે, કે કોઇપણ રીતે બીવાડનારા ભય વખતે, તેને કોઇપણ દિવસે કે રાત્રે, ઇજા કરનાર, ઇજાથી ભરપુર દર્વંદ, બુરી નજરથી નજર લગાડનાર, નજર લગાડી શકે નહિ, કે નહિ જાનવરોનું ટોળું આડે રસ્તે લઇ જનાર લુટારૂથી તેને દુ:ખ પહોંચે. અને આ, આ બોલેલું વચન, તું જાહેર કર, ઓ જરથુસ્ત્ર ! જ્યારે કાળા ચોરો, દેવો સાથે ધસી આવે ત્યારે, જ્યારે દર્વંદ દેવયસ્નીઓ, જાદુથી ભરપુર જાદુગરો, ફરેબથી ચીકાર પરીઓનાં દુ:ખ તને બીવાડે અને તારી સામે ધસી આવે ત્યારે. દેવો નાશ પામશે, દેવયસ્નીઓ નાશ પામશે; અને જેમ પશુનું રક્ષણ કરનાર

કુતરાઓ કરે તેમ આ વચન જખમ કરનારાઓનાં જડબાં બંધ કરશે."

'સ્રોષ્ યસ્ત્ હાતોખ્ત્'ના આ ફકરા ઘણાં ધ્યાનથી વાંચવાથી સમજ પડશે કે જરથુસ્ત્રિ મજહબ મતમાં 'સ્રઓષ' અને 'અહુનવર્'ને ઘાડા સંબંધથી જોડયા છે. આપણી 'નીરંગ-ઇ પાદ્યાબ્ કુસ્તી'માં 'ઉશ્તવઇતિ' ગાથામાંથી જે છંદ (યસ્ન હા ૪૪, ૧૬) લેવામાં આવ્યો છે તેમાં અહુરમજદાનાં જે વચનો રક્ષણ કાજે છે તે વિષે જે ઇશારો છે તે 'અહુનવર્' 'અર્યેમ્', 'યેન્હે હાતાંમ્' અને 'દહ્મા આફ્રિતિ' નાં માંથ્રનાં વચનો છે, અને એ વચનોની બરકકતથી જે કોઇને અહુરમજદા ઇચ્છે તેને 'સ્રઓષ' મળશે એમ કહ્યું છે. જે દેખાડે છે કે 'સ્રઓષ' અને અહુરમજદાના 'સેંગૂહા' સાથે ઘાડો સંબંધ છે.

વળી આપણે જરથુસ્ત્રિઓ 'અષ વહિસ્ત' (= અર્દિબેહેશ્ત), 'આતર્', 'સ્રઓષ' અને 'વૅરૅથગ્ન' (= બેહરામ) એ ચારને 'હમકાર્' (= "સાથે મળી કામ કરનાર") ગણિયે છિયે. એ સબબસર 'સ્રઓષ'ને હમેશ 'અષ્ય' (= " 'અષ'ને લગતો," "અચળ નિયમનું કાર્ય કરનાર") કહ્યો છે.

'અહુનવર્'માં 'ખ્ષથ્રૅમ...યિમ્ દ્રિગુબ્યો...વાસ્તારૅમ્' (= "સત્તા જે ગરીબોની નિગેહબાન") અહુરમજદાને અર્પણ કરવાનું શિક્ષણ છે; 'સ્રોષ્ યસ્ત્ હાતોખ્ત્'ના આ ફકરાઓમાં 'સ્રઓષ'ને 'દ્રિગૂમ્ થ્રાતોતૅમો' (= "ગરીબનું ઘણું પોષણ કરનાર") જણાવ્યો છે. વળી 'સ્રઓષ'ને 'વૅરૅથ્રજ દ્રુજૅમ્ જધ્નિસ્તો' (="દુશ્મનને મારનાર, દ્રુજને ઘણો મારનાર") જણાવી, 'અહુનવર્'ને 'માંથ્રો સ્પૅંતો મઇન્યવીમ્ દ્રુજૅમ્ નિજ્બઇરિશ્તો' (="અદ્રશ્ય દ્રુજને દૂર કરનાર તેજસ્વિ માંથ્ર")ની ઉપમા આપવામાં આવી છે. અત્રે અવસ્તા જમાનાના જરથુસ્ત્રિઓની 'અહુનવર્'ને લગતી દંતકથા આપવામાં આવી છે. 'સ્રોષ્ યસ્ત્ હાતોખ્ત્'માંથી ટાંકેલા આ ફકરાઓમાં 'અહુનવર્'ને 'અષુંખ્ધો વાખ્શ યાહિ વૅરૅથ્રજાંસ્તૅમો' (= "બળવાન દુશ્મનને ઘણું મારનાર શુદ્ધ બોલેલું વચન") અને 'ઉખ્ધૅમ્ વચો' (= "બોલેલું વચન") કહ્યું છે.

એજ મુજબ યસ્ન હા ૧૯ ફકરા ૧-૪ ('બઘ' નુસ્કના અવસ્તા)માં 'અહુનવર્'નું વર્ણન આ મુજબ કીધું છે:

"જરથુસ્ત્રએ અહુરમજ્દાને પુછ્યું: 'અહુરમજ્દા, મીનોય, સર્વથી તેજસ્વિ, હાડમંદ જેહાનના પેદા કરનાર, અષો! શું તે વચન હતું જે તેં મને કહ્યું આસ્માન આગમચ, પાણી આગમચ, જમીન આગમચ, ગોસ્પંદ આગમચ, ઝાડપાન આગમચ, અહુરમજ્દાના પુત્ર આતર્ આગમચ, અષો નર આગમચ, દેવો અને જ્યાનકાર માણસો આગમચ, સઘળી હાડમંદ જીંદગી આગમચ, સઘળાં અહુરમજ્દાએ પેદા કીધેલાં અષનાં બીજ આગમચ?'

"ત્યારે અહુરમજ્દાએ જવાબ આપ્યો: 'ભાગ તે હતો 'અહુનવર્'નો, ઓ સ્પિતમ જરથુસ્ત્ર! જે તને મેં જાહેર કીધો, આસ્માન આગમચ, પાણી આગમચ, જમીન આગમચ, ગોસ્પંદ આગમચ, ઝાડપાન આગમચ, અહુરમજ્દાના પુત્ર આતર્ આગમચ, અષો નર આગમચ, દેવો અને જ્યાનકાર માણસો આગમચ, અને સઘળી હાડમંદ જીંદગી આગમચ.'"

યસ્ન હા ૧૯ ના આ ફકરા ૧–૪ માં 'અહુનવર્'ને 'વચ' (="વચન") કહ્યું છે; એ હાના ફકરા ૧૦ માં 'અહુનવર્'ને 'ઉખ્ધનાંમ્ ઉખ્ધોતૅમૅમ્' (="બોલેલાં વચનોમાં સૌથી શ્રેષ્ઠ બોલેલું વચન"), ફકરા ૧૬ માં 'મજ્દાઑ-ઉખ્તૅમ્' (="અહુરમજ્દાએ ઉચ્ચારેલું વચન") કહ્યું છે.

'સ્રોષ્ યશ્ત્ હાતોખ્ત્'ના ઉપર કહેલા ફકરાઓમાં જણાવ્યું છે કે 'અહુનવર્' તેજ 'માજ્દયસ્ની દીન' અને તેજ 'જરથુસ્ત્રિ દાત' (="જરથુસ્ત્રિ કાયદો"). એ લખાણ સિદ્ધ કરે છે કે 'અહુનવર્' ઉપરથી તમામ માજ્દયસ્ની દીની સાહિત્યના એકવીસ નુસ્કો રચવામાં આવેલા હોવાની દંતકથા 'સ્રોષ્ યશ્ત્ હાતોખ્ત્'ના જમાનાની અતિશય પુરાણી છે.

સઘળી આફતોમાં કે સારાં કામનો આરંભ કરતી વેળાએ 'અહુનવર્'નાં માંથ્ર ઉચ્ચારવાનો રેવાજ અતિશય કદીમ જમાનાનો છે તે આ 'સ્રોષ્ યશ્ત્ હાતોખ્ત્'ના ફકરાઓમાંથી, યસ્ન હા ૧૯ ઉપરથી અને વંદીદાદ પરગરદ ૧૯ ઉપરથી સિદ્ધ થાય છે.

યસ્ન હા ૧૯ માં અહુરમજ્દા અષો જરથુસ્ત્રને કહે છે કે "ભાગ તે હતો 'અહુનવર્'નો જે તને મેં જાહેર કીધો." આ શબ્દો ઉપરથી,

અએપંત જાનસ્પરમનાં લખાણમાંથી અને 'વસ્તમાંસર્' નુસ્કના સારાંશમાંથી, આપણે ઉપર ટાંકેલી દંતકથા સિદ્ધ થાય છે કે 'અહુનવર્'માં આવતાં પહેલાં પદના શબ્દો 'યથા અહૂ વઈર્યો'માં 'જઓતા ફ્રા મે મ્રૂતે' ઉમેરી અષો જરથુશ્ત્ર જનમતાંને વાર બોલ્યા હતા: "જેમ વડા 'અહુ' જોતા મને ફરમાવે"; અને તેના જવાબમાં અહુરમજદાએ 'યથા અહૂ વઈર્યો' પછી આવતા શબ્દો 'અથા રતુશ્ અષાત્‌ચિત્ હચા'માં 'ફ્રા અષવ વીદ્વાઓ મ્રઓતૂ' શબ્દો ઉમેરી, યાને આ શબ્દો "તેમ અષો વિદ્વાન 'રતુ' અચળ નિયમથી ફરમાવે" ઉચ્ચારી, અષો જરથુશ્ત્રને સઘળી સૃષ્ટિના 'રતુ' (="વડા ધર્મગુરૂ") તરીકે કબુલ કીધા હતા; તેથી આ યસ્ન હા ૧૯ નાં લખાણમાં અહુરમજદાએ જરથુસ્ત્રને "અહુનવર્નો એક ભાગ" કહ્યો હતો એમ જણાવ્યું છે. અત્રે એવું પુરવાર કરવાની નેમ નથી કે અહુરમજદાએ અષો જરથુસ્ત્રને માત્ર 'યથા અહૂ વઇર્યો'નાં પહેલાં પદનો એક ભાગજ કહ્યો હતો. યસ્ન હા ૧૯ ની અવસ્તા દંતકથા મુજબ 'અહુનવઇય"નું વચન 'યથા'થી 'વાસ્તારૅમ્' સુધી તમામ અહુરમજદાએ અષો જરથુસ્ત્રને કહ્યું હતું. પણ અહુરમજદા પાસેથી રતુપદ સ્વિકારતી વેળા અષો જરથુશ્ત્ર 'યથા અહૂ વઈર્યો જઓતા ફ્રા મે મ્રૂતે' બોલ્યા હતા; અને અહુરમજદાએ અષો જરથુસ્ત્રને 'રતુ' નેમ્યા ત્યારે અહુરમજદા 'અથા રતુશ્ અષાત્–ચિત હચ ફ્રા અષવ વીદ્વાઓ મ્રઓતૂ' શબ્દો ઓચર્યા હતા.

'સ્રાષ્ યશ્ત્ હાતોખ્ત્'ના આ ફકરાઓને છેડે 'અહુનવર્'નું માંથ્ર ઓચરવાથી દેવો, દ્રુજો, જાદુગરો, પરીઓ અને બુરી નજરનાં માણસો અશકત બનવા વિષે જે વર્ણન છે તેને આધારેજ આપણી 'નીરંગ–ઇ કુસ્તી બસ્તન્'માં 'દેવાં, દ્રુજાં, જાદૂઆં, પરૂયાં' સત્તારહિત થાય એવી ઇચ્છા દર્શાવી છે એ નક્કી છે.

વળી અષિ યશ્ત્ ફકરા ૧૯–૨૦ માં 'અંગ્ર મઇન્યુ'નાં મુખમાં નીચલા શબ્દો મેલવામાં આવ્યા છે:

"સઘળા યજતો મને નિરાશ બનાવી નમાવી શકયા નહિ, ત્યારે એકલો જરથુસ્ત્ર મને નિરાશ બનાવી દૂર કરે છે; મને 'અહુનવઇય"થી, એક ઘર જેટલા મોટા પત્થરનાં હથિયારથી, મારે છે; મને સર્વોત્તમ 'અષ' (="અૅષૅમ્ વૉહૂ")નાં વચનથી તપેલી ધાતુની માફક બાળે છે; સ્પિતમ

જરથુસ્ત્ર જે એકલો મને પુરો પડે છે, તે મારૂં આ પૃથ્વીમાંથી ચાલી જવું ઘણી સારી રીતે કરે છે."

આ લખાણ ઉપરથી સિદ્ધ થાય છે કે જેમ વંદીદાદની ઓગણીસમી ફરગરદમાં 'અહુનવઇય' વિષે જણાવ્યું છે તેમ અવસ્તા જમાનામાં ચાલુ દંતકથા હતી કે અષો જરથુસ્ત્ર 'અહુનવઇય' અને 'અર્પંમ'નાં માંથી 'અંગ્ર મઇન્યુ'ને મારી હઠાવી શકયા હતા.

'અહુનવર્'નો પાર્સીક તરજુમો

સાસાની જમાનામાં પાર્સીક ભાષામાં 'અહુનવર્'નો જે તરજુમો કરવામાં આવ્યો હતો તેને આધારે આજસુધી તરજુમાઓ કરવામાં આવ્યા છે. એ તરજુમાની એબારત યસ્નના પાર્સીક તરજુમામાં મળે છે. એ પાર્સીક તરજુમો જાણવો અવશ્ય છે, તેથી 'અહુનવર્'ના અવસ્તાના દરેક શબ્દ ઉપર જે અંક મેલવામાં આવ્યા છે તે અંક આ અવસ્તા શબ્દોના પાર્સીક તરજુમાના શબ્દો ઉપર અને તે શબ્દો માટે વાપરેલા ટીકાના શબ્દો ઉપર મેલ્યા છે કે જેથી જાણી શકાય કે દરેક અવસ્તા શબ્દનો પાર્સીક તરજુમામાં શું અર્થ આપ્યો છે; ટીકાઓ કૌંસમાં મેલી છે:

'ચેગોન્[1] અહૂ[2] કામ,[3]—(ચેગોન્[1] ઓહ્રમજદ્[2] કામ,[3])—
એતૂન્[4] રતીહા,[5]—(એતૂન્[4] ફ્રારોનીહા,[5])—
અજ[7] અષહી[6]—(કાર્ ઉ કેર્ફ[6])—ચીગામ્-ઇચ-એ[6];—
(કાર્ ઉ કેર્ફ[6] એતૂન્[4] ફ્રારોનીહા[5] કર્તન્ ચેગોન્[1] ઓહ્રમજદ્[2] કામ[3];)—
યશ્-વૉહૂ[8]-મન્[10] દહિશ્ન્[9],—
(કુ, આન્ મજદ્-ઉ-પાતુદહિશ્ન્[9] ઇ વોહુ[8]-મન્[10] દહેત્, ઓ-ચ ઓઇ હન્ દહેત્,)—
કે અંદર્-અહ્વાન્[12] કુનિશ્ન્[11] ઇ-ઓહ્ર-મજદ્[13],—
(કુ, આન્ કુનેત્[11] ઇ ઓહ્રમજદ્[13] આવાયેત્; હસ્ત કે એતૂન્ ગુયેત્ આઇ: યશ્-ઓ-વોહુ[8]-મન્[10] દહિશ્ન્[9]; કુ આન્ મજદ્-ઉ-પાતદહિશ્ન્[9] ઇ ઓ વોહુ[8]-મન્[11] દહૅદ્, એ-ચ ઓઇ હન્ દહૅદ્; હસ્ત કે એતૂન્ ગુયેત્, આઇ: યશ્-પ-વોહુ[8]-મન્[10] દહિશ્ન્[9]; કુ

આન્ મજ્દ-ઉ-પાતદહિશ્ન[૯] ઇ પ વોહુ[૮] મન્[૧૦] એ-દહૅંદ એ-ચ ઓઇ દહૅંદ; આઇ: આતૂર્પાત-ઇ જરતુશ્તાન્ ગોપ્ત, કુ અજ આન્ ઇ વોહુ[૮]-મન્[૧૦] દહિશ્ન[૯] અંદર્-અહ્વાન[૧૨] કુનિશ્ન[૧૧]-કર્ અંદર્ દાનૅંદ,)—

ખ્તાઇહિ[૧૪] ઓ[૧૭] ઓહર્મજ્દ[૧૬],—

(કુ-શ ખ્તાઇહિ[૧૪] ઇ હસ્ત પ સૂત-ઇ ઓહર્મજ્દ[૧૬] દાસ્ત અવેત,)—

કુ[૧૮] ઓ-દર્યુશાન્[૧૯] દહેત[૨૦] વાસ્તર્[૨૧],—

(કુ-શાન્ દાતુગોબીહ કુનેત.)—'

અર્થ

"જેમ[૧] 'અહુ'[૨]ની ઇચ્છા[૩],—(જેમ[૧] અહુરમજ્દા[૨]ની ઇચ્છા[૩],)—

તેમ[૪] રદીથી[૫],—(તેમ[૪] સાચવટથી[૫],)—

હરેક પ્રકારની[૬]—અષોઇ[૬]—(કર્મ[૮]—અને—સવાબ[૬]) —થી[૭];—

(કર્મ[૮]-અને-સવાબ[૬] એવી[૬] સાચવટથી[૫] કરવાં જેવી[૧] અહુરમજ્દા[૨]ની ઇચ્છા[૩];)—

વોહુ[૮]-મન્[૧૦]-ની-જે ભેટ[૯],—

(યાને તે ઇનામ-અને-બદલો[૯] જે વોહુ[૮]-મન્[૧૦] આપે-છે, તે તે-પણ ખરેજ આપે છે,)—

જેનું જીંદગીમાં[૧૨] કૃત્ય[૧૧] અહુરમજ્દાનું[૧૩],—

(યાને, તે કૃત્ય-કરે[૧૧] જે-અહુરમજ્દાને[૧૩] જોઇયે; કોઇ-છે જે એમ કહે-છે: વોહુ[૮]-મન્[૧૦]-માટે-જે ભેટ[૯]; યાને તે ઇનામ-અને-બદલો[૯] જે તેઓ વોહુ[૮]-મન્[૧૦]-ને આપે-છે, તે તેને-પણ ખરેજ આપે છે; કોઇ-છે જે એમ કહે છે: વોહુ[૮]-મન્[૧૦]- મારફતે-જે ભેટ[૯]; યાને તે ઇનામ-અને-બદલો[૯] જે તેઓ વોહુ[૮]-મન[૧૦]-મારફતે આપે છે તે તેઓ તેને પણ આપે છે; જરતુસ્તના દીકરા આતૂર્પાતે[૧] કહ્યું કે: વોહુ[૮]-મન[૧૦]-ની ભેટ[૯]થી જીંદગીમાં[૧૨] તેઓ કામ[૧૧]-કરનારને પિછાણે છે,)—

---

૧ આતૂર્પાત્ માંરસ્પૅંદ્નો નબીરો.

સત્તા[14] અહુરમજ્દા[16] ને[17]—

(યાને તેની સત્તા[14] જે છે તે અહુરમજ્દા[16]ના હાસલ માટે રાખવામાં આવશે,)—

જે[18] ગરીબો–ની[19] નિગેહબાન[21], તે આપે[20],—

(યાને તેઓની ભલામણ કરે.)—"

આ પાર્સીક તરજુમામાં અવસ્તા શબ્દોનો જે તરજુમો અને ટીકા આપ્યાં છે તેમાંથી ઉમેરેલી ટીકાઓ કહાડી નાંખિયે તો 'અહુનવર્'નો પાર્સીક ભાષામાં કીધેલો તરજુમો આ છે:—

"જેમ[1] અહુની[2] ઇચ્છા,[3] તેમ[4] રદીથી[5], હરેક–પ્રકારની–અષોઇથી[7],
વૉહુ[8]–મન[10]–ની–જે ભેટ[9], જેનું જિંદગીમાં[12] કૃત્ય[11] અહુરમજ્દાનું[13],
સત્તા[14] જે[18] ગરીબો–ની[19] નિગેહબાન[21], અહુરમજ્દા[16]ને[17] આપે[20]."

આ ભેદ ભરેલું ભાષાંતર પહેલી નજરે સમજવું મુશ્કેલ દિસે છે; પણ જ્યારે આપણે એ ભાષાંતરમાં ઉમેરેલી ટીકાઓ ઉપર ધ્યાન પુગાડયે ત્યારે એ ભાષાંતર સમજમાં ઉતરે છે; આ ભાષાંતર કરનારા વિદ્વાન દીનદારોએ અવસ્તા શબ્દોનો અનુક્રમ ઘણોજ થોડો ફેરવીને, અવસ્તાનો શબ્દેશબ્દ તરજુમો કીધો છે. એ સબબથી, જ્યારથી પાર્સીક ભાષા બોલાતી બંધ પડી અને સમજવી મુશ્કેલ થઇ ત્યારથી આ પાર્સીક તરજુમાનું રહસ્ય ભૂલાતું ગયું. શુમારે ઇસ્વી સને ૮૫૦ ના અરસામાં ઉસ્તાદોના ઉસ્તાદ નેરિયોસંગ ધવળએ ઇરાનથી હિંદુસ્થાન આવી અવસ્તા અને પાર્સીક પુસ્તકોના તરજુમા સંસ્કૃત ભાષામાં કીધા હતે નહિ તો આજે જરથુશ્ત્રિ દીનનું જે થોડું પણ જ્ઞાન આપણે ધરાવિયે છિયે તે આપણા હાથમાં આવ્યું હતે નહિ. પાર્સીક ભાષાનાં વ્યાકરણ અને વાકયરચનાનો ઘણોજ ઓછો ભાસ ધરાવવાને લીધે આપણે આપણાં ભાષાંતરોમાં અર્થોના અનર્થ કરવા લાગ્યા, અને પાર્સીક ભાષાના તરજુમાઓની પૂઠે આપણે ચાલતા હોવા છતાં, આપણામાંના કેટલાકોએ પાર્સીક ભાષામાં કીધેલા તરજુમાઓ ખોટા છે એમ મત બાંધ્યું.

આ ભેદ ભરેલા પાર્સીક તરજુમામાં ઉમેરેલી ટીકા તરજુમામાં જીવ મેલે છે. તેથી જે ટીકાઓ છુટી દેખાડવા માટે કૌંસમાં મેલી છે તેમાં જે અસલ અવસ્તા શબ્દો ટીકામાં લઇ ટીકાના ભાગ તરીકે વાપર્યાં છે તે શબ્દો ઉપર પણ અસલ અવસ્તા શબ્દો ઉપર માંડેલા અંક મેલ્યા છે. હવે આ ભેદી તરજુમામાં ટીકા ઉપરથી પ્રાણ મેલવાની કોશેશ કરીશું.

પાર્સીક ભાષાંતર કરનારાઓએ 'અહુનવર્'ના માંથ્રને સાત વિભાગમાં વહેંચી ભાષાંતર કીધું છે, અને એ સાત વિભાગમાંના દરેક પછી પોતા તરફની ટીકા ઉમેરી છે:

૧) 'યથા અહૂ વઇર્યો',
૨) 'અથા રતુશ્',
૩) 'અષાત્-ચીત્ હચા',
૪) 'વઙ્હેઉશ્ દઝ્દા મનઙ્હો',
૫) 'શ્યઑથ્નનાંમ્ અઙ્હેઉશ્ મઝ્દાઇ',
૬) 'ખ્ષથ્રૅમ્-ચા અહુરાઇ આ',
૭) 'યિમ્ દ્રિગુબ્યો દદત્ વાસ્તારૅમ્.'

'અહુનવર્'ના અવસ્તામાં જે ત્રણ પદો સમાવ્યાં છે, તે દરેક પદમાં ગાથાને કાયદે જ્યાં શમ્ યાને તાલ અથવા ભાર આવે છે ત્યાં દરેક પદનો પહેલો ભાગ બીજા ભાગથી જુદો પાડી, આપણે 'અહુનવર્'નાં માંથ્રને છ વિભાગમાં વહેંચી નાંખ્યું છે; આપણી વહેંચણી અને પાર્સીક ભાષાંતરની વહેંચણીમાં ફેર માત્ર એટલોજ છે કે આપણે 'અથા રતુશ્ અષાત્-ચીત્ હચા' શબ્દોનો એક ભાગ બનાવ્યો છે તેને બદલે પાર્સીક ભાષાંતરમાં એ એક ભાગને બે ભાગમાં જુદો પાડયો છે; એ પહેલાં પદના આ શબ્દો બે ભાગમાં વહેંચવાનો સબબ એટલોજ હોય કે 'અથા રતુશ્' શબ્દોની ટીકા સ્પષ્ટ રીતે જુદી દેખાડવા માટે એ બે શબ્દો 'અથા રતુશ્', તેઓની પાછળ આવતા શબ્દો 'અષાત્-ચીત્ હચા'થી, જુદા પાડયા.

પાર્સીક ભાષાંતર કરનારાઓને ગાથામાં વાપરેલા કાવ્યના નિયમો બરાબર ખબર હતા એમાં કાંઇપણ શક નથી, અને 'અહુનવર્'નાં માંથ્રના શબ્દોની વહેંચણી જે રીતે કીધી છે તે ઉપરથી એ બીના સિદ્ધ થાય છે. ગાથાનાં પાર્સીક ભાષાંતરના સઘળા અભ્યાસીઓને આ અગત્યની

બાબત માલમ છે. આપણે આ સાત વિભાગોને ત્રણ પદમાં ગોઠવી ઉપર પાર્સીક ભાષાંતર આપ્યું છે, તેમાં ટીકા મેલી આપણે પાર્સીક ભાષાંતરનો અર્થ ખુલ્લો કરિયે; આપણે પોતા તરફથી સમજ માટે ઉમેરેલા શબ્દો ઉપર અંક મેલ્યા નથી.

> જેમ[૧] અહુરમઝ્દાની[૨] ઇચ્છા[૩] તેમ[૪] સાચવટથી[૫] હરેક-પ્રકારનાં[૬] કર્મ[૮]-અને-સવાબ[૬] કરવાં;
>
> જેનું જીંદગીમાં[૧૨] કૃત્ય[૧૧] અહુરમઝ્દાનું[૧૩] તે વૉહુ[૮]-મન[૧૦]-નાં-જે ઇનામ-અને-બદલો[૯], અને સત્તા[૧૪] જે[૧૮] ગરીબોની[૧૯] નિગેહબાન[૨૧], તે અહુરમઝ્દા[૧૬]ને[૧૭] આપે[૨૦].

આ પાર્સીક ભાષાંતર આપણે આપેલા તરજુમા સાથે સરખાવિયે:

આપણે 'અહૂ[૨] વઇર્યો[૩]'નો અર્થ "વડો[૩] સરદાર[૨]" કીધો છે; પાર્સીક ભાષાંતરમાં એ બે શબ્દોનો અર્થ "અહુ[૨] (અહુરમઝ્દા[૨]) ની ઇચ્છા[૩]" કીધો છે. સઘળા વ્યાકરણ અને ભાષાશાસ્ત્રને કાયદે તરજુમો કરનારાઓએ પાર્સીક ભાષાંતરનો 'વઇર્યો' શબ્દનો કીધેલો અર્થ કબુલ રાખ્યો છે. જોકે 'વઇર્યો' વિશેષણ છે અને તેના વિશેષ્ય 'અહૂ'નો ગુણ દર્શાવે છે.

પાર્સીક ભાષાંતરે કીધેલો 'રતુશ'નો અર્થ, "રદીથી", આજના કોઇપણ તરજુમો કરનારે કબુલ રાખ્યો નથી. આપણે એ શબ્દનો અર્થ "ધર્મગુરૂ" કીધો છે. 'રતુશ' એક સામાન્ય નામ છે, અને પહેલી વિભક્તિમાં વાપર્યું છે.

'વઙ્હેઉશ[૮] દજ્દા[૯] મનઙ્હો[૧૦]'નું પાર્સીક ભાષાંતર, "વૉહૂ[૮] મન[૧૦]-ની ભેટ[૯]" હાલના ભાષાશાસ્ત્રને આધારે થયલા તરજુમામાં કબુલ રહ્યું છે.

'શ્યઑથનનાંમ્[૧૧] અઙ્હેઉશ[૧૨] મજ્દાઇ[૧૩]'નું પાર્સીક ભાષાંતર, "જેનું જીંદગીમાં[૧૨] કૃત્ય[૧૧] અહુરમઝ્દાનું[૧૩]," સમજવું સહેલ નથી. જરથુસ્ત્રિ દીન માણસજાતને શારીરિક હસ્તીમાં અહુરમઝ્દાને માટે કામ કરવા ફરમાવે છે, તેથી આ દુન્યવી જીંદગીમાં જે કાંઇ કૃત્યો અહુરમઝ્દાને માટે કીધાં હોય તે અહુરમઝ્દાને અર્પણ કરવાની 'વોહુમન્' (="સુમનસ્"="સારા વિચાર") ની "ભેટ" છે. જોકે વ્યાકરણના કાયદા પ્રમાણે કીધેલો આપણો તરજુમો, "જીંદગીનાં[૧૨] સુ[૮]-મનસ્[૧૦]નાં કાર્યોની[૧૧]

ભેટ[9]...મજ્દાને[13]", પાર્સીક ભાષાંતરથી જુદો પડે છે, તે છતાં એ તરજુમો પાર્સીક ભાષાંતરને આધારે સુઝ પડયો છે.

ગાથાનાં લખાણોમાં અહુરમજ્દાનું નામ બે જુદા શબ્દોનું બનેલું હોવાથી, એ બે શબ્દોનું અવસ્તા વ્યાકરણને આધારે જુદું પદચ્છેદ કરવામાં આવે છે. તે કારણથી પાર્સીક ભાષાંતરમાં તેમજ હાલના ભાષાશાસ્ત્રને કાયદે કરેલા તરજુમામાં, 'અહુર' અને 'મજ્દા' બે જુદા શબ્દો હોય તેમ તેઓને એકજ છંદમાં એકેકથી અલગ રાખી તેઓનો બે વાર તરજુમો કરવામાં આવ્યો છે. 'અહુનવર્'નાં માંથ્રમાં આવતા શબ્દો 'મજ્દાઇ[13]...અહુરાઇ[16] આ[17]'નો તરજુમો "અહુર[16]-મજ્દા[13]-ને[17]" કરવાને બદલે પાર્સીક ભાષાંતરમાં 'મજ્દાઇ'[13] શબ્દને આગલા બે શબ્દો 'શ્યઑથનનાંમ્ અઙ્હેઉશ્' સાથે લઇ 'મજ્દાઇ'નો અર્થ "અહુરમજ્દાનું" કરવામાં આવ્યો, અને 'અહુરાઇ[16] આ[17]' શબ્દોને 'ખ્ષથ્રૅમ્[14]ચા[15]' સાથે લઇ પાર્સીક ભાષાંતરમાં 'ખ્ષથ્રૅમ્-ચા અહુરાઇ આ'નો અર્થ "સત્તા[14] અહુરમજ્દા-[16] ને[17]" કરવામાં આવ્યો. એમ એકજ શબ્દ 'મજ્દાઇ અહુરાઇ'નો બે વાર તરજુમો કરવામાં આવ્યો.

વળી પાર્સીક ભાષાંતરમાં 'ચા'[15] શબ્દ કાંઇપણ અર્થ કીધા વગર છોડી દેવામાં આવ્યો છે. જેમ પાર્સીક ભાષાંતરમાં તેમજ ભાષાશાસ્ત્રને આધારે કીધેલા તરજુમામાં 'ચા[15]' શબ્દનો અર્થ આપવામાં આવ્યો નથી.

'અહુનવર્'નાં અવસ્તા માંથ્રમાં આવતો 'યિમ્[18]' સંબંધી સર્વનામ જે 'ખ્ષથ્રૅમ્[14]' સાથે જાય છે અને બીજી વિભક્તિમાં છે તેનો પાર્સીક ભાષાંતરમાં શુદ્ધ અર્થ આપેલો હોવા છતાં, ભાષાશાસ્ત્રને કાયદે તરજુમો કરનારાઓએ વ્યાકરણનો કાયદો તોડી અશુદ્ધ રીતે પહેલી વિભક્તિમાં લીધો છે. પાર્સીક ભાષાંતરની કઠણ વાકય રચના નહિ સમજી શકાવાથી આ ઘણી મોટી ભુલ થઇ છે.

'અહુનવર્'નાં માંથ્રના શબ્દોની વ્યાકરણને કાયદે વહેંચણી

'અહુનવર્'નાં આ માંથ્રમાં જે એકવીસ શબ્દો છે તેમાં 'અહૂ[2] વઇર્યો[3]' (="વડો[3] સરદાર[2]") અને 'રતુશ્[5]' (="ધર્મગુરૂ[5]") બે કર્ત્તા છે. આખા છંદમાં ક્રિયાપદ એકજ 'દદત્[20]' (="અર્પણ-કરે[20]") મળે છે. કર્મ બે છે: ૧) 'વઙ્હેઉશ્[8] દજ્દા[9] મનઙ્હો[10] શ્યઑથનનાંમ્[11]

અકૂહેઉશ્[૧૨]' (= "ભેટ[૯] સુ[૮]-મનસ્-નાં[૧૦] જીંદગીનાં[૧૨] કાર્યોની[૧૧]"), અને ૨) 'ખ્પથ્રૅમ[૧૪]... યિમ્[૧૮] દ્રિગુબ્યો[૧૯]... વાસ્તારૅમ્[૨૧]' (= "સત્તા[૧૪] જે[૧૮] ગરીબોની[૧૯] નિગેહબાન[૨૧]). આ બે કર્મ, "સુમનસ્‌નાં જીંદગીનાં કાર્યોની ભેટ" અને "સત્તા જે ગરીબોની નિગેહબાન" જોડવાને માટે 'ખ્પથ્રૅમ્[૧૪]' શબ્દ પછી ઉભયાન્વયિ અવ્યય 'ચા[૧૫]' (="અને[૧૫]") મેલવામાં આવ્યો છે. આ 'દજદા[૯]' (= "ભેટ[૯]") અને 'ખ્પથ્રૅમ્[૧૪]' (="સત્તા[૧૪]") કોને "અર્પણ કરે" (='દદતૂ[૨૦]') ? 'મજદાઇ[૧૩]...અહુરાઇ[૧૬] આ[૧૭] (= "અહુર-[૧૬] મજદા[૧૩] ને[૧૭]). આ "ભેટ" અને "સત્તા" કેમ "અર્પણ કરે" ? 'અષાત્-ચીત્[૬] હચા[૭]' (= "અચળ-નિયમ[૬] થી[૭] જ[૬]").

માજદયસ્નની દીનનો પાયો 'અહુનવર્' છે; એ માંથ્ર આપણી બંદગીઓ અને ભણતરોનું મધ્યબિંદુ છે. એ માંથ્ર જો આપણે સાચી રીતે સમજવાની કોશેશ કરી તેનો શુદ્ધ અર્થ કરી શકવાની હાલતમાં આવીશું તો આપણા અભ્યાસથી ખરૂં શું છે તે જાહેરમાં આવશે. વ્યાકરણ અને વાક્ય-રચનાના કાયદાઓને આધારે આપણે આ માંથ્રની રચના તપાસીશું :—

વાક્યમાં 'અહુ' અને 'રતુ' એ કર્ત્તા છે :

'યથા[૧] અહૂ[૨] વઇર્યો[૩] અથા[૪] રતુશ્[૫]' =
"જેમ[૧] વડો[૩] સરદાર[૨] તેમ[૪] ધર્મગુરૂ[૫]".

ક્રિયાદર્શક શબ્દો :

'અષાત્-ચીત્[૬] હચા[૭]' =
"અચળ-નિયમ[૬]થી[૭] જ[૬]".

'દજદા' અને 'ખ્પથ્રૅમ' એ કર્મ બીજી વિભક્તિમાં છે :

૧) 'વહૂહેઉશ્[૮] દજદા[૯] મનહૂહો[૧૦] શ્યઔથનનાંમ્[૧૧] અકૂહેઉશ્[૧૨]' =
જીંદગીનાં[૧૨] "સુ[૮]-મનસ્[૧૦]"-નાં કાર્યોની[૧૧] ભેટ[૯],
૨) 'ખ્પથ્રૅમ્[૧૪]-ચા[૧૫]...યિમ્[૧૮] દ્રિગુબ્યો[૧૯]...વાસ્તારૅમ્[૨૧]' =
૨) "અને[૧૫] સત્તા[૧૪] જે[૧૮] ગરીબોની[૧૯] નિગેહબાન[૨૧]".

કોને આપે ? એક કર્મ ચોથી વિભક્તિમાં :

'મજદાઇ[૧૩]...અહુરાઇ[૧૬] આ[૧૭]' =
"અહુર[૧૬] મજદા[૧૩] ને[૧૭]".

ક્રિયાપદ :

'દદત્'[૨૦] =
"આપે", "અર્પણ કરે."[૨૦]

આખા માંથ્રનો તરજુમો :—

"જેમ[૧] વડો[૩] સરદાર[૨] તેમ[૪] ધર્મગુરુ[૫], અચળ-નિયમ[૬]-થી[૭]-જ[૮], જીંદગીનાં[૧૨] સુ[૯]-મનસ્[૧૦]-નાં કાર્યોની[૧૧] ભેટ[૯], અને[૧૫] સત્તા[૧૪] જે[૧૮] ગરીબોની[૧૯] નિગેહબાન[૨૧], તે અહુર[૧૬]-મજદા[૧૩]-ને[૧૭] અર્પણ-કરે[૨૦]."

આ 'અહુનવર્'ના માંથ્રમાં અહુરમજદાના ત્રણ ગુણ: 'વૉહુ-મનહ્' (="સુમનસ્"), 'અષ' (="અચળ-નિયમ") અને 'ખ્ષથ્ર' (="સત્તા")નો ઇશારો મળે છે, જેઓ વગર આ દુનિયાના 'અહુ' (="દેશના રાજ્યકર્તા") અને 'રતુ' (="વડા ધર્મગુરુ") અહુરમજદા સાથે એકતાન થઇ શકે નહિ.

'અહુનવર્' ઉપરથી મળતા બોધ

'અહુનવર્' ઉપરથી શું બોધ લેવા તે અઍર્પત્ જાતસ્પરમ્એ પોતાનાં 'વિચીતકીહા' (="ચુંટી કાઢેલાં લખાણો")માં દર્શાવ્યું છે.[૧]

પારસીક દંતકથા મુજબ જ્યારે 'અંગ્ર મઇન્યુ'એ અહુરમજદાની પેદાશ સામે હુમલો કીધો ત્યારે અહુરમજદાએ 'અંગ્ર મઇન્યુ'ની સાથે લડવાની નવ હજાર વર્ષની મુદત નક્કી કીધી, અને પછી

"અહુરમજદાએ 'અહુનવર્'નો કલામ ગાયો, અને એ કલામ ગાઇ 'અંગ્ર મઇન્યુ'ને ત્રણ સિદ્ધાંત દેખાડયા:

"પહેલો સિદ્ધાંત આ કે સઘળી ચીજોમાં જે અહુરમજદાની ઇચ્છા હોય તે વાજબી. એ ઉપરથી જાહેર છે કે જો અહુરમજદાની જે ઇચ્છા હોય તે વાજબી, તો સિદ્ધ છે કે કોઇ ચીજ છે જે અહુરમજદાની ઇચ્છામાં નથી, તે કે જેનું મૂળ જુદું સત્વ છે.

"બીજો સિદ્ધાંત આ કે જે કોઇ અહુરમજદાની જે કાંઇ ઇચ્છા તે કરે તેનાં સારાં કામનું પ્રતિફળ કે બદલો તેનું પોતાનું છે; જે કોઇ તે જે અહુરમજદાની ઇચ્છા તે ન કરે તેની સજા અને ગુનાહની જવાબદારી તેની પોતાની છે. આ ઉપરથી સિદ્ધ છે સવાબકારોનું ઇનામ, ગુનાહગારોની

૧. જુવો પ્રકરણ પહેલું, ફકરા ૧૨-૨૩.

જવાબદારી, અને બેહેશ્ત તથા દોજખનો ખુલાસો. જેથી સમજાય છે ફેસાદ અને ટંટામાં અહુરમજદાની પેદાશોની એક બીજાં સાથની અદાવત.

"ત્રીજો સિદ્ધાંત આ દેખાડયો કે જે ગરીબોને પોષણ આપે છે તે અહુરમજદાની સત્તા વધારે છે. જે ઉપરથી દેખાડયું કે દોલત ધરાવનારાઓએ દોલતના હાજતમંદોના મદદગાર થવું, જેમકે ભણેલાઓએ અજ્ઞાનોને શિખવવું, દોલતમંદ ધનવાનોએ દોલત વગરના હાજતમંદો તરફ સખાવતથી પોતાની મદદનો હાથ આપવો.

"કેમ જે 'ફ્રષોકર્દ' આ ત્રણ ચીજોથી થઇ શકે:

"પહેલી આ છે: પોતાની સાચી દીનદારી, બે મૂળ અહુરમજદા અને 'અંગ્ર મઇન્યુ' વિષેની માન્યતા, તે રાહ અને નિશાનીથી કે અહુરમજદાની સઘળી નેકી, અને બદીની ગેરહાજરી, અને તેની ઇચ્છા તમામ સાચવટ; 'અંગ્ર મઇન્યુ'ની સઘળી બદી, અને ભલાઇની ગેરહાજરી.

"બીજી ચીજ: ઇનામની આશા, સવાબ કરનારાનો બદલો, સજાનો ભય, ગુનાહગારોની જવાબદારી, સવાબ કરવા માટે ઉદ્યમ, ગુનાહથી પરહેજ રહેવું.

"ત્રીજી ચીજ: પેદાશોએ એકબીજા સાથે સહકાર કરવો; સહકારથી હમસેપાહી, અને હમસેપાહીથી 'ફ્રષોકર્દ'ને વખતે પોતાના દુશ્મન ઉપર ફત્તેહ."

જરથુશ્ત્ર સાહિત્યનાં થયલાં ભાષાંતર અને ભાષાંતર કરવાની રૂઢીઓ

જરથુશ્ત્ર દીનનાં ભણતર, કદીમ જમાનામાં, કદીમ ગાથા, અવસ્તા અને પાર્સીક ભાષાઓમાં રચાયલાં હોવાથી, તે કદીમ ભાષાઓ આજે બોલાતી નહિ હોવાથી, અને એ ભાષાના શબ્દોના અસલ અર્થો, અલંકાર અને વાકય-રચના વિસરાઇ ગયલાં હોવાથી, અભ્યાસીઓ, ભાષાશાસ્ત્રીઓ અને ભાષાંતર કરનારાઓને વેદ, સંસ્કૃત અને ફારસી ભાષાના શબ્દકોષો ઉપર તેમજ દંતકથાઓ ઉપર આધાર રાખવો પડે છે. કેટલાક ભાષાંતર કરનારાઓ માત્ર શબ્દકોષો ઉપરથી, કેટલાકો માત્ર દંતકથાઓને આધારે, અને કેટલાકો શબ્દકોષો તેમજ દંતકથાઓ બન્નેને આધારે અર્થો ઉપજાવે છે.

ઉપર જણાવ્યું છે તેમ આનરૂપાન્ માંરસ્પેંદ અને તેના શાગેરદોએ, સાસાની શેહેનશાહ શાપુર બીજાના રાજ્ય અમલ (ઇસ્વી સને ૩૦૯–૩૭૯) માં, ઇસ્વી સને ૩૪૦ પહેલાં અવસ્તા સાહિત્યના એકવીસ નુસ્કોનો તરજુમો પાસીંક ભાષામાં કીધો હતો.[1]

મહાન ઉસ્તાદ મોબદ નેરિયોસંગ ધવળએ, આજથી ૧૧૦૦ વર્ષ પહેલાં, અવસ્તા અને પાસીંક ભાષાઓમાં લખેલાં કેટલાંક પુસ્તકોનો સંસ્કૃત ભાષામાં તરજુમો કીધો હતો. હિંદુસ્થાનના જરથુશ્તિ ધર્મગુરૂઓના આ વડા ખુદ ઇરાનથી હિંદુસ્થાન આવેલા હોય એ સંભવિત છે; અને તે સબબથી એઓનું પાસીંક ભાષાનું જ્ઞાન ચઢતા પ્રકારનું હોવું જોઇએ, અને તેમજ હતું.

હિંદુસ્થાનના ઘણાક ભાગોમાં, ખસુસ કરી ગુજરાતમાં, ઇસ્લામી રાજ્યની સ્થાપના પછી, હિંદુસ્થાનના જરથુશ્તિઓએ ફારસી ભાષા પોતાની ઘરગતુ ભાષા બનાવી; તે વેળાએ જરથુશ્તિ ધર્મગુરૂઓએ પોતાની બંદગીના ભાવાર્થો પોતાની સમજ મુજબ ફારસી ભાષામાં રચવા માંડયા, તેમજ ફારસી ભાષામાં 'મોનાજાતો' રચી, અને એ 'મોનાજાતો'માં દાદાર અહુરમજ્દાની બંદગીઓ, તેમજ પોતાનાં મજહબ મત વિષેના પોતાની સમજ મુજબના વિચારો જોડયા.

જ્યારથી ગુજરાતી ભાષા હસ્તીમાં આવી ત્યારથી, શુમારે છથી સાત સદીઓ થઇ, જરથુશ્તિ ધર્મગુરૂઓએ પોતાનાં દીની અવસ્તા અને પાસીંક ભાષામાં લખેલાં પુસ્તકો અને ભણતરોનું ભાષાંતર ગુજરાતી ભાષામાં કરવા માંડયું. એ ભાષાંતરના હસ્તલેખો કોઇકજ છપાયા છે અને મોટે ભાગે છપાયા વગર પડી રહ્યા છે.

અવસ્તા તથા પાસીંક ભાષામાં રચેલાં આપણાં કેટલાંક સાહિત્યનો તરજુમો ફ્રેંચ મુસાફર આંકેતિલ ડયુ પેરૅાએ સુરતના દસ્તુર કુમાના દાદદારૂ પાસેથી શિક્ષણ લઇ ફ્રાંસ જઇ ફ્રેંચ ભાષામાં પ્રગટ કીધો (ઇસ્વી સને ૧૭૭૧), ત્યારથી યુરોપમાં અને તમામ સુધરેલી દુનિયામાં આપણાં દીની સાહિત્યની શોધખોળ અને જુસ્તેજુ શરૂ થઇ.

---

૧. જુવો ખુલાસાવાર સમજણ, સફા ૨૬–૨૭.

આંક્તિલનો તરજુમો બહાર પડવા પછી યુરોપમાં સર વીલીયમ જોનસ અને રીચર્ડસને પુરવાર કરવાની કોશેશ કીધી કે જે સાહિત્ય જુનાં જરથુશ્ત્રિ દીનનાં પુસ્તક તરીકે આંક્તિલના હાથમાં મેળવામાં આવ્યું હતું તે અસલનું નથી પણ પાછળથી ઉભું કરવામાં આવ્યું છે. ડેનમાર્કના વિદ્વાન ઇરેસમસ રાસ્કએ ૧૮૧૬ માં ઇરાન અને હિંદુસ્થાનમાં મુસાફરી કરી, ગવાહીઓ એકઠી કરી, પુરવાર કીધું કે અવસ્તા ભાષા ઘણી જુની હતી; અને અવસ્તા ભાષાશાસ્ત્રનો પાયો રચનાર ફ્રેંચ વિદ્વાન યુજેન બુરનુફએ ઇસ્વી સને ૧૮૩૩ માં યસ્નના પહેલા હા ઉપર એક દળદાર ટીકાનું પુસ્તક, 'Commentaire sur le Yaçna I', ફ્રેંચ ભાષામાં રચી પુરવાર કીધું કે અસલમાં અવસ્તા ભાષા હતી, તે સંસ્કૃત ભાષાની એક બહેનપણી હતી, અને કેટલાક વિદ્વાનોએ જરથુશ્ત્રિ દીની સાહિત્ય ઉપર પાછળથી ઉભું કરેલું હોવાનું જે આળ મેલ્યું હતું તેમાં કાંઇપણ વજુદ ન હતું. અવસ્તા ભાષાશાસ્ત્રના પિતાએ અવસ્તા સાહિત્યના કરેલા આ બચાવ પછી યુરોપમાં ઇરાની જરથુશ્ત્રિ સાહિત્યનાં સંશોધન માટે મોટી જાગૃતિએ જન્મ લીધો.

યુરોપમાં આંક્તિલ પછી સ્પીગલએ આપણી 'ખુર્દેહ અવસ્તા'નો તેમજ તમામ અવસ્તા સાહિત્યનો અને પાર્સીક ભાષામાં લખાયલાં કેટલાંક પુસ્તકોનો જર્મન ભાષામાં તરજુમો કીધો. (ઇસ્વી સને ૧૮૫૨–૫૯.)

એ ઉપરાંત યુરોપમાં એરન ડી હાર્લે, ડાર્મેસ્ટેટે, મીલ્સ, બાર્થોલોમી, ઉલ્ફ અને બીજાઓના ફ્રેંચ, ઇંગ્લીશ, જર્મન અને બીજી ભાષાઓમાં થયલા તરજુમા જાણીતા છે.

હિંદુસ્થાનના જરથુશ્ત્રિ ધર્મગુરૂઓએ, પોતાની બરહક દીનનું જ્ઞાન પોતાની કોમના દીનદારોમાં ફેલાવવા કાજે, પોતાનાં જ્ઞાન મુજબ, ખાસ કરી પાર્સીક દંતકથાઓની પોતાની સમજ મુજબ, પોતાનાં દીની સાહિત્યનાં ભાષાંતર ગુજરાતી ભાષામાં કીધાં.

નવસારીના દસ્તુર ફરામજી સોહરાબજી મેહરજીરાણાએ 'ખુર્દેહ અવસ્તા'નો ગુજરાતી ભાષામાં કીધેલો તરજુમો, જમશેદજી બહમનજી વાડીઆની ફરમાયેશથી, મોબદ ફરદુનજી મર્ઝબાનજીએ, દસ્તુર ફરામજીના ગુજર પામવા પછી બાર વર્ષે, ઇસ્વી સને ૧૮૧૮ માં છાપ્યો, "કાંએ જે

જે કોઇ પાક જરથોસ્તી ફેરકાનાં લોકો ખોરદેહ અવસતા પઢે છે તે **અગરજો આએની સમજીને પઢે તો ઘણું એક સવાબ હાંસેલ થાએ."**

દસ્તુર એદલજી દારાબજી સંજાણાએ કરેલો 'ખુર્દેહ્ અવસ્તા'નો ગુજરાતી તરજુમો બેહદીન દાદાભાઇ કાવસજીએ ઇસ્વી સને ૧૮૧૮ માં છપાવ્યો હતો.

આ બે તરજુમાનાં પુસ્તક હિંદુસ્થાનના જરથુસ્ત્રિઓ માટે અગત્યનાં છે. દસ્તુર ફરામજી ફારસી ભાષામાં ઘણા પ્રવીણ હતા, અને તેમનો તરજુમો ભારે અભ્યાસનું પરિણામ છે. દસ્તુર એદલજીએ સંજાણા ખાનદાનના અભ્યાસી તરીકે વિખ્યાતિ મેળવી છે; અને જે મુજબ હાલમાં આપણે તરજુમો કરનારાઓ અવસ્તાના દરએક શબ્દ ઉપર અંક મુકી, તે શબ્દના તરજુમાના શબ્દ અથવા શબ્દો ઉપર તેજ અંક મેલી, આપણા તરફથી તરજુમામાં સમજણ માટે ઉમેરેલા શબ્દો કૌંસમાં મેલિયે છિયે, તેમજ દસ્તુર એદલજીએ કીધું છે.

સુરતના દસ્તુર ફરામજી અસ્પંદયારજી રબારીએ ઇસ્વી સને ૧૮૨૪ માં આપણાં વંદીદાદ, યસ્ન અને વીસ્પરદ્‌નું જે ગુજરાતી ભાષાંતર કીધું હતું તે રેવરંદ ડો. વીલ્સને ઇસ્વી સને ૧૮૪૨–૪૩ માં પ્રગટ કીધું હતું.

ઇસ્વી સને ૧૮૩૩ માં દસ્તુર એદલજી દારાબજી જામાસપ આસાનાએ 'આવાં યસ્ત્ બા મઅની' બહાર પાડી હતી.

ઇસ્વી સને ૧૮૩૯ માં દસ્તુર કેકોબાદજી મીનોચેહરજી મુલ્લાંફીરોજએ 'વીસ્પરદ્ તથા ઇરાની પતેતની મઅની'નું પુસ્તક પ્રગટ કીધું હતું.

દસ્તુર અસ્પંદયારજી ફરામજી રબારીએ 'યજિશ્ન બા મઅની'નું પુસ્તક ઇસ્વી સને ૧૮૪૯ માં પ્રગટ કીધું હતું.

એ બાદ મુલ્લાંફીરોજ મદરેસાની સ્થાપનાથી નેમાયલા પહેલા શિક્ષાગુરૂ (ઇસ્વી સને ૧૮૫૪–૧૮૬૫), કદીમી ટોળાના દસ્તુર, અર્દશીર રૂસ્તમજી મુલ્લાંફીરોજએ, ઇસ્વી સને ૧૮૬૧ માં, કદીમીઓનાં 'ખુર્દેહ્ અવસ્તા' નાં ભણતરોનો તરજુમો બહાર પાડયો.

મુલ્લાંફીરોજ મદરેસાની સ્થાપના ઇસ્વી સને ૧૮૫૪ માં થઇ. સર જમશેદજી જીજીભાઇ જરથુસ્ત્રિ મદરેસાનો પાયો ઇસ્વી સને ૧૮૬૫માં

નાખવામાં આવ્યો. એ અરસામાં મરહુમ ખુરશેદજી રૂસ્તમજી કામાએ અવસ્તા ભાષામાં લખાયલાં સાહિત્યનો ભાષાશાસ્ત્રને કાયદે અભ્યાસ કરવાનું મંડાણ કીધું.

તેમના એક શાગેરદ એરવદ મનચેરજી શાપુરજી વાચ્છાએ, બન્ને મદરેસાઓમાં અવસ્તા તથા પાર્સીકનો અભ્યાસ કરી, દસ્તુર એરચજી સોહરાબજી મેહરજીરાણા સાથે મળી, ઇસ્વી સને ૧૮૭૨ માં દશ યશ્તોનો તરજુમો બહાર પાડયો.

બીજા એક શાગેરદ એરવદ તેહમુરસ દીનશા અંકલેસરીઆએ ઇસ્વી સને ૧૮૭૪ માં 'આવાં યશ્ત'નો તરજુમો બહાર પાડયો.

મુલ્લાંફીરોજ મદરેસાના બીજા શિક્ષાગુરૂ, (ઇસ્વી સને ૧૮૬૫-૧૯૦૪), ઉસ્તાદ એરવદ કાવસજી એદલજી કાંગાએ, ઇસ્વી સને ૧૮૮૦ માં 'ખુર્દેહ્ અવસ્તા'નો ગુજરાતી તરજુમો, પોતાના ઉસ્તાદ ખુરશેદજી રૂસ્તમજી કામાનાં શિક્ષણ અનુસાર, ભાષાશાત્રને આધારે, અને યુરોપના વિદ્વાનોના તરજુમાઓ ઉપરથી તપાસ કરી, બહાર પાડયો. એ ઉપરાંત ઉસ્તાદ કાવસજી વંદીદાદ, યસ્ન, વીસ્પરત્, યશ્તો અને ગાથાનો, યાને સમ્પૂર્ણ અવસ્તાનો તરજુમો પોતાની જીંદગીમાં બહાર પાડી અમર કીર્તિ મેળવી ગયા.

એરવદ મેહરજીભાઇ પાલનજી માદને બેરન ડી હાર્લેના ફ્રેંચ તરજુમા ઉપરથી ગુજરાતી ભાષામાં ખુર્દેહ્ અવસ્તા, વંદીદાદ, યસ્ન અને ગાથાનું, તેમજ ડૉ. મીલ્સના ઇંગ્રેજી તરજુમા ઉપરથી પવિત્ર ગાથા વાણીનું ભાષાંતર કરી જરથુશ્તિઓની મોટી સેવા બજાવી છે (ઇસ્વી સને ૧૮૮૬-૧૮૮૯.)

સર જમશેદજી જીજીભાઇ જરથુશ્તિ મદરેસાના હાલના શિક્ષક શેઠ ખોદાબક્ષ એદલજી પુનેગરએ ગાથાનો ઇંગ્રેજી તરજુમો સારાંશ અને અગત્યની નોંધો સાથે 'ધી કે. આર. કામા ઓરીએંટલ ઇન્સ્ટીટયુટ' તરફથી ઇસ્વી સને ૧૯૨૯ માં બહાર પાડયો છે.

જરથુશ્તિ કોમે હવે આગલ વધી, વધુ તહકીક કરી, શોધખોળ આગળ વધારી, પોતાનાં દીની સાહિત્યના વધારે શુદ્ધ તરજુમા, ઇંગ્રેજી તેમજ ગુજરાતી ભાષામાં બહાર પાડવાની અવશ્ય ફરજ છે. યુરોપના વિદ્વાનોના

યુરોપની ભાષાઓમાં કરેલા તરજુમાઓની નકલ કરવાથી, હાલના જરથુશ્ત્રિઓ જરથુશ્ત્રિ મજહબ મતને ઉલટાવી નાખી આડે રસ્તે ઉતરી પડયા છે.

શબ્દાર્થ વિચાર

આપણી પાદ્દયાબ્ કુસ્તીની નીરંગોમાં આવતા કેટલાક અગત્યના અવસ્તા અને પાર્સીક શબ્દો ઉપર વિચાર કરીશું.

અષ

આપણે જરથુશ્ત્રિઓ સાધારણ રીતે 'અષ'નો અર્થ "અષોઇ" કરિયે છિયે. 'અષ'નું બીજું રૂપ અવસ્તામાં 'અરૅત' મળે છે, જે વેદમાં મળતાં રૂપ ऋत ને મળતું છે, જેનો ધાતુ ऋ (="આગળ વધવું", "ચઢવું"). ऋत નો અર્થ "અચળ નિયમ", "ખુદાઇ કાયદો," "સચાઇ." એ સઘળા અર્થો ગાથા અને પાછલા અવસ્તામાં મળેતા શબ્દ 'અષ'ના પણ છે. ગાથા અને પાછલા અવસ્તાના 'અષવન્'નું વેદમાં મળતું રૂપ ऋतावन् 'અષવન્'ને અર્થે વપરાય છે. 'અષ' તે "અચળ નિયમ"; 'અષવન્' તે અચળ નિયમ પ્રમાણે ચાલનાર "અષો"; અને 'અષોઇ' તે અચળ નિયમ પ્રમાણે ચાલનારનાં મનસા, વાચા, કર્મનાં "સ્વચ્છતા, સાચવટ, રાસ્તી."

'અર્ષૅમ્ વૉહૂ વહિશ્તૅમ્ અસ્તી'માં 'વહિશ્તૅમ્' અતિશયાર્થક વિશેષણ છે. તે 'અર્ષૅમ્' માટે વાપર્યું છે, જોકે હાલના તરજુમો કરનારાઓએ ભૂલથી 'અર્ષૅમ્'ને બદલે 'વૉહૂ' માટે વાપરેલું માની લીધું છે.

'અષ વહિશ્ત' (="સર્વોત્તમ અચળ નિયમ") દાદાર અહુર-મજ્દાએ સૃષ્ટિની ત્રીનોય પેદાશમાં 'વૉહુ મનહ્' (="સુમનસ") પછી પ્રગટ કીધો. એ અચળ નિયમના કાયદાઓને આધારે સૃષ્ટિમાં માનસિક અને શારીરિક હસ્તીમાં, દરેક બનાવ બને છે. એ અચળ નિયમનો અભ્યાસ કરી એ અચળ નિયમના કાયદા મુજબ ચાલવાની દરેક જરથુશ્ત્રિની ફરજ છે. એ 'અષ વહિશ્ત' (="સર્વોત્તમ અચળ નિયમ") ને અષો જરથુસ્ત્રના ગાથા પછી રચાયલાં અવસ્તા લખાણોમાં 'અમૅષા સ્પૅંત' (="અમર્ગ તેજસ્વિ") ની ઉપમા આપી છે. એ 'અમૅષા સ્પૅંત' શબ્દનો અર્થ યુરોપિયન વિદ્વાનોએ "archangel"

કીધેલો હોવાથી, હાલના જરથુશ્તિઓનો એક વર્ગ દાદાર અહુરમજદા ઉપરાંત વ્યક્તિત્વ યાને ખુદી ધરાવનારી બીજી હસ્તીઓ છે એવું ચોક્કસ માનવા લાગ્યો છે, અને એ માન્યતા અસલ જરથુશ્તિ મજહબ મતાનુસાર છે એમ માની લઇ, તેના ટેકામાં દંતકથાના તરજુમાઓ રજુ કરે છે. 'અષ વહિશ્ત' નો તરજુમો પાર્સીક દંતકથામાં 'અશહી પશીમ' (="સર્વોત્તમ અચળ નિયમ") તેમજ 'અર્ત વહેશ્ત' (="અર્દિબેહેશ્ત") કીધો છે. આ પાછલા તરજુમામાં 'અષ વહિશ્ત' એક વિશેષનામ હોય તેમ તેનો તરજુમો "અર્દિબેહેશ્ત" આપેલો હોવાથી, 'અષ વહિશ્ત' એક "ચઢીઆતો ફરેશ્તો" હોવાનું અનુમાન બાંધવામાં આવ્યું છે.

વળી અષો જરથુશ્ત્રના રચેલા ગાથામાં તેમજ પાછલા જમાનાનાં અવસ્તાનાં લખાણોમાં, અલંકારિક ભાષામાં 'અષ' એક વ્યક્તિ હોય તેમ તેને સંબોધી લખાણ કરવામાં આવેલું હોવાથી, 'અષ અમેષારપેંત' (="અમર્ગ તેજસ્વિ અચળ નિયમ") વ્યક્તિત્વ ધરાવનાર એક મીનોય હસ્તી છે એમ માની લેવામાં આવ્યું છે. "અચળ નિયમ" એક ગુણવાચક નામ છે; એ ગુણવાચક નામને અલંકારિક ભાષામાં એક વ્યક્તિ તરીકે સંબોધવામાં આવેલું હોવાથી તરજુમો કરનારાઓએ અનર્થ કીધો છે.

'અષેમ્ વોહૂ'નાં 'માંથ્ર' (="મંત્ર") ને ટુંકમાં 'અષેમ' પણ કહેવામાં આવે છે; જેમકે 'સ્તઓમિ અષેમ' (="હું સ્તુતિ કરૂં છું 'અષ'ની યાને 'અષેમ્'નાં માંથ્રની"). 'હાતોખ્ત' નુસ્કની પહેલી પરગરદમાં જે 'અષ સ્તઓઇતિ' (="અષની સ્તુતિ") વિષે બોલે છે તે 'અષેમ્ વોહૂ'નાં માંથ્ર વિષે છે જેમાં 'અષ'ની સ્તુતિ સમાઇ છે. આ ઉપરથી જણાય છે કે અવસ્તા 'હાતોખ્ત' નુસ્ક લખાયો તે પૂર્વે ઘણા કદીમ જમાનામાં 'અષેમ્ વોહૂ'નું માંથ્ર જેમ આપણે જરથુશ્તિઓ આજે ભણિયે છિયે તેમ ભણવામાં આવતું હતું, અને તે માંથ્ર 'અષ સ્તઓઇતિ' ને નામે ઓળખાતું હતું.

યસ્ન હા ૨૦ માં 'અષેમ્ વોહૂ'નાં માંથ્રની ટીકા, અવસ્તા ભાષામાં લખેલી, મળે છે. એ ટીકા અસલ 'બગ' નુસ્કમાં લખાઇ હતી તે આજસુધી આપણી પાસે સચવાઇ રહી છે. 'સૂતકર' અને 'વર્શ્તમાંસર' નુસ્કના અવસ્તા આજે મોજુદ રહ્યા નથી, તેમાં પણ એ માંથ્રની શરેહ હતી, પણ તેઓનો સારાંશ દીનકર્દનાં નવમાં પુસ્તકમાં મળે છે.

યસ્ન હા ૫૯ ને છેડે દશ 'અહુનવર્' અને દશ 'અષૅમ્ વૉહૂ' ભણ્યા પછી જોતી અને રાથ્વી નીચલો કલામ ભણે છે :

'અહુનૅમ્ વઇરીમ્ યજમઇદે, અષૅમ્ વહિશ્તૅમ સ્રએશ્તૅમ અમૅષૅમ્ સ્પેંતૅમ્ યજમઇદે'.

અર્થ: "અમે 'અહુનવર્'ને વખાણિયે છિયે, અમે સર્વોત્તમ શ્રેષ્ઠ અમર્ગ તેજસ્વિ અષને વખાણિયે છિયે."

એજ કલામ હા ૭૧ ને છેડે પણ આવે છે. આ શબ્દો ઉપરથી ખુલ્લું જણાય છે કે જરથુશ્ત્રિઓ ઘણા પુરાતન કાળથી 'અહુનવર્' અને 'અષૅમ્'નાં માંથ્રોની વખાણ ચાલુ કરતા હતા અને 'અષૅમ્'નાં માંથ્રને "સર્વોત્તમ," "શ્રેષ્ઠ," "અમર્ગ" અને "તેજસ્વિ" વિશેષણો લાગુ પાડતા હતા, યાને 'અષૅમ્ વૉહૂ' નાં માંથ્રને 'અમૅષાસ્પેંત'ની ઉપમા આપવામાં આવી હતી.

એજ મુજબ યસ્ન હા ૬૦ અને ૭૧ ને છેડે ચાર 'અહુનવર્' અને ત્રણ 'અષૅમ્' ભણવા પછી, 'અહુનવર્' અને 'અષૅમ્'ને ઉપલાજ શબ્દોમાં વખાણ્યા છે, અને ત્યાર પછી યસ્ન હા ૬૧ અને ૭૨ માં નીચલા શબ્દો બોલવામાં આવે છે :

'અહુનૅમ્-ચ વઇરીમ્ ફ્રએષ્યામહી અંતરૅ-ચ જાંમ્ અંતરૅ-ચ અસ્મનૅમ્; અષૅમ્-ચ વહિશ્તૅમ્ ફ્રએષ્યામહી અંતરૅ-ચ જાંમ્ અંતરૅ-ચ અસ્મનૅમ્; યેઙ્હે હાતાંમ્-ચ હુક્રાયસ્તાંમ્ ફ્રએષ્યામહી અંતરૅ-ચ જાંમ્ અંતરૅ-ચ અસ્મનૅમ્; દહ્મહે-ચ નર્શ્ અષઓનો દહ્માંમ્-ચ વઙ્ઉહીમ્ આફ્રિતીમ્ ફ્રએષ્યામહી અંતરૅ-ચ જાંમ્ અંતરૅ-ચ અસ્મનૅમ્'.

અર્થ: "જમીન અને આસમાન વચ્ચે, યાને તમામ જગતમાં, અમે 'અહુનવર્'નાં વચનને મોકલિયે છિયે; અને જમીન અને આસમાન વચ્ચે અમે સર્વોત્તમ 'અષ' યાને 'અષૅમ્ વૉહૂ'નાં માંથ્રને મોકલિયે છિયે; અને જમીન અને આસમાન વચ્ચે અમે સારા વખણાયલા 'યેઙ્હે હાતાંમ્'ના કલામને મોકલિયે છિયે; અને જમીન અને આસમાન વચ્ચે અમે નેક અષો નરની નેક શુભ આફ્રીન મોકલિયે છિયે".

યસ્ન હા ૬૧ અને ૭૨ ના આ કલામમાં યજિશ્નની ક્રિયા કરનારાઓ 'અહુનવર્', 'અષૅમ્', 'યેઙ્હે હાતાંમ્' અને 'દહ્મા આફ્રિતિ'નાં માંથ્રો તમામ

જગતમાં મોકલી આપવા યાને એ માંથ્રો ગાઇને એ માંથ્રોનો અવાજ સઘળી સૃષ્ટિમાં ફેલાવવા માંગે છે.

આ ઉપરથી ખુલ્લું જણાય છે કે 'અહુનવર્', 'અષેમ્', 'યેન્હે હાતાંમ્' અને 'દહ્મા આફ્રિતિ'નાં માંથ્રોને પુરાતન કાળના જરથુસ્ત્રિઓ ઘણી અગત્યતા આપતા હતા, કારણ કે એ માંથ્રો જરથુસ્ત્રિ દીનની ચાવી જેવાં હતાં. 'અહુનવર્' વિષે આપણે જે લંબાણ વિવેચન કીધું છે તેમાં 'અષેમ્ વૉહૂ'ને લગતા પણ ઇશારા છે.

'અષ વહિશ્ત'ના સહકાર

જરથુસ્ત્રિ મજહબ મત મુજબ હરએક 'અમેષા સ્પેંત'ના અમુક યજતો 'હમકાર' છે. 'અર્દિબેહેસ્ત્ યશ્ત્' અને 'સીરોજા'નાં લખાણ મુજબ 'અષ વહિશ્ત સ્રએશ્ત અમેષા સ્પેંત'ના હમકાર 'અઇર્યમન ઇષ્ય' (= "ઇચ્છવા જોગ અઇર્યમન"), 'સુર મજદધાત' (= "મજદાએ પેદા કીધેલું નુર") અને 'સઑકા વહુઉહિ વૉઉરુ–દોઇથ્રા મજદધાતા અષઑનિ' (= "મજદાએ પેદા કીધેલી, પ્રેમાળ નજરવાળી, ભલી, અષો સઑકા"). આ ત્રણે હમકારો તનદરોસ્તી અને મનદરોસ્તી આપનારી શકિતઓ છે. યસ્ન હા ૫૪ (= 'આ અઇર્યેમા ઇષ્યો') 'અષ' અને 'અઇર્યમન્' સાથનો સંબંધ સમજાવે છે, જ્યાં 'અઇર્યમન્'ને 'મજિસ્તેમ્ અષહે સ્રવન્હાંમ્' (= "અષની વખાણોમાં શ્રેષ્ઠ") કહી છે.

'અષ' (= "અચળ નિયમ") ને જરથુસ્ત્રિ દીનમાં તનદરોસ્તી અને મનદરોસ્તી સાથે ઘાડો સંબંધ ધરાવતો દેખાડ્યો છે તે અર્થસુચક છે. જરથુસ્ત્રિ દીનનો પાયો "અચળ નિયમ" ઉપર ચણેલો હોવાથી જે કોઇ 'અષ' યાને "અચળ નિયમ" અનુસાર આ દુનિયામાં વર્તન કરે તેજ તનદરોસ્તી અને મનદરોસ્તી મેળવી અને સાચવી શકે. એજ સબબસર 'આ અઇર્યેમા ઇષ્યો' (= યસ્ન હા ૫૪) અને 'અષ વહિશ્ત યશ્ત્' (= "અર્દિબેહેશ્ત્ યશ્ત્") તનદરોસ્તી અને મનદરોસ્તીના આશીર્વાદના જાણીતા કલામો છે. જુના જમાનાથી તે આજ સુધી જરથુસ્ત્રિઓ દુઃખ દર્દ દફે કરવા 'આ અઇર્યેમા ઇષ્યો' અને 'અષ વહિશ્ત યશ્ત્' ભણે છે. લગ્નના આશીર્વાદમાં 'આ અઇર્યેમા ઇષ્યો' નો કલામ પરણતાં વર અને કન્યાની તનદરોસ્તી ઇચ્છવા માટે ભણવામાં આવે છે.

'અષ વહિશ્ત' યાને "સર્વોત્તમ અષ"નું માંથ્ર ઉચ્ચારવાથી તનદરોસ્તી અને મનદરોસ્તી આપવામાં આવે છે એવો ખ્યાલ 'અષ વહિશ્ત' યશ્ત્ ઉપરથી મળે છે.[1] તે ઉપરાંત 'અષ વહિશ્ત'નો અર્થ "અમેષાસ્પેંતોનું શુભ મકાન બેહેશ્ત" થાય છે, જે મકાનનું સારા વિચારો, સારાં વચનો અને સારાં વર્તનથી મજ્દા રક્ષણુ કરે છે. 'અષ વહિશ્ત' યશ્તનું આ અનુમાન પણ કુદરતી છે. જેમ "સર્વોત્તમ અચળ નિયમ"થી આ દુનિયામાં તનદરોસ્તી અને મનદરોસ્તી મેળવી શકાય તેમ આ દુનિયામાં તનદરોસ્તી અને મનદરોસ્તી જાળવનાર માણસ દુન્યવિ હસ્તી તમામ થવા પછી બેહેશ્તનું શુભ મકાન મેળવી શકે. જરથુશ્ત્રિ દીનનાં આ બશારતી વચનો જેટલાં અક્કલ અનુસાર અને તર્કશાસ્ત્રને આધારે રચેલાં છે તેટલાંજ સાચાં છે.

આપણા ગાથા અને પાછલા અવસ્તાનાં માંથ્રના કલામો ઉપર જેટલી વધુ રોશની પડતી જશે તેટલું જરથુશ્ત્રિઓનું પોતાની દીન ઉપરનું યકીન મજબુતી પકડશે અને દુનિયામાં પરકોમનાં લોકો જરથુશ્ત્રિ દીનની શ્રેષ્ઠતા પિછાણતાં થશે.

'અહુનવઇતિ' ગાથા (યસ્ન હા ૨૮ છંદ ૬) માં અષો જરથુશ્ત્ર 'અષ' (="અચળ નિયમ") ને જોવા, જાણવા અને પિછાણવાની ઇચ્છા દેખાડે છે :-

"ઓ અચળ નિયમ! શું હું જાણકાર જોઇશ તને અને નેક મનસને, અને સર્વશકિતવાન અહુરમજ્દાનાં ભકિતસ્થાનને? આ મંત્રથી જબાન વડે દુષ્ટ મનુષ્યોને અમે અતિશય ઘણાં ઇમાનદાર બનાવિયે."

આ ફકરામાં અષો જરથુશ્ત્ર અને તેમના શાગેરદો 'અષ' (="અચળ નિયમ")ને, 'વોહુ મનહ્' (="સુમનસ")ને, અને અહુરમજ્દાનાં 'ગાતૂમ્ સ્રઓષેમ્' (="ભક્તિસ્થાન")ને જોવા ઇચ્છે છે, અને 'અષ'નાં મંત્રની મદદથી તે જમાનાનાં સઘળાં દુષ્ટ મનુષ્યોને ઇમાનદાર બનાવવાની ઉમેદ દરશાવે છે.

---

૧. જુવો 'ગાથા સોસાયટી' એ પ્રગટ કીધેલું શેઠ સોરાબજી નવરોજી કાંગાનું પુસ્તક: 'The Law of Suggestion and Self-Suggestion in the Ardibehesht Yasht, in the Light of Modern Spiritualism.' (ઇંગ્રેજી ભાષામાં).

'અષ' (="અચળ નિયમ") શું છે તે 'અષૅમ્ વૉહૂ'નાં માંથ્રની મદદથી આપણે ઘણા થોડા શબ્દોમાં ઘણી સારી રીતે જોઇ શકિયે છિયે. પણ હા ૨૮ના છંદ ૬ માં અષો જરથુસ્ત્ર 'અષ', 'વૉહુ મનન્હ્' અને 'ગાતૂમ્ અર્ઑષૅમ્'નાં દર્શન કરવા ઇંતેજાર છે. એ સ્પષ્ટ રીતે દેખાડે છે કે 'અષૅમ્ વૉહૂ'નું માંથ્ર, જે અવસ્તા દંતકથા મુજબ અહુરમજ્દાનું પોતાનું વચન છે, તે વચનની બશારતથી અષો જરથુસ્ત્ર 'અષ'નું દર્શન કરવાને આતુર છે.

અહુનવઇતિ ગાથા, યસ્ન હા ૨૮ના છંદ ૬ ઉપરથી પાછલાં યસ્ન સાહિત્ય (હા ૬૦, ફકરા ૧૨ = હા ૭૧, ફકરા ૩૧) માં આપણને નીચલો વાકય રચેલો મળે છે:—

'અષ[1] વહિશ્તં[2]! અષ[3] અએશ્ત[4]! દરૅસામ[5] થ્વા[6], પઇરિ[7] થ્વા[8] જમ્યામ[9], હૅમ્[10] થ્વા[11] હખ્મ[12].'

અર્થ: "ઓ સર્વોત્તમ[2] અચળ નિયમ[1]! ઓ શ્રેષ્ઠ[4] અચળ નિયમ[3]! તને[6] અમે જોઇએ[5]! તને[8] અમે સમ્પૂર્ણ[7] પહોંચિયે[9]! તારી[11] સોહબત અમે મેળવિયે[10,12]."

આ કલામ આપણે જરથુશ્ત્રિઓ આપણી બામદાદની 'હુશ્બામ્'ની બંદગીમાં ભણી, અષો જરથુસ્ત્રને પગલે ચાલી, સર્વોત્તમ અને શ્રેષ્ઠ 'અષ' (="અચળ નિયમ") નાં દર્શન કરી, તેને સમ્પૂર્ણ પહોંચી, તેની સાથે સંબંધ કરવાની હરરોજ આરજુ કરિયે છિયે.

જો આપણે જરથુશ્ત્રિઓ આપણાં માંથ્રોના અર્થ સમજી, આપણી ફરજિયાત બંદગીઓ ગુજારિયે તો આપણી દીનનાં ફરમાનો સમ્પૂર્ણ રીતે બજા લાવી શકિયે.

'અષૅમ્ વૉહૂ' નાં માંથ્ર વિષે અવસ્તા ભાષામાં જે લખાણ મળે છે તેનો આ ટુંક સાર છે. આવાં સુંદર માંથ્રનું વચન આપણા નેક નયાગાનોએ ૮૬૦૦ વર્ષ સુધી જાળવી રાખ્યું તે આપણે અને ભવિષ્યની જરથુશ્ત્રિ ઓલાદે બીજા હજારો વર્ષો સુધી સાચવવું જોઇએ. જ્યાંસુધી સૃષ્ટિ અહુરમજ્દાના અચળ નિયમ અનુસાર ચાલે ત્યાંસુધી આ 'અષ-સ્તઑઇતિ' અને તે શિખવનાર અષો જરથુસ્ત્રની જરથુશ્ત્રિ દીન કાયમ રહો!

'વૉહુ'

'વૉહુ' શબ્દ આપણી 'નીરંગ-ઇ પાદ્યાબ્'માં, 'અશૅમ વૉહૂ' માં અને 'આસ્તૂઇતિ'માં મળે છે. એ શબ્દને મળતો સંસ્કૃત શબ્દ वसु છે અને તેનો અર્થ પાર્સીક દંતકથા મુજબ 'આવાતીહ્' (= "આબાદી") છે અને સંસ્કૃત वसु ના અર્થ પ્રમાણે "દોલત", "નેઅમત" લેવાય છે.

'ઉશ્તા'

'ઉશ્તા' શબ્દનો અર્થ પાર્સીક દંતકથા મુજબ "નેક," "નેકી" કરવામાં આવે છે. "નેક" નો અર્થ બહોળો છે. જે સદ્ગુણી માણસ સદ્વર્તન કરી સદાચરણનો બદલો યાને સુખ મેળવે તેને "નેક" કહેવામાં આવ્યો છે; "નેકી" તે સદ્ગુણીનું સુખ છે. વેદ કે સંસ્કૃત ભાષામાં એ શબ્દ એ અર્થ સાથે જડતો નથી.

'પાયૂમ્'

યસ્ન હા ૪૬, ૭ માં આવતો 'પાયૂમ્' શબ્દ સંસ્કૃત पा (= અવસ્તા 'પા') ધાતુ ઉપરથી ઉત્પન્ન થયો છે, અને 'પાયુ'ની બીજી વિભક્તિ એકવચન છે. 'પાયુ' (= पायु) શબ્દ નરજાતીમાં વપરાય છે, અને વેદમાં એનો અર્થ "રક્ષક" થાય છે. પાર્સીક દંતકથા મુજબ એ 'પાયુ' શબ્દનો તરજુમો 'પાન' (= "બચાવનાર") કરવામાં આવ્યો છે, જે વેદના पायु શબ્દના અર્થને મળતો છે.

'કેમ્'

એ 'પાયૂમ્' શબ્દની સાથે મેલેલું પ્રશ્નાર્થક સર્વનામ 'કેમ્' પણ નરજાતી બીજી વિભક્તિ એકવચનમાં છે, અને ગાથા સાહિત્યમાં માત્ર બેજ વાર મળ્યું છે: હા ૨૯, ૨ અને હા ૪૬, ૭ માં. બન્ને જગ્યાએ 'કેમ્' શબ્દનો અર્થ "કોણ" થાય છે. 'કેમ્...પાયૂમ્' = "કોણ...રક્ષક."

પાર્સીક તરજુમો કરનારાઓએ 'કેમ્' શબ્દને બદલે 'કે મે' વાંચી 'કે ઓ મૅન્' (= "કોણ મને") તરજુમો કીધો છે, અને કેટલાક ભાષાશાસ્ત્રને કાયદે તરજુમો કરનારાઓ પાર્સીક દંતકથાને આધારે ચાલ્યા છે.

'દદાઑ'

ઉસ્તાદ કાવસજીએ વેસ્ટરગાર્ડ અને ગેલ્ડનરને આધારે 'દદાઑ'ને બદલે 'દદાત્' વાંચી 'કેમ્ ના... પાયૂમ્ દદાત્' શબ્દોનો અર્થ "કયો શખ્સ બચાવ આપશે" આપી, નોંધ ઉમેરી છે કે " 'દદાત્'ને બદલે નોટમાં આપેલો 'દદાઑ' કબૂલ રાખ્યે અને 'ના'ને અવ્યય તરીકે લઈએ તો, નીચે મુજબ અર્થ થઈ શકે:—"અએ હોરમજ્દ ! મારે માટે તથા મારા લાગતાઓને માટે રક્ષણ કરનાર તે વખતે (ના) કોણને તેં ઠેરવ્યો છે." "

અવસ્તાના મોજુદ ચાર હસ્તલેખોમાં 'દદાત્' લખેલો મળે છે; અગિયાર હસ્તલેખોમાં 'દદાઑ' મળે છે; ત્રણમાં 'દધાઑ' અને એકમાં 'દદા' મળે છે.

પાર્સીક દંતકથાના તરજુમા પ્રમાણેનો અર્થ :"કે–ત્ ઓ મૅન્ ઓહરૂમજદ્દ મનીકાન્ હાવૅસ્તાન્–ઇ મૅન્ પાન દાત્' (="ઓ અહુરમજ્દા ! મારે માટે અને મારાઓ માટે, મારા શાગેરદો માટે, તેં કોણ રક્ષક નેમ્યો?")

આ તરજુમા ઉપરથી ખુલ્લું છે કે પાર્સીક દંતકથાનો તરજુમો કરનારાઓએ 'દદાઑ' વાંચી અર્થ કીધો છે.

ગાથા અને અવસ્તામાં તેમજ વેદ અને સંસ્કૃતમાં 'દા' ધાતુના ઘણા અર્થો છે. એમાંના બે અર્થો: ૧) "આપવું," ૨) "ઠેરવવું," આ જગ્યાએ લાગુ પડી શકે. ગાથાનો 'દદાઑ' વેદના દદાસ્‌ને મલતો અપૂર્ણ ભૂતકાળ, બીજો પુરૂષ, એકવચન, અને 'દદાત્' વેદના દદાત્‌ને મલતો અપૂર્ણ ભૂતકાળ, ત્રીજો પુરૂષ, એકવચન છે.

હાલના તરજુમો કરનારાઓની પસંદગી 'દદાત્' (="તેણે આપ્યું") ઉપર ઉતરવાનો સબબ આ છે કે આ પદમાં 'કેમ્' પાછળ આવતા 'ના' શબ્દને એક સામાન્ય નામ લઇ, તેનો અર્થ "નર," "પુરૂષ" લઇ, તેને 'દદાત્' ક્રિયાપદનો કર્તા ધારી લીધો. ઉસ્તાદ કાવસજીએ પોતાની નોંધમાં જણાવ્યું છે તેમ એ 'ના' શબ્દ એક ઉપસર્ગ છે અને ગાથામાં 'ચિથૅના,' 'યથ–ના,' 'કસ્–ના,' વિગેરે શબ્દોમાં મળે છે. પાર્સીક દંતકથાનો તરજુમો વાજબી હોવાથી આપણે તે તરજુમો કબુલ રાખ્યો છે.

'દ્રેગ્વત્', 'દ્રુવત્'

યસ્ન હા ૪૬ નો સાતમો છંદ 'નીરંગ–ઇ કુસ્તી પાદ્યાબ્'માં સમાવિયો છે. તેમાં અષો જરથુસ્ત્રએ 'દ્રેગ્વાઑ' શબ્દ કોણને માટે વાપર્યો છે? યસ્ન

હા ૩૦, ૫ માં 'દ્રેગ્વાઓ' (= "દર્વંદ" = "બુરો") શબ્દ એ મીનોય 'સ્પેંત' અને 'અંગ્ર'માંના 'અક' (= "બુરા") મીનોય માટે વાપર્યો છે એ નક્કી છે.

યસ્ન હા ૪૬, ૭ માં પારસીક દંતકથાએ આ 'દ્રેગ્વાઓ' શબ્દનો અર્થ 'દર્વંદ અહ્રિમન્' કીધો છે; ઉસ્તાદ નેરિયોસંગ એનો અર્થ दुर्गती आह्मोग: કરે છે. ઉસ્તાદ કાવસજી 'દ્રેગ્વાઓ'નો અર્થ "કોઇ દુષ્ટ માણસ" કરે છે. સ્પીગલ, ડામેંસ્ટેટ, મીલ્સ ત્રણેએ એ શબ્દનો અર્થ 'અહ્રિમન્' કે 'આહ્મોગ' કીધો નથી.

યસ્ન હા ૩૨, ૫ માં આવતા 'દ્રેગ્વંતેમ' શબ્દનો અર્થ પારસીક દંતકથાએ 'દર્વંદ ગનામીનોય' લીધો છે. ઉસ્તાદ કાવસજીએ "અંગ્રે મેન્યુશને" અર્થ કરી નોંધ કીધી છે કે ""**અંગ્ર મઇન્યુ**" ઉપરાંત હારેમનને માટે ગાથામાં કોઇ વખતે **દ્રેગ્વન્ત** બોલબી વપરાએલો આવે છે. (જુઓ યજ. ૩૦, ૫).''' ઉસ્તાદ નેરયોસંગ दुर्गतिनो आह्रमनात् તરજુમો કરે છે. ડામેંસ્ટેટે એ શબ્દનો અર્થ 'au Mechant' (= "બુરાને") કરી નોંધમાં ખુલાસો આપતાં એને 'અહ્રિમન' ગણે છે. સ્પીગલ અને મીલ્સ માત્ર સાધારણ રીતે "for the wicked", "the evil infidel" તરજુમો આપે છે.

યસ્ન હા ૪૩, ૮ માં આવતા 'દ્રેગ્વાઇતે' શબ્દનો પારસીક દંતકથા 'દર્વંદ ગનામીનોય' અર્થ કરે છે; ઉસ્તાદ નેરિયોસંગ પારસીક દંતકથાને અનુસરીને दुर्गतिन: आह्रमनस्य' તરજુમો આપે છે. ઉસ્તાદ કાવસજીનો અર્થ "દુષ્ટ (માણસ)ને માટે" છે.

ઉપર આપેલા દાખલાઓ ઉપરથી દિસે છે કે અષો જરથુસ્ત્રએ 'અંગ્ર' (= "બુરા" મીનોય) માટે 'દ્રેગ્વંત્' શબ્દ યસ્ન હા ૩૦, ૫ માં ખાતરીપુર્વક વાપર્યો છે; અને બનવાજોગ છે કે હા ૪૬, ૭ માં 'દ્રેગ્વાઓ' શબ્દ કોઇ બુરા માણસ માટે નહિ પણ 'અંગ્ર' માટે આવ્યો છે.

જેમ હા ૪૬, ૭ માં 'આતર્' અને 'મનઙ્હ્' 'દ્રેગ્વાઓ' યાને 'અંગ્ર મઇન્યુ' સામે અષો જરથુસ્ત્રના રક્ષક છે તેમજ પાછલાં અવસ્તા સાહિત્ય ફ્રવદીન યશ્ત્ ફકરા ૭૭ માં જણાવ્યું છે કે "જ્યારે 'અંગ્ર મઇન્યુ' ભલા અચળ નિયમની પેદાશની આડે આવ્યો ત્યારે 'વોહુ મનઙ્હ્' અને 'આતર્' વચ્ચે પડયાં અને તે બન્નેએ 'દર્વંદ અંગ્ર મઇન્યુ'નાં કપટ તોડયાં."

ત્યાં પણ 'અંગ્ર મઇન્યુ'ને 'દર્વંદ્' કહ્યો છે. એજ મુજબ હોર્મઁજ્દ્ યશ્ત્ ફકરા ૧૯ માં 'અંગ્ર મઇન્યુ' ને 'દર્વંદ્' વિશેષણ લગાડયું છે: 'પઇરિ દ્રવતત્ યત્ અદ્રાત્ મઇન્યઑત્' (="દર્વંદ જે અંગ્ર મઇન્યુ તેની સામે").

'દ્રૅગ્વત્' શબ્દ ગાથામાં મળે છે; એનું પાછલા અવસ્તાનું રૂપ 'દ્રવત્' છે. એ શબ્દ द्रु, द्रुह् (="દગા, હાનિ કરવી") ધાતુ ઉપરથી નિકળ્યો છે, અને 'અષવન્' શબ્દથી ઉલટો અર્થ ધરાવે છે. જ્યારે 'અષવન્' (="અષો") "અચળ નિયમનું રક્ષણ કરનાર" છે, ત્યારે 'દ્રૅગ્વત્' (="દર્વંદ") "અચળ નિયમ મુજબ ચાલનારને હાનિ પહોંચાડનાર" છે. હાલના જરથુશ્તિઓ બીજી દીન પાળનારને 'દર્વંદ' કહે છે, જ્યારે ગાથા અને પાછલા અવસ્તામાં જે કોઇ માણુસ 'અષવન્' (="અષો," "અચળ નિયમનું રક્ષણ કરનાર") નહિ તેને 'દ્રૅગ્વત્' અથવા 'દ્રવત્' કહેવામાં આવતો.

'દીદર્ઁષતા'

યસ્ન હા ૪૬, ૭ માં આવતો 'દીદર્ઁષતા' શબ્દ ધાતુ धृष् (="હામ ભીડવી", "હિંમત કરવી") ઉપરથી નિકળેલો અપૂર્ણ ભૂતકાળ ત્રીજો પુરૂષ એકવચન છે. જો શબ્દસઃ તરજુમો કરિયે તો "હામ ભીડી" અર્થ થાય. પાસીંક દંતકથામાં 'પ દારિશ્ન' (="રાખવા માટે") તરજુમો કીધેલો મળે છે. કોઇક અભ્યાસીઓ એ શબ્દ दृश् (="જોવું") ધાતુ ઉપરથી નિકળેલો ધારે છે.

'આતર્', 'મનસ્'

'નીરંગ-ઇ કુસ્તી પાદ્દયાબ્'માં 'ઉશ્તવઇતિ' ગાથા (યસ્ન હા ૪૬) માંથી લેવામાં આવેલા છંદમાં 'આતર્' અને 'મનસ્' શબ્દો જે અર્થે વાપર્યા છે તે જાણવાજોગ છે. આ હા ૪૬ ના છંદ ૭ માં અષો જરથુસ્ત્રએ આપણ જરથુશ્તિઓને એવી માન્યતા ધરાવવા ફરમાવ્યું છે કે માણસજાત માટે અહુરમજ્દાના 'આતર્' અને 'મનસ્' જેવા બીજા કોઇપણ રક્ષક નથી, અને જણાવ્યું છે કે અહુરમજ્દાનાં 'આતર્' અને 'મનસ્'નાં કાર્યથી 'અષ' (=અહુરમજ્દાનો "અચળ નિયમ") આગળ વધ્યો. આ અલંકારિક ભાષાનો અર્થ શું?

'આતર્'

આપણુ જરથુશ્ત્રિઓને જાણવું અવશ્યનું છે કે પારકા વિચાર ધરાવનારાઓ જરથુશ્ત્રિ મજહબ મતની ફિલસુફી ભરી મતલબ નહિ સમજ્યા તેથી જરથુશ્ત્રિ દીનને કપાળે 'આતશ પરસ્તી'નું ટીલું ચોટયું છે. જરથુશ્ત્રિઓની કહેવાતી "આતશની પરસ્તેશ" નો ખરો અર્થ સમજતાં દરેક જરથુશ્ત્રિ પોતાની દીનનાં આ મૂળ ફરમાનને માટે આખી જીંદગી ભર વફાદારી ધરાવશે. જરથુશ્ત્રિ 'આતશ પરસ્તી' દુનિયામાં માણસે લાકડાં કે બીજી વસ્તુમાંથી પેદા કીધેલા અગ્નિની પરસ્તેશ નહિ પણ 'મીનોય આતર્'ની પરસ્તેશ છે.

જરથુશ્ત્રિ મજહબ મત મુજબ "અહુરમજ્દાનો આતર્" સૃષ્ટિમાં સઘળે વ્યાપી રહ્યો છે. એ 'આતર્' વિના સૃષ્ટિ રચનામાં કોઇપણ વ્યક્તિ કે વસ્તુ જીવન ભોગવી શકે નહિ. એ 'આતર્' સૃષ્ટિની સઘળી પેદાશને અને મનુષ્યજાતને અહુરમજ્દા સાથે એકતાન કરે છે.

"અહુરમજ્દાનો આતર્" એટલે શું? આપણે એ શબ્દોનો અર્થ સમજવાની કોશેશ કરીશું.

અષો જરથુશ્ત્રના જમાના પૂર્વેની આર્યન પ્રજા 'આતર્' તરફ સમ્પૂર્ણ માન ધરાવતી હતી. પાર્સીક સાહિત્યમાં સચવાયલી દંતકથા મુજબ, પેશદાદી શાહ જમશેદના જમાનાથી આતર્ ફ્રેનબગ્, આતર્ ગોશ્નસપ્ અને આતર્ બોર્જીન્મિત્રને દાદગાહે તખ્તનિશીન કરી તેઓની પરસ્તેશ કરવામાં આવતી હતી. શાહ વિશ્તાસ્પના જમાના સુધી એ ત્રણ આતર્ તેઓની દાદગાહે તખ્તનિશીન કરેલા મોજુદ હતા. શેહેનશાહ ફ્રેદુનએ 'આતર્ વર્તસ્તર્'ની સ્થાપના કીધી હતી. ઉજવ તુમાસ્પનએ 'આતર્-ઇ કાતકાન્' સ્થાપ્યો હતો. તુરાની અફ્રાસિયાબએ સીસ્તાનમાં 'આતર્-ઇ કરકોય' સ્થાપ્યો હતો. જરથુશ્ત્રિ દીનનાં આગમન પછી શાહ વિશ્તાસ્પના જમાનાથી તે સાસાની શેહેનશાહોનું રાજ્ય પુરૂં થયું ત્યાંસુધીમાં અનેક 'આતશ્-ઇ વરહરાંન્' સ્થપાયા હતા, જેમાંના ઘણા અરબોનાં રાજ્યમાં બુઝાવી નાખવામાં આવ્યા હતા.

આ ઉપરથી માલમ પડે છે કે 'આતર્'ની પરસ્તેશ અષો જરથુશ્ત્રના જમાના અગાઉની છે. અષો જરથુશ્ત્રના ગાથાનાં લખાણો તપા-

સતાં માલમ પડે છે કે અષો જરથુશ્ત્રએ 'આતરૂ' તરફનું માન પોતાની દીનમાં ચાલુ રાખ્યું હતું: જુવો ગાથા 'અહુનવઇતિ', યસ્ન હા ૩૧ છંદો ૩ અને ૧૯; હા ૩૪, ૪; ગાથા 'ઉશ્તવઇતિ', યસ્ન હા ૪૩ છંદો ૪ અને ૯; હા ૪૬, ૭; ગાથા 'સ્પઁતામઇન્યુશ્', યસ્ન હા ૪૭, ૬; ગાથા 'વૉહુખ્ષથ્ર', યસ્ન હા ૫૧, ૯.

ઉપર ટાંકેલા ગાથામાં આવતા આઠ ફકરાઓમાંના ૭ ફકરાઓમાં અષો જરથુસ્ત્ર અહુરમજ્દા સાથે સવાલ જવાબ કરતાં 'આતરૂ' વિષે આ મુજબ વિશેષણો વાપરી બોલે છે:—'થ્વા આથ્રા સુખ્રા' (="તારા ઝળકતા આતરૂ મારફતે"—હા ૩૧, ૧૯, હા ૫૧, ૯); 'તોઇ આથ્રૅમ અઑજોંઙ્હ્વંતૅમ્ અસીશ્તૅમ્ ઍમવંતૅમ્ સ્તોઇ-રપઁતૅમ્ ચિથ્રા-અવહ્હૅમ' (="તારા જોરાવર, ઘણે દૂર વ્યાપી જતા, બળવાન, હમેશ ખુશાલી આપનાર, જાહેર મદદ કરનાર આતરૂને"—હા ૩૪, ૪); 'થ્વહ્યા ગરૅમા આથ્રો અષા-અઆજંહો' (="તારા અતિશય-જોરાવર આતરૂની ગરમીથી"—હા ૪૩, ૪); 'અહ્યા ફૅરસૅમ્: કહ્માઇ વીવીદુયે વષી? અત્ આ થ્વહ્માઇ આથ્રે રાતાંમ્ નૅમહ્હો અષહ્યા' (="તેનો, વૉહુ મનહ્હનો, પ્રશ્ન: 'કોને તું જાણવા ઇચ્છે છે?' અષો જરથુસ્ત્રનો ઉત્તર: 'તારા અષના આતરૂને નમસ્કાર અર્પણ.'"—હા ૪૩, ૯), 'અન્યેમ થ્વહ્માત્ આથ્રસ્ચા મનહ્હસ્ચા' (="તારા આતરૂ અને મનસ્ સિવાય બીજો"—હા ૪૬, ૭).

આ સઘળા ૭ ફકરાઓમાં 'આતરૂ'ને "તારો" (="અહુરમજ્દાનો") કહ્યો છે; બે ફકરામાં 'આતરૂ'ને 'સુખ્ર' (="ઝળકતો") કહ્યો છે; બેમાં 'આતરૂ' સાથે 'અઑજોંઙ્હ્વત્' (="જોરાવર") અને 'અષા-અઑજંહો' (="અતિષય જોરાવર") વિશેષણ વાપર્યાં છે. યસ્ન હા ૩૪ નો છંદ ૪ થો આપણુ જરથુસ્ત્રિઓનાં રોજનાં ભણતર 'આતશ્ નીયાયિશ્ન'માં શામેલ કરવામાં આવ્યો છે. એ ફકરામાં ઉપર કહેલાં વિશેષણો ઉપરાંત ચાર વધુ વિશેષણો 'અસીશ્તૅમ્, ઍમવંતૅમ્, સ્તોઇ-રપઁતૅમ્, ચિથ્રા-અવહ્હૅમ' (="ઘણે દુર વ્યાપતો, બળવાન, હમેશ ખુશાલી આપનાર, જાહેર મદદ કરનાર") મળે છે.

અષો જરથુશ્ત્રએ અહુરમજ્દાના આતરૂને કેવી રીતે પિછાણિયો તે વિષેનું તેમના વિચારોનું પ્રગટિકરણ અહીંઆંથી મળે છે. આ અક્કલ અનુસાર

લખાણ ઉપરથી અષો જરથુસ્ત્રનાં જ્ઞાનનો સમ્પૂર્ણ ખ્યાલ મેળવી શકાય છે. "અહુરમજદાનો આતર્" તે આ દુનિયામાં 'અએસ્મ' (= "બાળવાનાં લાકડાં") કે બીજી બળી શકે તેવી વસ્તુમાંથી ઉપજતો અગ્નિ નથી. જે મીનોય હસ્તીમાં અહુરમજદા છે તે હસ્તીમાં અણુદીઠ, જાવેદાન હયાતી ભોગવતા મીનોય આતર્ને ઇશારો કરતાં અષો જરથુસ્ત્ર તેને "અહુરમજદાનો આતર્" કહે છે. એ આતર્ને 'અસીશ્ત' (= अशिष्ठ = "ઘણે દૂર વ્યાપતો"), 'એમવત્' (= अमवत् = "બળવાન"), 'સ્તોઇ-રપઁત, (= "હમેશ ખુશાલી આપનાર"), 'ચિથ્રા-અવઙ્હ' (= "જાહેર મદદ કરનાર") કહ્યો છે. આ આતર્નું 'અસીશ્ત' વિશેષણ સિદ્ધ કરે છે કે એ આતર્ ઘણે દૂર પહોંચી સૃષ્ટિમાં સઘળે વ્યાપે છે. આ એક વિશેષણ બેશક પુરવાર કરે છે કે અહુરમજદાનો આ આતર્ અહુરમજદાની મીનોય હસ્તીમાંથી મીનોય તેમજ શારીરિક સૃષ્ટિ ઉપર આવતો હોવાથી તે મીનોય આતર્ છે જેની અષો જરથુસ્ત્રએ ઉપર કહેલા ગાથાના છંદોમાં સ્તુતિ ગાઇ છે.

વળી યસ્ન હા ૪૩, ૯ માં અષો જરથુસ્ત્ર અહુરમજદાના 'અષ'ના આતર્ને "નમસ્કાર અર્પણ" કરવાની ખાહેશ દેખાડે છે. હાલમાં આપણે જરથુસ્ત્રિઓ ઘર, દાદ્ગાહ, આદરાંન્ કે આતશ બહેરામના આતશ કે ચેરાગ સામે ઉભા રહી અષો જરથુસ્ત્રના શાગેરદોએ પાછલા જમાનામાં રચેલી 'આતશ્ નીયાયિશ્ન' ભણતાં આતર્ને નમસ્કાર કરિયે છિયે. એ દુન્યવી આતશ અહુરમજદાના આતર્નું ચિહ્ન હોવાથી અને અહુરમજદાનો આતર્ એ દુન્યવી આતશમાં ઉતરી આવી વસેલો હોવાથી આપણે જાણે અહુરમજદાના આતર્ને દુન્યવી આતશનાં ચિહ્ન મારફતે નમસ્કાર (= "નીયાયિશ્ન") પુગાડિયે છિયે. આ આપણી દીની રૂઢી, આપણા પવિત્ર પયગમ્બરને પગલે ચાલી, હજારો વર્ષ થયાં આજસુધી આપણા પૂર્વજોએ અને આપણે જાળવી રાખી છે.

વળી યસ્ન હા ૪૩, ૪ માં "અહુરમજદાના અતિશય જોરાવર આતર્ની ગરમી" વિષે જે ઇશારો છે તે ઘણો અર્થસુચક છે. જેમ સૂર્યની ગરમી આ દુનિયાનાં દરેક ખુણામાં વ્યાપી રહે છે તેમ સૂર્યથી અતિશય દૂરથી આવતી "અહુરમજદાના મીનોય આતર્ની ગરમી" આ સૃષ્ટિમાં બધે વ્યાપે છે. ખુદ અષો જરથુસ્ત્રએ ઘણા પુરાતન કાળમાં

ઉચ્ચારેલા આ શબ્દો ઘણું ધ્યાન આપવાજોગ છે, અને એ શબ્દોમાં અષો જરથુસ્ત્રનાં જ્ઞાનનો એક અચુક પુરાવો છે.

વળી ગાથામાં આવતા 'આતર્' ને લગતા ઉપર જણાવેલા આઠ ફકરાઓમાં અષો જરથુસ્ત્રનો એક ઘણો મહત્વનો વિચાર જાહેર થાય છે. દાદાર અહુરમજ્દાનો ન્યાય અચુક છે. આ દુનિયાની હસ્તીમાં અહુરમજ્દા સૌને ઇનસાફ આપે છે. બુરાંઓ (=દર્વંદો)ની ગમે એટલી કોશેશ છતાં અહુરમજ્દાનો 'આતર્' સૌને સમ્પૂર્ણ ઇનસાફ મેળવી આપે છે. ગાથાના આ ફકરાઓમાંના યસ્ન હા ૩૧ ફકરા ૩ અને ૧૯, હા ૪૭, ૬ અને હા ૫૧, ૯ માં જે શબ્દો 'રાનોઇબ્યા' (="બે લડનારા") અને 'રાનયાઓ' (="લડાઇનું") આવે છે તે આ દુન્યવી હસ્તીમાં નેક અને બદ વિરોધીઓની લડાઇ વિષે ઇશારો છે. યસ્ન હા ૩૧, ૩ માં આવતા અષો જરથુસ્ત્રનાં વચન દરેક જરથુસ્ત્રિએ હમેશાં હૈડે રાખવાજોગ છે:

"જે ખુસ્નુદી બે વિરોધીઓમાંના હરએકને અદ્રશ્ય રીતે આતર્ અને અચળ નિયમની મારફતે તું આપશે, માંગનારાઓ કાજે જે વ્રત તે, ઓ મજ્દા! તારાં મુખની જબાનથી અમને જાણવા દે, જેથી સઘળાં હયાતી ધરાવનારાંઓને અમે ઇમાનદાર બનાવિયે."

આ દુનિયામાં, દિવસ અને રાત, નિરંતર સાચ અને જુઠ વચ્ચે લડાઇ ચાલે છે. એ લડાઇમાં અહુરમજ્દા હમેશાં પોતાના આતર્ અને અચળ નિયમથી સાચાને જુઠા ઉપર ફત્તેહ આપે છે એવી અષો જરથુસ્ત્રની માન્યતા છે, અને અહુરમજ્દાની બશારતી ગવાહી મેળવી અષો જરથુસ્ત્ર આખી દુનિયાની માણસજાતને આ માન્યતા ધરાવતી બનાવવા ઇચ્છે છે. આ માન્યતા જરથુસ્ત્રિ દીનનો મૂળ પાયો છે, અને આ માન્યતા ધરાવવાથીજ એક માણસ પોતાની અષોઇ ભરી કારકીર્દિથી દુનિયામાં હર પ્રકારનાં જુઠાં સામે પોતાની જીંદગીમાં જરૂર ફત્તેહ મેળવે.

ગાથામાં આવતા આ સઘળા આઠ ફકરાઓમાં અહુરમજ્દાનો આતર્ દર્વંદ ઉપર અષોની જીત બતાવે છે. ખાસ કરી 'નીરંગ-ઇ કુસ્તી પાદ્યાબ્'માં જે યસ્ન હા ૪૬, ૭ ભણવામાં આવે છે તે છંદમાં અષો જરથુસ્ત્રએ એવો દ્રઢ વિચાર જાહેર કીધો છે કે જ્યારે દર્વંદ 'અંગ્ર'એ તેમની સામે ઇજા કરવા હામ ભીડી ત્યારે અહુરમજ્દાનાં 'આતર્' અને 'મનસ્' એ

તેમનું રક્ષણ કીધું, અને વધુ જણાવિયું છે કે 'આતર્' અને 'મનસ'નાં કર્મોથી 'અષ' (= "અચળ નિયમ") આગળ વધ્યો.

આ ઉપર કહેલા ગાથાના આઠ ફકરાઓમાંથી ખુદ અષો જરથુસ્ત્રના 'આતર્' વિષેના વિચારો જાણ્યા. અષો જરથુસ્ત્રની પછીના જમાનામાં અષો જરથુસ્ત્રના નજદીકના શાગેરદોએ એ વિચારો કેમ ખીલવિયા? 'યસ્ન હપ્તંહાઇતિ' (= "સાત હા ધરાવતી યસ્ન"), જે યસ્ન હા ૩૫ થી ૪૨ માં સમાવી છે, તે અષો જરથુસ્ત્ર પછી તેમના શાગેરદોએ ગાથાની ભાષામાં લખેલું સાહિત્ય છે. એ 'યસ્ન હપ્તંહાઇતિ'નાં બીજાં પ્રકરણ (યસ્ન હા ૩૬) માં 'અહુરમજ્દાના આતર્'નું વર્ણન ઘણું મનન કરવા જોગ છે. અષો જરથુસ્ત્રના શાગેરદોએ જેમ કરવું જોઇએ તેમ આ 'યસ્ન હપ્તંહાઇતિ'ના લખનારે જાહેર કીધું છે કે:

"આતર્! તું અહુરમજ્દાનો છે, એ મીનોનો તું 'સ્પેનિશ્ત' (= "સમ્પૂર્ણ તેજસ્વિ") છે; ઓ અહુરમજ્દાના આતર્! તારાં નામોમાંનું એક નામ જે 'વાજિશ્ત', તે નામથી તને અમે સમ્પૂર્ણ પહોંચિયે, તને સુમનસથી, તને શુભ 'અષ'થી, તને શુભ ડહાપણનાં કર્મોથી, અને વચનથી અમે સમ્પૂર્ણ રીતે પહોંચિયે."

'યસ્ન હપ્તંહાઇતિ'નાં આ લખાણમાં અહુરમજ્દાના આતર્ને બે નવાં વિશેષણો લાગુ પાડવામાં આવ્યાં છે: 'સ્પેનિશ્ત' (= "સમ્પૂર્ણ તેજસ્વિ") અને 'વાજિશ્ત' (= वाहिष्ठ = "સૌથી સરસ ઝડપે એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જનાર"). 'યસ્ન હપ્તંહાઇતિ' રચવામાં આવી તે પહેલાં આ વિશેષણો અહુરમજ્દાના આતર્ને લાગુ પાડવામાં આવ્યાં હતાં એમ ખુલ્લું માલમ પડે છે, કારણકે 'યસ્ન હપ્તંહાઇતિ'ના રચનાર કહે છે કે "આતર્નાં નામોમાંનું એક નામ 'વાજિશ્ત' છે," યાને કે રચનારના જમાનામાં અહુરમજ્દાના આતર્નાં એ ઉપરાંત બીજાં નામો પણ હતાં. આ બે નામો ખુલ્લું દેખાડે છે કે "અહુરમજ્દાનો આતર્" આ દુનિયામાં માણસજાત અનેક રીતે ઉત્પન્ન કરે છે તે અગ્નિ નહિ પણ "સમ્પૂર્ણ તેજસ્વિ આતર્" છે જેનું તેજ કદી પણ ઘટે નહિ; તેમજ તે "ઘણીજ ઝડપે એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જનાર" છે, કેમજે મીનોય 'આતર્' પોતાનું તત્વ એક ક્ષણમાં સૃષ્ટિ ઉપર સઘળે પહોંચાડી શકે છે.

'યસ્ન હપ્તહ્હાઇતિ' પછી પાછલાં અવસ્તા સાહિત્ય ઉપર આવતાં યસ્ન હા ૧૭, ૧૧ અને હા ૫૯,૧૧ માં 'આતર્'નું આ વર્ણન મળે છે :

"અહુરમજ્દાના પુત્ર તું આતર્‌ને અમે ઇજિયે છિયે; આતર્ 'બૅરૅજિ સવન્હ'ને અમે ઇજિયે છિયે; આતર્ 'વૉહુ ફ્રયાન'ને અમે ઇજિયે છિયે; આતર્ 'ઉર્વાજિશ્ત'ને અમે ઇજિયે છિયે; આતર્ 'વાજિશ્ત'ને અમે ઇજિયે છિયે; આતર્ 'સ્પેનિશ્ત'ને અમે ઇજિયે છિયે; શાહીના નાભ નઇર્યોસન્હ યજતને અમે ઇજિયે છિયે; મજ્દાએ પેદા કીધેલા સઘળાં ઘરોના ઘરધણી, અહુરમજ્દાના અષો પુત્ર, 'અચળ નિયમ'ના સરદાર 'આતર્'ને, સઘળા આતરો સાથે, અમે ઇજિયે છિયે."

પહેલે આપણે 'યસ્ન હપ્તહ્હાઇતિ'માં મળતાં આતર્‌નાં વર્ણન સાથે યસ્ન હા ૧૭ અને હા ૫૯ નું આ વર્ણન સરખાવીશું. 'યસ્ન હપ્તહ્હાઇતિ' માં અહુરમજ્દાના આતર્‌નાં બે નામ અથવા વિશેષણ આપણને મળ્યાં: 'સ્પેનિશ્ત' અને 'વાજિશ્ત.' યસ્ન હા ૧૭ અને હા ૫૯ ઉપરથી દિસે છે કે 'સ્પેનિશ્ત અને 'વાજિશ્ત', 'આતર્' નાં બે વિશેષણ નહિ પણ બે જુદા આતર્‌નાં નામ છે, અને એ બે આતર્‌નાં નામ ઉપરાંત બીજા ત્રણ આતર્‌નાં નામ : 'બૅરૅજિ સવન્હ', 'વૉહુ ફ્રયાન' અને 'ઉર્વાજિશ્ત' વધુ મળે છે. જો બારીકીથી તપાસ કરિયે તો 'યસ્ન હપ્તહ્હાઇતિ'માં 'ઉર્વાજિશ્ત' નામ પણ આપ્યું છે, જોકે તે એક આતર્‌નું નામ છે કે કાંઇ બીજું એ નક્કી કરવું કઠણ છે. આ પાંચ આતર્‌નાં નામો ઉપરાંત "સઘળાં ઘરોના ઘરધણી, અહુરમજ્દાના અષો પુત્ર, 'અચળ નિયમ'ના સરદાર આતર્‌ને, અને સઘળા આતરો"ને યાદ કીધા છે.

યસ્ન હા ૧૭ અને હા ૫૯ નાં આ વર્ણનની પારસી દંતકથાએ આપેલી સમજણ મુજબ 'આતર્ બૅરૅજિ સવન્હ' એકઠો કીધેલો 'આતશ્-ઇ વરહરાન્' છે; 'આતર્ વૉહુ ફ્રયાન' માણસજાતનાં તનમાં છે; 'આતર્ ઉર્વાજિશ્ત' ઝાડપાનમાં છે; 'આતર્ વાજિશ્ત' આકાશમાં વસતા 'સ્પેંજગ્ર દેવ'ને મારે છે; 'આતર્ સ્પેનિશ્ત' ગરો-દૅમાનમાં, અહુરમજ્દાની હજુરમાં, મીનોયમાં છે.

આ પ્રમાણે આ પાંચે 'આતર્'માંના પહેલા ત્રણ દુનિયાની શારીરિક હસ્તીમાં રહેતી મીનોય ગરમી છે; 'આતર્ વાજિશ્ત' આકાશમાંનાં

વાદળાંમાંનું પાણી આ પૃથ્વી ઉપર આવતું અટકાવનાર 'સ્પેંજધ દેવ'ની સામે લડી પાણીનો પૃથ્વી ઉપર આવવાનો રસ્તો મોકળો કરે છે, યાને એ 'આતર્ વાજિશ્ત' વાદળાંમાં વસે છે; અને 'આતર્ સ્પેનિસ્ત' અહુરમજદાનાં મકાન ગરો–દૅમાનમાં અહુરમજદાની સાથે વસે છે.

વળી જ્યારે ગાથામાં આવતા ફકરાઓમાં 'આતર્'ને "અહુરમજદાનો" કહ્યો છે ત્યારે આ યસ્ન હા ૧૭ અને હા ૫૯ માં 'આતર્'ને "અહુરમજદાનો પુત્ર" કહ્યો છે. અવસ્તા સાહિત્યના કેટલાક અભ્યાસીઓને 'આતર્' અહુરમજદાનો 'પુત્ર' હોવાની અલંકારિક ભાષા નહિ સમજાવી શકાય એવી લાગવાથી 'પુત્ર' શબ્દને 'પુ' (="સ્વચ્છ, પવિત્ર કરવું") ધાતુ ઉપરથી ઉત્પન્ન થયલો ધારી તેઓ 'આતર્'ને "અહુરમજદાનો પવિત્રતા આપનાર" ગણે છે. ગાથામાં અષો જરથુસ્ત્રએ 'આતર્'ને "તારો," "અહુરમજદાનો", જણાવ્યો, પણ તેને 'પુથ્ર' શબ્દ લગાડયો નહિ. 'ઉશ્તવઇતિ' ગાથા, યસ્ન હા ૪૫, ૪ માં અહુરમજદાને 'વૉહુ મનહ્'નો "પિતા" અને "સફમીં આરમઇતિ"ને અહુરમજદાની "દીકરી" કહી છે; તેથી કરીને જો પાછલા અવસ્તામાં 'આતર્'ને અલંકારિક ભાષામાં "અહુરમજદાનો પુત્ર" કહ્યો હોય તો તે કોઇપણ રીતે ગેરવાજબી કે અસાધારણ નથી. મીનોય પિતા અહુરમજદાનાં મીનોય તત્વમાંથી મીનોય પુત્ર અને પુત્રિનું મીનોય તત્વ હસ્તીમાં આવ્યું. તેથી 'વૉહુ મનહ્' (="સુમનસ્"), 'આરમઇતિ' (="સમ્પૂર્ણ મતિ") અને 'આતર્', જે ત્રણે, જરથુશ્તિ ધર્મ મત મુજબ, અહુરમજદાનાં મીનોય તત્વમાંથી પેદા થયાં છે તેઓને આપેલી 'પુત્ર', 'પુત્રિ' ની ઉપમા કોઇપણ રીતે ખોટી નથી.

વળી આ યસ્ન હા ૧૭ અને હા ૫૯ ના ફકરાને છેડે "સઘળા આતરો"ને યજવામાં આવ્યા છે તે ઉપરથી એ અનુમાન નિકળી શકે: ૧) 'અહુરમજદાના પુત્ર આતર્' ઉપરાંત બીજા ૭ આતર્ ૧. 'બૅરેજિસવંહ્', ૨. 'વૉહુ ફ્ર્યાન', ૩. 'ઉર્વાજિસ્ત', ૪. 'વાજિશ્ત', ૫. 'સ્પેનિશ્ત', ૬. 'શાહીના નાભ નઇર્યોસંહ યજત'નાં નામ આપવામાં આવ્યાં છે, તે ૭ આતર્ માટે "સઘળા" વિશેષણ મેલ્યું હોય; અથવા તો ૨) આ અવસ્તા સાહિત્ય લખાયું તે પહેલાં ઘણા 'આતર્–ઇ આતરાંન્' અને 'આતશ્–ઇ વરહરાંન્' હસ્તી ધરાવતા હતા તે સઘળાઓને સામટા અત્રે યાદ કરવામાં આવ્યા હોય.

ઉપર જે ફકરાઓ ટાંકવામાં આવ્યા છે તે ઉપરાંત વંદીદાદ, વીસ્પરદ્, અને યસ્તોના બીજા અનેક ફકરાઓમાં 'આતર્' વિષે ઇશારા મળે છે:—

'આતર્ અહુરહે મજ્દાઑ' (="અહુરમજ્દાનો આતર્") વિષે જુવો યસ્ન હા ૧, ૪, હા ૧૩, ૨, હા ૨૪, ૪, હા ૫૮ ફકરા ૪ અને ૭, હા ૬૨, ૬; વંદીદાદ પરગરદ ૩, ૧૫, પરગરદ ૫, ૪૬, પરગરદ ૮ ફકરા ૫, ૧૪, ૨૨ અને ૮૦, પરગરદ ૯, ૩, પરગરદ ૧૪ ફકરા ૨, ૩ અને ૭, પરગરદ ૧૫, ૪૮, પરગરદ ૧૮ ફકરા ૧૮, ૨૦, ૨૨ અને ૨૬; વીસ્પરદ્ કરદો ૧૧, ૬; મેહેર્ યશ્ત્, ૩.

'આતર્ અહુરહે મજ્દાઑ પુથ્ર' (="અહુરમજ્દાનો પુત્ર આતર્") વિષે જુવો યસ્ન હા ૨૫, ૭, હા ૬૨, ૪, હા ૬૫, ૧૨; વંદીદાદ પરગરદ ૫, ૨, પરગરદ ૧૫, ૪૫.

'તવ આતર્ પુથ્ર અહુરહે મજ્દાઑ' (="તારો અહુરમજ્દાનો પુત્ર આતર્") વિષે જુવો યસ્ન હા ૧, ૧૨, હા ૨, ૧૨, હા ૪, ૨૩, વીસ્પરદ્ કરદો ૧૧, ૫.

'આતર્ અઑખ્તો નામનો' (="નામ દઇને આરાધવામાં આવેલો આતર્") વિષે જુવો વીસ્પરદ્ કરદો ૯, ૫.

'વીસ્પે આતરો' (="સઘળા આતરો") વિષે જુવો યસ્ન હા ૧, ૧૨, હા ૨, ૧૨, હા ૨૫, ૭, હા ૭૧, ૧૦.

વળી ફ્રવદીન્ યશ્ત્ ફકરા ૮૫ માં અહુરમજ્દા અને અમેષા-સ્પેંતોની ફ્રવષિને આરાધવા બાદ "તેજસ્વિ મશહુર ઉર્વાજિસ્ત આતર્"ની ફ્રવષિને આરાધવામાં આવી છે; જે ઉપરથી જણાય છે કે એ યશ્ત્ રચનારે 'ઉર્વાજિસ્ત આતર્'ને માત્ર અમેષાસ્પેંતોથી ઉતરતો દરજ્જો આપી બીજા યજતો કરતાં ચઢિયાતો ગણ્યો છે.

જે પ્રમાણે અષો જરથુસ્ત્રએ પોતાના ગાથાનાં લખાણુ યસ્ન હા ૪૬ છંદ ૭ માં 'આતર્' અને 'મનસ્' બેને સાથે મેલી એ બન્નેને દર્વંદ (="બુરા" અંગ્ર મઇન્યુ) ના હુમલા સામે રક્ષણ કરનારાં ગણ્યાં છે તેજ મુજબ ફ્રવદીન્ યશ્ત્નો રચનાર ફકરા ૭૭-૭૮ માં કહે છે :

'યત્ તિતરત્ અન્ગ્રો મઇન્યુશ દાહીમ્ અષહે વહુહેઉશ્, અંતર્રે પઇરિ-અવાર્તમ્ વોહુ-ચ મનો આતર્શ્-ચ. તાઓ હે તઉર્વયંતમ્ દ્બએષાઓ અન્ગ્રહે મઇન્યેઉશ્ દ્વતો.'

અર્થ : "જ્યારે 'અંગ્ર મઇન્યુ' નેક અચળ નિયમની પેદાશની સામે થયો ત્યારે સુ-મનસ અને આતર્ વચમાં આવ્યાં. તે બન્નેએ તે દર્વંદ 'અંગ્ર મઇન્યુ'થી ઉપજેલાં દુઃખ તોડયાં."

ફ્રવર્દીન્ યશ્તનો રચનાર અહીંઆં, અષો જરથુસ્ત્રનાં યસ્ન હા ૪૬ ના સાતમા છંદમાં આવેલાં વચન મુજબ, 'આતર્' અને 'સુ-મનસ' દર્વંદ 'અંગ્ર મઇન્યુ'ની ભુંડાઇ સામે 'અષ' (="અચળ નિયમ")ની પેદાશનું રક્ષણ કરે છે એમ જણાવે છે. ફ્રવર્દીન્ યશ્તના લખનારે ગાથાની શાહદતથી આ વિચાર બાંધ્યો છે એ ઘણું ધ્યાન આપવાજોગ છે.

જો આપણે જરથુસ્ત્રિઓ જેમ ઉપર કહ્યું છે તેમ ગાથા અને પાછલાં અવસ્તા સાહિત્યમાં આવતા 'આતર્' શબ્દનો અર્થ બરાબર સમજીશું તો પરકોમવાળાઓ આપણી કહેવાતી 'આતશ-પરસ્તી'નો જે અર્થ કરે છે તે કેટલો ગેરવાજબી છે તે ખુલ્લું જોઇશું. જ્યારથી કદીમ જરથુસ્ત્રિઓએ અષો અહુરમજદાની ભકિત માટે 'આતશ-ઇ વરહરાંન્', 'આતર્-ઇ આતરાંન્' અને 'આતશ્ગાહો' તૈયાર કરી પવિત્ર મકાનો બનાવવા માંડયાં ત્યારથી અહુરમજ્દાની ભકિત માટે બરપા કરેલાં મકાનમાં તખ્તનિશીન કીધેલા દુનિયાના આતશમાં મીનોય 'સ્પેનિશ્ત' આતર્ આવી વસ્યો છે, અને જેમ ગરો-દૅમાનમાં અહુરમજ્દાની હજુરમાં એ 'સ્પેનિશ્ત' આતર્ જનવેદાન જળે છે, તેમજ જ્યારથી તે દુન્યવી આતશમાં આવી વસે છે ત્યારથી તે દુન્યવી આતશ જ્યાંસુધી જળતો હોય ત્યાંસુધી તે મીનોય આતર્ દુન્યવી આતશમાં જળતો રહે છે, અને જ્યારે તે દુન્યવી આતશને બુઝાવવામાં આવે ત્યારે તે મીનોય આતર્ પાછો અહુરમજ્દાનાં મકાનમાં જઇ વાસો કરે છે. જ્યારથી દુન્યવી આતશ તખ્તનિશીન કરવાની રૂઢી દાખલ થઇ ત્યારથી જરથુસ્ત્રિ મજહબ મત આ હતું કે જેમ દાદાર અહુરમજ્દાની હજુરમાં ગરો-દૅમાનમાં 'સ્પેનિશ્ત' આતર્ જનવેદાન જળે છે તેમ અહુરમજ્દાની ભકિતનાં દુન્યવી મકાનમાં તખ્તનિશીન કીધેલા આતશમાં મીનોય 'સ્પેનિશ્ત' આતર્નું નુર હમેશાં હાજર રહે છે, અને એ મીનોય આતર્નાં નુરના વસીલાથી હરએક ભકિતભાવ ધરાવનાર જરથુસ્ત્રિ અહુરમજ્દા સાથે એકતાન થઇ શકે છે.

જેમ માતાના ગર્ભમાં જીંદગી શરૂ થાય છે ત્યારે મીનોય હસ્તીમાંથી રવાન સુક્ષ્મશરીર સાથે ઉતરી આવી પોતાને માટે તૈયાર કરેલાં દુન્યવી શારીરિક તનમાં વાસો કરે છે, તેમજ મીનોય ગરો-દેમાનમાંથી 'સ્પેનિશ્ત' આતર્ દુનિયામાં તખ્તનિશીન કરેલા આતશમાં આવી વસે છે; અને આપણે જરથુસ્ત્રિઓ જે 'આતર્'ની પરસ્તેશ કરિયે છિયે તે આ દુનિયામાં આવી વસેલા મીનોય 'સ્પેનિશ્ત' આતર્ની છે. એટલા માટેજ આપણે જરથુસ્ત્રિઓ આતશને બુઝાવી નાખવાનું કામ ઘણું ગુનાહભર્યું ગણિયે છિયે.

આપણે જરથુસ્ત્રિઓ એકલા એક પેદા કરનાર અહુરમજ્દાને માનનારાં છિયે. પણ સૃષ્ટિમાં જે ગરમીનું તત્વ સઘળે વ્યાપી રહ્યું છે તે હોય નહિ તો સૃષ્ટિ રચનામાં કોઇપણ વસ્તુ કે અસ્તિત્વ જીવન ભોગવી શકે નહિ. એ ફિલસુફીનો સિદ્ધાંત સમજીને આપણે મીનોય હસ્તીમાંથી આ સૃષ્ટિમાં આવતાં આતર્નાં તત્વને પિછાણિયે છિયે. તે પિછાણ કરવાની આપણી રૂઢીથી આપણી એક અહુરમજ્દાની માન્યતામાં કાંઇપણ ખલલ આવતી નથી.

આ 'આતર્' એક બહુજ ઝીણું તત્વ છે જે સર્વત્ર સૃષ્ટિમાં વ્યાપી રહ્યું છે. જુની આર્યન પ્રજામાં 'આતર્' અને 'æther' શબ્દો બન્ને આ એકજ અર્થે વપરાતા હતા. આતર્ અને 'æther' બન્ને એકજ શબ્દ છે.

આ 'આતર્' શબ્દ ઉપરથી નિકળેલા અવસ્તા ભાષાના 'આથ્રવન્' શબ્દને મળતો સંસ્કૃત आथर्वण् શબ્દ, अथर्वन् શબ્દ ઉપરથી ઉત્પન્ન થયો છે. अथर्वन् શબ્દના ઘણા અર્થો છે; જેઓમાંના એક અર્થ મુજબ अथर्वन् **બ્રહ્માનો સૌથી વડો પુત્ર** છે, જેણે **સૌથી** પહેલાં બ્રહ્મવિદ્યા શિખી અને શિખવી, જેણે 'અથર્વ-વેદ' રચ્યાં, જે **અગ્નિનો** પિતા. આ ઉપરથી સાબેત થાય છે કે અષો જરથુશ્ત્રની આગમચ આર્યન પ્રજાની માન્યતા મુજબ અગ્નિ अथर्वन्‌નો પુત્ર છે, અને अथर्वन् બ્રહ્માનો વડો પુત્ર છે.

આ અલંકારિક ભાષાનો સાદા શબ્દમાં એકજ અર્થ છે. તે આ કે 'આતર્' તત્વ અહુરમજ્દાની **સૌથી પહેલી, સૌથી ઉત્તમ, પેદાશ છે.**

ગાથા કે અવસ્તા ભાષામાં 'આતર્' શબ્દને બદલે અગ્નિ શબ્દ કદી વાપર્યો નથી. વેદ કે સંસ્કૃત ભાષામાં 'આતર્' શબ્દ અગ્નિ શબ્દને અર્થે મળતો નથી.

ગાથા અને પાછલા અવસ્તાના 'આતર્' શબ્દનો ધાતુ अत् (="નિરંતર જવું", "ચાલવું", "દોડવું") હોય. પાર્સીક દંતકથા મુજબ 'સ્પેનિશ્ત આતર્' અહુરમજ્દાની હજુરમાં, 'ગરો-દેમાન'માં, નિરંતર ઝળકે અને પ્રકાશે છે. યસ્ન હા ૪૬ ના ૭ મા છંદમાં જે 'આતર્' વિષે ઇશારો છે તે આ 'સ્પેનિશ્ત આતર્' હોય, જે માણસજાતને અહુરમજ્દા તરફથી ચાલુ બશારત લાવી આપે છે અને માણસજાતને અહુરમજ્દા સાથે હમેશાં સંબંધમાં રાખી અહુરમજ્દા સાથે એકતાન કરે છે.

'મનહ્હ'

યસ્ન હા ૪૬ ના ૭ મા છંદમાં 'આતર્' સાથે જે 'મનહ્હ' (="મનસ્") વિષે અષો જરથુશ્ત્ર બોલે છે તે મોટે ભાગે ગાથા અને પાછલા અવસ્તામાં 'વૉહુ' (="સુ") વિશેષણ સાથે 'વૉહુ મનહ્હ' (="સુમનસ્") કરી આવે છે. અષો જરથુશ્ત્રની દીનમાં અહુરમજ્દાને 'મનસ્' (="વિચાર", "મનશકિત") ધરાવનાર અને ઉત્પન્ન કરનાર કહ્યો છે. એ 'મનસ્,' 'આતર્'ની માફક, અહુરમજ્દાની તમામ પેદાશમાં વ્યાપી રહ્યું છે. જરથુસ્ત્રિ મજહબ મત મુજબ, 'વૉહુ મનહ્હ અમૅષાસ્પૅંત' દાદાર અહુરમજ્દાની સૌથી પહેલી "અમર્ગ તેજસ્વિ" પેદાશ છે. એ સૌથી પહેલી પેદાશથી કુલ્લે સૃષ્ટિ 'મનસ્વત્' યાને "વિચાર શકિત ધરાવનાર" થઇ, અને તમામ માણસજાતે, મુખ્યત્વે કરી અષો જરથુસ્ત્રએ, બીજી પેદાશો કરતાં એ પેદાશનો સૌથી વધુ ઉપયોગ કીધાથી સૃષ્ટિમાં 'દએના' (="દીન", "ધર્મ") દાખલ થઇ.

જેમ 'અષ' વિષે ઉપર નોંધ કરવામાં આવી છે તેમ 'વૉહુ મનહ્હ', જે પણ માત્ર એક ગુણવાચક નામ છે, તેને પણ ગાથા અને અવસ્તાની અલંકારિક ભાષાનાં લખાણોમાં વ્યક્તિત્વ આપવામાં આવ્યું છે; તેથી 'બહમન અમૅષાસ્પૅંત'ને જરથુસ્ત્રિઓ સાધારણ રીતે એક "ચઢિયાતો ફરેસ્તો" સમજે છે.

અત્રે દાદાર અહુરમજ્દાનાં 'આતર્' અને 'મનસ્'ને સર્વથી ચઢતાં રક્ષણ કરનાર ગણ્યાં છે તે વિચાર બહુ મનન કરવાજોગ છે. અહુરમજ્દાની આ બે પેદાશના વાસ્તવિક ઉપયોગથીજ આ દુનિયામાં માણસ પોતાનું કાર્ય સમ્પૂર્ણ કરી શકે. આ જરથુશ્ત્રિ વિચાર આપણી કોમમાં વધારે આગળ વધવે જરથુશ્ત્રિ દીનનાં ખરાં મહત્વની સમજણ મળી શકશે. 'આતર્' અને 'મનસ્' એ એનાં કાર્યથીજ સૃષ્ટિમાં 'અષ' (= "અચળ નિયમ") ચાલ્યો અને ચાલે છે. સૃષ્ટિની શરૂઆતથીજ સૃષ્ટિ રચનામાં અચળ નિયમની ગતિ દાખલ થઇ. પાણી, જમીન, ઝાડપાન, જાનવર, મનુષ્યજાત, આકાશ, વાયુ, સઘળાં 'અષ'ને કાયદે, અહુરમજ્દાનાં 'આતર્' અને 'મનસ્'ની દોરવણીથી શુભ કાર્ય કરી શકે છે. આ બાબતનું જ્ઞાન તેમને દીન માટે જાહેર કરવાને અષો જરથુસ્ત્ર અહુરમજ્દાને વિનંતિ કરે છે.

'થ્રઍાસ્તા'

'થ્રઍાસ્તા' શબ્દ તૃક્ષ્, સ્તૃક્ષ્ (= "જવું", "ચાલવું", "પહોંચવું") ધાતુ ઉપરથી નિકળ્યો છે.

આ શબ્દ ગાથા સાહિત્યમાં બે વાર મળે છે: 'અહુનવદ્દતિ' ગાથા (યસ્ન હા ૩૪, ૩)માં અને 'ઉશ્તવદ્દતિ' ગાથા (યસ્ન હા ૪૬, ૭) માં. યસ્ન હા ૩૪, ૩ માં પાર્સીક દંતકથાએ એ શબ્દનો તરજુમો 'સ્રાયિશ્ન્' (= "પોષણ") કરી, તેની ટીકામાં 'પરૂવરિશ્ન્' (= "પરૂવરેશ") શબ્દ આપ્યો છે. યસ્ન હા ૪૬, ૭ માં 'અષેંમ્ થ્રઍાસ્તા'નો પાર્સીક દંતકથાએ 'અશહી પરૂવરૅમ્' (= "અષોઇની પરૂવરેશ કરૂં") તરજુમો કરી, ટીકામાં સમજણ તરીકે "કામ અને સવાબ કરૂં" શબ્દો આપ્યા છે. પાર્સીક દંતકથાના આ તરજુમા અને ટીકાને આધારે ભાષાશાસ્ત્રીઓએ 'થ્રઍાસ્તા' શબ્દનો ધાતુ 'થ્રુષ્' (ધાતુ 'થ્રા'નું બીજું રૂપ) = "આબાદ થવું, રક્ષણિત થવું, પોષણ થવું" લીધો.

ગાથા પછીનાં અવસ્તા સાહિત્યમાં વીસ્પરદ્ કરદ઼ા ૧૨, ૪ માં, આવાં યસ્ત ફ્કરા ૬૨ માં, હાતોખ્ત્ નુસ્ક પરગરદ ૨, ૭ માં, પરગરદ ૩, ૨૫ માં, અને વિશ્તારપ્-સાસ્ત્ નુસ્ક પરગરદ ૮, ૫૫ માં 'થ્રઍાશ્ત' શબ્દ પાંચ વાર મળે છે. એ 'થ્રઍાશ્ત' કાંઇજ નહિ પણ ગાથા સાહિત્યના 'થ્રઍાસ્તા'નું પાછલા અવસ્તાનું રૂપ છે.

વીસ્પરત્ કરદા ૧૨ માં આ શબ્દો મળે છે :—

'અએત દામાંન્...યાં દથત્ અહુરો મજ્દાઓ અષવ, થ્રઑશ્ત વોહુ મનફ્હ, વખ્શ્ત અષ'.

અર્થ: "આ પેદાશો જે અષો અહુરમજ્દાએ સરજી, સુમનસથી ચાલુ થયલી, અચળ નિયમથી વધેલી."

અહીંઆં અહુરમજ્દાએ સૃષ્ટિને પેદા કીધા પછી, તેને સુમનસથી ગતિ મળી અને તે અચળ નિયમથી આગળ વધેલી હોવાનો જરથુસ્ત્રિ દીનનો વિચાર સમાવ્યો છે.

એ ફકરામાં આવતા 'થ્રઑશ્ત' શબ્દનો અર્થ પાસીંક દંતકથાના તરજુમામાં 'પરૂવરૂત' (= "પોષી") આપ્યો છે.

આવાં યશ્તમાં 'થ્રઑશ્ત ખ્ષફ્નો થ્રિત્યાઓ' અને હાતોખ્ત્ નુસ્ક અને વિસ્તાસ્પ્-સાસ્ત્ નુસ્કમાં 'થ્રિત્યાઓ ખ્ષપો થ્રઑશ્ત' શબ્દો મળે છે, જેનો તરજુમો "ત્રીજી રાત ગઇ" થાય.

પાસીંક દંતકથાના તરજુમામાં આ 'થ્રઑશ્ત' શબ્દને બદલે 'સર્' (= "છેડો") શબ્દ મુકી, એ શબ્દોનો "ત્રીજી રાતને છેડે" તરજુમો કીધો છે.

આ દંતકથાનો તરજુમો પણ ભાષાશાસ્ત્રીઓએ કબુલ રાખી એમ ધાર્યું કે ગાથાનો શબ્દ 'થ્રઑશ્તા' અને પાછળનાં અવસ્તા સાહિત્યમાં આવતો 'થ્રઑશ્ત' એકજ ધાતુ ઉપરથી નિકળેલા છે પણ જુદા અર્થ ધરાવે છે. ખરી રીતે જોતાં 'થ્રઑસ્ત' અને 'થ્રઑશ્તા' એકજ શબ્દ છે, એકજ અર્થ ધરાવે છે, અને એકજ ધાતુ તૃક્ષ્, સ્તૃક્ષ ઉપરથી નિકળેલા છે.

'દાંસ્ત્વાંમ્'

'દાંસ્ત્વાંમ્' શબ્દ આખાં ગાથા સાહિત્યમાં માત્ર એકજ વાર યસ્ન હા ૪૬, ૭ માં મળ્યો છે. એ શબ્દ નારીજાતી બીજી વિભક્તિ એકવચન છે. 'દાંસ્ત્વ' શબ્દ 'ત્વ' પ્રત્યય ઉમેરી એક ગુણવાચક નામ બનાવવામાં આવ્યું છે, અને એનો ધાતુ દંસ્ એકથી વધુ અર્થે વપરાયલો મળે છે: "જોવું", "બોલવું", "ઝળકવું". પાસીંક દંતકથામાં એ શબ્દનો તરજુમો 'દસ્તોબર્' (= "કાયદો", "કાનુન", "નિયમ") કીધો છે.

'દએના'

ગાથા અને અવસ્તામાં જે અર્થે 'દએના' શબ્દ આવે છે તે અર્થે એને મળતો સંસ્કૃત શબ્દ ધેના વપરાતો નથી, જેનો અર્થ "વાચા" અથવા "અવાજ" કરવામાં આવે છે. આગેવાન જરથુશ્ત્રિ અભ્યાસીઓ, ખુરશેદજી કામા અને ઉસ્તાદ કાવસજી કાંગાએ 'દએના' શબ્દને ધાતુ 'દી' = સંસ્કૃત धी, ध्यै ઉપરથી ઉત્પન્ન થયલો ધાર્યો છે તે વાજબી દેખાય છે. એ ધાતુનો અર્થ "મનન કરવું", "વિચારવું."

અષો જરથુશ્ત્રના ગાથામાં 'દએના' શબ્દના એકથી વધુ અર્થો થાય છે :

૧) "દાદાર અહુરમજદાએ અષો જરથુશ્ત્રનાં મનસમાં આપેલું અંતર્જ્ઞાન જે અષો જરથુશ્ત્ર પહેલાં કોઈપણ બીજા પુરૂષે મેળવ્યું હતું નહિ."

૨) "અંતઃકરણ."

૩) "અષો જરથુશ્ત્રની દીન કબુલનાર કમર ઉપર જે બંધ બાંધે છે તે, જેને પાર્સીક દંતકથામાં 'કુસ્તી' કહે છે."

યસ્ન હા ૪૬ ના ૭ મા છંદમાં 'દએના' શબ્દ "અંતર્જ્ઞાન", "બશારત" અર્થે વાપરેલો છે.

'વૅરૅથ્રેમ્-જા'

'વૅરૅથ્રેમ-જા' નું અસલ રૂપ 'વૅરૅથ્ર-જન્' છે, જેને મળતો વેદ અને સંસ્કૃતમાં આવતો શબ્દ वृत्र-हन् છે. ગાથા, પાછલા અવસ્તા, વેદ અને સંસ્કૃતમાં એ શબ્દોનો શબ્દસઃ અર્થ "દુશ્મનને મારનાર" થાય છે. પાર્સીક દંતકથામાં એનો અર્થ 'દુશ્મન્– જતાર્' (= "દુશ્મનને મારનાર") કરવામાં આવ્યો છે: 'વૅરૅથ્ર' = 'वृत्र' = દુશ્મન, 'જન્' = 'हन्' = "મારવું."

વેદમાં वृत्रहन् 'ઇંદ્ર'નાં એક વિશેષણ તરીકે વાપર્યો છે; પણ ગાથામાં 'વૅરૅથ્રેમ્-જા' શબ્દ 'ઇંદ્ર' માટે વાપર્યો નથી, અને વાપરી શકાય પણ નહીં. આ શબ્દ ગાથામાં માત્ર એકજવાર આ ફકરા યસ્ન હા ૪૪, ૧૬ માંજ વાપર્યો છે. પાછલાં અવસ્તા લખાણોમાં કેટલીક જગ્યાએ આ શબ્દ 'વૅરૅથ્ર-જન્' ને એક વિશેષણને બદલે એક વિશેષનામ બનાવી એક

યજત ગણેલો હોય એમ દેખાય છે, અને પાસીંક દંતકથામાં 'વૅરૅથ્રધ્ન'નો 'વરૂહરૂહન્' = 'વરૂહરાન્' = 'વહરામ્' = 'બહરામ્' થઇ 'વહરામ્ યજત પેરોજગર્ દુશ્મન-જ઼તાર્' (= "દુશ્મનને મારનાર ફત્તેહમંદ બહરામ્ યજત") આપણને મળે છે. અને ખુદ અવસ્તા સાહિત્યમાં તેમજ પાસીંક દંતકથામાં 'બહરામ્ યજત' મંગળ ગ્રહનાં નામ તરીકે વાપરેલો પણ મળે છે.

પણ ગાથાના આ છંદમાં 'વૅરૅથ્રેમ્‌-જા' (= "દુશ્મનને મારનાર") વિશેષણથી ખુદ અષો જરથુશ્ત્રને પોતાને માટે ઇશારો છે. યસ્ન હા ૪૬ ના ૭ મા છંદમાં અષો જરથુશ્ત્ર અહુરમજ઼દાને અરજ કરે છે કે અહુરમજ઼દા તેમને દીનને માટે 'આતર્' અને 'મનસ'નો કાનુન સ્પષ્ટ કહે. યસ્ન હા ૪૪ ના ૧૬ મા છંદમાં ઉપર મુજબ માંગેલો સ્પષ્ટ કહેલો કાનુન જેને 'સેંગ્હા' (= "સુખન" = "વચન") તરીકે પિછાણવામાં આવ્યો છે, જે અહુરમજ઼દાનાં 'સેંગ્હા' (= "વચન") રક્ષણ કરનારાં છે, તે 'સેંગ્હા' વડે "શત્રુને મારનાર" કોણ કરી જરથુશ્ત્ર અહુરમજ઼દાને પ્રશ્ન પુછવા પછી અરજ કરે છે કે અહુરમજ઼દા તેમને એક જ્ઞાની ગુરૂ ઠેરવે; જો અષો જરથુશ્ત્રને એક જ્ઞાની ગુરૂ ઠેરવવામાં આવે તો તેઓ અહુરમજ઼દાના 'સેંગ્હા' વડે "શત્રુને મારનાર" થાય, અને જો આ રીતે એઓ શત્રુને મારી શકે તો જે કોઇને પણ અહુરમજ઼દા ઇચ્છે તેની તરફ 'સ્રઑશ' (= "શ્રુતિ" = "બશારત") 'વૉહુ મનહ્' (= "સુ-મનસ") મારફતે આવે.

આ 'વૅરૅથ્રેમ્‌-જન' શબ્દનો ગાથામાં આ જગ્યાએ કરવામાં આવેલો અર્થ, "શત્રુને મારનાર", પાછલા જમાનાનાં અવસ્તા સાહિત્યમાં કેટલીક જગ્યાએ સચવાયલો છે. પણ એ શબ્દ બીજે કોઇપણ ઠેકાણે અષો જરથુશ્ત્રને માટે વિશેષણ તરીકે વાપરેલો મળતો નથી.

'પોઇ'

યસ્ન હા ૪૪, ૧૬ માં આવતો શબ્દ 'પોઇ' ગાથા સાહિત્યમાંજ, હા ૪૪ માં, માત્ર બે વાર વપરાયો છે, છંદો ૧૫ અને ૧૬ માં. છંદ ૧૬ માં પાસીંક દંતકથાના તરજુમામાં એ 'પોઇ' શબ્દનો અર્થ 'પાન' (= "રક્ષક") કીધો છે, જેમ ઉપર નોંધ આપેલા 'પાયુ' શબ્દનો અર્થ કીધો છે તેમ. બનવાજોગ છે કે એ ગાથામાં મળતા 'પોઇ' શબ્દનું

પાછલા અવસ્તામાં જો એ શબ્દ વપરાયો હોય તો 'પએ' રૂપ હોય, અને એનો ધાતુ પણ 'પાયુ' શબ્દનો ધાતુ 'પા' (="રક્ષણ કરવું") હોય.

છંદ ૧૫ માં આવતા એજ શબ્દનો પાર્સીક દંતકથાનો તરજુમો 'પ પેતાઇહ' (="સ્પષ્ટ રીતે") કીધેલો લાગે છે. સઘળા ભાષાશાસ્ત્રને કાયદે તરજુમો કરનારા અભ્યાસીઓ પાર્સીક દંતકથા પૂઠે ચાલ્યા છે, અને છંદ ૧૬ માં આવતા 'પોઇ' શબ્દનો અર્થ 'પાન' (="રક્ષક") ઠરાવ્યો છે.

'દાંમ્ રતૂમ્'

અષો જરથુશ્ત્ર દાદાર અહુરમજ્દાને યસ્ન હા ૪૪, ૧૬ માં અરજ કરે છે કે દુનિયાની બન્ને હસ્તીઓ કાજે તેમને એક 'દાંમ્ રતૂમ્' (="જ્ઞાની ગુરૂ") ઠેરવે. અષો જરથુશ્ત્રએ 'રતુ' શબ્દ "ગુરૂ" અર્થે વાપર્યો છે. 'રતુ' શબ્દ ॠ ધાતુ ઉપરથી નિકળ્યો છે. એજ ધાતુ ઉપરથી 'અષ'='અર્ત' શબ્દ પણ ઉત્પન્ન થયો છે. 'રતુ' શબ્દનો અર્થ "અચળ નિયમને માર્ગે ચાલનાર અને ચલાવનાર", "ગુરૂ."

પાર્સીક દંતકથા મુજબ 'રતુ' શબ્દ ગાથામાં આ જગ્યાએ 'દસ્તોબર' (="દસ્તુરૂ"="વડા ધર્મગુરૂ") ને અર્થે વાપર્યો છે. 'અહુનવઇર્ય'નાં માંથ્રમાં 'રતુ' શબ્દ એજ અર્થે વાપર્યો છે.

ઇરાનનું રાજ્ય સાસાની શેહેનશાહોના હાથમાંથી જવા પછી યજ્દગર્દી સને ૨૫૦ (=ઇસ્વી સને ૮૮૧) માં ઇરાનમાં વસતા જરથુશ્ત્રિઓના પેશ્વા અને વડા ધર્મગુરૂ મનુશ્ચીહરૂ ગોશ્નજમાનને 'પાર્સ ઉ કેર્માન્ રત' (="પાર્સ અને કેર્માન્‌ના 'રત' યાને વડા ધર્મગુરૂ") ની ઉપમા આપવામાં આવી હતી.

'વીસ્પરદ' નામની અવસ્તાની કેતાબમાં 'વીસ્પે રતવો' (="સઘળાં રતુઓ")ની આરાધના કરવામાં આવે છે; ત્યાં 'રતુ' શબ્દનો અર્થ "વડાં ધર્મગુરૂઓ" કરતાં વધારે બહોળો થાય છે, કેમજે 'વીસ્પરદ'માં સૃષ્ટિની જુદી જુદી પેદાશોના 'રતુ' યાને "સરદારો"નું વર્ણન કરવામાં આવ્યું છે, અને ત્યાં અષો જરથુશ્ત્રને દુનિયાની મનુષ્યજાતના 'રતુ' (="સરદાર") ગણ્યા છે.

જેમ વીસ્પરદ તેમજ યસ્નમાં, ગાથા પછીનાં લખાણોમાં, 'અસ્ન્ય' (="દિવસના પાંચ વિભાગો યાને ગેહો"), 'માહ્ય' (="મહિનાના

વિભાગો"), 'યાઇર્ય'(="વર્ષના ૭ વિભાગો" યાને ગાહાનબારૂ)ને 'રતુ'ને નામે ઓળખ્યા છે.

અવસ્તા ભાષામાં 'રતુ' શબ્દનો બીજો અર્થ ऋतु (="રૂતુ", "મોસમ") થાય છે.

'અહૂમ્.બિશ્'

'અહૂમ્.બિશ્' શબ્દો ગાથામાં માત્ર ત્રણવાર મળ્યા છે: યસ્ન હા ૩૧, ૧૯, અને હા ૪૪ છંદો ૨ અને ૧૬ માં. 'અહુ' શબ્દ અવસ્તા ધાતુ 'અહ્' (=વેદીક અને સંસ્કૃત 'अस्'="થવું", "હોવું") ઉપરથી નિકળ્યો છે. વેદનો असु ગાથા અને પાછલા અવસ્તાના 'અહૂ', 'અહુ'ને મળતો છે, અને એનો અર્થ "જીંદગી", "મીનોય જીંદગી" થાય છે. પાર્સીક દંતકથાના તરજુમા મુજબ 'અહૂમ્.બિશ્' નો અર્થ 'અંદર્ હરૂ દો અહ્વાન્' (="બન્ને જીંદગીમાં") કરવામાં આવ્યો છે. ભાષાશાસ્ત્રને કાયદે તરજુમો કરનારાઓ પાર્સીક દંતકથાનો તરજુમો કબુલ રાખે છે.

સંસ્કૃત વ્યાકરણને કાયદે असुभिः (=અવસ્તા 'અહુબિશ્') ત્રીજી વિભકિત બહુવચન છે, અને એનો શબ્દસઃ તરજુમો "જીંદગીઓ વડે" "હસ્તીઓ મારફતે" થાય.

ગાથામાં જે 'અહૂમ્.બિશ્' રૂપ મળ્યું છે તે બે શબ્દો 'અહૂમ્' અને 'બિશ્'નું બનેલું છે. 'અહૂમ્' શબ્દ 'અહૂ'નું બીજી વિભકિત એકવચન છે.

'બિશ્' શબ્દ જે, ઉપર જણાવ્યા મુજબ, 'અહૂમ્' સાથે ગાથામાં ત્રણવાર મળ્યો છે, તે બે શબ્દોને સાથે મેલી ઉસ્તાદ કાવસજીએ બે વાર યસ્ન હા ૪૪ ના છંદો ૨ અને ૧૬ માં 'અહૂમ્બીશ્' અને યસ્ન હા ૩૧ ના છંદ ૧૯ માં 'અહૂમ્બિશ્' વાંચ્યો છે. વેસ્તરગાર્ડએ ત્રણે જગ્યાએ 'અહૂબિશ્' વાંચ્યો છે. જે હસ્તલેખો ઉપરથી વેસ્તરગાર્ડએ પોતાની એબારત રચી તે સઘળા હસ્તલેખોમાં હા ૩૧ છંદ ૧૯ માં 'અહૂમ્ બિશ્' શબ્દો મળેલા હોવા છતાં વેસ્તરગાર્ડએ એબારતને સુધારી 'અહૂબિશ્' શબ્દ વાંચ્યો. હા ૪૪ છંદ ૨માં એક હસ્તલેખમાં 'અહૂબિશ્' શબ્દ મળેલો કબુલ રાખી, બીજા એક હસ્તલેખમાં મળતું 'અહૂમ્.બિશ્' વાંચણ પડતું મેલ્યું. હા ૪૪ છંદ ૧૬ માં એક હસ્તલેખમાં 'અહૂ બિશ્' શબ્દો અને

બીજા સઘળા હસ્તલેખોમાં 'અહૂમ્ બિશ્' શબ્દો મળ્યા હોવા છતાં 'અહૂબિશ્' વાંચણુ કબુલ રાખ્યું. ગેલ્ડનરએ પોતાની એબારત રચી ત્યારે યસ્ન હા ૩૧ ના છંદ ૧૯ માં બે હસ્તલેખોમાં 'અહૂમ્-બિશ્' અને બાકીના સઘળા હસ્તલેખોમાં 'અહૂમ્ બિશ્' મળે છે, તેમાંથી 'અહૂમ્-બિશ્' વાંચણુ કબુલ રાખ્યું. હા ૪૪, ૨ માં ત્રણ હસ્તલેખોમાં 'અહૂબિશ્' અને બાકીના સઘળામાં 'અહૂમ્ બિશ્' મળેલું હોવા છતાં 'અહૂમ્-બિશ' વાંચણુ પસંદ કીધું. યસ્ન હા ૪૪ છંદ ૧૬ માં એક હસ્તલેખમાં મળતો 'અહૂમ્-બિશ્' કબુલ રાખી, બીજા એક હસ્તલેખમાં મળતા 'અહૂ બિશ્' અને બાકીના સઘળા હસ્તલેખોમાં મળતા 'અહૂમ્ બિશ્' નાકબુલ રાખ્યા.

જે જે અભ્યાસીઓએ 'અહૂબિશ્' વાંચણુ કબુલ રાખ્યું તેઓએ એ શબ્દ વ્યાકરણુને કાયદે ત્રીજી વિભક્તિ બહુવચનમાં હોવા છતાં પાર્સીક દંતકથાનો તરજુમો કબુલ રાખી એનો અર્થ "બન્ને જીંદગીમાં" કીધો.

હવે આપણને જોવું છે કે મોટે ભાગે હસ્તલેખ લખનારાઓએ 'અહૂમ્-બિશ્' વાંચણુ આપ્યું છે તે શબ્દોનો અર્થ શું. ગાથાની ભાષાનું વ્યાકરણુ હજુસુધી સિદ્દ થયું નથી; અને તેથી એ ભાષાનાં લખાણો ભેદી રહ્યાં છે. જુદી જુદી પ્રજાના સમાગમમાં આવ્યા પછી, જરથુસ્ત્રિઓ પોતાનાં દીની સાહિત્યના શુદ્ધ તરજુમા પોતા પાસે નહિ ધરાવતા હોવાથી, જુદી જુદી પ્રજાનાં ધર્મમત પોતાની દીનમાં હતાં એવું માની લઇ પોતાનાં દીની સાહિત્યના તરજુમાઓમાં, અસલ દંતકથાના તરજુમા બાજુએ મેલી ફેરફાર કરિયા જાય છે. મહાન હિંદુ પ્રજાની સાથેના છેલ્લી અગિયાર સદીઓ સુધીના વસવાટ પછી જરથુસ્ત્રિઓનો એક ભાગ પુનરજન્મની માન્યતા કબુલ રાખતો થઇ, અસલ દીની સાહિત્યમાંથી એ માન્યતાના પુરાવા બહાર પાડવાની કોશેશ કરે છે. તેમાં તે મત પસંદ કરનારાઓ ધારે છે કે જો 'અહૂબિશ્' શબ્દનો અર્થ "જીંદગીઓ માટે" કરવામાં આવે તો અષો જરથુસ્ત્રની દીનમાં પુનરજન્મની માન્યતા હતી એવો પુરાવો મળે. કારણકે પુનરજન્મની માન્યતા મુજબ એક રવાનને આ શારીરિક હસ્તીમાં અનેકવાર આવવાનું હોવાથી જો 'અહૂમ્-બિશ્' શબ્દોનો અર્થ "બન્ને હસ્તી માટે" લેવાને બદલે 'અહૂબિશ્' વાંચી "જીંદગીઓ માટે" તરજુમો કરવામાં આવે તો પુનરજન્મનાં સિદ્ધાંતની દલીલ ગાથા સાહિત્યમાંથી મળે.

ગાથા સાહિત્યમાંથી 'અહૂમ્-બિશ્' નો અર્થ શોધવાને આપણે યત્ન કરીશું. 'અહૂ', 'અહુ' શબ્દ ગાથામાં "હસ્તી," "જીંદગી"ને અર્થે શુમારે પાંચ વેળા વપરાયો છે. જુવો અહુનવદ્ગતિ ગાથા યસ્ન હા ૨૮, છંદ ૨: 'અહ્વાઓ અસ્ત્વતસ્-ચા ચ્યત-ચા મનહ્યો'; યસ્ન હા ૨૮, છંદ ૧૧: 'અહુશ્'; ઉશ્તવદ્ગતિ ગાથા, યસ્ન હા ૪૩, છંદ ૩: 'અહેઉશ્ અસ્ત્વતો મનહૂહસ્-ચા'; સ્પેંતામદ્‌ન્યુશ્ ગાથા, યસ્ન હા ૪૮, છંદ ૨: 'અહેઉશ્'; વોહુખ્ષથ્ર ગાથા, યસ્ન હા ૫૧, છંદ ૯: 'અહ્વાહૂ'. આ પાંચ દાખલામાં એકવાર 'અહુશ્' (="હસ્તી") પહેલી વિભકિત એકવચનમાં, એકવાર 'અહેઉશ્' (="હસ્તીના") છઠ્ઠી વિભકિત એકવચનમાં મળે છે; એકવાર 'અહ્વાઓ' (="બે હસ્તીના") છઠ્ઠી વિભકિત દ્વિવચનમાં છે, એ દાખલામાં 'અસ્ત્વતો' (="હાડમંદ") અને 'મનહ્યો' (="મનસને લગતી") એ જાતની હસ્તીને ઇશારો છે; એજ મુજબ ચોથા દાખલામાં 'અહેઉશ્ અસ્ત્વતો મનહૂહસ્-ચા' (="હાડમંદ અને મનસને લગતી હસ્તી") વિષે ઇશારો છે; અને એકવાર 'અહ્વાહૂ' (="બે હસ્તીમાં") સાતમી વિભકિત દ્વિવચનમાં મળે છે, જ્યાંપણ બે હસ્તીઓને ઇશારો છે. આ પાંચ દાખલાઓમાંના બેમાં 'અહુ' = "હસ્તી"નું જે વર્ણન છે તે ઉપરથી સમજ પડે છે કે અષો જરથુશ્ત્રએ પોતાના ગાથામાં "બે હસ્તી," એક હાડમંદ યાને શારીરિક, અને બીજી માનસિક યાને મનસને લગતી, હસ્તી વિષે પોતાના વિચારો દર્શાવ્યા છે. આ દુન્યવિ હસ્તીમાં મનુષ્યજાત બે તરેહની જીંદગી ગુજારે છે: એક, શરીરની જતન અને જાળવણીને લગતી, અને બીજી, મનસ્ યાને વિચારથી જે કાંઇ કલ્પી શકાય તેને લગતી યાને માનસિક. આ બેવડી જીંદગી, દરેક માણસ પોતાની આ દુન્યાની હસ્તીમાં ગુજારે છે. માનસિક હસ્તીથી 'વહિશ્ત અહુ' (="સર્વોત્તમ હસ્તી," "બેહેશ્ત") અને 'અચિશ્ત અહુ' (="સૌથી બુરી હસ્તી", "દોજખ")નું ભાન માણસ મેલવી શકે છે. આ બે હસ્તીના અચળ નિયમથી ઘડેલા નિયમો જે પ્રમાણે અષો જરથુશ્ત્રએ 'દીન' મારફતે મેલવ્યા હતા તે નિયમો પ્રમાણે ચાલવાની દરેક જરથુશ્તિની ફરજ છે. માનસિક હસ્તી એક સાંકળ છે જે આ દુન્યાની માણસજાતની શારીરિક જીંદગીને જે હસ્તીમાં અહુરમજદ રહે છે તે હસ્તીની સાથે જોડે છે. એજ કારણસર યસ્ન હા ૪૩, છંદ ૩ માં અષો જરથુશ્ત્ર માનસિક હસ્તીની સમજ આપતાં

'હઇથ્યેંગ્ આ સ્તીશ્ યેંગ્ આ પએતી અહુરે' (= "તે સત્ય હસ્તીઓ જે ઉપર અહુરમજ્દા વસે છે") શબ્દો વાપરે છે.

ગાથાનાં સાહિત્ય પછી લખાયેલાં 'યસ્ન હપ્તંહાઇતિ'નાં સાહિત્ય ઉપર આવતાં યસ્ન હા ૩૫, ૩ માં 'ઉભોઇબ્યા અહુબ્યા' (= "બન્ને હસ્તી માટે") ચોથી વિભકિત દ્વિવચનમાં મળે છે, અને યસ્ન હા ૪૧, ૨ માં 'ઉભોયો અહ્વો' (="બે હસ્તીમાં") સાતમી વિભકિત દ્વિવચનમાં મળે છે.

આ ઉપર ટાંકેલા દાખલાઓ ઉપરથી સિદ્ધ થાય છે કે ગાથાનાં અને તેની પછીનાં સાહિત્યમાં જરથુસ્ત્રિ મજહબ મત મુજબ "બે હસ્તી, એક શારીરિક અને એક માનસિક" વિષે ઇશારા છે.

હવે આપણે 'અહૂમ-બિશ્' શબ્દોનો અર્થ કરવાને યત્ન કરીશું. ગાથા સાહિત્યમાં 'બિશ્' શબ્દ માત્ર ત્રણવાર 'અહૂમ્'ની પાછળ મેલવામાં આવ્યો છે. પાછલાં અવસ્તા સાહિત્યમાં 'બિશ્' શબ્દ "બે વાર," "બેવડું" ને અર્થે વપરાયલો મળે છે. જુવો વંદીદાદ, પરગરદ ૭, ૭૪, પરગરદ ૧૩, ફકરા ૩૦ અને ૩૭, પરગરદ ૧૪, ફકરા ૬ અને ૧૬, પરગરદ ૧૮, ફકર ૪૩ અને ૪૯, પરગરદ ૧૯, ફકરા ૨૨. સંસ્કૃત ભાષામાં એને મળતો એજ અર્થ ધરાવતો શબ્દ દ્વિસ્ મળે છે. 'અહૂમ-બિશ્' શબ્દનો શબ્દસ: અર્થ "બેવડી હસ્તી" છે. આ શારીરિક હસ્તીમાં આપણે બેવડી હસ્તી ભોગવિયે છિયે: શારીરિક અને માનસિક; આ શારીરિક હસ્તી સાથે જોડાયલી જે માનસિક હસ્તી આપણે ભોગવિયે છિયે તે માનસિક હસ્તી આપણને મીનોય હસ્તી સાથે સંબંધ ધરાવતા કરે છે. 'અહૂમ્-બિશ્' શબ્દોની આ સમજણ ખુલ્લું દેખાડે છે કે પાર્સીક દંતકથાએ કીધેલો તરજુમો શુદ્ધ છે. ગાથા સાહિત્યને આધારે પાછલાં સાહિત્યમાં પણ "બે હસ્તી" વિષે લખાણ કરવામાં આવ્યું છે. જે "બે હસ્તી" વિષે લખાણો છે તે લખાણો પુનરજન્મની સાબેતી માટે અથવા તેની વિરૂદ્ધ કાંઇપણ દલીલો રજુ કરતાં નથી. અષો જરથુસ્ત્રના જમાનામાં પુનરજન્મનો ખ્યાલ મનુષ્યજાતમાં હતો નહિ. જે અક્કલપસંદ વિચાર અષો જરથુસ્ત્રના ગાથામાં મળે છે તે વિચાર દુનિયાની સઘળી મનુષ્યજાતે હજારો વર્ષ થયાં કબુલ રાખ્યો છે.

'ચીજ઼દી'

આખ્માં ગાથા સાહિત્યમાં માત્ર એકજ વાર યસ્ન હા ૪૪, ૧૬ માં 'ચીજ઼દી' શબ્દ આવે છે. પાર્સીક દંતકથાના તરજુમામાં એ શબ્દનો અર્થ 'ચાશિસ્નીહ' (="ચખાડવું", "શિખવવું", "નેમણુક કરવી") કીધો છે, અને એનો અર્થ સમજાવવા આ ટીકા ઉમેરી છે: 'રોશન્ કુ એતુ઼ ઉ આંનો-ચ ૫ દસ્તોબર્ દારિશ્ન ઑમ્' (="પ્રગટ છે કે ઇહલોકમાં અને વળી પરલોકમાં હું દસ્તુર નેમાયલો હોવું"). પાર્સીક દંતકથામાં 'ચાશિસ્નીહ' તરજુમો કીધેલો હોવાથી ભાષાશાસ્ત્રને કાયદે તરજુમો કરનારા અભ્યાસીઓએ 'ચીજ઼દી' શબ્દનો ધાતુ 'ચિષ્', 'ચીષ્' લીધો છે. 'ચીજ઼દી' આજ્ઞાર્થક ક્રિયાપદ, બીજો પુરૂષ, એકવચન છે અને 'ચિત્' (="જાણાવવું") ધાતુ ઉપરથી નિકળ્યો હોય.

'સ્રઑષ'

એજ ફકરામાં આવેલો 'સ્રઑષ' શબ્દ માત્ર ગાથા અને પાછલાં અવસ્તા સાહિત્યમાંજ મળે છે, વેદ કે સંસ્કૃતમાં નહિ. ગાથામાં એ શબ્દ યસ્ન હા ૨૮, ૫, હા ૩૩, ૧૪, હા ૪૪, ૧૬, હા ૪૫, ૫ અને હા ૪૬ ૧૭ માં મળે છે.

એ શબ્દ અવસ્તા ધાતુ 'સ્રુ' = સંસ્કૃત 'શ્રુ' (="શુણવું", "સાંભળવું", "ધ્યાનથી સમજવું") ઉપરથી નિકળ્યો છે. 'સ્રુ' (='શ્રુ') ધાતુ ઉપરથી 'સ્રઑષ' શબ્દની ઉત્પત્તિ થવાનો ભેદ વેદમાંથી મળે છે. વેદમાં સંસ્કૃત શ્રૃણ્વન્તિને બદલે श्रोषन् (="તેઓ સાંભળે છે") અને श्रृण्वंतुને બદલે श्रोषंतु મળે છે. વેદનાં આ રૂપો ઉપરથી માલમ પડે છે કે જો ગાથાનું રૂપ 'સ્રઑષ' વેદમાં હતે તો તે श्रोष હતે.

ગાથામાં 'સ્રઑષ' શબ્દનો અસલ અર્થ "અહુરમજ઼દાના 'સેંગ્હ' (=સુખન=વચન)નું કાને પડવું", "શ્રુતિ", "બશારત". પાછલા અવસ્તામાં ગુણવાચક નામ 'સ્રઑષ'ને 'યજ઼ત'ની ઉપમા આપી તેનું લંબાણ વ્યાખ્યાન આપવામાં આવ્યું છે: 'સ્રઑષ અષ્ય તખ્મ તનુ-માંથ્ર દર્ષિ-દ્રુ આહુઇર્ય' =" 'અષ' યાને અચળ નિયમને લગતો, બહાદુર, મંત્રનું તન ધરાવનાર, સખ્ત હથિયારવાળો, અહુરમજ઼દાનો સ્રઑષ."

આ વ્યાખ્યાન ઉપરથી 'સ્રઑષ' તે શું અને કોણ તેની સમજણ મળે છે. 'સ્રઑષ' (="શ્રુતિ", "બશારત") અહુરમજદાનું બુરાઇ સામે લડવા માટેનું અચળ નિયમને લગતું હથિયાર છે; 'સ્રઑષ'નું શરીર તે ગોયા 'માંથ્ર' છે. એ માંથ્ર અહુરમજદાનાં વચન છે, જે વચન અષો જરથુસ્ત્રને અહુરમજદા તરફથી મળ્યાં હતાં.

ખ્રિસ્તીઓનાં ધર્મપુસ્તક 'ન્યુ ટેસ્ટેમેંટ'માં અને યુનાની ફિલસુફીમાં 'the word' અને 'logos' મળે છે તેનો વિચાર અષો જરથુસ્ત્રના ગાથામાં મળતા 'સેંગ્હા' (="સુખન") ઉપરથી લેવામાં આવ્યો છે.

યસ્ન હા ૧૯ માં 'અહુનવઇર્ય' ('યથા અહુ વઇર્યો' ના 'વચ') વિષે વર્ણન છે. યસ્ન હા ૧૯ અને વંદીદાદ ફરગરદ ૧૯ ની અવસ્તા દંતકથા મુજબ અષો જરથુસ્ત્રને અહુરમજદા તરફથી 'અંગ્ર મઇન્યુ', દેવો અને દુજો સામે લડવા માટે 'અહુનવઇર્ય' નું સબળ હથિયાર મળ્યું હતું; તે સબળ હથિયારને યસ્ન હા ૪૪, ૧૬ ના આ ફકરામાં 'સેંગ્હા' શબ્દ વાપરી ઇશારો કરવામાં આવ્યો છે; તે હથિયારની મદદ વડે અષો જરથુસ્ત્ર 'વૅરૅથ્રેમ્-જા' (="શત્રુને મારનાર") થઇ શકયા હતા.

પાછલાં અવસ્તા સાહિત્યની દંતકથા મુજબ 'અષ', 'આતર્' 'સ્રઑષ' અને 'વૅરૅથ્રાજન્' (=અર્દિબેહેસ્ત, આદર્, સરોષ્ અને બહરામ્) 'હમકાર' (="સહકારી", "સાથે મળી કામ કરનાર") કહેવાય છે. તે ખ્યાલનું મૂળ ગાથાનાં લખાણમાંથી મળે છે.

વળી પાર્સીક દંતકથાનાં મત પ્રમાણે યસ્ન હા ૪૪, ૧૬ ના આ છંદમાં 'સ્રઑષ' શબ્દ શાહ વિશ્તાસ્પને માટે વાપરવામાં આવ્યો છે. એ ઉપરથી માલમ પડે છે કે પાર્સીક દંતકથા મુજબ 'સ્રઑષ' યાને શાહ વિશ્તાસ્પની હથિયાર રૂપી મદદથી અને અહુરમજદાએ આપેલા 'સેંગ્હા' (="સુખન") થી અષો જરથુસ્ત્ર 'વૅરૅથ્રેમ્-જા' (="દુશ્મનને મારનાર") થયા હતા.

'આરમઇતિશ્-ચ સ્પૅંતસ્-ચ'

ગાથામાં આવતો 'આરમઇતિ' શબ્દ વેદના 'अरमति'ને મળતો છે, જેના વેદમાં થતા અર્થો "તાબેદારી", "ભકિત", "દેવતાઓના ભકતો અને

શુભ કર્મોનું રક્ષણ કરનાર દેવી." ગાથા, પાછલા અવસ્તા અને વેદમાં એ શબ્દ મોટે ભાગે ગુણવાચક નામ તરીકે નારીજાતીમાં આવે છે. એ શબ્દની વ્યુત્પત્તિ अरम्+मति ="સમ્પૂર્ણ મતિ." પાર્સી દંતકથા મુજબ 'આરમઇતિ'નો અર્થ 'બુન્દ મીનિશ્નીહ' કરવામાં આવ્યો છે. ઉસ્તાદોના ઉસ્તાદ મોબદ નેરિયોસંગ ધવળે સંસ્કૃતમાં सम्पूर्ण मनस् તરજુમો કીધો છે. આ સઘળા કરવામાં આવેલા અર્થો મુજબ, વેદ, ગાથા, સંસ્કૃત, અવસ્તાનાં ભાષાંતર કરનારાઓ 'આરમઇતિ' = अरमति નો અર્થ વાજબી રીતે ભાવવાચક નામ લઈ "સમ્પૂર્ણ મતિ", "નમ્રતા", "ભક્તિ" કરે છે.

પણ જેમ ઉપર 'અષ', 'મનસ', 'વૅરૅથ્રમ્-ઘ્ન', 'સ્રઑષ' વિષે જણાવવામાં આવ્યું છે તેમ આ ભાવવાચક નામ 'આરમઇતિ'ને પણ અલંકારિક ભાષામાં વ્યક્તિત્વ આપી, તેને એક નામે 'અમૅષા સ્પૅંત' (= "અમર સેવંત") ગણીને "પૃથ્વી", "જમીન" ઉપર સત્તાધારી બનાવી છે; ખુદ અશો જરથુસ્ત્રના પોતાના ગાથાનાં વચનોમાં 'આરમઇતિ'ને 'સ્પૅંત' (= સ્પેન = "તેજસ્વિ") વિશેષણ લગાડ્યું છે (જુઓ યસ્ન હા ૪૩ ફકરો ૬ અને ૧૬). પાછલા અવસ્તામાં પણ 'આરમઇતિ'ને એ વિશેષણ લગાડવામાં આવ્યું છે; અને પાર્સી દંતકથામાં 'સ્પૅંત આરમઇતિ' એ શબ્દોનો એક ભેગો શબ્દ 'સ્પૅંદર્મત' બનાવવામાં આવ્યો છે, અને હાલમાં જરથુસ્તીઓમાં 'અસ્પંદારમદ' રૂપ ચાલુ વપરાશમાં છે.

'સ્પૅંતામઇન્યુશ' ગાથા (યસ્ન હા ૪૯, બંદ ૧૦ નાં બીજા પદ)માં 'આરમઇતિ' (="સમ્પૂર્ણ મતિ") ને નમસ્કાર અને આરાધના કરવામાં આવે છે. આ પદ આપણી 'નીરંગ-ઇ કુસ્તી પાદ્યાબ'માં મેલવામાં આવ્યું તે વેળાએ 'આરમઇતિ'ને જમીન ઉપર સત્તાધારી 'અમૅષા સ્પૅંત' ગણી, દુનિયામાં મનુષ્યજાત પૃથ્વી ઉપર જે અસ્વચ્છતા પેદા કરી પૃથ્વીને અપવિત્ર કરે છે તે માટે જરથુસ્ત્રિઓ પોતાની રોજીંદી બંદગીમાં પૃથ્વી ઉપર સત્તાધારી 'અમૅષા સ્પૅંત' 'આરમઇતિ'ને નમસ્કાર કરી તેની આરાધના કરે છે અને તેના ગુણ ગાય છે કે મનુષ્યજાતનાં ભલાંને ખાતર તે સઘળા રંજ અને અજાબ ખમે છે.

એજ પ્રમાણે પાછલા અવસ્તાનાં સાહિત્યમાં, વંદીદાદના જમાનામાં રચેલા ફ્કરા પરગરદ ૮, ૨૧ માં 'મજદા' (="મહાજ્ઞાની"), 'આર-

મઇતિ' (="સમ્પૂર્ણ મતિ"), અને 'સ્પૅંત (મઇન્યુ')નું રક્ષણ માંગવામાં આવે છે.

'નસ્'

'નસ્' (=नश्) ધાતુનો અર્થ "અદ્રશ્ય, અણદીઠ, બેમાલમ થવું", "નાશ પામવું."

'અપ-નસ્' (=अपनश्)="નાશ પામી ગુમ થઇ જવું."

'વિ-નસ્' (=विनश्)="સમ્પૂર્ણ નાશ થવો." આ ધાતુ ઉપરથી પાર્સીક ભાષામાં 'વિનાસ્' (=विनाश="ગુનાહ"="સમ્પૂર્ણ નાશ") શબ્દ મળે છે.

'દએવી-દ્રુખ્શ', 'દએવો-ચિથ્રે', 'દએવો-ત્ક્રકસ્તે', 'દએવો-ત્ક્રદાઇતિ'

આપણી 'નીરંગ-ઇ પાદ્યાબ્ કુસ્તી'માં જે 'દએવી-દ્રુખ્શ', 'દએવો-ચિથ્રે', 'દએવો-ત્ક્રકસ્તે' અને 'દએવો-ત્ક્રદાઇતિ' શબ્દો આવે છે તે શબ્દોના અર્થ સમજવાની કોશેશ કરિયે. આ ચારે શબ્દો આઠમી વિભક્તિના છે. તેમનાં અસલ રૂપની સમજણ ઉપર વિચાર ચલાવીશું.

'દએવી દ્રુજ' : વંદીદાદ, પરગરદ ૧૮, ફકરા ૩૦-૫૯ માં 'સ્રઑષ અષ્ય' (="અચળ નિયમને લગતા સ્રોષ") અને 'દ્રુજ' વચ્ચે એક અલંકારિક સંવાદ છે; ત્યાં 'દ્રુજ'ને નારીજાતીમાં બોલાવી તેને 'દએવી' વિશેષણ લગાડવામાં આવ્યું છે. આ સંવાદમાં ભાવવાચક નામ 'દ્રુજ'ને વ્યક્તિત્વ આપી "બુરી હાનિ કરનાર શક્તિ" એક નઠારી સ્ત્રી હોય તેમ તેની સાથે વાત કીધી છે. 'દએવી' (='દએવ્ય') વિશેષણ 'દએવ' ઉપરથી નિકળ્યું છે. 'દએવી-દ્રુજ' તે "દએવથી ઉત્પન્ન થયલી હાનિ, અસત્યતા, ઠગાઇ."

યસ્ન હા ૯ ફકરા ૮, આવાં યસ્ત્ ફકરા ૩૪ અને બહરામ્ યસ્ત્ ફકરા ૪૦ માં 'અજ઼િ દહાક' (="જોહાક")ને 'દએવયાઑ દ્રુજો' (="દએવી દ્રુજનો") કહ્યો છે. યસ્ન હા ૫૭ (=સ્રોષ્ યસ્ત્), ફકરા ૧૫ માં કોઇ શખ્સને માટે 'દએવયાઑ દ્રુજો અષ્-અઑજઙ્હો અહૂમ્-મૅરૅંચો' (="ઘણું જોર ધરાવનાર, જીંદગીનો નાશ કરનાર, દએવી-દ્રુજનો") વિશેષણો વાપર્યાં છે, જે વિશેષણો સાધારણ રીતે 'અજ઼િ દહાક' માટે વપરાયાં છે.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે 'દએવી–દ્રુજ' શબ્દ "બુરાં હાનિકારક તત્વ", "બુરી અણદીઠ શક્તિ" અને 'અજ્િ દહાક' જેવા બુરા માણસની માતા માટે વપરાયો છે.

'દએવો–ચિથ્ર': "દેવનાં તોખ્મ, બુન્યાદ, ઓલાદ, બીજ."

'દએવો–ફ્રકશ્ત':(= देव प्रकृष्ट) = "દેવનું આગળ પાડેલું, ઉંચી ટોંચ ઉપર મેલેલું"; "દેવનું વાવેતર"; "દેવની પેદાશ".

'દએવો–ફ્રદાઇતિ': (= देव प्रदत्ति) = "દેવની ભેટ, બક્ષેશ".

'દએવ'

'નીરંગ–ઇ પાદ્‌યાબ્‌ કુસ્તી'માં ગાથાના ફકરાઓ પછી વંદીદાદ પરગરદ ૮ માંથી લીધેલા ફકરા ૨૧ માં જે 'દએવ' અને 'દ્રુખ્શ્' શબ્દો આવે છે તેના અર્થ ઉપર નજર પુગાડવાની જરૂર છે.

'દ્રુખ્શ્' શબ્દ 'દ્રુજ્' શબ્દની આઠમી વિભક્તિ છે. આ ફકરામાં 'દએવી–દ્રુજ', 'દએવો–ચિથ્ર', 'દએવો–ફ્રકશ્ત' અને 'દએવો–ફ્રદાઇતિ'નો, યાને "દેવને લગતી હાનિ", "દેવનાં બીજ", "દેવની પેદાશ", અને "દેવની ભેટ" ને સંબોધી, ભણનાર તેઓનો નાશ થવાની ઇચ્છા દર્શાવે છે.

હવે ગાથા અને પાછલાં અવસ્તા સાહિત્યમાં 'દએવ' તે શું અને કોણ? ગાથા અને અવસ્તા સાહિત્યમાં આવતો 'દએવ' શબ્દ વેદમાં અને સંસ્કૃતમાં આવતા શબ્દ देव ને મળતો છે. એ શબ્દનો ધાતુ दिव्, देव् = "ઝળકવું," "ઉજાશ આપવો"; અષો જરથુસ્ત્રની પહેલાં જુની આર્યન પ્રજામાં એ ધાતુ ઉપરથી નિકળેલા देव શબ્દનો અર્થ "આકાશમાં વસનાર," "એક દેવતા" હતો. એવા देव ની સંખ્યા તેત્રીસની હતી.

'દએવી' (= देवी) શબ્દ 'દએવ' (= देव) નું નારીજાતી રૂપાંતર છે. અને 'દએવી–દ્રુજ્'માં આવતો 'દએવી' શબ્દ 'દએવ' ઉપરથી ઉપજેલું વિશેષણ હોવાથી, 'દએવી–દ્રુજ્'નો અર્થ "દએવને લગતી દ્રુજ્" થાય છે.

અષો જરથુસ્ત્રએ પોતાના ગાથા (યસ્ન હા ૨૯, ૩૨, ૩૪, ૪૪, ૪૫, ૪૮, ૪૯) માં 'દએવ' શબ્દ પોતાના જમાનાના જુનો આર્યન ધર્મ શિખવનાર માણસો, 'અસુર' ના ભક્તો અને ગુરૂઓની ઉપમા તરીકે વાપર્યો છે. અષો જરથુસ્ત્ર પછી તેમના શાગેર્દોએ પાછલાં અવસ્તા સાહિત્યમાં 'દએવ' નો એ અર્થ ચાલુ રાખ્યો છે (યસ્ન હા ૧૨, ફકરો ૧,

વંદીદાદ પરગરદ ૧૮, ફકરા ૧૬ અને ૨૪, ફ્રવદીન્ યશ્ત, ફકરો ૮૯). આ પછી 'દએવ' શબ્દનો અર્થ બદલાઇ, એ શબ્દ "અણદીઠ બુરી શકિત" માટે વપરાવા લાગ્યો.

વંદીદાદની પરગરદ ૧૯ મી માં 'અંગ્ર મઇન્યુ' અને તેનાં મળતિઆંઓ અષો જરથુસ્ત્રનો જન્મ થવા આગમચ તેમને મારી નાંખવાની કોશેશ કરે છે. એ પરગરદમાં 'અંગ્ર મઇન્યુ' ને 'દએવનાંમ્ દએવો' (= "દેવોનો દેવ" = "દેવોનો વડો") કહ્યો છે. 'અંગ્ર મઇન્યુ' અષો જરથુસ્ત્રને મારવા જે 'દએવ'ને તેડે છે તે 'દુજ બૂઇતિ–દએવ' છે. જ્યારે 'અંગ્ર મઇન્યુ' 'પઇતિશ દએવ દએવનાંમ્ દએવોતॅમ' (= "આગેવાન દેવ, દેવોનો દેવ") અષો જરથુસ્ત્રને મારવામાં નિષ્ફળ નિવડે છે ત્યારે જે બીજા 'દએવ' તેની સાથે પોતાની નાસિપાસી જાહેર કરે છે તેઓનાં નામ: 'ઇંદ્ર દએવ', 'સાઉરુ (= सर्व, शर्व) દએવ,' 'નાઑઙ્હઇથ્ય (= नासत्य) દએવ', 'તઉર્વિ', 'જઇરિ', 'અએષ્મ ખ્રીદ્રુ', 'અકતષ દએવ', 'ઝિમ દએવો-દાત', 'બૂઇતિ દએવ', 'દ્રિવિ દએવ', 'દઇવિ દએવ', 'કસ્વિ દએવ', આ સઘળા દેવો અણદીઠ હાનિ ઉપજાવનાર બુરી શકિતઓ અને દુર્ગુણો છે.

વંદીદાદ પરગરદ ૧૯, ફકરા ૪૦ માં 'દએવ સ્પેંજઘ્ર'ને માટે ઇશારો છે જે 'દએવ'ને 'આતર્ વાઝિશ્ત' મારે છે. એ 'દએવ સ્પેંજઘ્ર'ની 'તિશ્ત્ર્ય' સેતારા સાથની લડાઇનું વર્ણન પાર્સીક પુસ્તક 'બુનદહિશ્ન'માં મળે છે.

વંદીદાદ પરગરદ ૧૯, ફકરા ૪૧ માં જણાવવા મુજબ આપ્ અષો 'દએવ કુન્દ બઙ્હ વીબઙ્હ'ને મારે છે.

વળી વંદીદાદ પરગરદ ૧૦ ફકરા ૯, ૧૩, ૧૪ અને ૧૬ માં, વંદીદાદ ૧૯ ફકરા ૪૦ માં જણાવેલા દેવો 'ઇંદ્ર', 'સાઉરુ', 'નાઑઙ્હઇથ્ય', 'તઉર્વિ', 'જઇરિ', 'અએષ્મ' અને 'અકતષ' ઉપરાંત 'વરॅન્ય દએવ', 'વાતીમ્ દએવ', 'માજઇન્ય દએવ'નાં નામ વધારે મળે છે.

વંદીદાદ પરગરદ ૧૧ ફકરા ૯, ૧૨, ૧૫ અને ૧૬માં કુદરતની હયાતીઓમાં હસ્તી ધરાવતા કેટલાક દુર્ગુણોનાં નામ મળે છે, જેઓને 'દએવ'ને એલ્કાબે ઓળખાવ્યા નથી: 'અએષ્મ', 'નસુ', 'હાંમ્-રએથ્વ', 'પઇતિ–રએથ્વ', 'બ્રૂ', 'બ્રૂીઘ્નની', 'બૂઇધી', 'બૂઇધિજ્', 'કુંદિ', 'કુંદિજ્', 'બૂષ્યાંસ્ત જઇરિન', 'બૂષ્યાંસ્ત દરॅઘો–ગવ', 'મૂઇધિ', 'કપસ્તિ' અને 'પઇરિકા'.

વંદીદાદ પરગરદ ૧૩, ફકરા ૬ માં 'અંગ્ર મઇન્યુ'ની એક નુકસાનકારક પેદાશને 'દએવ જઇરિમ્યહ્‌ઉર'ને નામે ઓળખી છે.

વંદીદાદમાં આવતા દેવોની એક ટીપ ઉપર રજુ કીધી છે; તે ઉપરાંત બીજા કેટલાક દુર્ગુણો અને બુરી શકિતઓનાં નામ અવસ્તા યશ્તોમાં મળે છે.

આ ઉપરથી આપણે અનુમાન કરી શકિયે છિયે કે અષો જરથુસ્ત્રના જમાનામાં, તેમના લખેલા ગાથામાં, અસલની આર્યન પ્રજાના ધર્મગુરૂઓ અને બ્રાહ્મણોને 'દએવ'ને નામે ઓળખિયા છે. પાછલાં અવસ્તા સાહિત્યમાં, 'દએવ'નો ધર્મ તજી અષો જરથુસ્ત્રની દીન સ્વિકારનારાઓએ યસ્ન હા ૧૨ માં આવતો એકરાર કરી, 'માજ્દયસ્ની,' 'જરથુશ્ત્રિ' થઇ, 'અહુર-તક્એષ' (= "અહુરમજ્દાને માનવાનો ધર્મ") અંગીકાર કીધો. તે એકરાર 'નાસ્રિમ દએવો' શબ્દોથી શરૂ થાય છે. એ શબ્દોનો અર્થ "હું 'દએવ' મારો અસલ ધર્મ તજું છું."

અહીંઆં પણ 'દએવ' શબ્દ, જે અર્થે ગાથામાં વપરાયો છે તેજ અર્થે, યાને અષો જરથુસ્ત્રની દીન શરૂ થઇ તે અગાઉના "જુના આર્યન ધર્મ" પાળનારને માટે છે.

ફરવર્દીન યશ્તના ફકરા ૮૮–૯૫ માં અષો જરથુસ્ત્રની ફ્રવશિને આરાધવામાં આવી છે. ત્યાં ફકરા ૮૯ માં જણાવવામાં આવ્યું છે કે "અષો જરથુસ્ત્ર સૌથી પહેલા 'સ્તઑત્ અષૅમ' (= અષની સ્તુતિ કરનાર), 'નાઇરત્ દએવો' (= દએવ ધર્મ તજી દેનાર) હતા."

વંદીદાદ પરગરદ ૧૮, ફકરા ૧૬ અને ૨૪ માં એજ શબ્દો બીજે રૂપે આવે છે: 'નીસ્ત દએવ' (= "તમે દેવો તમારો અસલ ધર્મ તજો").

પાછલાં સાહિત્યમાં "બુરી અણદીઠ શકિતઓ"ને અને કુદરતમાં, જાનવરોમાં અને માણસજાતમાં દાખલ થતા તથા 'અંગ્ર મઇન્યુ'ની સત્તા તળે કામ કરનારા બુરા દુર્ગુણોને 'દએવ' કહ્યા છે.

'દ્રુજ'

જેમ 'અષવન્' શબ્દથી ઉલટો અર્થ ધરાવનાર શબ્દ 'દ્રૅગ્વત્' અથવા 'દ્રવત્' છે, તેમજ 'અષ'થી ઉલટો અર્થ ધરાવનાર શબ્દ 'દ્રુજ' છે. 'દ્રુજ'

શબ્દ પણ 'દ્રવત' શબ્દનાજ ધાતુ દ્રુ, દ્રુહ્ ઉપરથી ઉત્પન્ન થયો છે. ગાથા અને પાછલા અવસ્તામાં 'દ્રુજ' શબ્દ ઘણે અર્થે મળે છે.

'દ્રુજ' (= દ્રુહ્) નો અર્થ "ઇજા અથવા હાનિ કરનાર," "બુરી શત્રુવટ ધરાવનાર વ્યક્તિ" અથવા "મીનોય અણદીઠ તત્વ" થાય છે. જ્યારે એ શબ્દ નારીજાતીમાં વપરાયલો હોય ત્યારે એનો અર્થ "હાનિ," "ઇજા," "હાનિ ઇજા કરનાર નારી ગુણ" થાય છે. અવસ્તા ભાષામાં એ શબ્દ બીજા અર્થે પણ વપરાયલો મળે છે, જે અર્થો વેદ કે સંસ્કૃતમાં જડતા નથી.

વંદીદાદમાં 'દ્રુજ' નરજાતીમાં 'અંગ્ર મઇન્યુ' માટે વપરાયો છે. પાછલા જમાનામાં પાર્સીક ભાષામાં એ શબ્દ ઘણું કરીને નર કે નારી જાતીમાં "બુરી અદ્રશ્ય શક્તિઓ" માટે વાપર્યો છે.

પાર્સીક દંતકથાનાં મત મુજબ, યસ્ન હા ૪૮,૧ ('સ્પેંતામઇન્યુશ' ગાથા) માં 'દ્રુજ' શબ્દ "ઇંદ્ર દેવતા" માટે વાપરેલો ધારવામાં આવ્યો છે.

હવે જે 'દ્રુજ'ને અદ્રશ્ય થવા, દુર જતા રહેવા, નાશ થઇ ગુમ થવા, સમ્પૂર્ણ નાશ પામી ઉત્તરે જવા કહે છે તે કોણ અથવા શું ?

'દ્રુજ' શબ્દ વિશેષણ અથવા ગુણવાચક નામ તરીકે ગાથા અને પાછલા અવસ્તામાં અનેક શખ્સો કે ચીજોને લાગુ પાડવામાં આવ્યો છે.

અષો જરથુસ્ત્રના ગાથામાં: યસ્ન હા ૩૦ છંદ ૧૦, હા ૩૧ છંદ ૧ અને ૪, હા ૩૨ છંદ ૩, હા ૩૩ છંદ ૪, હા ૪૪ છંદ ૧૩, હા ૪૬ છંદ ૬ અને ૧૧, હા ૪૮ છંદ ૧, હા ૪૯ છંદ ૩ અને ૧૧, તથા હા ૫૩ છંદ ૬ માં આ 'દ્રુજ' શબ્દ મળે છે.

આ ગાથાના છંદોમાંના છ છંદ: યસ્ન હા ૩૦, ૧૦, હા ૩૧ છંદો ૧ અને ૪, હા ૩૩, ૪, હા ૪૪, ૧૩ અને હા ૫૩, ૬ માં 'દ્રુજ' શબ્દ સામાન્ય નામ તરીકે "જૂઠું બોલનાર, ઠગનાર, હાનિ કરનાર" કોઇ વ્યક્તિઓ માટે વપરાયો છે.

હા ૪૬, ૬ માં 'દ્રુજો દામાંન' (= "દ્રુજનાં મકાન"), હા ૪૬, ૧૧ માં 'દ્રુજો દેમાનાઇ' (= "દ્રુજનાં મકાને") અને હા ૪૯, ૧૧ માં 'દ્રુજો દેમાને' (= "દ્રુજનાં મકાનમાં") મળે છે. એ ત્રણ ઠેકાણે અહુર-મજ્દાનાં 'ગરો દેમાન' (= "વ્યવસ્થિત ગાથા ગાયનનાં મકાન")થી ઉલટાં

"અંગ્ર મઇન્યુનાં અસત્ય, ઠગાઇ, હાનિનાં મકાન", "દોજખ" વિષે ઇશારા છે.

બાકીના ગાથાના ત્રણ છંદો : હા ૩૨, ૩, હા ૪૮, ૧, અને હા ૪૯, ૩ માં 'દ્રુજ' શબ્દ ગુણવાચક નામ તરીકે "જૂઠાઇ, હાનિ, ઠગાઇ" ને અર્થે વપરાયો છે.

ગાથા સાહિત્ય પછીનાં અવસ્તા સાહિત્ય ઉપર આવિયે. વંદીદાદ પરગરદ ૫ ફકરા ૨૭–૩૨ (= પરગરદ ૭ ફકરા ૬–૯) માં, પરગરદ ૬ ફકરા ૩૦, ૩૩, ૩૬ અને ૩૯ માં, પરગરદ ૭ ફકરા ૧–૪, ૧૦ અને ૨૭ માં, પરગરદ ૮ ફકરા ૪૧–૬૯ માં, પરગરદ ૯ ફકરા ૧૫–૨૬ માં 'દ્રુખ્શ્ યા નસુશ્' (= "દ્રુજ જે નસુ") નું વર્ણન છે. 'નસુ દ્રુજ', માણસ અને જાનવરનાં મરણ બાદ, તેમની લાશમાં દાખેલ થઇ કોહવાટ, દુર્ગંધ અને સડો ઉપજાવી, આ જગતમાં માણસજાતની, જાનવરની અને બીજી પેદાશોની તનદરોસ્તી અને સ્વચ્છતાનો ઘટાડો અને નાશ કરે છે. ગુજરેલાંની લાશને અવસ્તામાં 'નસુ' અને પાર્સીક ભાષામાં 'નસા' કહે છે. વળી કેટલીક જગ્યે 'દ્રુખ્શ્ યા નસુશ્' શબ્દોને બદલે માત્ર 'દ્રુખ્શ્' શબ્દ એજ અર્થે મળે છે:—વંદીદાદ પરગરદ ૯ ફકરા ૧૩, ૪૫ અને ૪૭, અને પરગરદ ૧૦ ફકરો ૧.

'અહુનવઇતિ' ગાથા (યસ્ન હા ૩૧. ૪) માં 'યેઘા વરેદા વનએમા દ્રુજેમ્' (= "જેના ફટકાથી અમે દ્રુજને મારિયે") શબ્દો આવે છે. ગાથાના આ છંદમાં ઉપર જણાવ્યું તેમ 'દ્રુજ' શબ્દ એક વ્યક્તિ 'અંગ્ર મઇન્યુ' માટે વપરાયો છે. આજ શબ્દો વંદીદાદ પરગરદ ૨૦, ૮ માં ઉતાર્યા છે, ત્યાં 'દ્રુજ' શબ્દનો ખાસ જુદો અર્થ કીધો છે. પરગરદ ૨૦ માં બીમારી, મોત, દુઃખદર્દ દફે કરવા માટે ભણવાની નીરંગ છે. અવસ્તા દંતકથા મુજબ 'થ્રિત' નામના પુરૂષે દુનિયામાં સૌથી પહેલે નીરંગ ભણી દુઃખદર્દ મિટાડયાં હતાં. આ પરગરદના ફકરા ૭ માં અહુરમજ્દા 'યરક' (= "બીમારી"), 'મહ્રક' (= "મોત"), 'દાજુ', 'તફ્નુ' (= "તાપ"), 'સારન', 'સારસ્તિ', 'અજ્હન', 'અજહ્વ', 'કુરુઘ્ર', 'અજિવાક', 'દુરુક', 'અસ્તઇર્ય', 'અવશ' નામની બાર બીમારીઓ અને મોતને દફે થવાને હોકમ કરે છે. આ હોકમ (= 'પઇતિ—સહ્હન') પછી,

ગાથા 'અહુનવઇતિ' (= યસ્ન હા ૩૧, ૪) માં આવતા શબ્દો 'યેઘા વરૅદા વનએમા દ્રુજૅમ' (="જેના ફટકાથી અમે દ્રુજને મારિયે") બોલવામાં આવે છે. પરગરદ ૨૦ ના આ ફકરાઓમાં જે 'દ્રુજ' વિષે ઇશારો છે તે 'દ્રુજ' કુલે બીમારી અને દુ:ખદર્દમાં વસતું "હાનિકારક તત્વ" છે. પાછલા અવસ્તાના આ ફકરામાં અસલ ગાથામાં 'દ્રુજ' શબ્દ જે અર્થે વાપર્યો હતો તેને બદલે એ શબ્દને બીજો અર્થ લાગુ પાડયો છે.

ગુજરેલાંની લાશને છેવટની મંજલે દાદગાહે પુગાડવા આગમચ આથ્રવનો 'અહુનવઇતિ' ગાથાના હા સાત ભણી 'ગેહસારણું' (= અવસ્તા 'ગાથા સ્રાવન') કરે છે. એ ગેહસારણાં વખતે, ગાથા યસ્ન હા ૩૧, ૪ ના કલામ 'યેઘા વરૅદા વનએમા દ્રુજૅમ' ઉપર આવતાં આથ્રવનો અટકીને મોઢું ફેરવી ઉભા રહે છે અને 'સગદીદ' (="કુતરો દેખાડવા") ની ક્રિયા કરવામાં આવે છે; તે પછી ગુજરેલાંની લાશને 'ગેહાંન' ઉપર મેલવામાં આવે છે. આ પ્રસંગે આ વાકય 'યેઘા વરૅદા વનએમા દ્રુજૅમ'માં આવતા 'દ્રુજ' શબ્દને 'દ્રુજ યા નસુશ'. 'નસુ દ્રુજ' ને અર્થે લેવામાં આવે છે, અસલ ગાથાને અર્થે નહિ.

'ઉશ્તવઇતિ' ગાથા (યસ્ન હા ૪૪, ૧૩) માં 'કથા દ્રુજૅમ નીશ્ અહ્મત આ નીશ્-નાશામા' (="કેમ દ્રુજનો એથી અમે નાશ કરિયે?") શબ્દો આવે છે. ઉપર જણાવ્યું તેમ આ ગાથાના છંદમાં 'દ્રુજ' શબ્દ એક વ્યક્તિ, 'અંગ્ર મઇન્યુ', માટે વાપર્યો છે. પણ જ્યારે એજ શબ્દો યસ્ન હા ૬૧ ફકરા ૫ માં યાને ગાથા પછીનાં સાહિત્યમાં લેવામાં આવ્યા છે ત્યારે ત્યાં 'દ્રુજ' શબ્દનો ખાસ જુદો અર્થ કરવામાં આવ્યો છે. યસ્ન હા ૬૧ માં ભણનાર ચાર ઉમદા માંથ્ર, 'અહુનવઇર્ય', 'અષ વહિશ્ત' (= 'અષૅમ વૉહૂ'), 'યેહ્હે હાતાંમ' અને 'ઐર્યેમ ઇશ્ય', જમીન અને આસ્માન વચ્ચે યાને તમામ સૃષ્ટિમાં, આશ્કારા કરવાની દુવા ગુજારે છે. આ ચાર માંથ્રનાં પવિત્ર વચનો ભણી ભણનાર 'અંગ્ર મઇન્યુ'ની પેદાશ 'કખરૅધ', 'કખરૅઇધિ', 'કયધ', 'કયેઇધિ', 'તાયુ' (="ચોર"), 'હજંગ' (="લુટારા"), 'જંદા', 'યાતુમતા' (="જાદુગર"), 'મિથ્રો-જ્યા' (="કોલની હાનિ કરનાર"), 'મિથ્રો-દ્રુજ' (="કોલ તોડનાર"), 'અષવઘ્ન' (="અષોને મારનાર"), 'અષવ-ત્બએષ' (="અષોને દુ:ખ

દેનાર"), 'અષૅમઑધ' (= "અધમી"), 'સાસ્ત્ર' (= "જુલ્મી રાજ્યકર્ત્તા"), અને "કોઇબી ખોટા વિચાર, વચન અને કર્મવાળા દર્વંદ"ની સામે થઇ દુનિયામાંથી બહાર હાંકી કહાડવાની પેરવી કરે છે; ત્યારપછી 'ઉશ્તવઇતિ' ગાથા (હા ૪૪, ૧૩) ના કલામ 'કથ દ્રુજૅમ્ નીશ્ અહ્મત્ આ નીશ્-નાષામ' ભણુવામાં આવે છે, જેનો યસ્ન હા ૬૧ માં લાગુ પડતો ખુલાસો એ અસલ સાહિત્ય રચનારે અવસ્તા ભાષામાં આ પ્રમાણે આપ્યો છે: 'નીશ્-નાષામ સઑશ્યંતો દ્રુજૅમ' (= "સોશ્યંસની સામે થનાર દ્રુજનો અમે નાશ કરિયે"). એનો અર્થ આ કે ઉપર નામ દીધેલાં 'અંગ્ર મઇન્યુ'નું કામ કરનારાંઓ ભવિષ્યમાં આવનાર સોશ્યંસનાં આગમન સુધી દુનિયામાં 'દ્રુજ' યાને "બદી"નો ફેલાવો કરિયા જશે; તે સઘળાં બુરાં તત્વોનું મૂળ ઉપર કહેલાં ચાર ઉમદા માંથ્રનાં ભણવાની મદદથી જો નાશ કરવામાં આવે તો જ્યારે દુનિયામાં લોકોને પવિત્ર રાહ ઉપર ચલાવવા સોશ્યંસ (= "ભવિષ્યમાં શુધ્ધિ કરનાર") આવશે ત્યારે 'દ્રુજ' (= "બદીનાં મૂળ") નો સહેજ પણ અંશ આ દુનિયામાં રહેશે નહિ.

ગાથાનો મોજ કલામ જમ્યાદ્ યશ્ત્ ફકરા ૧૨માં ચોખ્ખી રીતે સમજાવવામાં આવ્યો છે. જેમ યસ્ન હા ૬૧ માં સોશ્યંસનાં આગમન પહેલાં 'દ્રુજ'નો નાશ થવાની ઉમેદ બાંધવામાં આવી છે, તેમજ જમ્યાદ્ યશ્ત્‌માં 'રિસ્ત-આખેજ'ને વખતે, જ્યારે સઘળી હયાતી પામેલી જાનદાર પેદાશનાં જુદાં પડેલાં ખાકી તન અને મીનોય રવાનને ફરી સાથે મેળવી સજીવન કરવામાં આવશે ત્યારે 'નિશ્ તત્ પઇતિ દ્રુખ્શ્ નાષાહતે' (= "તે અહુરમજદાનાં ખરેહથી દ્રુજ નાશ પામશે"). અહીંઆં પણ 'દ્રુજ' સઘળા પ્રકારની "બદી"નાં મૂળને અર્થે વપરાયો છે.

જરથુસ્ત્રીઓ 'આર્દિબેહેસ્ત યશ્ત'નું ભણતર પુરાતન કાળથી દુઃખદર્દ દફે કરવા પીછી કરી ભણે છે. એ યશ્ત્‌માં અનેક પ્રકારની બીમારીઓ અને હાનિકારક તત્વોને નામ બ નામ યાદ કરી તેઓનો જડમૂળથી નાશ ઇચ્છવામાં આવે છે. એ યશ્ત્‌ના ફકરા ૧૭ને છેડે ભણનાર દુઆ ગુજારે છે:

'દ્રુખ્શ નસ્યાત્, દ્રુખ્શ્ હરારાત્, દ્રુખ્શ્ વીનસ્યાત્. અપાખ્ઍદ્રે અપનસ્યેહે, મા-મૅરૅંચઇનીશ્ ગએથાઑ અસ્તવઇતીશ્ અષહે!'

અર્થ: "દ્રુજ્ નાશ પામે, દ્રુજ્ ચાલી જાય, દ્રુજ્ સમુળગો નાશ પામે. ઉત્તરે નાશ પામ, ના માર અષની હસ્તીવાળી જેહાનને!"

'અર્દિબેહેશ્ત્ યશ્ત્'ના આ શબ્દોનો સમાવેશ આપણી 'નીરંગ-ઇ પાદ્યાબ્ કુસ્તી'માં કરવામાં આવ્યો છે. 'અર્દિબેહેશ્ત્ યશ્ત્'ના આ ફકરામાં અને આપણી 'નીરંગ-ઇ પાદ્યાબ્ કુસ્તી'માં જે 'દ્રુજ'નો નાશ ચાહવામાં આવે છે તે 'દ્રુજ્' દુનિયાની સઘળી બદીનું મૂળ તત્વ, 'અષ'નો વિરોધી, 'અંગ્ર મઇન્યુ' છે. જરથુશ્ત્રિ મજહબ મત મુજબ 'અંગ્ર મઇન્યુ'નું રહેઠાણ ઉત્તર દિશાએ છે. તેટલામાટે જરથુશ્ત્રિ મજહબ મતનું શિક્ષણ છે કે 'અંગ્ર મઇન્યુ' આ દુનિયામાં દાખેલ થઇ જે ઇજા અને હાનિ પુગાડે છે તે કરતો અટકી, દુનિયામાંથી નાબુદ થઇ, તે પાછો પોતાનાં અસલ રહેઠાણમાં જાય એવી દુવા જરથુશ્ત્રિઓએ ચાલુ અને ચાલુ ગુજારવી; તેથીજ 'અર્દિબેહેશ્ત્ યશ્ત્'માં આવતા આ શબ્દો આપણાં હરરોજનાં ભણતરમાં ખાસ મેલવામાં આવ્યા છે.

પાછલાં અવસ્તા સાહિત્યમાં જે અર્થે 'દેવ્' અને 'દ્રુજ્' શબ્દો લેવામાં આવ્યા તે અર્થેજ એ શબ્દો પાર્સીક ભાષામાં પણ વપરાયા છે.

'મા-મૅરૅંચઇનીશ'

વંદીદાદ પરગરદ ૮, ૨૧ માં આવતો આ શબ્દ 'મા-મૅરૅંચઇનીશ્' આજ્ઞાર્થક ક્રિયાપદ, બીજો પુરૂષ, એકવચન છે. પાર્સીક દંતકથાના તરજુમામાં એનો અર્થ 'મ-મરંચીનૅ' (= "ના માર," "નાશ ના કર") કીધો છે. 'મા' પ્રત્યય આજ્ઞાર્થક ક્રિયાપદને નકારમાં દર્શાવનારો શબ્દ છે. 'મૅરૅંચઇનીશ્' શબ્દ અવસ્તા સાહિત્યમાં માત્ર બેજ વાર, વંદીદાદ પરગરદ ૮, ૨૧ અને 'અર્દિબેહેશ્ત્ યશ્ત્', ૧૭ માં મળે છે. આપણે ઉપર જોયું તેમ 'અર્દિબેહેશ્ત્ યશ્ત્'ના ફકરા ૧૭ ના શબ્દો વંદીદાદ પરગરદ ૮, ૨૧ માં ઉતારી લીધેલા હોવાથી ખરી રીતે જોતાં આ 'મૅરૅંચઇનીશ્' શબ્દ આખાં હયાત અવસ્તા સાહિત્યમાં માત્ર એકજ વાર મળ્યો છે. ભાષાશાસ્ત્રને કાયદે તરજુમો કરનારા કોઇક અભ્યાસીઓએ એ શબ્દનું અસલ રૂપ 'મૅરૅંચઇન્ય' લઇ એનો અર્થ "મારી નાખવાને લાએક" લીધો છે. એ શબ્દનો ધાતુ અવસ્તા 'મૅરૅંચ્' (= વેદીક અને સંસ્કૃત 'મૃછ્', 'મર્છ્' = "નાશ પામવું") છે, અને પાર્સીક દંતકથાનો તરજુમો ખરો છે. પ્રોફેસર

જેકસને પોતાનાં અવસ્તા ભાષાનાં વ્યાકરણમાં એ શબ્દનો ખરો અર્થ જેમ આપણે કીધો છે તેમ આપ્યો છે.

'અંગ્ર મઇન્યુ'

અષો જરથુસ્ત્રએ પોતાનાં ગાથાનાં કિર્તનોમાં 'અંગ્ર મઇન્યુ' વિષે શું વિચારો જાહેર કીધા હતા તે જાણવું અવશ્યનું છે. શું ગાથામાં 'અંગ્ર મઇન્યુ' મળે છે? ગાથામાં 'અંગ્ર' શબ્દ જુદે જુદે રૂપે છ વાર આવ્યો છે: 'ઉશ્તવઇતિ' ગાથા (યસ્ન હા ૪૩ છંદ ૧૫ મા)માં 'અંગ્રેંગ્'; યસ્ન હા ૪૪ છંદ ૧૨ મામાં ત્રણવાર 'અંગ્રો'; યસ્ન હા ૪૫ છંદ બીજામાં 'અંગ્રૅમ્'; 'સ્પૅંતામઇન્યુ' ગાથા (યસ્ન હા ૪૮ છંદ દસમા)માં 'અંગ્રથા'. કેથે પણ ગાથામાં 'અંગ્ર મઇન્યુ' મળતો નથી. એ સઘળી છ જગ્યાએ 'અંગ્ર' શબ્દનો અર્થ પાસીંક દંતકથાના તરજુમામાં 'ગના' (="મારનાર") કીધો છે. પણ આ પાસીંક તરજુમો કરનારાઓએ જ્યારે 'અંગ્ર'નો અર્થ 'ગના' શબ્દથી કીધો ત્યારે તેઓ શું કહેવા માંગતો હતા?

હા ૪૩ ના પંદરમા છંદમાં 'અંગ્રેંગ' શબ્દથી પાસીંક તરજુમો રચનારાઓએ "મારનારા"નો ઇશારો લીધો છે. એ શબ્દનો બરાબર તરજુમો સમજવા માટે આપણે એ છંદનાં ચોથાં અને પાંચમાં પદનો પાસીંક તરજુમો અત્રે આપીશું:

"કોઇપણ માણસ દર્વંદોને ઘણો રાજી રાખનાર થશો નહીં, જેઓ આ રીતે તારા અહુરમજ્દાનાં સઘળાં અષો લોકોને મારનારાં ધારે છે."

આ તરજુમા ઉપરથી જણાય છે કે પાસીંક તરજુમાએ 'અંગ્રેંગ' શબ્દને 'અષાઉનો' (="અષો લોકો")નું વિશેષણ ધારિયું છે! આ તરજુમો ખરો હોય કે ખોટો, પણ આ છંદમાં 'અંગ્રેંગ્' શબ્દ "મારનારાં" મનુષ્યો માટે વપરાયો છે, કોઇ 'મઇન્યુ' (="માનીય હસ્તી") માટે નહીં.

ઉસ્તાદ નેરિયોસંગ ધવળએ એ શબ્દનો અર્થ हन्तृन् (="મારનાર") કરી તેની સમજણ માટે ટીકામાં बलिष्ठतरान् (="ઘણા બળવાન") એ શબ્દ આપ્યો છે.

ઉસ્તાદ કાવસજીનો તરજુમો, "કારણકે તેઓ સઘળા રાસ્તને નઠારા ગણતા આવેલા છે," પાસીંક તરજુમાને મળતો છે અને 'અંગ્રેંગ્' શબ્દનો અર્થ "નઠારા" કીધો છે.

આ તરજુમાઓ ઉપરથી માલમ પડે છે કે હાલ સુધી સઘળા તરજુમો કરનારાઓએ હા ૪૩ ના આ છંદમાં 'અંગ્રેંગૂ' શબ્દમાં 'અંગ્ર મઇન્યુ' વિષે ઇશારો જોયો નથી.

હા ૪૪ ના ૧૨ મા છંદમાં ત્રણવાર 'અંગ્રો' શબ્દ મળે છે. અસલ ગાથાના શબ્દો તેના પાર્સીક તરજુમા સાથે વધારે ધ્યાનથી જોવાની જરૂર છે:—

'તત્ થ્વા પેરેસા ઍરેષ્ મોઇ વઍાચા અહુરા:
કે અષવા, યાઇશ્ પેરેસાઇ, દ્રેગ્વાઍ વા,
કતારેમ્ આ અંગ્રો વા હ્વો વા અંગ્રો,
યે મા દ્રેગ્વાઍ થ્વા સવા પઇતિ-ઍરેતે,
ચ્યહ્હત હ્વો નોઇત અયેમ્ અંગ્રો મન્યેતે?'

પાર્સીક તરજુમો: "જે તને પુછું તે ઝટ મને કહે, ઓ અહુર! કોણ અષો જે પુછપરછ કરે છે અને કોણ દર્વંદ? કોણ તે જે 'ગના', તે જે 'ગના'નો, જે દર્વંદ તારા કાયદાની બાબતમાં, તારી દીનની બાબતમાં, મારી સામે થાય છે? ખુદ તેમનાં આગમન વેળા તેમને હુંસ 'ગના' ધારૂં નહિ, યાને જ્યારે તેમને જોઉં ત્યારે તેમને 'દેવ' તરીકે ઓળખું કાં નહિ?"

ઉસ્તાદ કાવસજીનો તરજુમો: "અએ હોરમજદ! તુને હું પુછુંછું, તે (તું) મને ખરૂં કેહેજે. જે (માણસો) સાથે હું વાતચીત કરૂંછું (તેઓમાં) રાસ્ત કોણ તથા દુષ્ટ કોણ (છે)? તે એમાંથી કોણની તરફ અંગ્રેમેન્યુશ (છે)? (તે એમાંનો કીયો શખ્સ) પોતે અંગ્રેમેન્યુશના જેવો (છે)? જે દુષ્ટ માણસ (અએ હોરમજદ!) મને (તથા) તારી નેઆમતોને વગોવેછે, તે પોતે શામાટે અંગ્રેમેન્યુશને લગતો ગણાતો નથી."

ઉસ્તાદ નેરિયોસંગ પોતાના સંસ્કૃત તરજુમામાં આ ત્રણ વેળા આવતા 'અંગ્રો' શબ્દનો ત્રીજા પદમાં हन्ता અને પાંચમાં પદમાં हन्तृन् તરજુમો કરે છે.

પાર્સીક દંતકથા પ્રમાણે આ છંદમાં 'અંગ્રો' શબ્દ દુનિયામાં વસતા બુરાં "મારનારાં" માણસ વિષે છે, 'અંગ્ર મઇન્યુ' માટે નહીં. ઉસ્તાદ કાવસજીનો એ 'અંગ્રો' શબ્દનો અર્થ "અંગ્રેમેન્યુશ" વાજબી લાગતો નથી.

હાલના જમાનાના તરજુમો કરનારાઓએ 'અંગ્ર' તે 'અંગ્ર મઇન્યુ'જ છે એમ માની લીધેલું હોવાથી આ છંદમાં ઉસ્તાદ કાવસજીએ 'અંગ્રો'માં 'અંગ્ર મઇન્યુ'ને માટે ઇશારો છે એમ ધાર્યું હશે.

હા ૪૫ ના બીજા છંદમાં 'અંગ્રેમ્' શબ્દ મળે છે. અસલ ગાથાના શબ્દો અને તેનો પાર્સીક તરજુમો નીચે મુજબ છે:—

"અત્ ફ્રવખ્ય્યા અહ્‌હેઉશ્ મઇન્યૂ પૉઉરુયે
યયાઓ સ્પન્યાઓ ઊઇતી અવત્ યેમ્ અંગ્રેમ્:
'નોઇત્ ના મનાઓ નોઇત્ સેંઘ્હા નોઇત્ ખ્રતવો
નઓદ વરેના નોઇત્ ઉખ્ધા નઓદ શ્યઓથ્ના
નોઇત્ દએનાઓ નોઇત્ ઉર્વાનો હચઇંતિ.'"

પાર્સીક તરજુમો: "આ પ્રમાણે હું જાહેરમાં કહું છું જીંદગીમાં પહેલા માનોય (=ગાથાના નિયમની) હાલત. તેઓમાં જેની વૃદ્ધિ હતી તેણે તે 'ગના' (=મારનાર)ને આ પ્રમાણે કહ્યું: 'નથી આપણી મનશ્ની, નથી શિક્ષાણુ, નથી ડહાપણ, નથી ઇચ્છા, નથી સુખન, નથી કૃત્ય, નથી દીન, નથી રવાન એક મળતાં.'"

ઉસ્તાદ કાવસજીનો તરજુમો: "સઉથી પેહલાં (હું તમુને) દુનિયાંના બે માનો વિશે જાહેર કરૂંછું, જેમાંના વધારે આબાદી કરનાર (માનો)એ કોતાહી (અથવા નાશ) કરનાર (માનો)ને આએ પ્રમાણે કહ્યું:—નથી આપણા વિચારો, નથી આપણી શિખામણો, નથી આપણી અક્કલ (અથવા સમજ), નથી આપણી રીતભાત (અથવા તરીકા), નથી આપણા સખુનો, નથી આપણાં કાંમો, નથી આપણાં અંતઃકરણ, નથી આપણાં રવાંન એક બીજાને મળતાં (અથવા અનુસરતાં) આવતાં."

ઉસ્તાદ કાવસજી આ છંદના તરજુમા ઉપર નોંધ કરે છે: "સપેનામીનોએ અંગ્રેમીનોને કહ્યું કે, આપણ બેહુ દરેક બાબદમાં એક બીજાથી તદન ઉલટા છિયે; કોઇબી બાબદમાં એક મળતા નથી."

ઉસ્તાદ નેરિયોસંગ ધવળ આ છંદમાં આવતા 'સ્પન્યાઓ' શબ્દનો અર્થ महत्तम : होर्मिज्द : (="સૌથી મોટા અહુરમજ્દા") અને 'અંગ્રેમ'નો અર્થ हंतारम् आह्रमनम् (="મારનાર અહરિમન") કરે છે.

પાર્સી‍ક દંતકથા, ઉસ્તાદ નેરિયોસંગ અને ઉસ્તાદ કાવસજીના તરજુમા ધ્યાનથી તપાસીએ તો ખુલ્લું જણાશે કે 'સ્પન્યાઓ'નો અર્થ પાર્સીક દંતકથા "વૃદ્ધિ કરનાર", ઉસ્તાદ કાવસજી "વધારે આબાદી કરનાર" અને ઉસ્તાદ નેરિયોસંગ "સૌથી મોટા અહુરમજ્દા" કરે છે. પાર્સીક દંતકથા અને કાવસજી વાજબી રીતે આ 'સ્પન્યાઓ' શબ્દનો અર્થ 'સ્પેંત મઇન્યુ' કરે છે જ્યારે ઉસ્તાદ નેરિયોસંગએ એ શબ્દમાં અહુરમજ્દાને ઇશારો લીધો છે.

ત્રણે તરજુમા 'અંગ્રેમ્' શબ્દનો અર્થ ૧) 'ગના' = "મારનાર", ૨) "કોતાહી (અથવા નાશ) કરનાર", ૩) हंतारम् आहर्मनम् = "મારનાર અહરિમન" કરે છે.

હા ૪૮ ના ૧૦ મા છંદનાં ત્રીજા પદમાં 'અંગ્રયા' શબ્દ મળે છે, જ્યાં અષો જરથુસ્ત્ર અહુરમજ્દાને પુછે છે:

"ક્યારે, ઓ મહાજ્ઞાની મજ્દા! બહાદુરીવાળા નરો અમારી પાસે આવશે? ક્યારે તેઓ આ 'મગ' (= સાહસ કર્મ)માંની ગંદકીને દુર કરશે, જે સાહસકર્મનો કરપન્ ટોળાનાં લોક 'અંગ્રા' (= હાનિ)થી અને દેશના બુરા સત્તાધારીઓ 'ખ્રતુ' (= જોર જબરી)થી નાશ કરે છે?"

આ છંદમાં મળતો 'અંગ્રા' શબ્દ 'અંગ્ર'નું નારીજાતી રૂપ છે અને અહીંઆં પણ એ શબ્દ "હાનિ"ને અર્થે વપરાયો છે, એટલે 'અંગ્ર મઇન્યુ' વિષે કાંઇપણ ઇશારો નથી.

ગાથાના જે છંદોમાં 'અંગ્ર' શબ્દ છ વાર મળે છે તેમાંના માત્ર એકજ છંદ હા ૪૫, ૨ માં 'અંગ્ર' શબ્દથી 'અંગ્ર મઇન્યુ'નો ઇશારો છે. આ છંદમાં 'અહ્‌હેઉશ્ મઇન્યુ' (= "હસ્તીની બે–મીનો શકિત") વિષે અષો જરથુસ્ત્રની ફિલસુફીનું પ્રાથમિક અવલોકન છે. જ્યારથી સૃષ્ટિ પ્રગટ થઇ ત્યારથી તેમાં બે એકેક સામે કાર્ય કરતી શકિતઓની પ્રગતિ થઇ. અષો જરથુસ્ત્રએ આ છંદમાં એ બે શકિતઓનાં નામ 'સ્પન્યહ્‌હ' (= "ઘણી તેજસ્વિ", "ઘણી વૃદ્ધિ કરનાર") અને 'અંગ્ર' (= "નાશ કરનાર", "મારનાર") આપ્યાં.

અસલ ગાથામાં અષો જરથુસ્ત્રએ આ બે "મીનોય હસ્તી"ને અહુરમજ્દા સાથે કાંઇપણ સંબંધ નહિ આપેલો હોવા છતાં પાછલા જમાનામાં જરથુસ્ત્રિ ફિલસુફી સમજાવનારાઓએ 'સ્પન્યહ્‌હ' તેજ 'અહુરમજ્દા' એમ ધારી 'અંગ્ર'ને 'અહુરમજ્દા'ની સામે મેલ્યો હોય.

આ દુનિયામાં સારૂં અને નરસું એકેકની પૂઠે આવ્યા કરે છે. દિવસ અને રાત એકેકની પૂઠે આવે છે પણ એકેકની વિરૂદ્ધ કાર્ય કરનારાં નથી; દિવસ અને રાત બન્નેની આ દુનિયામાં જરૂર છે, બન્ને એકેકની પૂઠે સૃષ્ટિની શરૂઆતથી અહુરમજ્દાના નિયમે આવ્યા કરે છે; બન્નેની પેદાશ અહુરમજ્દાથી થઇ છે. દિવસ સારો અને રાત નઠારી એ જરથુશ્ત્ર દીનનો વિચાર નથી; પણ પાછલા ફિલસુફી સમજાવનારાઓએ 'રોશની' (="ઉજાશ") અને 'તારીકી' (="અંધકાર")ને દિવસ અને રાત સાથે ગુંથવી નાખી દિવસ અહુરમજ્દાની પેદાશ અને રાત અહરિમનની પેદાશ હોવાનો ભૂલભર્યો વિચાર બહાર પાડયો.

આ દુનિયામાં જે કાંઇ સારૂં અને નરસું પ્રગતિમાં આવે છે તે સઘળું 'સ્પન્યહ્ હ્' અને 'અંગ્ર'ની અનંત શક્તિને લીધે છે. જરથુશ્ત્ર મજહબ મત મુજબ અહુરમજ્દા સઘળી નેકીનો ભંડાર છે; અહુરમજ્દા કાંઇપણ બુરૂં કરતો નથી; અહુરમજ્દાનો કોઇ હરીફ નથી; અહુરમજ્દાએ સૃષ્ટિમાં જે 'અષ' (="અચળ નિયમ") મેલ્યો તે અચળ નિયમથી સૃષ્ટિ પોતાની ગતિમાં ચાલે છે.

આ છંદમાં 'અંગ્ર મઇન્યુ' એક શબ્દ તરીકે મળ્યો નથી પણ 'સ્પન્યહ્ હ્' અને 'અંગ્ર'ને બે 'મઇન્યુ' (="મીનોય શક્તિ") કહેલી હોવાથી કુદરતી અનુમાન કરી શકાય કે 'સ્પન્યહ્ હ્' અને 'અંગ્ર' બન્ને મીનોય છે.

'મઇન્યુ' (="મીનોય")નો અર્થ આ છે કે "જે કાંઇ મનથી વિચારી શકાય તે." મનથી વિચારી શકાતી હસ્તી અથવા તત્વ "અદ્રશ્ય" હોવાથી 'મઇન્યુ' (="મીનોય")નો અર્થ "અદ્રશ્ય" આપવામાં આવે છે. જે કોઈ વ્યક્તિ અથવા તત્વ અદ્રશ્ય (="અણદીઠ") હોય તે શારીરિક હસ્તી નહિ ધરાવતાં 'કેહર્પ' (="સુક્ષ્મશરીર") ધરાવે છે.

ભાષાશાસ્ત્રનાં જ્ઞાનમાં આપણે જોઇએ તેટલા આગળ નહિ વધેલા હોવાથી આપણે 'મન્' (="વિચારવું") ધાતુ ઉપરથી નિકળેલા શબ્દો 'મનહ્ હ્' (= मनस्), 'મનઘ' (= मनस) અને 'મઇન્યુ' (= मन्यु)ના અર્થોમાં શું તફાવત છે તે સમજી શકતા નથી.

'મનહ્ હ્' (= मनस्)નો અર્થ "મન", "વિચાર", "વિચાર શક્તિ" થાય છે.

'વૉહુ મનહ્' (= સુમનસ્) = "સારૂં મન", "સારો વિચાર", "સારી વિચાર શક્તિ" છે. અષો જરથુશ્ત્રએ અહુરમજ્દાની છ શક્તિઓમાં 'વૉહુ મનહ્'ને પ્રથમ સ્થાન આપ્યું છે. પાછલાં અવસ્તા સાહિત્યમાં અહુરમજ્દાની પ્રથમ શક્તિ 'વૉહુ મનહ્'ને 'અમૅષા સ્પૅંત' (= "અમર્ગ તેજસ્વિ")ની ઉપમા આપેલી હોવાથી અહુરમજ્દાની આ શક્તિને, અવસ્તા ભાષાના અલંકાર સમજી નહિ શકાવાથી, એક વ્યક્તિ માની લેવામાં આવી. વંદીદાદ પરગરદ ૧૯ ના ફકરા ૨૦ માં 'વૉહુ-મનો' શબ્દ ભેદી અર્થે મળે છે, જ્યાં તેનો અર્થ "સારા વિચારનો માણસ" અથવા "સારા વિચાર પ્રદર્શિત કરતું શુદ્ધ સફેદ પહેરણુ" ધારવામાં આવ્યો છે.

અષો જરથુશ્ત્રએ ગાથામાં 'મનહ્' (= મનસ)ને અનેકવાર અતિશયાર્થક વિશેષણ 'વહિશ્ત' (= "સર્વોત્તમ") લગાડ્યું છે: જુવો 'મનસ્-ચા વહિશ્તૅમ', હા ૨૮, ૯; 'વહિશ્તા મનહ્હા', હા ૩૦, ૨, હા ૩૧, ૪, હા ૩૨, ૬, હા ૩૩, ૯; 'વહિશ્તા-ચા મનહ્હા', હા ૪૭, ૧, હા ૫૦, ૪; 'મનો વહિશ્તૅમ', હા ૫૧, ૪; 'વહિશ્તૅમ્ મનો', હા ૩૦, ૪; 'વહિશ્તાત્ મનહ્હો', હા ૩૨, ૧૧; 'વહિશ્તાઅત-ચા મનહ્હો', હા ૫૦, ૧.

'વૉહુ મનહ્'થી ઉલટો 'અકો મનહ્' (= "દુષ્ટ મનસ્") ગાથામાં મળે છે: યસ્ન હા ૩૨, ૫: 'અકા મનહ્હા'; યસ્ન હા ૩૩, ૪: 'અકેમ્-ચા મનો'; હા ૩૨, ૩, હા ૪૭, ૫: 'અકાત્ મનહ્હો'.

'મનહ્' ઉપરથી ઉપજેલું વિશેષણ 'મનહ્ય' (= "મનને લગતું") ગાથા 'વહિશ્તોઇશ્તિ' (= યસ્ન હા ૫૩, ૬)માં 'મનહીમ્ અહૂમ્' (= "મનસને લગતી હસ્તી") માં વપરાયલું મળે છે. ગાથાના જમાનામાં 'મનહ્ય' શબ્દની હસ્તી છતાં અષો જરથુશ્ત્રએ એ શબ્દને બદલે 'મનહ્' ઉપરથી ઉપજેલો છઠ્ઠી વિભક્તિ એકવચનનો શબ્દ, 'મનહ્હો', વાપર્યો છે: જુવો હા ૨૮, ૨ 'અહ્વાઑ અસ્ત્વતસ્-ચા યત્-ચા મનહ્હો' (= "શારીરિક અને મનસની બન્ને હસ્તીના"); હા ૪૩, ૩ 'અહ્યા અહ્હેઉશ્ અસ્ત્વતો મનહ્હસ્-ચા' (= આ શારીરિક અને મનસની હસ્તીના").

ગાથા પછીનાં અવસ્તા સાહિત્યમાં 'મનહ્ય' શબ્દ કેટલીકવાર મળે છે: જુવો યસ્ન હા ૫૭, ૨૫, મેહેર યશ્ત, ૯૩: 'અહે-ચ અહ્હેઉશ્ યો

અસ્ત્વતો યસ્-ચ અસ્તિ મનઘ્નો' (="આ હસ્તી જે શારીરિક અને જે છે માનસિક"); યસ્ન હા ૭,૨૫, હા ૪૦, ૨, હા ૪૧, ૬: 'અહ્માઇ-ચા અહુયે મનહ્યાઇ-ચા' (="આ અને માનસિક હસ્તી માટે"); હાતોખ્ન યશ્ત્ ફ્રકરા ૧૬, ૬૪: 'અસ્ત્વતત્ હચ અહ્હુઑત્ મનહીમ્ અવિ અહૂમ્' (="શારીરિક હસ્તીમાંથી માનસિક હસ્તી તરફ"); વિશ્તાસ્પ્ સાસ્ત્ નુસ્ક, ૬૨: 'મનઘેહે-ચ અહ્હેઉશ્' (="માનસિક હસ્તીના"). 'મનઘ' વિશેષણ અને 'મઇન્યુ' નામ એકજ શબ્દ હોય તેમ તરજુમો કરનારાઓ 'મનઘ' શબ્દનો અર્થ "મીનોય" કરે છે.

'મઇન્યુ' શબ્દ વિશેષણ અથવા નામ તરીકે "જે વસ્તુ અથવા વ્યક્તિનો વિચાર કરી શકાય, જે શારીરિક આંખે દેખાય નહિ તેવી અણદીઠ" એવે અર્થે આવે છે. કેટલીક જગ્યાએ આ 'મઇન્યુ' શબ્દને 'મનહ્'ને અર્થે વપરાયલો ધારી એ શબ્દનો અર્થ "વિચાર" કરવામાં આવ્યો છે. જેમ કે હા ૩૧, ૨૧: 'મઇન્યૂ' (="મીનોય સાધને"); હા ૬૪, ૨: 'મઇન્યુશ્ વહ્હુશ્' (="નેક મીનોય" યાને 'સ્પઁત મઇન્યુ'); હા ૪૫, ૮: 'વહ્હેઉશ્ મન્યેઉશ્' (="નેક મીનોયના" યાને 'સ્પઁત મઇન્યુ'ના); હા ૫૩, ૭: 'મઇન્યુશ્ દ્રૅગ્વતો' (="દર્વંદ મીનો" યાને 'અંગ્ર મઇન્યુ'); હા ૩૨, ૫: 'અકસ્-ચા મઇન્યુશ્' (="બુરો મીનો" ='અંગ્ર મઇન્યુ').

'મનહ્' અને 'મઇન્યુ' શબ્દોને એકેક સાથે ભેગી નાંખવામાં આવેલા હોવાથી ઉપર આપેલી જગ્યાએ જ્યાં 'સ્પઁત' કે 'અંગ્ર'ને ઇશારા છે તે હાલના તરજુમાઓમાંથી આપણા હાથમાં આવતા નથી.

ઉપર ગાથામાં મળતા "સ્પન્યહ્' અને 'અંગ્ર' શબ્દોનો ટૂંક ખુલાસો આપવામાં આવ્યો છે, અને 'સ્પઁત' તથા 'અંગ્ર'ની ફિલસુફીનો સિદ્ધાંત અષો જરથુશ્ત્રના ગાથા (યસ્ન હા ૪૫, ૨) માંથી જે રીતે આપણા હાથમાં હજુ સુધી જળવાઇ રહ્યો છે તે આપણે જોયો. પણ આ ઉપરાંત 'સ્પન્યહ્' અને 'અંગ્ર' માટે બીજું કાંઇ લખાણ ગાથામાં મળે છે? 'સ્પન્યહ્' અને 'અંગ્ર' વિષે કોઇ બીજા શબ્દો વાપરી અષો જરથુશ્ત્રએ કાંઇ લખ્યું છે?

'ઉશ્તવઇતિ' ગાથા (યસ્ન હા ૪૫, ૨) માં એ 'મઇન્યુ' 'સ્પન્યહ્' અને 'અંગ્ર' વચ્ચેની મતફેરી વિષેનું લખાણ આપણે જોયું. 'અહુનવઇતિ' ગાથા (યસ્ન હા ૩૦) માં એ બે 'મઇન્યુ' વિષે વધુ વિવેચન છે.

યસ્ન હા ૩૦ માં અષો જરથુશ્ત્ર જીજ્ઞાસાથી સાંભળવા આવેલાઓ સમક્ષ એક ઉપદેશ કરે છે. તેના છંદો ૩–૬ માં પોતાની દીનમાં “બે મીનોય”ની કલ્પના રજુ કરી હા ૪૫, ૨ માં “બે મીનોય” વિષે જે ઇશારો કીધો હતો તેનો ખુલાસો કરે છે, તે વેળા છંદો ૨–૬ માં પોતાનો ઉપદેશ સમજવા આવેલા સાંભળનારાઓને કહે છે:—

“તમે તમારા કાન દઇ સાંભળો, બશારત આપનારાં સર્વોત્તમ મનસથી તે મહાન પ્રસંગો પહેલાં અમારા બુદ્ધિવાનો મારફતે શિક્ષણ લેવાને હરએક જણ પોતાને માટે પોતાને ગમતી માન્યતા તરફ જુવે.

“આ બે મીનોય જે જોડિયા છે તેઓએ પોતાને પ્રથમ એમ જાહેર કીધા; તે બેમાંનો એક મનસા, વાચા, કર્મમાં ઘણો ભલો, અને એક બુરો: અને એ બેમાંથી સુજ્ઞાનીઓએ ભલાને પસંદ કીધો, દુર્જ્ઞાનીઓએ નહીં.

“અને એમ ત્યારે પ્રથમ આ બે મીનોય, દર્વંદોનો અતિશય બુરો, અષો માટે સર્વોત્તમ મનસવાળો, જીવન અને અજીવન (= નાશ) ઉત્પન્ન કરવા સાથે મળ્યા, અને સેવટ સુધી તેમ થતું રહેશે.

“આ બે મીનોયમાંનો જે દર્વંદ તેણે અતિશય માઠું કૃત્ય પસંદ કીધું; અતિશય તેજસ્વિ મીનોય જે અતિશય સખ્ત આસમાનનાં વસ્ત્રથી સજજ થયો છે તેણે, અને જેઓએ અહુરમજદાને સત્ય કર્મોથી ખુશાલ કીધો તેઓએ, અચળ નિયમ પસંદ કીધો.

“જ્યારે અમે દેવો સાથે વાદવિવાદ કીધો ત્યારે તેઓએ આ બે મીનોયમાંથી ભલાને પસંદ કીધો નહિ. તેઓ વાદવિવાદ કરવા આવ્યા. જ્યારે તેઓએ અતિશય બુરૂં મનસ પસંદ કીધું ત્યારે તેઓએ ‘અએષ્મ’ સાથે જોડાણ કીધું જેથી મનુષ્યોની મીનોય હસ્તી બિગાડે.”

યસ્ન હા ૩૦ માંથી છંદ ૨–૬ નો તરજુમો ઉપર આપવામાં આવ્યો છે. તે ઉપર ધ્યાન પુગાડતાં માલમ પડશે કે હા ૪૫, ૨ માં બે ‘મઇન્યુ’નું વર્ણન આપતાં તેઓને ‘સ્પન્યહ્’ (= “ઘણો તેજસ્વિ”) અને ‘અંગ્ર’ (= “મારનાર,” “નાશ કરનાર”) કહેવામાં આવ્યા છે. હા ૩૦ માં એ બે ‘મઇન્યુ’માંના એકને ‘વહ્યહ્’ (= “ઘણો ભલો”), ‘સ્પેનિશ્ત’ (= “સૌથી વધારે તેજસ્વિ”), ‘વહિશ્તમ્ મનો’ (= “સર્વોત્તમ મનસ્વાળો”), અને બીજાને ‘અક’ (= “બુરો”), ‘અચિશ્તો’ (= “સૌથી બુરો”),

'દ્રેગ્વત્' (= "દર્વંદ") કહ્યો છે. તેમજ હા ૩૨, ૫ માં 'અંગ્ર'ને 'અકસ્ચા મઇન્યુશ્' (= "બુરા મીનોય") તરીકે ઓળખ્યો છે.

આ છંદોનો તરજુમો કરતાં પાર્સીક દંતકથાએ બે 'મઇન્યુ'થી "અહુરમજ્દા અને ગના"ને ઇશારો ધાર્યો છે; 'હુદાઑહ્હો' (= "સુજ્ઞાની"), 'અષાઉને' (= "અષો માટે"), 'મઇન્યુશ્ સ્પેનિશ્તો' (= "સૌથી વધારે તેજસ્વિ મીનોય") શબ્દો અહુરમજ્દાને લાગુ પાડી, 'દુજ્દાઑહ્હો' (= "દુર્જ્ઞાની"), 'અચિશ્તો' (= "સૌથી બુરો"), 'દ્રૅગ્વાઑ' (= "દર્વંદ") શબ્દો 'અંગ્ર મઇન્યુ'ને લાગુ પાડયા છે.

ઉસ્તાદ નેરિયોસંગએ સઘળી જગ્યાએ "બે મીનોય"ને અહુરમજ્દા અને અહ્રિમન્ ધારી લીધા છે. ઉસ્તાદ કાવસજીએ વાજબી રીતે "બે મીનોય"ને "સપેનામીનો તથા અંગ્રેમીનો" લીધા છે.

પાર્સીક દંતકથાએ 'હુદાઑહ્હો' શબ્દ જે બહુવચનમાં છે તે અહુરમજ્દાને અર્થે લીધો એ ખુલ્લી ભૂલ છે. 'અષાઉને' શબ્દ અહુરમજ્દા માટે એક વિશેષણ તરીકે વાપર્યો હોય એ બનવાજોગ છે.

અષો જરથુશ્ત્રએ હા ૩૦ માં 'મઇન્યુશ્ સ્પેનિશ્તો' (= "સૌથી વધારે તેજસ્વિ મીનોય") અહુરમજ્દા માટે વાપર્યો હતો? હા ૩૦ નો છંદ પાંચમો ખુલ્લું કરે છે કે 'મઇન્યુશ્ સ્પેનિશ્તો'ને 'અહુરમજ્દા'થી અલગ ગણીને અષો જરથુશ્ત્રએ આ છંદની ભાષા રચી છે. ત્યાં કહ્યું છે કે "અતિશય તેજસ્વિ મીનોય (= 'મઇન્યુશ્ સ્પેનિશ્તો')એ અને જેઓએ અહુરમજ્દાને સત્ય કર્મોથી ખુશાલ કીધો તેઓએ અચળ નિયમ પસંદ કીધો." એટલે કે અષો જરથુશ્ત્રએ 'અહુરમજ્દા' અને 'મઇન્યુશ્ સ્પેનિશ્તો'ને એકેકથી જુદા પાડયા છે, અને 'મઇન્યુશ્ સ્પેનિશ્તો'ને 'અહુરમજ્દા'ને ખુશાલ કરનારાઓમાંનો એક બનાવ્યો છે.

ત્યારે 'મઇન્યુશ્ સ્પેનિશ્તો' તે 'અહુરમજ્દા'જ છે એમ પાર્સીક દંતકથામાં તરજુમો મળે છે એનું કારણ શું?

આ હા ૩૦ના છંદ ૫ મામાં 'મઇન્યુશ્ સ્પેનિશ્તો' વિષે અષો જરથુશ્ત્ર કહે છે. તે ઉપરાંત ગાથામાં બીજી પાંચ જગ્યાએ એ 'સ્પેનિશ્ત મઇન્યુ' વિષે ઇશારો છે: હા ૩૩, ૧૨; હા ૪૩, ૨ અને ૧૬; હા ૪૭, ૨; હા ૫૧, ૭. આ પાંચ છંદોમાંના બે હા ૩૩, ૧૨ અને હા ૫૧, ૭ માં પાર્સીક દંત-

કથાના તરજુમામાં 'સ્પેનિશ્તા મઇન્યુ' શબ્દો આઠમી વિભક્તિમાં હોય એમ ધારી, ભૂલભરી રીતે, 'મઝ્દા'નાં વિશેષણ માની લેવામાં આવ્યાં છે; અને ઉસ્તાદો નેરિયોસંગ ધવળ અને કાવસજીએ પાર્સી તરજુમો કબુલ રાખ્યો છે. આ તરજુમા ઉપર તેઓની પસંદગી ઉતરી તેનું મૂળ કારણ આ હોય કે પાછલાં અવસ્તા સાહિત્યમાં અહુરમઝ્દાને જે વિશેષણો લાગુ પાડવામાં આવ્યાં છે તેમાંનાં બે 'મઇન્યો' અને 'સ્પેનિશ્ત' મુખ્ય છે: 'અહુર મઝ્દ મઇન્યો સ્પેનિશ્ત દાતર્ ગએથનાંમ્ અસ્ત્વઇતિનાંમ્ અષાઉમ્'[1] (="ઓ અષો અહુર મઝ્દા, મીનોય, સૌથી વધારે તેજસ્વિ, હાડમંદ દુનિયાના પેદા કરનાર"!)

વળી હા ૪૫, ૫ માં 'સ્પઁતોતઁમો મળે છે; 'હોર્મઁજ્દ યશ્ત'માં અહુરમઝ્દાનાં અનેક નામો આપતી વેળાએ અહુરમઝ્દાનાં મુખમાં 'મઇન્યુશ્ચ અહ્મિ સ્પઁતોતઁમો' (="હું સૌથી વધારે તેજસ્વિ મીનોય છું") શબ્દો મેલવામાં આવ્યા છે; અને યસ્ન હા ૧, ૧ માં અહુરમઝ્દાની સિફત ગાતાં 'મઇન્યુશ્ સ્પઁતોતઁમો' (=સૌથી વધારે તેજસ્વિ મીનોય") શબ્દો વાપરેલા મળે છે. આપણે જોઇશું કે 'સ્પેનિશ્ત' અને 'સ્પઁતોતઁમ' બન્ને અતિશયાર્થક હોવા છતાં એ શબ્દોના અર્થમાં કાંઇ ફેર છે, બન્ને શબ્દો એકસરખી રીતે વાપરવામાં આવ્યા નથી.

પણ હા ૩૩,૧૨ અને હા ૫૧,૭ માં, બન્ને જગ્યાએ, પાર્સી દંતકથાના તરજુમામાં 'સ્પેનિશ્તા મઇન્યૂ' શબ્દો આઠમી વિભક્તિમાં લીધા છે તે ખરૂં નથી; એ શબ્દો ત્રીજી વિભક્તિમાં છે અને ત્યાં એ શબ્દોનો તરજુમો "સૌથી વધારે તેજસ્વિ મીનોયની મારફતે" થાય છે; યાને આ બન્ને જગ્યાએ જે 'મઇન્યુશ્ સ્પેનિશ્તો' વિષે યસ્ન હા ૩૦, ૫ માં લખ્યું છે તેજ મીનોય માટે ઇશારા છે, અને પાર્સી દંતકથાના તરજુમામાં જેમ ધારવામાં આવ્યું છે તેમ ગાથામાં એ બે શબ્દો અહુરમઝ્દાનાં વિશેષણ નથી.

વળી હા ૪૭, ૨ માં 'મન્યેઉશ્ સ્પેનિશ્તહ્યા' (="સૌથી વધારે તેજસ્વિ મીનોયના") શબ્દો આવે છે; તે શબ્દો પણ ભૂલથી અહુરમઝ્દાનાં વિશેષણ માની લેવામાં આવ્યાં છે. એ છંદનો તરજુમો:

---

૧. જુવો વંદીદાદ પરગરદ ૨, ૧; ૭, ૧; ૯, ૧; ૧૦, ૧; ૧૧, ૧; ૧૪, ૧; ૧૭, ૧; ૨૦, ૧; હોર્મઁજ્દ યશ્ત, ૧; મેહેર્ યશ્ત્, ૭૪; હાતોખ્ત્ નુસ્ક્ પરગરદ ૧, ૧.

"તે અચળ નિયમનો પિતા 'મજ્દા', સુમનસ્નાં મુખની જીભનાં વચનો વડે, સમ્પૂર્ણ–મતિના હાથોનાં કૃત્યોથી, માત્ર ડહાપણથી, આ 'સ્પેનિશ્ત મઇન્યુ' (="સૌથી વધારે તેજસ્વિ મીનોય")નું સર્વોત્તમ કાર્ય કરે."

આ છંદની અલંકારિક ભાષામાં 'વૉહુ મનઙ્હ' (="સુમનસ્") ને અહુરમજ્દાનાં મુખનું, અને 'આરમઇતિ' (="સમ્પૂર્ણ–મતિ") ને અહુરમજ્દાના હાથોનું રૂપ આપ્યું છે, અને 'અષ' (="અચળ નિયમ") ને તેનો દીકરો બનાવ્યો છે. એ ત્રણ "સુમનસ્", "અચળ નિયમ" અને "સમ્પૂર્ણ–મતિ"ની મારફતે તથા ડહાપણથી અહુરમજ્દા સૌથી વધારે તેજસ્વિ મીનોયનું કાર્ય કરે છે.

આ છંદમાં ખુલ્લી રીતે 'મજ્દા' (="મહાજ્ઞાની") 'સ્પેનિશ્ત મઇન્યુ'નું કાર્ય કરે છે એમ કહેવામાં આવ્યું છે, તેમાં 'મજ્દા' અને 'સ્પેનિશ્ત મઇન્યુ' એકેકથી તદન અલગ છે, અને કોઇપણ રીતે 'સ્પેનિશ્ત મઇન્યુ' શબ્દો વિશેષણો તરીકે 'મજ્દાને' લાગુ પાડી શકાતાં નથી.

યસ્ન હા ૪૩ ના છંદ સોળમાંનાં પહેલાં બે પદનો તરજુમો આ છે:

"ઓ અહુરમજ્દા! જરથુશ્ત્ર પોતે અને હરકોઇ તારા સૌથી વધારે તેજસ્વિ મીનોયમાં માન્યતા ધરાવે છે."

અહીંઆં પણ ખુલ્લું જણાય છે કે 'સ્પેનિશ્તો'ને અહુરમજ્દાનો મીનોય કહી એક જુદી વ્યક્તિ તરીકે લીધો છે અને 'મઇન્યૂમ્' તથા 'સ્પેનિશ્તો' શબ્દો અહુરમજ્દાનાં વિશેષણો તરીકે વાપર્યાં નથી.

ગાથાના આ ચાર છંદો ખુલ્લું કરે છે કે અષો જરથુશ્ત્રએ પોતાના બશારતી કલામોમાં 'સ્પેનિશ્ત મઇન્યુ'ને અહુરમજ્દાથી અલગ એક મીનોય લીધો છે અને ખુદ અહુરમજ્દાને કદીપણ 'સ્પેનિશ્ત મઇન્યુ' કહ્યો નથી.

'સ્પઁત'નું અતિશયાર્થક વિશેષણ 'સ્પેનિશ્ત' છે. તેનું બીજું રૂપ 'સ્પઁતોતૅમ' (="સૌથી વધારે તેજસ્વિ") 'ઉશ્તવઇતિ' ગાથા (હા ૪૫, ૫) માં મળે છે. જ્યાં, તેમજ હોર્મજ્દ યશ્તમાં, અને યસ્ન હા ૧ માં એ વિશેષણ 'અહુરમજ્દા' માટે વપરાયું છે એ નક્કી છે. પણ આપણને ગાથામાં જે અર્થે 'સ્પેનિશ્ત મઇન્યુ' મળ્યો છે તે અર્થે ગાથામાં કે પાછલાં અવસ્તા સાહિત્યમાં કેથેપણ 'સ્પઁતોતૅમો મઇન્યુ' 'સ્પેનિશ્ત મઇન્યુ'ને બદલે મળ્યો નથી.

આપણે ઉપર જોયું કે યસ્ન હા ૪૫, ૨ માં 'સ્પૅંત' (= "તેજસ્વિ")નું અધિકાર્થક વિશેષણ 'સ્પન્યાઓ' (= "ઘણો તેજસ્વિ") બે મીનોયમાંના એકને માટે વાપર્યું છે. યસ્ન હા ૪૫, ૫ માં 'સ્પૅંતહે મન્યેઉશ્'ને બદલે 'વહ્હેઉશ્ મન્યેઉશ્' (= "નેક મીનોયનુ") શબ્દો વપરાયા છે.

હવે આપણે જોઇશું કે ગાથામાં અષો જરથુશ્ત્ર 'સ્પૅંત મઇન્યુ' (= "તેજસ્વિ મીનોય") વિષે આઠ જગ્યાએ બોલે છે: યસ્ન હા ૨૮, ૧; હા ૪૩, ૬; હા ૪૪, ૭; હા, ૪૭, ફકરા ૧, ૩, ૪, ૫ અને ૬.

યસ્ન હા ૨૮, ૧ માં અષો જરથુશ્ત્ર 'મજ્દા' પાસે "'સ્પૅંત મઇન્યુ'ની ખાહેશમાંની પહેલી" માંગે છે.

યસ્ન હા ૪૩, ૬ માં અષો જરથુશ્ત્ર કહે છે કે સૃષ્ટિની પેદાશને અંતે "મજદા 'સ્પૅંત મઇન્યુ' મારફતે આવશે."

યસ્ન હા ૪૪, ૨ માં અષો જરથુશ્ત્રનું એક ભેદી વચન છે:

"તે તને પુછું, ઝટ મને કહે, ઓ અહુર! સર્વોત્તમ મીનોય હસ્તીની શરૂઆત કેમ, કેવી રીતે, લાભકારક થઇ? જે કોઇ આ બન્ને તત્વને પારખે તે અચળ નિયમથી આડે માર્ગે ગયલાંને ખરે વૃદ્ધિ તરફ લાવનાર (= 'સ્પૅંતો'), સઘળાંઓનો રક્ષક, મીનોય તત્વનાં સાધને બન્ને હસ્તીઓ માટે દોસ્ત છે, ઓ મજદા!"

આ છંદમાં અષો જરથુશ્ત્ર અહુરમજદાને પુછે છે કે સૃષ્ટિની સરજતમાં પ્રથમ મીનોય હસ્તીની પ્રગતિ કેમ થઇ, અને તે હસ્તીની પ્રગતિથી લાભ શું? એ સવાલ પછી તુરત અષો જરથુશ્ત્ર જણાવે છે કે જે મનુષ્ય મીનોય હસ્તીમાંનાં આ બે તત્વ ('સ્પૅંત' અને 'અંગ્ર') ને પિછાણે તે અચળ નિયમનાં સાધનથી, ગુમરાહને ખરો રસ્તો બતાવી, વૃદ્ધિ તરફ લાવનાર, સઘળાં મનુષ્યોનો બચાવનાર, અને શારીરિક તથા માનસિક બન્ને હસ્તીઓનો ખરો મિત્ર થાય. આ છંદની ભાષા ભેદી કહેવાય. કારણકે આ છંદમાં "બે મીનોય" માટે માત્ર એક સર્વનામ 'ઇ' (= "બે") બીજી વિભક્તિમાં વાપર્યું છે. 'સ્પૅંતો' (= "તેજસ્વિ", "વૃદ્ધિ કરનાર") શબ્દ 'સ્પૅંત મઇન્યુ'ને અર્થે વાપરવાને બદલે જે પુરૂષ આડે રસ્તે ગયલાંને સિદ્ધે માર્ગે લાવે તે પુરૂષને માટે વાપર્યો છે. પાંચમાં પદમાં આવેલો 'મઇન્યૂ' શબ્દ બે મીનોને

માટે, કે અહુરમજદાનાં વિશેષણ તરીકે, વાપરવાને બદલે ત્રીજી વિભક્તિમાં વાપરી "મીનોય તત્વનાં સાધને" એવો અર્થ કીધો છે.

અષો જરથુશ્ત્રએ અહુરમજદાને જે સવાલો પુછ્યા તેમાંનો આ એક ઘણો અગત્યનો સવાલ કુદરતમાં કાર્ય કરતાં બે મીનોય તત્વોની પ્રગતિ વિષે પુછ્યો છે.

યસ્ન હા ૪૪, ૭ માં અષો જરથુશ્ત્ર જણાવે છે કે "'સ્પઁત મઇન્યુ' નાં સાધનથી મજદા સઘળાંઓનો પેદા કરનાર" છે.

'સ્પઁતામઇન્યુશ્' ગાથામાં આવતો હા ૪૭ મો અષો જરથુશ્ત્રના 'સ્પઁત મઇન્યુ' વિષેના વિચારો પ્રદર્શીત કરે છે. એ હાના બીજા છંદમાં 'સ્પઁત મઇન્યુ'ને બદલે 'સ્પેનિશ્ત મઇન્યુ' (="સૌથી વધારે તેજસ્વિ મીનોય") શબ્દો વાપર્યા છે. એ છંદનો તરજુમો આપણે ઉપર આપ્યો છે. એ હાના પહેલા છંદમાં અષો જરથુશ્ત્ર કહે છે:—

"સ્પઁત મઇન્યુ મારફતે, અને સર્વોત્તમ મનસનાં સાધનથી, અચળ નિયમથી કીધેલાં કૃત્ય અને વચન મારફતે, સત્તા અને સમ્પૂર્ણ-મતિનાં સાધનથી, અહુરમજદા તેને (અષો જરથુશ્ત્રના મદદગારને) સમ્પૂર્ણતા અને અમર્ગી આપે."

આ શબ્દો ઉપરથી માલમ પડે છે કે અષો જરથુશ્ત્રએ અહુરમજદાની શક્તિઓ 'વહિશ્ત મનઙ્હ' (="સર્વોત્તમ મનસ"), 'અષ' (="અચળ નિયમ"), 'ખ્ષથ્ર' (="સત્તા"), 'આરમઇતિ' (="સમ્પૂર્ણ-મતિ") 'હઉર્વતાત્' (="સમ્પૂર્ણતા") અને 'અમૅરૅતાત્' (="અમર્ગી") સાથે 'સ્પઁત મઇન્યુ' (="તેજસ્વિ મીનોય") ને સહકાર બનાવ્યો છે.

હા ૪૭ ના છંદો ૫ અને ૬ માં અષો જરથુશ્ત્ર પોતાની દૃઢ માન્યતા જાહેર કરે છે કે અહુરમજદા અષો માણસને 'સ્પઁત મઇન્યુ' (="તેજસ્વિ મીનોય") મારફતે જે કાંઇ સર્વોત્તમ તે શિખવે છે, અને અહુરમજદા 'સ્પઁત મઇન્યુ' અને 'આતર્' મારફતે વિરોધીઓને ઇનસાફ આપે છે.

ઉપર આપેલા ગાથાના છંદોનો સારાંશ આ છે કે આ સૃષ્ટિની શરૂઆતથી જીવન (='ગયહ્ર') અને અજીવન (='અજ્યાઇતિ'=નાશ) ઉપજાવનાર બે અણુદીઠ શક્તિઓએ સાથે મળી પોતાનું કાર્ય કરવા માંડયું અને સૃષ્ટિની હસ્તીનાં સેવટ સુધી એ જીવન અને અજીવનનું કાર્ય ચાલુ રહેશે.

આ બે અમુદીઠ શક્તિઓમાંની જીવન ઉપજાવનાર શક્તિને 'સ્પઁત' (="તેજસ્વિ"), 'સ્પન્યાઓ' (="ઘણી તેજસ્વિ"), 'સ્પેનિશ્ત' (="સૌથી વધારે તેજસ્વિ"), 'વૉહુ' (="ભલી"), 'વહ્યો' (="ઘણી ભલી"), અને 'વહિશ્ત' (="સૌથી વધારે ભલી") કહી છે. એ શક્તિ માટે અધિકાર્થક અને અતિશયાર્થક વિશેષણ વપરાયલાં છે; તેનું કારણ એમ હોય કે એ જીવન ઉત્પન્ન કરનાર શક્તિને માત્ર તેજસ્વિજ નહિ પણ બીજી શક્તિઓ કરતાં વધારે તેજસ્વિ અને સઘળી શક્તિઓમાં સૌથી વધારે તેજસ્વિ, માત્ર ભલીજ નહિ પણ બીજી શક્તિઓ કરતાં વધારે ભલી અને સૌથી વધારે ભલી ગણી છે. પાસીંક દંતકથાના તરજુમામાં એ અધિકાર્થક અને અતિશયાર્થક વિશેષણોના તરજુમા એ શબ્દોને સાધારણ વિશેષણ લઇ અધિકાર્થ અને અતિશયાર્થ વિના આપ્યા છે. એ દેખાડે છે કે પાસીંક દંતકથાએ એ અધિકાર્થ અને અતિશયાર્થને કાંઇ ખાસ વજન આપ્યું નથી.

વળી આ 'સ્પઁત મઇન્યુ'ને 'વૉહુ' (="ભલી") 'વહ્યન્હ' (= ઘણી ભલી) અને 'વહિશ્તૅમ્ મનો' (="સર્વોત્તમ મનસવાળી") પણ કહી છે.

વળી જાણવું અવશ્યનું છે કે અષો જરથુસ્ત્રએ ગાથામાં 'સ્પઁત' શબ્દ માત્ર 'મઇન્યુ'નાં વિશેષણ તરીકેજ વાપર્યો નથી.

અષો જરથુસ્ત્રએ 'આરમઇતિ' (="સમ્પૂર્ણ મતિ") ને 'સ્પઁતા' (="તેજસ્વિ", "વૃદ્ધિવાન") કહી છે. જુવો 'સ્પઁતા આરમઇતિશ્' : યસ્ન હા ૫૧, ફકરા ૪ અને ૧૧; 'સ્પઁતાંમ્ આરમઇતીમ્' : યસ્ન હા ૩૨, ૨; હા ૩૪, ફકરા ૯ અને ૧૦; હા ૪૯, ૨; 'સ્પઁતા આરમઇતે' : હા ૩૩, ૧૩.

અષો જરથુસ્ત્રએ ખુદ અહુરમજદાને માટે 'સ્પઁત' વિશેષણ વાપર્યું છે. જુવો યસ્ન હા ૪૩, ફકરા ૪, ૫, ૭, ૯, ૧૧, ૧૩ અને ૧૫, જ્યાં અષો જરથુસ્ત્ર અહુરમજદાને કહે છે: 'સ્પઁતૅમ્ અત્ થ્વા, મજદા! મેંગ્હી, અહુરા!' = "ત્યારે તને મેં 'સ્પઁત' (= વૃદ્ધિવાન) માન્યો, ઓ અહુરમજદા"! જુવો હા ૫૧, ૧૬ : 'સ્પઁતો મજદાઓ અહુરો' (="વૃદ્ધિવાન અહુરમજદા").

યસ્ન હા ૪૫, ૧૧ માં અષો જરથુસ્ત્રએ 'દએના' (="દીન") ને 'સ્પઁતા (="તેજસ્વિ", "શુદ્ધ") કહી છે; અને 'વહિશ્તોઇશ્તિ' ગાથા (યસ્ન હા ૫૩)ના ત્રીજા છંદમાં પોતાની દીકરી પૉઉરુચિસ્તાને શિખામણ

આપતી વેળા 'ખ્રતુ' (="ખેરદ", "ડહાપણુ") ને 'સ્પેનિશ્તા' વિશેષણ લગાડયું છે: 'થ્વા ખ્રથ્વા સ્પેનિશ્તા' =("તારી સૌથી સ્વચ્છ 'ખ્રતુ'થી").

વળી આ સૃષ્ટિમાં જે કોઇ નર માણસોની રાહબરી કરી 'અસ્ત્વત્', (="શારીરિક") અને 'મનહ્' (="માનસિક") હસ્તીના ખરા નિયમો શિખવે તેને પણ અષો જરથુશ્ત્રએ બીજા વિશેષણો ઉપરાંત 'સ્પઁત' (="વૃદ્ધિવાન", "તેજસ્વિ", "શુદ્ધ") વિશેષણ લાગુ પાડયું છે: જુવો યસ્ન હા ૪૩, ૩: 'અર્ૅદ્રો થ્વાવાંસ હુજેંતુશ સ્પઁતો' (="સખી, તું અહુરમજદા જેવો, સુજ્ઞાની, શુદ્ધ"); જુવો યસ્ન હા ૪૮, ૩: 'અહુરો સ્પઁતો વીદ્વાઁઓ... થ્વાવાંસ' (="તું અહુરમજદા જેવો...શુદ્ધ વિદ્વાન સ્વામી"); હા ૪૮, ૭ અને હા ૫૧, ૨૧: 'ના સ્પઁતો' (="વૃદ્ધિવાન નર"); હા ૩૪,૨: 'સ્પઁત-ઋયા-ચા નૅરૅશ્ ષ્યઓ઼થના' (="વૃદ્ધિવાન નરનાં કામોનાં સાધને").

વળી જેમ અષો જરથુસ્ત્રએ પોતાના ગાથામાં 'સ્પઁત' વિશેષણ 'મઇન્યુ' ઉપરાંત ખુદ 'અહુરમજદા'ને, 'આરમઇતિ', 'દએના', 'ખ્રતુ' અને 'ના' ને લાગુ પાડયું છે, તેમ પાછલાં સાહિત્યમાં એ 'સ્પઁત' વિશેષણ 'માંથ્ર' (="મંત્ર"), 'અમૅષા' (="અહુરમજદાની અમર્ગ શકિતઓ"), 'ગાથા' (="અષો જરથુશ્ત્રનાં રચેલાં કિર્તનો"), 'આતર્' અને 'ગઍ' (="સૃષ્ટિ") ને માટે વપરાયું છે.

એ ઉપરાંત કેટલાંક સમાસ વિશેષનામો અવસ્તા સાહિત્યમાં મળે છે જેનો પહેલો ભાગ 'સ્પઁત' છે: 'સ્પઁતો-ખ્રથ્વાઍ' (="જરથુશ્ત્રિ દીન સાત કેશ્વરોમાંના એક ઉપર ફેલાવવા જનાર જરથુશ્ત્રના એક શાગેરદનું નામ", જેમને "વૃદ્ધિવાન ડહાપણવાળા" નામે ઓળખ્યા છે, જુવો ફ્રવદીન્ યશ્ત્, ૧૧૫); 'સ્પઁતો-દાત' (શાહ વિશ્તાસ્પના દીકરા, જેવણનું નામ પાર્સી દંતકથામાં 'સ્પઁદ્દાત' થયું છે અને પાછલાં ફારસી સાહિત્યમાં 'અસ્પંદ્યાર્' થયું; ફ્રવર્દીન યશ્ત્, ૧૦૩); 'સ્પઁતો-દાત' (=એક પર્વતનુ નામ, જમ્યાદ્ યશ્ત્, ૬); 'સ્પઁત ફ્રદખ્શ્ત' (="સારાં શુકનની નિશાન ધરાવતુ પક્ષી", યસ્ન હા ૧૦,૧૧); 'સ્પઁતો ફ્રસ્ન' (="જ્યાં શુદ્ધ પ્રશ્નો અષો જરથુસ્ત્રએ અહુરમજદાને પુછ્યા તે પર્વત", વંદીદાદ પરગરદ ૨૨, ૧૯).

'સ્પઁત' શબ્દ જે જુદાં જુદાં સ્વરૂપે અષો જરથુસ્ત્રના ગાથામાં અને પાછલાં અવસ્તા સાહિત્યમાં વપરાયો છે તે જોતાં માલમ પડશે કે તે લાંબા જમાનામાં એ શબ્દ શું અર્થોનો ખ્યાલ આપતો હતો.

પાછલાં અવસ્તા સાહિત્યમાં જેમ 'સ્પૅંત' શબ્દ ઉપર દર્શાવેલા સંબંધમાં અનેક જગ્યાએ મળ્યો છે તેમજ 'સ્પેનિશ્ત' શબ્દ પણ મળે છે. વંદીદાદ પરગરદો ૨, ૭, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૭ અને ૨૦ની શરૂઆતમાં અને પરગરદ ૧૮ ના ફકરા ૭, ૧૩, ૬૦ અને ૬૬ માં અહુરમજદાને 'મઇન્યો સ્પેનિશ્ત' (= "ઓ સૌથી તેજસ્વિ મીનોય"!) વિશેષણો લગાડી બોલાવવામાં આવ્યો છે. મેહેર યશ્ત્, ૧૨૬ અને રશ્નુ યશ્ત્, ૭ માં 'રશ્નુ યજત્'ને 'સ્પેનિશ્ત' વિશેષણ વાપરી બોલાવ્યો છે. યસ્ન 'હપ્તંગ્હાઇતિ' (= હા ૩૬,૧)માં 'સ્પેનિશ્તા મઇન્યુ'નાં સાધને અહુરમજદાને સમ્પૂર્ણ રીતે મળવા વિષે વિવેચન છે. પાર્સીક દંતકથાએ એ ફકરાનો વાસ્તવિક તરજુમો આપ્યો છે. સ્રોષ્ યશ્ત્ હાતોખ્ત્, ૧૪ માં આ ભેદી શબ્દો મળે છે: 'યો આખ્શ્તિશ્-ચ ઉવર્ધ્રતિશ્-ચ દ્રુજો રપસ્યો સ્પેનિશ્તહે અવાઇન્ અમૅષાઑ સ્પૅંત અવિ હપ્તો-કશ્વર્ઇરીમ્ જાંમ્' (= "સ્રોષ્ જે 'સ્પેનિશ્ત' યાને અતિશય તેજસ્વિનાં સંપ અને દોસતીને લીધે 'દ્રુજ' અંગ્ર મઇન્યુની ચોકી રાખનાર; જેને લીધે સાત કેશ્વરોની ભૂમિ ઉપર અમૅષાસ્પૅંદો આવ્યા"). આ લખાણ હજુસુધી બરાબર ઉકેલવામાં આવ્યું નથી. એ લખાણમાં જે મુજબ વંદીદાદ પરગરદ ૧૯ મી અને અદ્રિઍહેશ્ત્ યશ્ત્માં 'અંગ્ર મઇન્યુ' માટે જે 'દ્રુજ્' શબ્દ વાપર્યો છે તેજ ઉપયોગમાં લીધો છે, અને ગાથામાં જે પ્રમાણે 'સ્પૅંત મઇન્યુ' માટે 'સ્પેનિશ્ત' વિશેષણ વાપર્યું છે તેમ અહીંઆં પણ કીધું છે. સ્રોષ્ યશ્ત્માં જે 'સ્પૅંત' અને 'અંગ્ર' વિષે એકથી વધુ ઇશારા મળે છે તે ઉપરથી ખુલ્લું જણાય છે કે 'સ્રઓષ' એક શકિત છે જે સૃષ્ટિમાં 'અંગ્ર મઇન્યુ'ને 'સ્પૅંત' સામે તેનાં કૃત્યો કરતો અટકાવે છે.

'સ્પૅંત મઇન્યુ'ની વિરૂદ્ધ કાર્ય કરનાર મીનોયને માટે 'અંગ્ર' (= "નાશ કરનાર"), 'અક' (= "બુરો"), 'અચિશ્તો' (= "સૌથી બુરો"), 'દ્રુજ' (= "છેતરનાર"), અને 'દ્રેગ્વત્' (= "દ્વર્દ") શબ્દો વાપર્યા છે. આપણે જોયું કે ગાથામાં 'સ્પૅંત' અને 'અંગ્ર' શબ્દો તેઓને સાધારણ અર્થે વાપરેલા પણ મળ્યા છે, જ્યાં તેઓમાં 'મઇન્યુ' શબ્દ ઉમેર્યો નથી.

અષો જરથુસ્ત્રએ ઘણા પુરાતન કાળમાં સૃષ્ટિનો સરજનાર એક હોવા વિષેનું મત આર્યન પ્રજામાં જાહેર કીધું ત્યારે કુદરતી રીતે જે સવાલ ઉત્પન્ન થવો જોઇએ તે આ હતો કે જો સૃષ્ટિના સરજનારે સઘળું સારૂં પેદા કીધું તો બુરાઇનું તત્વ ક્યાંથી આવ્યું અને કોણ લાવ્યું?

અહુરમઝ્દાએ જે અચળ નિયમની સ્થાપના કીધી તે અચળ નિયમની મારફતે સૃષ્ટિની અનંતકાળની હસ્તીમાં હરેક બનાવ બન્યા છે, બને છે અને બનશે. એ સઘળા બનાવોને બે મુખ્ય મથાળાં તળે વહેંચવામાં આવ્યા: સઘળા સારા બનાવો 'સ્પેંત મઇન્યુ'નાં કાર્યને લીધે બને છે; સઘળા માઠા બનાવો 'અંગ્ર મઇન્યુ'નાં કાર્યને લીધે છે. સારાંની પાછળ માઠું અને માઠાં પાછળ સારૂં અનંતકાળ સુધી, એકેકની પૂઠે, એકેકમાંથી ઉત્પન્ન થઇ, આવ્યા કરશે, અને અંતે માઠાંનો પરાજય થઇ જીવનમાં સારૂં નિભશે, અને 'ફ્રષોકૅરૅતિ' ("સૃષ્ટિનું નવજીવન") થશે. આ જરથુશ્ત્ર દીનનો ઉપદેશ છે.

'સ્પેંત' અને 'અંગ્ર' મીનોય બન્ને સાથે આવ્યા (='હૅમ્–જસએતૅમ્'). તેઓને કોણે સરજ્યા? તેઓ કયાંથી સાથે આવ્યા? એ વિષે અષો જરથુશ્ત્રના ગાથામાં કાંઇપણ કલ્પના મળતી નથી. અહુરમઝ્દાએ અચળ નિયમથી જે સૃષ્ટિ સરજી તેનાં પ્રગટિકરણ તરીકે સૃષ્ટિમાં 'સ્પેંત' અને 'અંગ્ર'એ જીવન અને નાશ મેલ્યાં. માણસનાં શરીરમાં અણુઓને જીવન મળે છે, હર પળે તે અણુઓનો પ્રલય થાય છે, તે પ્રલયને પરિણામે તે અણુઓના પ્રલયમાંથી નવાં અણુઓનું જીવન રચાય છે અને "જીવન" અને "નાશ" એકેકમાંથી નિકળી, એકેક પાછળ, એકેકની પૂઠે, આવે છે. જીવન અને નાશનો એ સિલસિલો જીંદગીની શરૂઆતથી તે તેનાં સેવટ સુધી ચાલ્યાજ કરશે. જેમ માણસનાં શરીરમાં તેમજ અખંડ સૃષ્ટિમાં જીવન અને નાશનું પ્રગટિકરણ નિરંતર હતું, છે અને રહેશે.

સૃષ્ટિમાં આ અનંત જીવન અને નાશનાં પ્રગટિકરણનો તર્ક અષો જરથુશ્ત્રની દીનમાં સૌથી પહેલે જાહેર કરવામાં આવ્યો. એ તર્કને ઇસ્વી સનેની ઓગણિસમી સદીના ફિલસુફોએ 'polarities in the universe'ને નામે સજીવન કીધો. 'સ્પેંત' અને 'અંગ્ર' બે શક્તિઓ છે, બે વ્યક્તિઓ નથી. જે જે ગુંચવણ ભર્યા સવાલો જરથુશ્ત્ર મજહબ મતની સમજણ વિષે ઉપસ્થિત થાય છે તે શક્તિઓને વ્યકિતઓ માની લેવાને લીધે છે.

જ્યારે આપણાં ગાથા સાહિત્યના શુદ્ધ તરજુમા થઇ તેને વાજબી રીતે સમજાવવામાં આવશે ત્યારે આ સિદ્ધાંત પુરેપુરાં સાબેત થશે કે સૃષ્ટિના એક સરજનારની માન્યતા ધરાવનારી આપણી દીનમાં આ બે

અણુદીઠ જોડિયા 'સ્પઁત' અને 'અંગ્ર' અષો જરથુશ્ત્રએ કેમ કહ્યા. અષો જરથુશ્ત્રનાં મત મુજબ 'સ્પઁત' અને 'અંગ્ર' સૃષ્ટિના સરજનાર નથી, એ દીનમાં દ્વૈત (="બે સામસામી સરજત કરનારી વ્યકિતઓની માન્યતા") કાંઇપણ નથી, અને આપણા અહુરમજ્દાનો કોઇપણ વિરોધી કે હરીફ નથી.

હવે આપણે ગાથા સાહિત્ય છોડી પાછલું અવસ્તા સાહિત્ય હાથ ધરિયે. તે સાહિત્ય અસલ ગાથા સાહિત્યનાં મતથી વેગળું જઇ કાંઇ બીજું મત રજુ કરે છે કે કેમ તે સવાલનો વિચાર કરિયે.

યસ્ન હા ૫૭ (=સ્રોષ્ યશ્ત), ૧૭ અને સ્રોષ્ યશ્ત હાતોખ્ત, ૧૨ માં જણાવ્યું છે કે "જયારથી બે મીનોય 'સ્પઁત' અને 'અંગ્ર'એ પેદાશોને ઉપજાવી ત્યારથી અચળ નિયમની શારીરિક હસ્તીનો બચાવનાર સ્રોષ્ નચિંતે ઉંઘાયો નથી."

ફ્રવર્દીન્ યશ્ત, ૭૬-૭૮ માં કહ્યું છે કે "અષો હસ્તીઓની ભલી, ઝળકતી, તેજસ્વિ ફ્રવષિઓ બે મીનોયની પેદાશોને ઘણી મદદગાર છે, જેઓ, જયારે બે મીનોય 'સ્પઁત' અને 'અંગ્ર'એ પેદાશોને ઉપજાવી ત્યારે, ટટાર ઉભી હતી. જયારે 'અંગ્ર મઇન્યુ' ભલા અચળ નિયમની પેદાશની આડે આવ્યો ત્યારે સુમનહ અને આતર્ વચ્ચે પડયાં; તે બન્નેએ 'દ્રવંદ અંગ્ર મઇન્યુ'નાં કપટ તોડયાં."

ઉપર આપેલા ઉતારા યસ્ન હા ૫૭ (=સ્રોષ્ યશ્ત), ૧૭, સ્રોષ્ યશ્ત હાતોખ્ત, ૧૨ અને ફ્રવર્દીન્ યશ્ત, ૭૬-૭૮ માંથી આપણે લીધા છે. જે મુજબ અષો જરથુશ્ત્રએ યસ્ન હા ૩૦, ૪ માં દુનિયાની શરૂઆતમાં એક ભલી અને એક બુરી, બે અણુદીઠ શક્તિઓ જીવન અને નાશ (=જીવનની ગેરહાજરી) ઉપજાવવા (='દજ્દે') સાથે આવેલી હોવાનો તર્ક જાહેર કીધો હતો, તેજ મુજબ પાછલાં અવસ્તા સાહિત્યનાં આ લખાણો જણાવે છે કે બે મીનોય 'સ્પઁત' અને 'અંગ્ર'એ પેદાશો ઉપજાવી ('દઇધિતેમ્'). પેદાશ ઉપજાવવા વિષે હા ૩૦, ૪ માં જે શબ્દ 'દજ્દે' મળે છે તેજ શબ્દનું બીજું રૂપ 'દઇધિતેમ્' આ પાછલાં અવસ્તા સાહિત્યનાં લખાણોમાં મળે છે. અને 'જીવન' અને 'અજીવન' (="નાશ") તે 'સ્પઁત' અને 'અંગ્ર'ની ઉપજ છે. જે મુજબ ગાથાનાં લખાણ યસ્ન હા ૪૫, ૨ માં 'સ્પઁત' અને 'અંગ્ર' વચ્ચેની મતફેરીનું લખાણ છે, અને હા ૩૦ માં 'દ્રવંદ અંગ્ર'એ અતિશય દુષ્ટ કૃત્ય પસંદ કીધેલું હોવા વિષેનું

વર્ણન છે, તેમજ ફ્રવદીન્ યશ્ત્માં કહે છે કે જ્યારે 'અંગ્ર મઇન્યુ' ભલા અચળ નિયમની પેદાશની આડે આવ્યો ત્યારે સુમનસ્ અને આતર્ વચ્ચે પડયાં અને તે બન્નેએ 'દર્વંદ અંગ્ર મઇન્યુ'નાં કપટ તોડયાં. આપણે ખુલ્લું જોઇ શકિયે છિયે કે આ લખાણો અષો જરથુશ્ત્રના ગાથાનાં મતને અનુસરીને લખાયાં છે.

વંદીદાદ પરગરદ ૭, ૫૨ માં જે માણસ ગુજરેલાંની દાટેલી લાશને જમીનમાંથી બહાર કાઢી ખુલ્લી કરે તેને માટે કહે છે કે "તે જ્યારે સર્વોત્તમ જીંદગી યાને બેહેશ્ત તરફ જાય ત્યારે તે માણસ પાસે બે મીનોય લડતા ઉભા રહેશે નહિ."

અહીંઆં જે "બે મીનોય" વિષે ઇશારો છે તે બેશક 'સ્પેંત' અને 'અંગ્ર' છે, જેઓ જ્યારે એક માણસનું રવાન તેનાં શરીરમાંથી બહાર નિકળી મીનોય હસ્તીમાં પાછું ફરે ત્યારે તે રવાનને પોતાની બાજુએ ખેંચવાની લડાઇ અથવા હરીફાઇ કરે છે.

જેમ ગાથા યસ્ન હા ૪૫, ૨ માં લખાણ આવ્યું છે તેમ યસ્ન હા ૧૯, ૯ માં 'સ્પન્યાઑ મનિવાઑ' (="બે મીનોયમાંના ઘણા તેજસ્વિ") વિષે લખાણ મળે છે.

'પાયૂ થ્વોરૅશ્તાર'

હવે આપણે એક ઘણી તકરારી બાબત ઉપર આવિયે છિયે.

અષો જરથુશ્ત્રના ગાથા પછી નજદીકના જમાનામાં લખાયલી 'યસ્ન હપ્તન્હાઇતિ'ને છેડે હા ૪૨ માં સૃષ્ટિની જુદી જુદી વસ્તુઓ અને વ્યક્તિઓને ઇજી છે યાને વખાણીને આરાધી છે તેમાં ચાર જોડિયાંઓને આરાધ્યાં છે: 'અરપીના-ચા યેવીનો' (="અશ્વિનિ અને ભરણી" બે નક્ષેત્રો), 'પાયૂચા થ્વોર્શ્તારા' (="રક્ષણ કરનાર અને કાપકુપ કરી ઘાટ ઘડનાર બે"), 'મજદાંમ-ચા જરથુશ્ત્રૅમ-ચા' (="અહુરમજદા અને અષો જરથુશ્ત્ર"), 'ઝ્રામ્-ચા અસ્મનૅમ્-ચા' (="જમીન અને આસમાન").

યસ્ન હા ૫૭, ૨ (=સ્રોષ્ યશ્ત, ૨) માં કહે છે કે:

'યો પઑઇર્યો મજ્દાઆ દામાંન્, ફ્રસ્તરૅતાત્ પઇતિ બરૅસ્મન્, યજત અહુરૅમ્ મજ્દાંમ્, યજત અમૅષે સ્પૅંતે, યજત પાયૂ થ્વોરૅશ્તાર યા વીસ્પ થ્વૅરૅસતો દામાંન્'.

અર્થ: "સ્રોષ્ જે અહુરમજ્દાની પેદાશોમાં પ્રથમ, તેણે પાંથરેલી બરસમ વડે, અહુરમજ્દાને આરાધ્યા, અમેંષાસ્પઁતોને આરાધ્યા, રક્ષણ કરનાર અને કાપકુપ કરી ઘાટ ઘડનાર એને આરાધ્યા જેઓએ તમામ પેદાશ ઘડી".

હા ૪૨, ૨ અને હા ૫૭, ૨ માં જે આ 'પાયૂ-ચા થ્વોર્સ્તારા' અને 'પાયૂ થ્વોરૅસ્તાર' કહ્યા છે તે કોણ?

હા ૪૨, ૨ માં માત્ર 'પાયૂ-ચા થ્વોર્સ્તારા' (="બે રક્ષણ કરનાર અને કાપકુપ કરી ઘાટ ઘડનાર")નાં નામ કાંઇપણ વર્ણન વગર મળે છે, જ્યારે હા ૫૭ માં 'પાયૂ થ્વોરૅસ્તાર'નાં વર્ણનમાં જણાવ્યું છે કે તે બન્નેએ તમામ પેદાશ ઘડી.

પહેલે આપણે જોવું જોઇએ કે અવસ્તા ભાષાનાં વ્યાકરણને કાયદે સાથે મેલેલા આ બે શબ્દો 'પાયૂ થ્વોરૅસ્તાર' શું અર્થ ઉપજાવે છે. અવસ્તા ભાષાનાં વ્યાકરણને કાયદે 'પાયૂ' અને 'થ્વોરૅસ્તાર' બન્ને શબ્દો દ્વિવચનમાં વાપર્યા છે અને સાથે મેલેલા તે બે શબ્દોનો અર્થ "બે 'પાયુ' અને બે 'થ્વોરૅસ્તાર'" નહિ પણ "એક 'પાયુ' અને એક 'થ્વોરૅસ્તાર'" થાય છે. વળી એ બે, 'પાયુ' (="રક્ષણ કરનાર") અને 'થ્વોરૅસ્તાર' (="કાપકુપ કરી ઘાટ ઘડનાર"), એક પ્રકારનું, એકસરખું, એકેકને મળતું કામ કરનાર, એકેકના મદદગાર હોવા જોઇએ; એકેકથી ઉલટું કામ કરનારા, એકેકના વિરોધી નહીં: 'પાયુ' તે 'સ્પઁત' (="તેજસ્વિ"), 'વૉહુ' (="ભલો") હોય; પણ શું 'થ્વોરૅસ્તાર' તે 'અંગ્ર' (="નાશ કરનાર"), 'અક' (="બુરો"), 'દ્રૅગ્વન્ત્' (="દર્વંદ") છે?

આપણી 'નીરંગ-ઇ પાદ્યાબ્ કુસ્તી'માં લીધેલા યસ્ન હા ૪૬ ના છંદ ૭ મામાં 'પાયૂમ્' શબ્દ મળે છે, જેનો અર્થ આપણે "રક્ષક" કીધો છે તે 'સ્પઁત'નું કાર્ય કરનાર હોય; અને એજ છંદમાં જે 'દ્રૅગ્વાઑ' શબ્દ મળે છે તે 'અંગ્ર'ને માટે હોય. 'પાયુ' શબ્દને માટે આપણે ઉપર નોંધ આપી છે. હોર્મૅજ્દ યશ્ત, ૧૨ માં 'પાયુશ્' અહુરમજ્દાનાં એક નામ તરીકે મળે છે; તે ઉપરાંત 'પાયુ' વિષે કાંઇ વધુ કહેવાનું નથી. પણ આપણે 'થ્વોરૅસ્તાર' શબ્દના અર્થ ઉપર ધ્યાન આપવાની જરૂર છે.

ભાષામાં એક શબ્દના ત્રણ અર્થો થાય છે: પહેલો અસલ અર્થ, ધાતુના અસલ અર્થ ઉપરથી નિકળેલો; બીજો અર્થ, અસલ અર્થમ

કાંઇ વધઘટ કરનારો; અને ત્રીજો અર્થ, અસલ અર્થથી ઘણો ફેરવાઇ જઇ ઉત્પન્ન થયલો, જે અસલ વ્યુત્પત્તિ સાથે સરખાવતાં ઘણો વિચિત્ર દિસે.

'થ્વોશ્તર્ાિ' અને 'થ્વોરૅશ્તાર' શબ્દનો ધાતુ 'થ્વૅરૅસ' = 'થ્વરૅખ્ષ્' = त्वक्ष् (= ૧, "કાપવું"; ૨, "ઉપજાવવું"; ૩, "કોઇપણ વસ્તુ ઉપર કામ કરી તેને ઘડીને ઘાટ આપવો").

'થ્વોરૅશ્તાર' (= त्वष्टृ, त्वक्ष्तृ = "સુથાર," "ઘાટ આપનાર દેવતા") = "ઘાટ ઘડનાર."

વળી આ બે શબ્દો 'થ્વોશ્તર્ાિ' અને 'થ્વોરૅશ્તાર'નું ત્રીજું રૂપ 'થ્વરૅખ્ષ્તરસ-ચ' જમ્યાદ્ યશ્ત્, ૧૮ માં વાપરેલું મળે છે, જ્યાં એ શબ્દ સાત 'અમૅષાસ્પૅંત'નાં છ વિશેષણોમાંનું એક છે.

જમ્યાદ્ યશ્ત્ના ફકરા ૧૫–૧૮ માં અહુરમજ્દાના સાત 'અમૅષાસ્પૅંત' (= "અમર્ગ તેજસ્વિ") નું વર્ણન છે. ત્યાં સાત 'અમૅષાસ્પૅંત' કયા? આ સવાલના જવાબ માટે આ ફકરાનો તરજુમો જાણવો અવશ્યનો છે. જમ્યાદ્ યશ્ત્માં 'ખરૅન'નું વર્ણન છે. એ યશ્ત્ના ફકરા ૧૫–૧૮ માં અમૅષાસ્પૅંતનાં 'ખરૅન'નું વર્ણન મળે છે. ત્યાં કહે છે:

"જે ખરેન છે પ્રકાશિત, પ્રેમાલ આંખોવાળા, બુલંદ, ઝટ મદદે આવતા, બહાદુર, અહુરના અમૅષાસ્પૅંતોનું, જે સાત એકસરખું મનસ ધરાવનારા, જે સાત એકસરખી વાચા ધરાવનારા, જે સાત એકસરખું કર્મ કરનારા છે, જેઓનાં મનસા, વાચા, કર્મ એકસરખાં છે, જેઓનો પિતા અને સરદાર એકજ છે જે દાદાર અહુરમજ્દા; જેઓ સારા વિચાર, સારાં વચન, સારાં વર્તનનું અને ગરોન્માનનું મનન કરતાં, રોશન રાહો તરફ 'જઓથ્રા' તરફ આવતાં, એક બીજાનાં રવાનને જોય છે; જેઓ આ અહુરમજ્દાની પેદાશોના 'દાતરસ-ચ' (= બનાવનાર), 'મરૅખ્ષ્તરસ-ચ' (= ઘડનાર), 'થ્વરૅખ્ષ્તરસ-ચ' (= ઘાટ આપનાર), 'અઇવ્યાખ્ષ્તરસ-ચ' (= નજર રાખનાર), 'નિપાતરસ-ચ' (= નવાજનાર), અને 'નિશ્હરૅતરસ-ચ' (= પાસબાન) છે."

આ વર્ણનમાં અમૅષાસ્પૅંતોને અહુરમજ્દાની પેદાશોના બનાવનાર, ઘડનાર અને ઘાટ આપનાર ચિતાર્યા છે. જે મુજબ ગાથા હા ૩૦ માં બે મીનોય "ઉપજાવવા માટે સાથે આવ્યા" એમ કહ્યું છે તેમ જમ્યાદ્

યશ્‌ત્‌માં અમેંષાસ્પેંતોને માટે 'દાતરસ્‌–ચ' (="બનાવનાર") વિશેષણ વાપરેલું મળે છે. જેમ કોઇ બે વ્યક્તિઓને હા ૪૨, ૨ અને હા ૫૭, ૨ માં 'પાયૂ થ્વોરેંશ્તારા' અથવા 'પાયૂ થ્વોશ્‌ર્તારે' કહી છે, તેમ જમ્યાદ્ યશ્‌ત્‌માં અમેંષાસ્પેંતોને 'મરેંખ્શ્તરસ્‌–ચ થ્વરેંખ્શ્તરસ્‌–ચ અઇવ્યાખ્શ્તરસ્‌–ચ નિપાતરસ્‌–ચ નિશ્હરેંતરસ્‌–ચ' (="ઘડનાર, ઘાટ આપનાર, નજર રાખનાર, નવાજનાર અને પાસબાન") કહ્યા છે.

જમ્યાદ્ યશ્ત્ ફકરા ૧૫–૧૭ (=ફ્રવર્દીન્ યશ્ત્ ફકરા ૮૨–૮૪) માં જે "સાત અમેંષાસ્પેંત" કહ્યા છે તે 'સ્પેંત મઇન્યુ', 'વહિશ્ત મનહ્', 'અષ', 'ખ્ષથ્ર', 'આરમઇતિ', 'હઉર્વતાત્' અને 'અમેંરતાત્' હોય. જમ્યાદ્ યશ્ત્ અને ફ્રવર્દીન્ યશ્ત્‌નાં લખાણમાં આ "સાત અમેંષાસ્પેંતો"ની જે સંખ્યા આપી છે તે જે મુજબ 'સ્પેંતામઇન્યુશ્' ગાથા (યસ્ન હા ૪૭, ૧) માં અષો જરથુશ્ત્રએ 'સ્પેંત મઇન્યુ'ને અહુરમજ્દાની જે બીજી શક્તિઓને પાછલાં અવસ્તા સાહિત્યમાં 'અમેંષાસ્પેંત' કહી છે તેઓ સાથે હમકાર બનાવી છે, તેજ મુજબ અષો જરથુશ્ત્રને પગલે ચાલી જમ્યાદ્ અને ફ્રવર્દીન યશ્ત્‌ના લખનારે કીધું હોય એમ દિસે છે. એ સાત 'અમેંષાસ્પેંત'માં 'સ્પેંત મઇન્યુ' સાથે 'અંગ્ર'નું સ્થાન થઇ શકેજ નહિ. કારણકે અષો જરથુશ્ત્રએ 'અંગ્ર' 'અમેંષ' (="અમગ") છે એવું મત કોઇ પણ ઠેકાણે દર્શાવ્યું નથી.

જમ્યાદ્ યશ્ત્‌ના આ ઉતારા ઉપરથી માલમ પડે છે કે 'અમેંષાસ્પેંતો'ને 'થ્વરેંખ્શ્તરો' (="ઘાટ આપનાર") કહ્યા છે અને હા ૪૨, ૨ અને હા ૫૭, ૨ માં જે બે 'પાયૂ થ્વોશ્‌ર્તારા', 'પાયૂ થ્વોરેંશ્તાર' વિષે ઇશારા છે તેમાંના 'થ્વોશ્‌ર્તાર', 'થ્વોરેંશ્તાર'ને 'અંગ્ર' (="હાનિ કરનાર") તરીકે લઇ શકાય નહિ. આ બે જગ્યાએ જે બેનું વર્ણન છે તે બે 'સ્પેંત' અને 'અંગ્ર' છે એમ કહી શકાય નહિં, સિવાય કે 'થ્વોશ્‌ર્તાર' અને 'થ્વોરેંશ્તાર' શબ્દો, જમ્યાદ્ યશ્ત્‌માં આવતા 'થ્વરેંખ્શ્તરો' (="ઘાટ ઘડનારા") શબ્દથી જુદો અર્થ ધરાવતા હોય અને તે જુદા અર્થમાં 'અંગ્ર'નાં કે 'અંગ્ર'નાં જેવાં મારવાનાં, હાનિ કરવાનાં કાર્ય વિષે ઇશારો હોય.

ગાથામાં 'થ્વરેંસ્' ધાતુનાં રૂપ માત્ર 'અહુનવઇતિ' ગાથા (યસ્ન હા ૨૯, ૧) માં 'થ્વરોજ્દૂમ્' (="તમે સરજી") અને હા ૨૯, ૬ માં 'થ્વોરેંશ્તા' (="સરજી") મળે છે.

પાછલાં અવસ્તા સાહિત્યમાં 'થ્વૅરૅસ' (="કાપવુ") ધાતુ વંદીદાદ પરગરદ ૫, ૨ માં થ્વૅરૅસઇતિ' (="તે લાકડું કાપે છે") ને રૂપે મળે છે, અને ત્યાં 'થ્વૅરૅસઇતિ' સાથે 'તાશિત' (="ટુકડા કરે છે") આવે છે. એજ મુજબ પરગરદ ૯, ૨ માં 'ઉપ–થ્વશ્તિ" (="તે ઝાડ કાપે") એવાજ અર્થે મળે છે. એજ અર્થે પરગરદ ૧૩ ફકરા ૩૨ અને ૬૪ માં 'ઉપ–થ્વૅરૅસયૅન્', પરગરદ ૮, ૧૦ માં 'ઉપથ્વૅરૅસાન્ ઉપથ્વૅરૅસયાંન્', અને પરગરદ ૧૪, ૧૩ તથા પરગરદ ૧૭ ફકરા ૨ અને ૪ માં બીજાં રૂપો મળે છે. પરગરદ ૧૩ ફકરા ૧૦, ૧૧ માં 'ઉસ્ થ્વૅરૅસઇતિ' (="કાપી નાખે") મળે છે. પરગરદ ૯ મી અને ૧૦ મીમાં 'નિ–થ્વૅરૅસોઇશ્' (="તું જમીન ખણીને ખોદ") મળે છે.

હવે જે જાણવાનું સૌથી અગત્યનું તે આ છે કે ઉપર આપેલા 'થ્વૅરૅસ' ધાતુ ઉપરથી નિકળેલા શબ્દોનાં વંદીદાદમાં મળતાં જુદાં જુદાં રૂપો "કાપવા" ને અર્થે મળ્યાં છે; પણ એક રૂપ 'ફ્રાથ્વૅરૅસ' પહેલી પરગરદમાં શુમારે સત્તર વાર મળે છે, ત્યાં તેનો કર્ત્તા 'અહુરો મજ્દાઓ' છે. ત્યાં અહુરમજ્દા સ્પિતમ જરથુશ્ત્રને કહે છે: 'ફ્રાથ્વૅરૅસૅમ્ અઝ઼ૅમ્ યો અહુરો મઝ્દાઓ' (="પેદા કીધું મેં અહુરમજ્દાએ"). ત્યાં પાસીંક દંતકથા 'ફ્રાથ્વૅરૅસૅમ્' શબ્દનો તરજુમો 'ફ્રાજ બ્રેહીનીત' (="મેં સરજી") કરે છે. અહુરમજ્દાની 'સરજીત' વિષે વંદીદાદમાં વાપરેલો આ શબ્દ મેહેર્ યશ્ત, ૫૦ અને ફ્રવર્દીન્ યશ્ત, ૮૭ માં એવાજ અર્થે મળે છે. જ્યારે વંદીદાદ પરગરદ ૧ માં અહુરમજ્દાએ જે સોળ સંસ્થાનો "સરજ્યાં" તેનું વર્ણન છે, ત્યારે મેહેર્ યશ્તમાં દાદાર અહુરમજ્દાએ મેહેર્ યજત માટે 'હરા બૅરૅજઇતિ' (="અલબોર્જ પહાડ") ઉપર 'મએથન' (="રહેઠાણુ") "સરજેલું" હોવાની વિગત છે, અને ફ્રવર્દીન્ યશ્તમાં 'ગયામરૅથ્ન'માંથી ઇરાન દેશની મનુષ્યજાતનું બીજ "સરજેલું" કહે છે.

વળી 'ફ્રાથ્વૅરૅસ'ના આ અર્થ ઉપરાંત વંદીદાદ પરગરદ ૭, ૭૧ માં એ ધાતુ "ઠેરવવું," "મુકરર કરવું" અર્થે વપરાયો છે: 'ફ્રાથ્વૅરૅસએત' (="તમે શિક્ષા ઠેરવો"), 'ફ્રાથ્વૅરૅસઇતિ' (="શિક્ષા ઠેરવે છે"). વળી યસ્ન હા ૧૧, ૭ માં 'ફ્રાથ્વૅરૅસો' (="તું કાપ") કાપવાને અર્થે વાપર્યો છે.

ગાથા અને પાછલી અવસ્તા ભાષામાં આવેલા 'થ્વૅરૅસ' ધાતુ ઉપરથી નિકળેલા શબ્દોના ઉપર આપેલા જુદા જુદા અર્થો ઉપરથી જણાય છે કે

'થ્વૅરૅસ્' શબ્દનો અસલ અર્થ "કાપવું" થાય છે. ગાથામાં એ શબ્દ "સરજવું", "કાપકુપ કરી ઘડવું"ને અર્થે વપરાયો છે, તે ધાતુ ઉપરથી ઉત્પન્ન થયલો અસલ અર્થ છે. 'થ્વૅરૅસ્' ધાતુને ઉપસર્ગો 'ઉપ', 'ઉસ્', 'નિ', 'પઇતિ' લગાડતાં એ ધાતુના અર્થમાં ફેરફાર થયા છે: 'ઉપ–થ્વૅરૅસ્' (="લાકડાં કે બીજી વસ્તુ ઉપર છરી લગાડી કાપવું"), 'ઉસ–થ્વૅરૅસ્' (="કાપી નાખવું"), 'નિ–થ્વૅરૅસ્' (="જમીન ખણવી, ખોદવી"), 'પઇતિ–થ્વૅરૅસ્' (="કોઇ વસ્તુને બીજી વસ્તુથી ઢાંકવી, મઢવી"), 'ફ્રા–થ્વૅરૅસ્' (="કાપવું, કાપીને ઘાટ આપવો", "સરજીત, નિર્માણ કરવું", "પેદા કરવું").

અહુરમજ્દાએ સૃષ્ટિ સરજી; તેમાં સઘળું સરજીત, નિર્માણ છે. જે કાંઇ બન્યું છે, બને છે અને બનશે તે અહુરમજ્દાની ઇચ્છાને આધિન છે. અવસ્તા સાહિત્ય મુજબ અહુરમજ્દા 'દાતરૅ ગએથનાંમ્ અસ્ત્વઇતિનાંમ્' (="હાડ ધરાવતાં જીવનનો પેદા કરનાર", "જગત્દાતા") છે. જરથુસ્ત્રિ મજહબ મત મુજબ આ 'સરજીત' અને પેદા કરવાના ખ્યાલો એકેક સાથે જોડાયલા છે.

ગાથા અને પાછલાં અવસ્તા સાહિત્યની ભાષામાં એક ખાસ રૂઢિ છે કે અહુરમજ્દા અને તેની સઘળી પેદાશનાં કાર્ય માટે જે શબ્દો વાપર્યા છે તે શબ્દો 'અંગ્ર મઇન્યુ' અને તેને લગતી બુરી વ્યક્તિઓ અને વસ્તુઓ માટે કદી વપરાતા નથી. એજ રૂઢિને અનુસરી અહુરમજ્દાએ સૃષ્ટિ સરજવા વિષે જ્યારે 'ફ્રા–થ્વૅરૅસ્' ધાતુ વંદીદાદની પહેલી પરગરદમાં વાપર્યો છે, ત્યારે 'અંગ્ર મઇન્યુ'નાં બુરી ખામીઓ અને વસ્તુઓ ઉપજાવવાનાં કાર્ય માટે 'ફ્રા–કૅરૅત્' ધાતુ ઉપયોગમાં લીધો છે. વંદીદાદની પહેલી પરગરદમાં શુમારે સોળવાર 'ફ્રાકૅરૅંતત્' (="અંગ્ર મઇન્યુએ ઉપજાવ્યું") શબ્દ મળે છે. એજ અર્થે યસ્ન હા ૯, ૮ અને આવાં યશ્ત્, ૩૪ માં 'ફ્ર–ચ કૅરૅંતત્' શબ્દ વાપર્યો છે. પણ વંદીદાદ પરગરદ ૭, ૧૩ માં 'ફ્ર–ચ કૅરૅંતન્' શબ્દ "તેઓ કાપી નાખે, ટુકડા કરે" એવા અર્થે અપવિત્ર થયલાં કપડાં ફાડવા વિષે વાપર્યો છે.

જેમ 'થ્વૅરૅસ્' (= त्वक्ष् = "કાપવું," "ઘાટ આપવો",) ધાતુ સાધારણ "કાપવું" અર્થે તેમજ અહુરમજ્દાનાં સરજવાનાં કામ માટે વપરાયો છે, તેમ 'કૅરૅત્' (= कृत्) ધાતુ "કાપવું", "ટુકડા કરવા" અર્થે અને

'અંગ્ર મઇન્યુ'નાં ઉપજાવવાનાં કામ માટે વપરાયો છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે 'થ્વૅરૅસ' (=त्वक्ष्) ધાતુ ઉપરથી ઉત્પન્ન થયલા શબ્દો જેને માટે વાપર્યા છે તે 'અંગ્ર મઇન્યુ'ને માટે કે 'અંગ્ર મઇન્યુ'ના જેવી કોઇ કામ કરનારી બુરી વ્યક્તિ માટે વપરાય નહીં. એટલે 'થ્વોર્શ્તારો', 'થ્વોરૅશ્તાર', 'થ્વરૅખ્શ્તરો' કોઇ સારી વ્યક્તિ માટે વાપર્યા છે, 'અંગ્ર મઇન્યુ' માટે નહિ. 'અંગ્ર મઇન્યુ' કોઇ વ્યક્તિ નથી, 'પાયુ', 'થ્વોરૅશ્તાર' એ વ્યકિતઓ છે.

વળી ગાથા, યસ્ન હા ૨૯, ૨, માં વેદીક ધાતુ त्वक्ष् (= અવસ્તા 'થ્વખ્શ્') ઉપરથી ઉત્પન્ન થયલો શબ્દ 'થ્વખ્શો' (= "ઉદ્યમી") પણ 'થ્વૅરૅસો' ને બદલે મળે છે.

હવે આપણે 'થ્વૅરૅસ' અને 'તપ્' ધાતુઓ બન્ને વચ્ચે કાંઇ અતલગનો સંબંધ છે કે તે જોઇશું.

'અહુનવઇતિ' ગાથા (યસ્ન હા ૨૯, ૧)માં 'થ્વરોઝ્દૂમ્' (= "તમે સરજી") ક્રિયાપદ તેનો કર્તા આપ્યા વગર વાપર્યો છે. એ હામાં 'ગેઉશ્ ઉર્વા' (= "સૃષ્ટિનું રવાન") કોઇ વ્યક્તિઓ સનમુખ ફરીયાદ રજુ કરે છે: "કોને સારૂ મને તમે સરજી? કોણે મને ઘડી"? એજ હાના બીજા છંદમાંથી ફરીયાદ કોને કીધી તે જાણી શકીયે છિયે. કારણકે બીજા છંદમાં ફરીયાદ સમજનાર એ ફરીયાદ વિષે પુછપરછ કરે છે; એ ફરીયાદ સમજનાર 'તષા ગેઉશ્' (= "સૃષ્ટિનો ઘડનાર") છે. 'તષા ગેઉશ્' (= "સૃષ્ટિનો ઘડનાર") 'અષ' (= "અચળ નિયમ") ને એ વિષે સવાલ કરેછે. ત્રીજા છંદમાં 'અષ' (= "અચળ નિયમ")નો જવાબ છે. ચોથા છંદમાં આ કિર્તન જોડનાર કવિ અહુરમઝ્દા સર્વજ્ઞાની અને સમ્પૂર્ણ બળવાન હોવા વિષેના પોતાના તર્ક રજુ કરી, પાંચમા છંદમાં કવિ અને ફરતી સૃષ્ટિ અહુરમઝ્દાને પુછે છે: "શું બુરાંઓની વચમાં નાશ નથી સત્ય જીવન ગાળનારનો, નથી ઉદ્યોગીનો?" છઠ્ઠા છંદમાં અહુરમઝ્દા કિર્તન જોડનાર કવિને અને ફરતી સૃષ્ટિને જવાબ દે છે. સાતમા છંદનાં પહેલાં બે પદમાં કવિ અહુરમઝ્દાએ ઘડેલાં આબાદીનાં માંથ્ર વિષે વિવેચન કરી, એ છંદનાં ત્રીજાં પદમાં 'વોહુ મનહ્' (= "સુમનસ")ને પુછે છે: "કોણ છે તારો, ઓ સુમનસ! જે આ બે, સૃષ્ટિ અને રોશન જ્ઞાનીઓને, માણસોને માટે મુખવાચા આપશે?" આઠમા છંદમાં 'વોહુ મનહ્' કવિને જવાબ

આપે છે. નવમા છંદમાં સૃષ્ટિનાં રવાનના વિલાપનાં વચનો છે. દસમા અને અગિઆરમા છંદમાં કવિ અહુરમજ્દાને વિનવી અચળ નિયમ અને સુમનસ્ વડે જોર અને સત્તા આપવા કહે છે, અને અહુરમજ્દાને મદદે આવવાને અરજ કરે છે.

'તષા ગેઉશ્'

યસ્ન હા ૨૯ નો ઉપલો સારાંશ આપવાની મકસદ એ છે જે 'તષા ગેઉશ્' (= "સૃષ્ટિનો ઘડનાર") કોણ છે તે જણાઇ આવે. સાધારણ રીતે ભાષાશાસ્ત્રીઓએ 'તષા ગેઉશ્'નો અર્થ "ખલ્કતના બનાવનાર અહુરમજ્દા" લીધો છે. યસ્ન હા ૨૯ ઉપરથી ખુલ્લું જણાય છે કે 'તષા ગેઉશ્' અને 'અહુરમજ્દા' એકેકથી જુદા છે, યાને 'તષા ગેઉશ્' (= "સૃષ્ટિનો ઘાટ ઘડનાર") તે 'અહુરમજ્દા' નથી. હા ૨૯ ના પહેલા છંદમાં જે "ત્વરૌજ્દુમ" (= "તમે સરજી") શબ્દ આવ્યો છે તેનો કર્ત્તા બીજા છંદમાં 'ગેઉશ્ તષા' મળે છે. 'ગેઉશ્ તષા' પોતાને પુછેલા સવાલનો હવાલો 'અષ'ને આપે છે. ત્રીજા છંદમાં 'ગેઉશ્ તષા'ને 'અષ' જવાબ આપે છે. પાંચમા છંદમાં કવિ અને 'ઉર્વા ગેઉશ્ અજ્યાઑ' (= "ફરતી સૃષ્ટિનું રવાન") અહુરમજ્દાને સવાલ કરે છે. છઠ્ઠા છંદમાં અહુરમજ્દા કવિને અને 'ઉર્વા ગેઉશ્ અજ્યાઑ'ને જવાબ દે છે. સાતમા છંદમાં કવિ 'વોહુ મનઙ્હ'ને સવાલ કરે છે. આઠમા છંદમાં 'વૉહુ મનઙ્હ'નો જવાબ છે. નવમા છંદમાં સૃષ્ટિનાં રવાનનાં વિલાપનાં વચનો છે. દસમા અને અગિઆરમા છંદમાં કવિ (અષો જરથુસ્ત્ર ?) અહુરમજ્દાને અરજ કરે છે કે એમને અચળ નિયમ અને સુમનસ્ વડે જોર અને સત્તા આપે.

હા ૨૯ ના આ સારાંશ ઉપરથી જાહેર થાય છે કે 'ગેઉશ્-તષા' અને અહુરમજ્દા બન્ને એકેકથી જુદા છે.

ત્યારે હાલસુધી આપણા આગેવાન અભ્યાસીઓએ 'ગેઉશ્ તષા'ને અહુરમજ્દાનું વિશેષણ ધાર્યું છે તે શા આધારે ?

યસ્ન હા ૨૯ માં મળતા 'ગેઉશ્ તષા' ઉપરાંત, ગાથામાં અષો જરથુસ્ત્રએ બીજી બે વાર, યસ્ન હા ૩૧, ૯ અને હા ૪૬, ૯ માં 'ગેઉશ્ તષા' શબ્દો વાપરયા છે. યસ્ન હા ૩૧, ૯ માં અષો જરથુસ્ત્ર અહુરમજ્દાને કહે છે :—

"'ઓ અહુરમજ્દા ! તારી હતી 'આરમઇતિ', તારેથી 'ગેઉશ્ તષા' યાને "સૃષ્ટિના ઘડનાર"ને બીનોય 'ખ્રતુ' (= અક્કલ) હતી, જ્યારે તેં તેણી (સૃષ્ટિ) ને માટે પંથ નક્કી કીધો.'"

યસ્ન હા ૪૬, ૯ માં અષો જરથુશ્ત્ર અહુરમજ્દાને પુછે છે :

"તે કોણ ઉદાર પુરૂષ, કર્મથી વૃદ્ધિવાન, અષો 'અહુર' (= સાહેબ), જે પહેલો મારૂં ધ્યાન ધરશે, જેમ હું તને ઘણી મિત્રાચારી અર્પું છું તેમ ? જેથી લોકો, જેમ તારા 'અષ' (= અચળ નિયમ) વડે તેમજ તારા 'વૉહુ મનહ્' (= સુમનસ્) વડે મારે માટે ખાહેશ ધરાવશે; જે 'અષ' (= અચળ નિયમ) ને 'ગેઉશ્ તષા' (= "સૃષ્ટિના ઘડનાર") એ કહ્યું હતું".

ગાથાના આ બે છંદોનો ઉપર આપેલો તરજુમો દેખાડે છે કે 'ગેઉશ્ તષા' (="સૃષ્ટિનો ઘડનાર") અહુરમજ્દાથી અલગ છે. ઉસ્તાદ કાવસજી કાંગા યસ્ન હા ૪૬, ૯ વિષે લખે છે કે "એ ફકરાનો અર્થ હું સમજી શકતો નથી". હા ૪૬, ૯ માં ગોયા હા ૨૯, ૩ માં 'ગેઉશ્ તષા'એ 'અષ'ને સવાલ કીધો હતો તે વિષે ઇશારો છે. પાર્સીક દંતકથા યસ્ન હા ૨૯, ૨ માં 'ગેઉશ્ તષા' = 'ગોસ્પંદ્ તાશીતાર્' (= "ગોસ્પંદના ઘડનાર") ને અહુરમજ્દા ગણે છે. ઉસ્તાદ નેરિયોસંગ પાર્સીક તરજુમાને અનુસરી घटयिता गोपशुनाम् होर्मिज्द (= "ગોસ્પંદોનો ઘડનાર અહુરમજ્દા") અર્થ કરે છે. યસ્ન હા ૩૧, ૨ માં પાર્સીક દંતકથા 'ત્વે આ ગેઉશ્ તષા અસ્ ખ્રતુશ્'નો અર્થ 'પ તો હસ્ત્ આન્-ઇ ગોસ્પંદ્ તાશીતાર્ ખ્રદ' (= "ગોસ્પંદના ઘડનારની 'ખેરદ' તારામાં છે") કરે છે. ઉસ્તાદ નેરિયોસંગ પાર્સીક દંતકથાને પગલે ચાલી त्वयि सा गो: घटयित्री अस्ति बुध्धि: (= "તારામાં તે સૃષ્ટિને ઘડનારી બુદ્ધિ છે") તરજુમો આપે છે. યસ્ન હા ૪૬, ૯ માં 'યા અષા ગેઉશ્ તષા મ્રઑત્'નો પાર્સીક દંતકથાનો તરજુમો આ છે: 'ચેગોન્ અષવહૅસ્ત્ આન્-ઇ ગોસ્પંદ્ તાશીતાર્ રા ગોપ્ત્' (= "જેમ અષવહેસ્તે ગોસ્પંદના ઘડનારને કહ્યું"); ઉસ્તાદ નેરિયોસંગ તરજુમો કરે છે: यथा शिष्याय गवाम् घटयित्रे उक्तम् = ("જેમ શિષ્યએ સૃષ્ટિના ઘડનારને કહ્યું છે").

પાર્સીક દંતકથા અને ઉસ્તાદ નેરિયોસંગના ઉપર આપેલા તરજુમા ઉપરથી ખુલ્લું થાય છે કે પાર્સીક દંતકથાએ યસ્ન હા ૨૯, ૨ માં 'ગેઉશ્ તષા'ને અહુરમજ્દા ધાર્યો છે, અને હા ૩૧, ૨ અને હા ૪૬, ૯ માં

જોકે સ્પષ્ટ રીતે 'અહુરમજદા' શબ્દ વાપરી તરજુમો કીધો નથી, તે છતાં 'ગેઉશ્ તષા' તેજ અહુરમજદા એવું ધારી અર્થ આપ્યા છે.

એક ઘણી અઘરી ભાષા જેનાં વ્યાકરણ અને વાકય રચના હજુ-સુધી બરાબર સમજી શકાયાં નથી તેનો તરજુમો કરવો કેટલો મુશ્કેલ છે તેનો વિચાર કરી પ્રથમ તરજુમો કરવાને બહાર પડેલા ચુનંદા અભ્યાસીઓની કદરશનાસી કરવાની આપણી ફરજ છે. તે ફરજ બજાવ્યા પછી જરથુસ્ત્રિ મજહબ ઉપર લેખ લખતી વખતે ઘણા જુના જમાનાથી થયલી ભૂલો શોધી કાઢી અસલ લખાણનો ખરો અર્થ શું હતો તે દેખાડવાની ખરે મોટી ફરજ છે. પાસીંક દંતકથાની ભૂલને પરિણામે ઉસ્તાદો નેરિયોસંગ અને કાવસજીએ જો ખરેજ ભૂલ કીધી હોય તો અષો જરથુસ્ત્રના ગાથા પછી રચાયલાં અવસ્તા સાહિત્યમાંથી સંશોધન કરી ખરૂં શું તેની ખોળ કરવાની તજવીજ સજાવાર છે. અવસ્તા સાહિત્ય રચનારા ગાથા સાહિત્યની ભાષા, વ્યાકરણ અને વાકયરચનાથી પારસીંક જમાનાની દંતકથા રચનારા કરતાં વધારે માહિતગાર હતા એમાં કાંઇ પણ શક નથી.

ગાથા સાહિત્ય પછી રચાયલી 'યસ્ન હપ્તહ્હાઇતિ', (યસ્ન હા ૩૯, ૧) માં 'ગેઉશ્ ઉર્વાનૅમ-ચા તષાનૅમ-ચા' (= "સૃષ્ટિનાં રવાન અને સૃષ્ટિના ઘડનાર") ને આરાધવામાં આવ્યાં છે. તે પછી એજ ફકરામાં અને એની પછી આવતા ફકરા બીજામાં પશુઓનાં, હેવાનોનાં, હાલમાં હયાત અને હવે પછી જન્મ લેનારાં અષા નર અને નારીઓનાં રવાનોને આરાધ્યાં છે: પછી ફકરા ત્રીજામાં અમૅષાસ્પઁતોને આરાધી, ફકરા ચોથા અને પાંચમામાં અહુરમજદાની આરાધના, નમસ્કાર અને સેતાયેશ કરી તેને સમ્પૂર્ણ રીતે પહોંચવા યાને તેને પિછાણવાનું ઉમદા ફરમાન છે. અહીંઆં ખુલ્લું દેખાય છે કે પ્રથમ સૃષ્ટિનાં રવાન અને સૃષ્ટિના ઘડના-રની આરાધના કરી સેવટે અહુરમજદાની આરાધના આપી છે; એટલે "સૃષ્ટિનો ઘડનાર" તેજ અહુરમજદા હોઇ શકે નહીં.

'યસ્ન હપ્તહ્હાઇતિ' પછી રચાયલી યસ્ન ઉપર આવતાં યસ્ન હા ૧, ૨ અને હા ૭૦, ૨ માં આપણે જોઇએ છિયે કે પ્રથમ દાદાર અહુરમજદાની યાદ કરી તેની છ શકિતઓ 'વૉહુ મનફ્હ', 'અષ વહિશ્ત', 'ખષથ્ર વઇર્ય', 'સ્પઁતા આરમઇતિ', 'હઉર્વતાત', 'અમૅરતાત'નાં નામ દઇ

યાદ કરી, આખરે 'ગેઉશ્ તષન્' (="સૃષ્ટિને ઘડનાર"), 'ગેઉશ્ ઉર્વન્' ("સૃષ્ટિનાં રવાન") અને 'આતર્'ને યાદ કરવામાં આવ્યાં છે. આ ખુલ્લું દેખાડે છે કે પ્રથમ અહુરમજદા, પછી 'અમૅષાસ્પૅંત' ("અમર્ગ તેજસ્વિ શક્તિઓ"), પછી 'ગેઉશ્ તષન્,' 'ગેઉશ્ ઉર્વન્' અને 'આતર્' ને યાદ કીધાં છે, એટલે કે 'ગેઉશ્ તષન્' શબ્દો 'અહુરમજદા'ને માટે વાપર્યા નથી. એજ મુજબ વીસ્પરદ્ કરદા ૯, ૫ માં 'ગેઉશ્ તષન્', 'ગેઉશ્ ઉર્વન્' અને 'આતર્', અમૅષાસ્પૅંતો પછી, એજ અનુક્રમે, આવે છે.

પાર્સીક દંતકથાએ 'ગેઉશ્ તષા'ને અહુરમજદાનું ગુણ દેખાડનારૂં વિશેષણ ધાર્યું તેનું ખરૂં કારણ આ છે કે ખુદ ગાથામાં અષો જરથુશ્ત્રએ યસ્ન હા ૩૧, ૧૧ અને હા ૫૧, ૭ માં 'તષ્' (=તક્ષ્= "ઘડવું") ધાતુ ઉપરથી નિકળેલું ક્રિયાપદ 'તષો' (="તેં ઘડયાં") અહુરમજદા માટે વાપર્યું છે; એટલુંજ નહિ પણ હા ૫૧, ૭ માં 'દાઇદી મોઇ યે ગાંમ્ તષો અપસ્ચા ઉર્વરૅઑસ્ચા' (="આપ મને, તું ઓ મજ્દા! જેણે ગૌ, પાણી અને ઝાડ બનાવ્યાં") શબ્દો આવે છે ત્યાં જે ત્રણ વસ્તુઓ દાદાર અહુરમજદાએ 'તષો' (="બનાવી") તેમાંની એક 'ગાંમ્' (='ગૌ') હોવાથી અહુરમજદા 'ગેઉશ્ તષા' છે એમ પાર્સીક દંતકથા રચનારાઓએ ધાર્યું હોય.

એજ મુજબ યસ્ન હા ૨૯ ના છંદ ૧ અને ૭ માં 'તષત્' શબ્દ બે વાર મળ્યો છે. છંદ ૧ માં 'ગેઉશ્ ઉર્વન્' (="સૃષ્ટિનું રવાન") સવાલ કરે છે: 'કે મા તષત્' (="કોણે મને ઘડી"?), અને છંદ ૭ માં 'અહુરો માંથ્રૅમ્ તષત્' (="અહુરએ માંથ્ર ઘડયું") આવે છે, ત્યાં સાતમા છંદમાં 'તષત્'નો કર્ત્તા 'અહુરો' છે એ ખુલ્લું છે, પણ છંદ ૧ માં સવાલ પુછી જાણવા માંગ્યું છે કે મને ઘડનાર કોણ, ત્યાં અહુરમજદા ઘડનાર છે એમ માનવું બનવાજોગ નથી.

યસ્ન હા ૨૯ ના છંદ ૬ માં અહુરમજદા 'ગેઉશ્ ઉર્વન્'ને કહે છે કે 'થ્વા ફ્શુયંતએ-ચા વાસ્ત્રયાઇ-ચા થ્વૉરૅષ્તા તતષા' (="તને ઉદ્યોગી અને કાર્ય-કર્ત્તા માટે બનાવી અને ઘડી"). આ પદમાં બનાવનાર અને ઘડનાર કોણ તે જણાવ્યું નથી. જવાબ આપનાર અહુરમજદા હોવાથી, જવાબ આપનારે પોતે સૃષ્ટિને બનાવી અને ઘડી કે કોઇ બીજાએ તે નક્કી કરવું મુશ્કેલ છે.

વળી 'થ્વૅરૅસ' (= त्वक्ष्) અને 'તષ્' (= तक्ष्) ધાતુઓ બે જોડિયા શબ્દો તરીકે વપરાયા છે, અને બન્ને અસલ એક રૂપ ઉપરથી નિકળેલા, એક અર્થ ધરાવનારા, બે ધાતુઓ હોય.

જેમ ગાથા અને પાછલાં અવસ્તા સાહિત્યમાં 'ગેઉશ્ તષન્' વિષે લખાણ મળે છે તેમ વંદીદાદ ૫રગરદ ૧૯, ૪૩ અને ૧૦, ૧૩ માં 'અકતષ દએવ' વિષે ઇશારા છે, જેને 'ગેઉશ્ તષન્'નો વિરોધી બનાવેલો હોય. અને બનવાજોગ છે કે 'ગેઉશ્ તષન્' (= "સૃષ્ટિનો ઘડનાર") તે 'સ્પેંત' હોય.

'થ્વૅરૅસ' શબ્દ પાર્સીક ભાષામાં 'બ્રેહ' (= "બખ્ત," = "નસીબ") થયો છે. 'બખ્ત' શબ્દનો ધાતુ 'બજ' (= भज् = "ભાંજવું,"), "એક વસ્તુના ભાગ કરી વહેંચી આપવુ", 'થ્વૅરૅસ' ધાતુના જેવોજ અર્થ ધરાવે છે જેમ 'થ્વોરૅસ્તર્'નો અર્થ "ટુકડા કરી વહેંચનાર" થાય છે તેમજ 'બજ'(= "भज्") ધાતુ ઉપરથી નિકળેલા 'બઘ' (= भग) શબ્દનો અર્થ "સરજનાર", "વહેંચી આપનાર", "ભાગ પાડનાર", "ભગવાન" થાય છે. પાર્સીક 'બખ્ત્' શબ્દ અવસ્તા 'બખ્ત' (= भक्त) શબ્દ ઉપરથી નિક-ળેલો છે, અને અવસ્તા 'બખ્ત' (= "નસીબ") ઉપરથી 'બખ્તર્' (= भक्तृ) "સરજત કરનાર"ને અર્થે મળે છે. અહુરમજદાએ જે વેળાએ સૃષ્ટિ સરજી, તેજ વેળાએ અનંતકાળ સુધી સૃષ્ટિમાં શું બનશે તે સઘળું નિર્માણ કીધું હતું એ જરથુશ્ત્ર દીનનું અચુક મત છે.

'પાયૂ થ્વોરૅસ્તાર'

હવે આપણને નિર્ણય કરવો છે કે 'યસ્ન હપ્તંઘાઇતિ' (= યસ્ન હા ૪૨, ૨)માં અને યસ્ન હા ૫૭, ૨ (સરોષ યશ્ત, ૨) માં જે 'પાયૂ થ્વોર્સ્તારા,' 'પાયૂ થ્વોરૅસ્તાર' (= "રક્ષણ કરનાર અને કાપકુપ કરી ઘાટ ઘડનાર બે") વિષે લખાણ છે તે બે કોણ. એ બન્ને લખાણમાં આ બે રક્ષણ કરનાર અને ઘાટ ઘડનારની આરાધના છે. જો આ બેમાંનો એક 'અંગ્ર મઇન્યુ' હતે તો જરથુશ્ત્ર દીનમાં કદીપણ 'અંગ્ર મઇન્યુ'ની આરાધના કીધી એવું લખાણ મળે? કદી નહીં. ખુદ અષો જરથુસ્ત્રના ગાથામાંથી આપણે જોઇ શકીશું કે 'અંગ્ર મઇન્યુ' તરફ અભાવ, સખ્ત તિરસ્કાર દેખાડવામાં આવ્યો છે. જોકે આપણા અભ્યાસીઓ 'અંગ્ર' શબ્દનો ખરો ધાતુ આજ સુધી આપી શકયા નથી તોપણ ગાથા અને

અવસ્તા સાહિત્યમાં 'અંગ્ર મઇન્યુ'નાં કામ તરફ કેથે પણ પસંદગી દેખાડવામાં આવેલી આપણે જોતા નથી. 'અંગ્ર' શબ્દનો ધાતુ 'अक्' (="સાંપની માફક આડું અવળું ચાલવું",) 'अग्', 'अङ्क्', 'अङ्ग्' હોય.

આપણે જાણિયે છિયે કે 'કુસ્તી પાદ્દ્યાબ્'ની નીરંગમાં 'ઉશ્તવઇતિ' ગાથા (= યસ્ન હા ૪૬, ૭) માં અષો જરથુશ્ત્ર અહુરમજદાને 'પાયૂમ્' (= "રક્ષણ કરનાર") માટે સવાલ કરે છે. એ ફકરામાં આપણે શું જોઇએ છિયે? અષો જરથુશ્ત્ર અહુરમજદાને પુછે છે: "જ્યારે દર્વંદ (= 'અંગ્ર મઇન્યુ') એ મને ઇજા કરવા માટે હામ ભીડી ત્યારે તારા આતર્ અને મનસ્ સિવાય બીજો કોણ 'પાયુ' (= "રક્ષક") મારા જેવાને તેં આપ્યો? જે એ (આતર્ અને મનસ્) નાં કાર્યોથી 'અષ' (= અચળ નિયમ) આગળ વધ્યો તે દીનનો કાનુન મને ખુલ્લી રીતે કહે."

અષો જરથુશ્ત્રના આ શબ્દો ઉપરથી આપણને સમજ પડે છે કે જ્યારે 'અંગ્ર મઇન્યુએ' અષો જરથુશ્ત્રને ઇજા કરવાની હિંમત કીધી ત્યારે અહુરમજદાનાં 'આતર્' અને 'મનસ્' સિવાય બીજો કોઇ વધારે ચઢિયાતો 'પાયુ' (= "રક્ષક") અહુરમજદા અષો જરથુશ્ત્રને આપી શકયા હતા નહિ એવી માન્યતા અષો જરથુશ્ત્ર ધરાવે છે. વળી 'આતર્' અને 'મનસ્'નાં કાર્યોને લીધે 'અષ' (= "અચળ નિયમ") નું આગળ વધવું છે એમ જરથુશ્ત્ર માને છે. આ ઉપરથી દિસે છે કે સૌથી ચઢિયાતા 'પાયુ' (= "રક્ષક") અહુરમજદાનાં 'આતર્' અને 'મનસ્' છે.

આપણે 'આતર્' વિષે આપેલી નોંધમાં જણાવ્યું છે તેમ ફ્રવદીંન્ યશ્ત્, ૭૭–૭૮ માંથી આપણે જોયું કે "જ્યારે 'અંગ્ર મઇન્યુ' નેક અચળ નિયમની પેદાશની સામે થયો ત્યારે સુમનસ્ અને આતર્ વચમાં આવ્યાં. તે બન્નેએ તે દર્વંદ 'અંગ્ર મઇન્યુ'થી ઉત્પન્ન થયલાં દુઃખ તોડયાં."

ફ્રવદીંન્ યશ્ત્ના આ ફકરા ૭૭–૭૮ ઉપરથી માલમ પડે છે કે યસ્ન હા ૪૬, ૭ માં અષો જરથુશ્ત્ર જે 'દ્રૅગ્વાઑ' વિષે બોલે છે તે 'દ્રૅગ્વાઑ' ફ્રવદીંન યશ્ત્ મુજબ 'અંગ્ર મઇન્યુ' છે. જે મુજબ અષો જરથુશ્ત્રએ યસ્ન હા ૪૬, ૭ માં અહુરમજદાને પુછ્યું હતું કે 'આતર્' અને 'મનસ્' સિવાય તેં કોણ બીજો 'પાયુ' (= "રક્ષક") મને આપ્યો,

તેજ અષો જરથુશ્ત્રનાં વચનોથી આગાહી મેળવી ફ્રવદીંન્ યશ્તમાં જાહેર કીધું છે કે "'સુમનસ' અને 'આતર્' એ બન્નેએ દર્વંદ 'અંગ્ર મઇન્યુ'થી ઉત્પન્ન થયલાં દુઃખ તોડયાં." જે મુજબ યસ્ન હા ૪૬, ૭ માં જણાવ્યું છે કે 'આતર્' અને 'મનસ' એ બન્નેનાં કાર્યોથી 'અષ' (= "અચળ નિયમ") આગળ ચાલે છે, એજ મુજબ ફ્રવદીંન્ યશ્તમાં જણાવ્યું છે કે જ્યારે 'અંગ્ર મઇન્યુ' 'અષ'ની પેદાશની સામે થયો ત્યારે 'સુમનસ' અને 'આતર્' વચ્ચે પડયાં.

જો યસ્ન હા ૪૬, ૭ માં સમાવેલાં અષો જરથુસ્ત્રનાં વચનને આધારે અહુરમજ્દાનાં 'આતર્' અને 'મનસ' એ બન્નેને 'પાયૂ' (= "બે રક્ષક") લઇયે તો એ બેને 'થ્વોરૅસ્તાર' (= "બે ઘાટ ઘડનાર") તરીકે પિછાણવાની આપણી પાસે શહાદત છે?

જમ્યાદ યશ્તના ફકરા ૧૫–૧૭ (= ફ્રવદીંન્ યશ્ત. ૮૨–૮૪) નો તરજુમો ઉપર આપ્યો છે. ત્યાં આપણે જોયું કે અહુરમજ્દાના સાત અમૅષાસ્પેંતોને 'થ્વરૅખ્શ્તરો' (= "ઘાટ આપનારા") અને 'નિપાતરો' (= "નવાજનારા," "રક્ષણ કરનારા") કહ્યા છે. 'વૅાહુ-મનઙ્હ' (= "સુમનસ") એ સાત અમૅષાસ્પેંતોમાંનો એક છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે "સુમનસ" બે 'થ્વોરૅસ્તાર' માંનો એક છે.

પણ 'આતર્' એ 'થ્વોરૅસ્તાર' માંનો બીજો છે એવું સાબેત કરવાને માટે કાંઇ પુરાવો છે? આપણે ઉપર યસ્ન હા ૧,૨, હા ૭૦,૨ અને વીસ્પરદ્ કરદા ૯,૫ માંથી દેખાડયું છે કે એ પાછલાં લખાણોમાં અમૅષાસ્પેંતો પછી 'ગેઉશ્ તશન્' અને 'ગેઉશ્' ઉર્વન્'ને યાદ કરી તેઓની પછી 'આતર્'ને યાદ કરવામાં આવ્યો છે. એ દેખાડે છે કે અમૅષાસ્પેંતો પછી 'આતર્'ને બીજી ઉતરતી શક્તિઓ કરતાં ચઢિયાતો દરજ્જો આપ્યો છે. એજ પ્રમાણે ફ્રવદીંન્ યશ્ત, ૮૫ માં પ્રથમ અહુરમજ્દાની, પછી અમૅષાસ્પેંતોની, અને ત્યારપછી 'આતર્ ઉર્વાજિશ્ત સ્પેંત બ્યાખન' (= "તેજસ્વિ, વિખ્યાત ઉર્વાજિશ્ત આતર્") ની ફ્રવષિને આરાધી છે, જ્યાં પણ 'આતર્'નો ચઢિયાતો દરજ્જો દેખાડવામાં આવ્યો છે.

આ રીતે આપણને આ દલીલોથી એવું દિસે છે કે 'પાયૂ થ્વોરૅસ્તાર' તે અષો જરથુશ્ત્રએ યસ્ન હા ૪૬, ૭ માં જણાવેલાં 'આતર્' અને

'મનસ્' હોય. જે અષો જરથુશ્ત્રનું મત ફ્રવર્દીન્ યશ્ત્, ૭૭–૭૮ માં ખુલ્લી ભાષામાં દર્શાવ્યું છે.

આ બે 'પાયૂ થ્વોરૅશ્તાર' તે "બે મીનોય" નથી. આ બે 'પાયૂ થ્વોરૅશ્તાર' તે યસ્ન હા ૫૭, ૧૭ (= સ્રોષ્ યશ્ત, ૧૭), 'સ્રોષ યશ્ત્, હાતોખ્ત', ૧૨ અને ફ્રવર્દીન્ યશ્ત્, ૭૬–૭૮ માં જણાવેલા "પેદાશોને ઉપજાવનાર બે મીનોય સ્પેંત અને અંગ્ર" નથી; પણ આ બે 'પાયૂ થ્વોરૅશ્તાર' (= "રક્ષક અને ઘાટ ઘડનાર") યસ્ન હા ૪૬, ૭ અને ફ્રવર્દીન્ યશ્ત્, ૭૭–૭૮ માં જણાવેલાં 'આતર્' અને 'મનસ્' હોય.

વળી યસ્ન હા ૪૭, ૬ માં જણાવ્યું છે કે અહુરમઝ્દ વિરોધીઓને 'સ્પેંત મઇન્યુ' અને 'આતર્' મારફતે ઇનસાફ આપે છે. બનવાજોગ છે કે 'સ્પેંત' અને 'આતર્' એ બે 'પાયુ' (= "રક્ષક") અને 'થ્વોરૅશ્તાર' (= "ઘાટ ઘડનાર") હોય.

પણ પાર્સીક દંતકથાના જમાનાથી તે આજ સુધી થયલા તરજુમા પ્રમાણે આ બે 'પાયૂ' 'થ્વોરૅશ્તાર' કોણ તે આપણે જોઇશું.

૧) પાર્સીક દંતકથાએ યસ્ન હા ૪૨, ૨ માં 'પાયૂ થ્વોરૅશ્તાર'નો તરજુમો 'પાન–ઇચ બરીનકર્ મિત્ર્ યજેત' (= "નિગેહબાન અને નિર્માણ કરનાર મેહેર યઝદ") કીધો છે. એજ મુજબ યસ્ન હા ૫૭, ૨ માં 'પાયૂ થ્વોરૅશ્તાર યા વીસ્પ થ્વૅરૅસતો દામાં'નો અર્થ 'પાન બરીનકર્ મિત્ર્ કે હરૂવિસ્પ્ ઐહીનીતાર્–ઇ દામાન્ નેવકીહ' (= "નિગેહબાન અને નિર્માણ કરનાર મેહેર જે સઘળી પેદાશોની નેકી બક્ષનાર") કીધો છે.

૨) ઉસ્તાદ નેરિયોસંગએ પાર્સીક દંતકથાને અનુસરીને યસ્ન હા ૪૨, ૨ માં 'પાયૂ થ્વોશ્તારા'નો અર્થ पातारमूच निर्मितारमच मिहिरम् इअज्दम (= "રક્ષક અને નિર્મિત કરનાર મેહેર યઝદ") અને હા ૫૭, ૨ માં रक्षयितारम् पातारम् यत् सर्वासाम् विनिर्मितकामानाम् सृष्टिनाम् (= "રક્ષણ કરનાર અને નિગેહબાન જે સઘળી સૃષ્ટિનો નિર્મિત કરનાર") કીધો છે.

આ તરજુમા ઉપરથી માલમ પડે છે કે પાર્સીક દંતકથાએ 'પાયૂ થ્વોરૅશ્તાર'માં એક વ્યક્તિ, નિગેહબાન અને નિર્માણ કરનાર 'મેહેર યઝદ' વિષે ઇશારો લીધો છે, અને ઉસ્તાદ નેરિયોસંગએ પાર્સીક દંતકથાને અનુસરી તરજુમો કીધો છે.

૩) સુરતના દસ્તુર કુમાના દાદદારૂના ફ્રેંચ શિષ્ય આંકેતિલ ડયુ પેરૅાએ યસ્ન હા ૪૨, ૨ માં 'પાયૂ થ્વોરૅશ્તારા' વાંચી એ શબ્દોનો અર્થ 'au Protecteur, au Createur' (="રક્ષકને, પેદા કરનારને") કીધો, અને હા ૫૭, ૨ માં 'પાઇઊમ્ થ્વોરૅશ્તારે' વાંચી એ શબ્દોનો અર્થ 'à celui qui a produit la protection, qui a produit tous les êtres' (="તેને જેણે રક્ષણ ઉપજાવ્યું, જેણે સઘળી હસ્તીઓ ઉપજાવી") કીધો. (જુવો 'Zend Avesta' પુસ્તક પહેલું, ભાગ બીજો, પાનાં ૧૮૪, ૨૨૩.)

૪) આંકેતિલ પછી જર્મન વિદ્વાન સ્પીગલે યસ્ન હા ૪૨, ૨ માં આ શબ્દોનો અર્થ 'the protectors, the unconstrained' (="રક્ષકો, કાબુ વગરના") અને હા ૫૭, ૨ માં, 'to the Protector and the Maintainer, Who created all creatures', (="રક્ષક અને નિભાવનારને જેણે સઘળી પેદાશો પેદા કીધી") અર્થ કરી નોંધ કરે છે કે: "The words 'Protector' and 'Maintainer' are in the *dual*, and, according to the Old-Bactrian syntax, they may either refer to Ahura-Mazda alone, as possessing different attributes, or to Ahura-Mazda and the Ameshaçpentas". (=" 'રક્ષક' અને 'નિભાવનાર' શબ્દો દ્વિવચનમાં છે, અને ઓલ્ડ-બૅક્ટ્રિઅન ભાષાની વાકયરચના પ્રમાણે એ શબ્દો માત્ર અહુરમજદાને, જુદા ગુણો ધરાવનાર તરીકે, અથવા અહુરમજદા અને અમેષાસ્પેંતોને લાગુ પડતા હોય".) (જુવો 'Spiegel Bleeck,' પાનાં ૧૦૦, ૧૨૨.)

૫) પ્રોફેસર ડાર્મેસ્ટેટે પોતાના ફ્રેંચ તરજુમામાં યસ્ન હા ૪૨, ૨ માં આવતા 'પાયૂશ્-ચા થ્વોરૅશ્તારા'નો અર્થ 'au dieu protecteur et formateur' (="રક્ષક અને ઘડનાર ખુદાને") કરી નોંધ કરે છે કે:

'PÂYÛSHCÂ THWÔRESHTÂRÂ, *pânakic î barînkar*. Il semble que THWÔRESHTÂRÂ forme dvandva avec l'ASPENÂ de la proposition précédente, PÂYÛsh etant une forme abusive qui a entrainé la désinence du nominatif dans le thème. Ce dieu protecteur et formateur est Mithra (*Mihiram iajdam*, N.), rapproché d'ASPENÂ YEVÎNÔ, en sa qualité de dieu agricole'. (= " 'પાયૂશ્-ચા થ્વોરૅશ્તારા', 'પાનકિચ્ ઇ બરીન્કર્'.

એવું લાગે છે કે 'થ્વોરૅશ્તારા' આગલા વાકયના 'અરપૅના' સાથે એક દ્વંદ્વ થાય છે; 'પાયૂશ્' એક વધારાનો શબ્દ છે જેને પહેલી વિભક્તિનો પ્રત્યય લાગ્યો છે. આ રક્ષક અને ઘડનાર મિથ્ર છે (मिहिरम् इअज्दम्, નેરિયોસંગ), જેને ખેતીવાડી કરનારાના એક યન્ત્ર તરીકે 'અરપૅના યૅવીનો'ના નજદીક સંબંધમાં મેલ્યો છે".)

પ્રોફેસર ડાર્મેસ્ટેટેરનો યસ્ન હા ૫૭, ૨ નો તરજુમો આ છે: 'au protecteur et au formateur qui a formé toute la création' (="રક્ષકને અને બનાવનારને જેણે સઘળી પેદાશ બનાવી છે").

આ તરજુમા ઉપર નીચલી નોંધ ઉમેરી છે:—

'PÂYÛ THWÔRESHTÂRA, duel avec verbe au duel, THWERESATÔ. Le Commentaire pehlvi ne tient pas compte du duel et traduit "le protecteur et formateur, Mithra" (*pânak barînkar Mitrô*), comme fait Nériosengh au passage correspondant du Hâ XLII, 2, note 3. Mais il est difficile d'admettre que le dvandva désigne une simple dualité de qualités et non de personnes, et comme on voit ailleurs Ahura et Mithra formant un dvandva à la façon védique (I, 11, note 39), il est probable que PÂYÛ THWÔRESHTÂRA désigne non pas "Mithra", mais "Ahura et Mithra". Le commentaire n'aura pas reconnu Ahura parce qu'il était déjà nommé'. (= " 'પાયૂ થ્વોરૅશ્તાર' દ્વિવચનમાં છે, તેની સાથે 'થ્વૅરૅસતો' ક્રિયાપદ દ્વિવચનમાં છે. પહેલવી ટીકા દ્વિવચન ઉપર ધ્યાન આપતી નથી અને 'પાનક્ બરીન્કર્ મિત્રો' = "રક્ષક અને બનાવનાર મિથ્ર" તરજુમો કરે છે, જે મુજબ નેરિયોસંગ એવાજ શબ્દો ધરાવનારા ફકરાનો તરજુમો કરે છે તેમ; જુવો હા ૪૨, ૨, નોંધ ૩. પણ આ દ્વંદ્વ ગુણોનું દ્વૈત દેખાડે છે અને વ્યક્તિઓનું દ્વૈત દેખાડતો નથી એમ અનુમાન કરવું મુશ્કેલ છે, અને જેમ બીજી ગમ વેદીક રૂઢિ મુજબ 'અહુર' અને 'મિથ્ર'નો દ્વંદ્વ મળે છે (હા ૧, ૧૧, નોંધ ૩૯) તેમ બનવાજોગ છે કે 'પાયૂ થ્વોરૅશ્તાર' 'મિથ્ર'ને નહિ પણ 'અહુર અને મિથ્ર'ને ઇશારો છે. પહલવી ટીકાએ અહુરને અહીંઆં લીધો નથી કારણકે તેનું નામ આ ફકરામાં આવી ગયું છે.[1]

---

૧. જુવો ડાર્મેસ્ટેટ 'Le Zend Avesta', પુસ્તક પહેલું, સફા ૨૭૫, ૩૬૦.

૬) ડૉક્ટર મીલ્સ યસ્ન હા ૪૨, ૨ માં આ શબ્દોનો અર્થ આકેતિલને અનુસરી ‘to both the protector and the Creator’ (= “બન્ને રક્ષક અને પેદા કરનારને”), અને હા ૫૭, ૨ માં ‘both the protector and the Creator, who are (both) creating all things in the creation’ (= “બન્ને રક્ષક અને પેદા કરનાર, જે (બન્ને) પેદાશમાં સઘળી વસ્તુઓ પેદા કરે છે”) તરજુમો કરી નોંધ કરે છે કે ‘comp. Y. XXX, 4; but Ahura and some one of the Immortals, or possibly Zarathustra (see Y. XLII, 2), must be meant here. Angra-Mainyu could not have been worshipped as either protector or creator. Observe the present tense’. (= “જુવો યસ્ન હા ૩૦,૪ ; પણ અહીંઆં અહુર અને અમેષામાંના કોઇ એકને અથવા જરથુશ્ત્રને ઇશારો હોય. (જુવો યસ્ન હા ૪૨, ૨). અંગ્ર મઇન્યુને રક્ષક કે પેદા કરનાર તરીકે આરાધવામાં આવ્યો હોય નહિં. વર્ત્તમાનકાળ ઉપર ધ્યાન આપો”). (જુવો ‘Sacred Books of the East,’ પુસ્તક ૩૧ મું, પાનાં ૨૯૧, ૨૯૮.)

૭) ઉસ્તાદ કાવસજી કાંગા યસ્ન હા ૪૨, ૨ માં આ શબ્દોનો “બંધે પાલનારા તથા ઘાટ ઘડનારાઓને” અર્થ કરી નોંધ કરે છે કે “એ ઇશારો દાદાર હોરમઝદની હાત હેઠલના બે મીનો (સપેનામીનો તથા અંગ્રેમીનો) બાબે છે.”[1]

ઉસ્તાદ કાવસજી યસ્ન હા ૫૭, ૨ નો આ પ્રમાણે તરજુમો આપે છે: “(જેણે) બંધે રક્ષણ કરનાર (તથા) બનાવનાર જેઓએ તમામ પેદાએશ બનાવી (તેઓને) આરાધ્યા”, અને ઉપર આપેલી નોંધ પાછી લખે છે.[2]

૮) દસ્તુર એદલજી સંજાણાએ ‘હપ્તાન્ યસ્ત્’ના તરજુમામાં આ મુજબ આ શબ્દોનો અર્થ આપ્યો છે: “પાશબાંની પેદા કરનારને ઇઆને તે મેહેરબાની ભરેલા ઇજદને ઇજાુંચ” (પાનું ૭૩). દસ્તુર એદલજી ‘ઓશ્

---

૧. જુવો ઉસ્તાદ કાવસજીનો ‘યજશ્ને’નો તરજુમો, પાનું ૧૨૨.

૨. જુવો પાનું ૧૩૦. વળી જુવો ઉસ્તાદ કાવસજીની ‘ખોરદેહ અવસ્તા’, આવૃત્તિ નવમી, પાનાં ૧૮૮,૨૮૧ જ્યાં એક વધુ નોંધ મળે છે: “પાસબાની કરનાર તથા ચુકાદો કરનાર, ઈઆને મેહેર ઈજદ તથા ચિન્વત પુલ આમળ ઇનસાફ કરનાર રશ્ને રાસ્ત (પ્રોફેસર જાકસન).”

યસ્ત રાતની વડી'માં 'પાઇઉમ થવોરેશતાર' વાંચી તરજુમો કરે છે: "બુલંદ પાશબાંન મેહેર ઇજદ જે તમાંમ પેદાએશને નેકીને પેદા કરનાર (ઇઆને નેકીને આપનાર) છે." (પાનું ૨૬૯.)

૯) દસ્તુર ફરામજી મેહેરજીરાણાએ 'ઞોષ્ યસ્ત રાતની વડી'ના તરજુમામાં આ શબ્દોનો અર્થ કીધો છેઃ "બોલંદ પાસબાંન મેહેર ઇજદને જે તમાંમ પેદાએશને ખુબી તા૦ નેકીને પેદા કરનાર છે." (પાનું ૩૬૫).

'પાયૂ થ્વોરૅસ્તાર' તે કોણ તે શોધી કાઢવા માટે આપણે જુના જમાનાથી તે આજસુધી જાહેરમાં આવેલા નવ તરજુમા આપ્યા છે: ૧) પાસીંક, ૨) ઉસ્તાદ નેરિયોસંગનો, ૩) દસ્તુર કુમાના દાદદારૂના ફ્રેંચ શિષ્ય અંક્તિલનો, ૪) જર્મન વિદ્વાન શ્પીગલનો, ૫) પ્રોફેસર ડાર્મેસ્ટેટરનો, ૬) ડોકટર મીલ્સનો, ૭) ઉસ્તાદ કાવસજીનો, ૮) દસ્તુર એદલજી સંજાણાનો, અને ૯) દસ્તુર ફરામજી મેહેરજીરાણાનો.

એકલા ઉસ્તાદ કાવસજી 'પાયૂ થ્વોરૅસ્તાર'માં "સપેનામીનો તથા અંગ્રેમીનો"ને ઇશારો હોવાનું માનવાને ચુકયા છે. આપણાં જરથુશ્ત્રિ સાહિત્યમાં કદીપણ 'અંગ્ર મઇન્યુ'ની આરાધના કરવા વિષેનો એક પણ દાખલો મળ્યો નથી અને મળી શકે પણ નહિ. આપણે એ 'પાયૂ થ્વોરૅસ્તાર' 'આતર્' અને 'મનસ્ં કે 'સ્પૅંત' અને 'આતર્' હોય એવા તર્ક રજુ કીધા છે. પાસીંક દંતકથાએ એ 'પાયૂ થ્વોરૅસ્તાર'નો તરજુમો 'પાન-ઇચ બરીન્કર્ મિત્ર યજેત્' કીધો છે. એ પાસીંક ભાષાના શબ્દોનું વાંચણ અઘરૂં છે. પાસીંક ભાષામાં 'બરીન્કર્' (= "નિર્માણ કરનાર") માત્ર અહુરમજ્દા માટેજ વપરાય છે, મિથ્ર કે બીજા યજતો માટે નહીં. તેટલા માટે "પાન-ઇચ બરીન્કર્"નો તરજુમો "રક્ષક અને નિર્માણ કરનાર" લેવાય. ટીકામાં જે 'મિત્ર યજેત્' ઉમેર્યો છે તે ટીકા 'પાયૂ'='પાન' (= "રક્ષક") ને લાગુ પડે છે, 'બરીન્કર્'ને નહિ. પાસીંક દંતકથાએ જે તરજુમો આપ્યો છે, તે ઘણો ધ્યાન પુગાડવા જોગ છે. યસ્ન હા, ૪૨ માં આરાધના છે. કોની? ૧) અૅમેષાસ્પૅંતોની, ૨) પાણીઓનાં મૂળની, ૩) પાણીઓ ઉપરના પુલની, ૩) છુટા પડતા રસ્તાની, ૪) સાથે મળતા રસ્તાની ૫) જે પહાડોમાંથી પાણી વહે છે તે પહાડોની, ૬) પાણીથી ભરપુર સરોવરોની, ૭) અશ્વિનિ અને ભરણી નક્ષત્રોની, ૮) રક્ષક અને ઘાટ ઘડનારની, ૯)

અહુરમજદા અને જરથુસ્ત્રની, ૧૦) જમીન અને આસમાનની, ૧૧) પવનની, ૧૨) અલબોર્જ પહાડની ટોચની, ૧૩) ભૂમિ અને સઘળી 'વસુ'ઓ (= "આબાદી આપનારાં તત્વો")ની, ૧૪) સુમનસ અને અષો માણસોનાં રવાનની, ૧૫) 'વાસિ પંચાસતવરા' નક્ષત્રની, ૧૬) 'ખર' (= શ્રવણ) નક્ષત્રની, ૧૭) વોઉરુકષ દરિયાની, ૧૮) 'હઑમ જાઇરિ'ની, ૧૯) 'હઑમ ફ્રાષ્મિ'ની, ૨૦) 'હઑમ દૂરઑષની', ૨૧) પાણીઓનાં વહેવાની, ૨૨) પક્ષીઓનાં ઉડવાની, અને ૨૩) આથ્રવનોના આગમનની.

આ હા ૪૨ માં અશ્વિનિ અને ભરણી નક્ષેત્રો અને અહુરમજદા અને જરથુસ્ત્રની વચ્ચે 'પાયૂ થ્વોરૅસ્તાર'ને મેલી તેઓની આરાધના કીધી છે. તે ઉપરથી પારસીક દંતકથાએ 'પાયૂ થ્વોરૅસ્તાર'ને 'મિથ્ર' (= 'પાન') અને 'અહુર' (= 'બરીનકરૂ') ધાર્યાં. યસ્ન હા ૧, ૧૧ માં 'મિથ્ર અહુર' દ્વિવચનમાં મળે છે. એ 'મિથ્ર અહુર'માં 'અહુર' તે અહુરમજદા નહિ પણ "બૃહસ્પતિ ગ્રહ" છે. આજસુધી અભ્યાસીઓએ અવસ્તામાં આવતા 'અહુર' શબ્દનો અર્થ "બૃહસ્પતિ ગ્રહ" લીધો નથી. જેમ 'અહુરમજદા' 'બરીનકરૂ' યાને "નિર્માણ કરનાર" છે તેમ 'અહુર' યાને "બૃહસ્પતિ ગ્રહ" નિર્માણ કરનાર નથી, તેથી 'પાયૂ થ્વોરૅસ્તાર' તે પારસીક દંતકથાના અર્થ મુજબ 'મિથ્ર અહુર' ("મેહેર યજત અને બૃહસ્પતિ ગ્રહ") હોય એ બનવાજોગ નથી.

યસ્ન હા ૫૭, ૨ માં સ્રોષ્ યજતે અહુરમજદા, અમૅષાસ્પૅંતો અને 'પાયૂ થ્વોરૅસ્તાર' (= "બે રક્ષક અને ઘાટ ઘડનાર")ની આરાધના કીધી એમ કહ્યું છે. એ ફકરામાં જો 'પાયૂ થ્વોરૅસ્તાર'નો પારસીક દંતકથાનો અર્થ 'પાન' અને 'બરીનકરૂ' (= મિથ્ર યજત અને અહુરમજદા) લઇયે તો અહુરમજદા, અમૅષાસ્પૅંતો અને મિથ્ર યજત તથા અહુરમજદાની આરાધના કીધી, એમ બોલતાં અહુરમજદાનું નામ બે વાર આવે; એ બનવાજોગ નથી.

પ્રૉફેસર જેકસનનાં મત મુજબ એ બે રક્ષક અને ઘાટ ઘડનાર મિથ્ર અને રષ્નુ છે. મિથ્ર, સ્રોષ્ અને રષ્નુ ચિન્વત્ પુલ ઉપર રવાનનો ઇનસાફ કરે છે: મિથ્ર ન્યાયાધિશ, સ્રોષ્ સાક્ષી, અને રષ્નુ હાથમાં ત્રાજવું ધરી સારાં અને નરસાં કામોનું વજન કરનાર છે. તેઓ રક્ષક અને ઘાટ ઘડનાર હોય એ બનવાજોગ નથી.

દસ્તુરો એદલજી સંજાણા અને ફરામજી મેહેરજીરાણા જોકે પાર્સીક દંતકથાનો આધાર લે છે, તોપણ આ બે શબ્દો 'પાયૂ થ્વોરૅસ્તાર'ને દ્વિવચનમાં નહિ લેતાં માત્ર એક મેહેર યજત, તમામ પેદાશ અને નેકીના પેદા કરનાર વિષે ઇશારો લે છે.

યુરોપના વિદ્વાનો સ્પીગલ, મીલ્સ અને ડામેસ્ટેટે, કુમાના દાદદારૂના ફ્રેંચ ચેલા આંકેતિલને પગલે ચાલ્યા છે, પણ તેઓએ જોયું છે કે વ્યાકરણને કાયદે આ બે શબ્દો દ્વિવચનમાં હોવાથી કોઇ બે વ્યક્તિઓને ઇશારો છે.

આ લંબાણ વિગતો ધ્યાનથી તપાસવાથી જણાશે કે 'પાયૂ થ્વોરૅસ્તાર' કોઇ બે વ્યકિતઓ છે. એ બે વ્યકિતઓ 'સ્પેંત' અને 'અંગ્ર' નથી. એ બે વ્યકિતઓને પાર્સીક દંતકથા "મેહેર યજત અને નિમાર્ણ કરનાર" તરીકે લે છે તે વાજબી દિસતું નથી. પણ આપણે અનુમાન કરિયે છિયે કે આ બે વ્યકિતઓ 'આતર્' અને 'મનસ્' અથવા 'સ્પેંત' અને 'આતર્' હોય.

હવે આપણે એક બીજો ગુંચવણભર્યો સવાલ હાથ ધરિયે: શું

અંગ્ર મઇન્યુ અહુરમજ્દાનો બરાબરિયો કે હરીફ છે?

વંદીદાદની પહેલી પરગરદમાં અહુરમજદા સ્પિતમ જરથુશ્ત્રને કહે છે કે મેં સોળ ઉત્તમ વસવાટનાં રહેઠાણ પેદા કીધાં ('ફ્રાથ્વૅરૅસૅમ્'), તેની વિરૂદ્ધ 'અંગ્ર મઇન્યુ'એ સોળ 'પઇત્યાર' (= "પ્રતિપક્ષ," "શત્રુ") ઉભા કીધા ('ફ્રાકૅરૅંતત્'). આ લખાણ ઉપરથી અનુમાન કરવામાં આવ્યું છે કે 'અંગ્ર મઇન્યુ' અહુરમજદાની બરાબરી કરી શકે તેવો વિરોધી છે, અને વંદીદાદએ ગાથાનાં મતથી વેગળાં જઇ 'અંગ્ર મઇન્યુ'ને 'સ્પેંત મઇન્યુ'ની સામે મેલવાને બદલે અહુરમજદાની સામે મેલ્યો છે. આ દલીલમાં કાંઇક અતિશયોકિત, કાંઇક ખામી છે. જયારે એક ઉતરતો વિરોધી એક સર્વશકિતવાન સામે હરીફાઇમાં ઉતરે ત્યારે તે નબળો વિરોધી સર્વશકિતવાનની બરાબરી કરી શકે એમ માની લેવું તર્કશાસ્ત્ર મુજબ વાજબી નથી. જરથુશ્તિ મજહબ મત ખુલ્લો અભિપ્રાય આપે છે કે 'સ્પેંત મઇન્યુ' 'અંગ્ર મઇન્યુ'નો પરાજય કરશે. તે આપણને ખુલ્લું દેખાડે છે કે 'અંગ્ર મઇન્યુ'એ અહુરમજદાનાં બનાવેલાં વસવાટનાં રહેઠાણો સામે પ્રતિપક્ષો ઉભા કીધા તેથી 'અંગ્ર મઇન્યુ' અહુરમજદાનો બરાબરિયો થઇ શકયો નથી.

અવસ્તા સાહિત્યમાં આ માત્ર એકજ દાખલો મળે છે જ્યાં 'અંગ્ર મઇન્યુ'નાં અહુરમજદા સામેનાં કાર્યનું વર્ણન છે. સૃષ્ટિની સરજત માત્ર અહુરમજદાના હાથમાં હોવાથી, 'સ્પૅંત મઇન્યુ' એક 'થ્વરૅખ્શ્તર્' (="ઘાટ ઘડનાર") હોય, પણ તે કદી સૃષ્ટિમાં 'ફ્રાર્થ્વૅરૅસ્'નું, સરજવાનું, કાર્ય કરી શકેજ નહિ, તે કાર્ય માત્ર એકલા અહુરમજદાનું છે. તેટલા માટે વાજબી રીતે વંદીદાદની પહેલી પરગરદમાં અહુરમજદાએ સૃષ્ટિમાં જે કાંઇ રહેઠાણો સરજ્યાં તે વિષેનું વર્ણન છે; એ સરજવાનું કામ 'સ્પૅંત મઇન્યુ' કદી કરી શકેજ નહી. અહુરમજદાની સાથે કામ કરનારી તેની અમર્ગ સાત શક્તિઓ હતી; તેની સરજીત વિરૂદ્ધ હાનિ કરનાર અને નાશ પામનાર શક્તિ 'અંગ્ર મઇન્યુ' હતી અને છે, જે અહુરમજદાની સૃષ્ટિનો નાશ કરવાની કોશેશમાં કદી ફાવશે નહિ, પણ જેનો નાશ થશે.

જમ્યાદ્ યશ્ત્ના સિદ્ધાંત મુજબ: "જેમ અહુરમજદાએ પેદાશો પેદા કીધી, ઘણી ભલી, ઘણી શોભાયમાન, ઘણી અજબ, ઘણી આગળ વધતી, ઘણી ઝગઝગિત; જ્યારે તેઓ હસ્તીને નવેસરથી સજીવન, દુ:ખદર્દ વગરની, મોત વગરની, અસ્વચ્છતા વગરની, કોહવાત વગરની, સદા જીવતી, સદા વધતી, પોતાની મરજી મુજબ સત્તા ધરાવનારી કરશે, જ્યારે ગુજરેલાં પાછાં સજીવન થશે, જ્યારે જીવતાંઓને અમર્ગી મળશે, જ્યારે અહુર-મજદા પોતાની મરજી મુજબ આગળ વધતી હસ્તી બક્ષશે, ત્યારે અચળ નિયમની જેહાન મૃત્યુ વગરની થઇ વિખ્યાત થશે; તેને લીધે 'દ્રુજ' (='અંગ્ર મઇન્યુ') નો નાશ થશે." (જમ્યાદ્ યશ્ત્ ૧૦–૧૨.)

જમ્યાદ્ યશ્તનું આ મત ખુલ્લે ખુલ્લું કહે છે કે 'અંગ્ર મઇન્યુ'ના સઘળા વિરોધ છતાં અહુરમજદાની અચળ નિયમની પેદાશ નવેસરથી સ્વચ્છ થઇ અનંતકાળ સુધી જીવતી અને વધતી મૃત્યુ વગરની રહેશે અને 'દ્રુજ' (='અંગ્ર મઇન્યુ') નો સમુળગો નાશ થશે. જીવન પાછળ નાશ આવે છે અને આવશે, પણ નાશમાંથી નવું જીવન પ્રગટ થઇ આખરે ખુદ નાશ ઉપજાવનાર 'અંગ્ર' નો નાશ થઇ જીવન સદાકાળ રહેશે, એ જરથુશ્ત્રિ મજહબ મત જમ્યાદ્ યશ્ત્માં મળે છે.

વંદીદાદની પહેલી પરગરદનું મત બરાબર સમજવા જમ્યાદ્ યશ્તનાં અને બીજાં વધુ લખાણો સાથે મેલી પછી વંદીદાદની પહેલી પરગરદના લખનારની મતલબ શું હતી તેની તપાસ કરવી અવશ્ય છે.

વંદીદાદની પહેલી પરગરદમાં અહુરમજદાએ સોળ ઉત્તમ વસવાટનાં રહેઠાણ પેદા કીધાં એમ લખનાર અહુરમજદાને "પેદા કરનાર" તરીકે જાહેર કરે છે. આ લખાણ સાથે આપણે વંદીદાદનાં બીજાં લખાણો સરખાવિયે. વંદીદાદ પરગરદ ૧૯, ૫–૯ માં સ્પિતમ જરથુશ્ત્ર અને 'અંગ્ર મઇન્યુ' વચ્ચેનો એક સંવાદ છે. ત્યાં 'અંગ્ર મઇન્યુ'ના સવાલના જવાબમાં જરથુશ્ત્ર કહે છે :—"હાવનથી, તશ્તથી, હઑમથી, મજદાએ પ્રગટ કીધેલું વચન જે મારૂં ઉત્તમ હથિયાર છે તે વચનથી, હું તને હરાવીશ, એ વચનથી હું તને દૂર કરીશ; આ સારાં બનાવેલાં હથિયારોથી, ઓ અજ્ઞાન 'અંગ્ર મઇન્યુ'! જે હથિયારો 'સ્પેંત મઇન્યુ'એ ઉપજાવ્યાં, ઉપજાવ્યાં અનંતકાળમાં, જે સારી સત્તાવાળા સુજ્ઞાની 'અમેષાસ્પેંતો'એ આપ્યાં."

વંદીદાદની પરગરદ ૧૯ નાં આ લખાણમાં અષો જરથુશ્ત્ર 'અંગ્ર મઇન્યુ'ને કહે છે કે તેઓ 'સ્પેંત મઇન્યુ'એ ઉપજાવેલાં (= 'દથન્') હથિયારો 'હાવન,' 'તશ્ત' 'હઑમ' અને 'વચ'નાં સાધનો વડે તેની સાથે લડી તેનો પરાજય કરશે. વંદીદાદનાં આ લખાણને યસ્ન હા ૧૯, ૯ નો ટેકો છે જ્યાં 'સ્પનિવાઑ મનિવાઑ (= "એ મીનોયમાંના ઘણા તેજસ્વિ") એ 'અહુનવર્'નું વચન ઉચ્ચાર્યું હતું એમ અહુરમજદા જરથુશ્ત્રને કહે છે.

એજ મુજબ વંદીદાદ પરગરદ ૧૩ માં 'સ્પેંતહે મઇન્યેઉશ્ દાંમ દાતેમ્' (= "સ્પેંત મઇન્યુની ઉપજાવેલી પેદાશ") વિષે ઇશારો છે જે પેદાશ મધ્યરાત્રિથી સૂર્ય ઉગે ત્યાંસુધી 'અંગ્ર મઇન્યુ'ની ઉપજની સામે થાય છે. આ પરગરદ ૧૩ માં કેટલીક 'સ્પેંતોમઇન્યવ દાંમ' (= "સ્પેંત મઇન્યુને લગતી ઉપજ") નું અને 'અંગ્રોમઇન્યવ દાંમ' (= "અંગ્ર મઇન્યુને લગતી ઉપજ") નું વર્ણન છે.

આજ રૂઢી મુજબ પરગરદ ૩, ૨૦ અને ૯, ૪૯ માં લાશનો ભક્ષ કરનારાં પક્ષી 'કહ્રકાસ' (= "ગીધ")ને 'સ્પેંતોમઇન્યવ દાંમ' (= "સ્પેંત મઇન્યુને લગતી ઉપજ") કહ્યાં છે.

જે મુજબ ઉપર જણાવ્યું તેમ વંદીદાદમાં 'સ્પેંત મઇન્યુ'ને લગતી ઉપજ વિષે ઇશારા છે, તેમજ પરગરદ ૧૬,૧૨ માં માણસજાત અને જાનવરોની જીંદગીને હાનિ કરનાર 'ખ્રફસ્ત્ર' (= "નુકસાનકારક હેવાન") ને 'અંગ્રોમઇન્યવ દાંમ' (= "અંગ્ર મઇન્યુને લગતી ઉપજ") કહ્યાં છે.

જે મુજબ વંદીદાદની પહેલી પરગરદમાં 'અંગ્ર મઇન્યુ'એ અહુરમજદાનાં સોળ ઉત્તમ વસવાટનાં રહેઠાણો સામે સોળ 'પઇત્યાર' ("શત્રુ") ઉભા કીધા તેનું વર્ણન છે, તેમજ પરગરદ ૨૦ માં અંગ્ર મઇન્યુ'એ માણસજાતનાં શરીર ઉપર જે દુ:ખદર્દો ઉપજાવ્યાં ('ફ્રાકૅરૅંતત્') તેનું વર્ણન છે, અને વંદીદાદ પરગરદ ૨૨ માં અહુરમજદા સ્પિતમ જરથુશ્ત્રને કહે છે કે "જ્યારે મેં અહુરમજદાએ તે શોભાયમાન, પ્રકાશિત મકાન 'ગરો-દૅમાન' બનાવ્યું, ત્યારે તે ' મઇર્ય ' (= "મૃત્યુ લાવનાર") એ તે મારૂં મકાન જોયું અને તે મોતથી ભરપુર 'મઇય' 'અંગ્ર મઇન્યુ'એ ૯૯૯૯૯ બીમારી ઉપજાવી (= 'ફ્રાકૅરૅનઑત્').''

વંદીદાદમાં આવતા 'અંગ્ર મઇન્યુ'ને લગતા અનેક ઇશારાઓમાંથી આ ઇશારાઓ આપણને જાણવાને પુરતા છે કે 'અંગ્ર મઇન્યુ' આ દુનિયામાં હાનિ, નાશ, મૃત્યુ, દુ:ખદર્દોનું તત્વ ઉપજાવનાર છે. તે સઘળાં સામે 'સ્પૅંત મઇન્યુ'ની પેદાશો લડે છે, લડીને 'અંગ્ર મઇન્યુ' (= "નાશ કરનાર મીનો") નો આખરે નાશ લાવે છે. 'અંગ્ર મઇન્યુ'એ ઉપજાવેલાં નાશ, મૃત્યુ અને દુ:ખદર્દો અહુરમજદાની પેદા કીધેલી પેદાશો સામે છે, જે વિષે પરગરદો ૧, ૨૦ અને ૨૨ માં વર્ણન છે. આ લખાણો જમ્યાદ યશ્તમાંથી ઉપર ટાંકેલા ફકરાઓ સાથે વાંચતાં માલમ પડશે કે અહુર-મજદાની પેદાશોને નુકસાન કરવાની, તે પેદાશોનો નાશ કરવાની સઘળી કોશેશ વ્યર્થ જાય છે અને જશે, અને અહુરમજદાની પેદાશો અનંતકાળ સુધી દુ:ખદર્દ અને મોત સામે નિભશે.

આપણે ગાથાનાં લખાણો ઉપરથી જેમ જોયું છે તેમ આ પાછલાં અવસ્તાનાં લખાણોમાંથી આપણે જોઇએ છિયે કે સૃષ્ટિમાં બુરાઇનાં તત્વની હસ્તી સમજાવવા કાજે અષો જરથુશ્ત્રને 'સ્પૅંત' અને 'અંગ્ર' વચ્ચેનો અનંત-કાળ સુધીનો એકેક સામેના વિરોધનો વિચાર સુઝયો, અને તે વિચાર પાછલાં અવસ્તા સાહિત્યમાં અષો જરથુશ્ત્રના અનુયાયીઓએ ખુલાસાવાર જાહેર કીધો છે.

અવસ્તાનાં પાછલાં સાહિત્ય જમ્યાદ યશ્ત ફકરા ૪૪ માં જણાવવા પ્રમાણે 'સ્પૅંત મઇન્યુ'નો વસવાટ "રોશન ગરો-માન" અને 'અંગ્ર મઇન્યુ'નું રહેઠાણ 'ઑરૅઘત દુઝ઼ઙ્હ' (="ગંધાતું દોજ઼ખ") છે.

'સ્પેંતમઇન્યુ' ની ઉપજ શું શું છે તે વિષે પાછલાં અવસ્તા સાહિત્યમાં મળતી વિગતોનો સારાંશ આપીશું:—

રામ્ યશ્ત્ મુજબ 'વયુ' (="વાયુ") 'સ્પેંત મઇન્યુ'ને લગતી ઉત્પત્તિ (='સ્પેંતો મઇન્યઑામ્') છે. એ યશ્ત્ના ફકરા ૪૩–૪૪ માં 'વ દાંમ યસ્–ચ દથત્ સ્પેંતો મઇન્યુશ યસ્–ચ દથત્ અંગ્રો મઇન્યુશ' (="એ ઉત્પત્તિ જે 'સ્પેંત મઇન્યુ'એ ઉપજાવી અને જે 'અંગ્ર મઇન્યુ'એ ઉપજાવી") વિષે ઇશારો છે. એજ મુજબ યસ્ન હા ૨૨ ફકરા ૨૪ માં અને યસ્ન હા ૨૫ ફકરા ૫ માં 'વયુ' ને 'સ્પેંત મઇન્યુ'ની ઉત્પત્તિ કહી છે.

રશ્નુ યશ્ત્, ૩૨ માં 'અવે સ્તારો યોઇ સ્પેંતોમઇન્યવ' (="તે તારા જે સ્પેંત મઇન્યુને લગતા") વિષે બોલે છે; અને યસ્ન હા ૧, ૧૧ અને હા ૩,૧૩ માં 'સ્તારાંમ્–ચ સ્પેંતોમઇન્યવનાંમ્ દામનાંમ્' (="સ્પેંત મઇન્યુને લગતી પેદાશોના તારા") વિષે ઇશારા છે.

વંદીદાદ પરગરદ ૧૩, ૧૬ માં 'વીસ્પનાંમ્ સ્પેંતોમઇન્યવનાંમ્ સ્પચિથ્રનાંમ્' (="સ્પેંતમઇન્યુને લગતાં સઘળાં કુતરાની જાતનાં બીજ") વિષે ઇશારો છે.

પાછલાં અવસ્તા સાહિત્યમાંથી લીધેલા ઉપલા ઉતારા ઉપરથી 'સ્પેંત મઇન્યુ'ને લગતી ઉપજ શું શું ધારવામાં આવી છે તેનો આપણને ખ્યાલ મળશે.

'અંગ્ર મઇન્યુ'ને લગતી ઉપજમાં: તીર્ યશ્ત ફકરા ૩૯ મુજબ 'પઇરિકા' (="ધુમકેતુઓ") જેઓ પાણીનું બીજ ધરાવનારા સેતારાઓની સામે કામ કરે છે. યસ્ન હા ૯, ૮, રામ્ યશ્ત્, ૨૪, આવાં યશ્ત, ૩૪, ગોશ્ યશ્ત્, ૧૪, અને જમ્યાદ્ યશ્ત્, ૩૭ મુજબ 'અજ્િ દહાક', તેમજ વંદીદાદની પહેલી પરગરદમાં જણાવેલી અહુરમજદાનાં રહેઠાણો સામે ઉત્પન્ન કીધેલી હાનિઓ, અને પરગરદ ૨૦, ૨૨ અને અર્દિબેહેસ્ત યશ્ત્માં જણાવેલાં દુ:ખ દર્દો છે.

આપણે જોયું છે કે ગાથામાં અને પાછલાં અવસ્તા સાહિત્યમાં 'અંગ્ર મઇન્યુ'ને 'દર્વંદ્'ની ઉપમા આપી છે. એ ઉપરાંત ગાથા અને પાછલાં અવસ્તા સાહિત્યમાં 'અંગ્ર મઇન્યુ' ને 'દ્રુજ' ની ઉપમા પણ આપવામાં આવી છે.

ગાથામાં યસ્ન હા ૩૦, ૧૦ માં 'દ્રુજો ... સ્પયથ્રહ્યા' (= "નાશ કરનાર દ્રુજ") શબ્દો, પાસીંક દંતકથા મુજબ, 'ગના મીનોય' વિષે ઇશારો છે. યસ્ન હા ૩૧, ૪ માં જે 'દ્રુજ' નો પરાજય કરવાની વાત છે, અને જે ગાથાનું પદ યસ્ન હા ૬૧, ૫ માં તેમજ વંદીદાદ પરગરદ ૨૦, ૮ માં ઉતારવામાં આવ્યું છે ત્યાં 'દ્રુજ' શબ્દથી 'અંગ્ર મઇન્યુ'ને વિષે ઇશારો છે, જેનો પરાજય કરી તેને સઘળા સાત કેશ્વરો ઉપર સત્તા વગરનો બનાવવા લખ્યું છે.

ગાથા યસ્ન હા ૪૬, ૬ માં 'દ્રુજો ... દામાંન્' (= "દ્રુજનું મકાન"), હા ૪૬, ૧૧ માં 'દ્રુજો દેમાનાઇ' (= "દ્રુજનાં મકાન તરફ"), અને હા ૪૯, ૧૧ માં 'દ્રુજો દેમાને' (= "દ્રુજનાં મકાનમાં"), અહુરમજદાનાં મકાન 'ગરો-દેમાન' (= "વ્યવસ્થિત મકાન")થી ઉલટાં 'દ્રુજ' નાં મકાન વિષે જે ઇશારા છે તે 'દ્રુજ'થી 'અંગ્ર મઇન્યુ'ને વિષે ઇશારો છે.

ગાથાનાં આ લખાણને અનુસરીને વંદીદાદ પરગરદ ૮, ૧૦૭ અને પરગરદ ૧૪, ૧૮ માં ગાથાનાં અષો જરથુશ્ત્રનાં વચન 'દ્રુજો દેમાને હઇથ્યા અફ઼્હેન્ અસ્તયો' (= "દ્રુજનાં મકાનમાં ખરેજ વાસો થશે") ઉતારી લેવામાં આવ્યાં છે, અને એ વચનમાં માત્ર એકજ ફેરફાર કીધો છે, જે આ કે ગાથાના શબ્દ 'દેમાને'ને બદલે અવસ્તાનો શબ્દ 'ન્માને' મુકવામાં આવ્યો છે. વળી વંદીદાદ પરગરદ ૩, ૭ માં 'અંગ્ર મઇન્યુ'નાં મકાન માટે 'ગૅરેધ' શબ્દ વાપર્યો છે અને ત્યાં 'દ્રુજો હચ ગૅરેધાત્' (= "દ્રુજનાં મકાનમાંથી") શબ્દોથી 'અંગ્ર મઇન્યુ'નાં મકાન માટે ઇશારો કીધો છે.

વળી અદિબેહેશ્ત્ યશ્ત્, ફકરો ૧૭, આપણી 'નીરંગ-ઇ પાદ્યાબ્ કુસ્તી'માં લેવામાં આવ્યો છે ત્યાં, તેમજ જમ્યાદ યશ્ત્, ફકરા ૧૨ માં, વંદીદાદ પરગરદ ૧૯, ૧૨ માં, સ્રોષ્ યશ્ત્ હાદોખ્ત્ ફકરા ૧૪ માં, દ્રુજ' શબ્દ 'અંગ્ર મઇન્યુ'ને માટે વાપર્યો છે.

અષો જરથુશ્ત્રની દીનમાં એક અહુરમજદા સૃષ્ટિને પેદા કરનાર દાદારની માન્યતા છે; સૃષ્ટિના સરજનારે જે કાંઇ સરજ્યું તે સારૂં છે, સૃષ્ટિના સરજનારની સરજીતમાં કાંઇપણ માઠું છેજ નહી, એ અષો જરથુશ્ત્રની દીનની અચળ માન્યતા છે.

સૃષ્ટિમાં માઠું આવ્યું ક્યાંથી? માઠું લાવનાર, ઉપજાવનાર કોણ? અહુરમજદાએ સૃષ્ટિને સરજી. એ સૃષ્ટિની સરજીત તરફ બે અણુદીઠ (='મઇન્યુ') તત્વ 'સ્પૅંત' (="વૃદ્ધિ કરનાર") અને 'અંગ્ર' (="હાનિ કરનાર") સાથે આવ્યાં. એ બન્નેનાં એકેકની સામે કાર્ય કરવાથી "જીવન" અને "અજીવન" સૃષ્ટિમાં પ્રદર્શિત થાય છે; એ બે "જીવન" અને "અજીવન" સેવટ સુધી સૃષ્ટિમાં એકેક પાછળ આવ્યા કરશે; આખરે "અજીવન" ઉપજાવનાર અણુદીઠ તત્વનો પરાજય અને નાશ થશે; સૃષ્ટિમાં જે જે વ્યકિતને સૃષ્ટિની શરૂઆતથી જીવન મળેલું અને જે જે વ્યકિતનું જીવન લઇ લેવામાં આવેલું તે તે સઘળી વ્યકિતઓ, "અજીવન" ઉપજાવનારનો પરાજય અને નાશ થવે, નવેસરથી સજીવન થશે, 'ઇરિસ્ત' (="ગુજરેલાં") પાછાં ગોયા ઉભાં થશે (='ઉસ્ઍહિસ્તાંન્'), જીવનનું 'ઉર્વએસ અર્પૅમ' (="સેવટનું પાછું આગમન") થશે, 'ફ્રષો–કૅરૅઇતિ' (= સૃષ્ટિની સઘળી પેદાશનું "મીનોય હસ્તીમાં આગળ વધવું") થશે, અને સૃષ્ટિની સઘળી હસ્તીઓ 'અજરૅષિંત' (="અજરા" = બીમારી વિનાની) અને 'અમરૅષિંત' (="અમર્ગ") થશે. આ ગાથા અને અવસ્તા સાહિત્યમાં સમાવેલાં જરથુશ્ત્રિ મજહબ મતની દ્રઢ માન્યતા છે.

આપણા હિંદુસ્થાન અને યુરોપના નામાંકિત ઉસ્તાદો અને અભ્યાસીઓએ જરથુશ્ત્રિ સાહિત્ય ઉપર અજવાળું નાખવા માટે અથાગ શ્રમ વેઠી જે સેવા બજાવી છે તેને પરિણામે આપણે આ નોંધ લેવાને શકિતવાન બન્યા છિયે. હવે પછી જ્યાં જ્યાં આપણી ભૂલો રહી ગઇ હોય તે શુધારનારા બહાર પડી આ વિષય ઉપર વધુ ઉજાશ નાંખે એવી ઉમેદ છે.

'અહ્રિમન્'

અવસ્તા શબ્દ 'અંગ્ર મઇન્યુ'નાં પાર્સીક ભાષામાં 'ગના મીનોય્' અને 'અહ્રિમન્' રૂપ બંન્યાં. 'અહ્રિમન્' શબ્દ ઉપરથી ઉત્પન્ન થયલો 'અર્મિલુસ્, 'અર્મેલીઉસ્' (= Armilus, Armelius) શબ્દ યહુદીઓનાં ધર્મપુસ્તકમાં મળે છે. જરથુશ્ત્રિ મજહબ મતના વિચારો યહુદીઓએ લીધેલા હોવાની અનેક શાહદતોમાંની આ એક શાહદત છે. 'અંગ્ર મઇન્યુ' શબ્દ ઉપરથી નિકળેલા આ બે પાર્સીક શબ્દોની વ્યુત્પત્તિ પાછલા પાર્સીક દંતકથાના જમાનામાં એવી રીતે આપવામાં આવી છે કે તેઓનું

અસલ મૂળ ગોયા વિસરી જવામાં આવ્યું હોય એમ લાગે છે. 'ગના મીનોય્'માંનો પહેલો શબ્દ 'ગના' 'અંગ્ર'નો અપભ્રંશ થયલો છે. તેને બદલે 'ગના'ને 'જ્ના' વાંચી તેને પાર્સીક 'જ્તન્' (="મારવું") ઉપરથી નિકળેલો માની 'જ્ના મીનોય'નો અર્થ "મારનાર અદ્રશ્ય હસ્તી" કરવામાં આવ્યો છે. એજ મુજબ 'અંગ્ર મઇન્યુ' શબ્દો ઉપરથી 'અહર્મન્' શબ્દ નિકળ્યો. પણ 'અહર્મન્'ને બદલે 'આખર્ મન્' વાંચી તેનો અર્થ "પચ્છમ બુદ્ધિવાળો" કરવામાં આવ્યો અને એવું મત બાંધવામાં આવ્યું કે 'અંગ્ર મઇન્યુ' 'અહુરમજ્દા' પેઠે 'પેશ્-આકાસ' (="આગમચથી જાણનાર") નથી, પણ 'પસ-દાનિશ્ન્' (="એક બનાવ બની ગયા પછી તે બનાવની માહિતી મેળવનાર") છે.

પાર્સીક દંતકથા પ્રમાણે અહુરમજ્દાએ 'અહરિમન્'ને ૧૨૦૦૦ વર્ષના એક યુગમાં તેનાથી બની શકતું કરી પોતાની ઉપર જીત મેલવવા કાજે યુદ્ધ ચલાવવાની મહેતલ આપી હતી; કેમજે અહુરમજ્દા અગમ-ચેતીથી જાણતો હતો કે અહ્રિમન્ તેની બુરાઇ કરવાની તબેહ, તેની કમજોરી અને નબળાઇથી આખરે નિષ્ફળ નિવડશે અને અહુરમજ્દાની પોતાની જીત થશે. આ પાર્સીક દંતકથાનું મત ખુલ્લું પુરવાર કરી આપે છે કે 'અહ્રિમન્'ને કદીપણ અહુરમજ્દાનો સ્વતંત્ર હરીફ ગણવામાં આવ્યો નથી.

અષો જરથુસ્ત્રની દીનનું મુખ્ય કાર્ય આ હતું કે અસલી આર્યન પ્રજા દુનિયામાં હસ્તી ધરાવતી બદીનાં તત્વો ઉપર જુદા જુદા અણદીઠ દેવતાઓની સરદારીમાં માન્યતા ધરાવતી હતી, તે દેવતાઓની સરદારીની માન્યતા ગેરવાજબી ઠેરવી માત્ર એક 'અહુરમજ્દા' મહાજ્ઞાની સ્વામીની મીનોય હસ્તી કબુલ રખાવી, તે સઘળી નેકીનો કર્ત્તા હોવાની માન્યતા આર્યન પ્રજામાં ફેલાવવી. આ નેમથી કુલ્લે સૃષ્ટિમાં સઘળી બદીનું મૂળ 'અંગ્ર' છે જે જીંદગીનો નાશ કરી મૃત્યુ લાવનાર છે, એ મજ્હબ મત અષો જરથુસ્ત્રએ આર્યન પ્રજામાં ફેલાવવા માંડયું.

અહુરમજ્દાએ તમામ સૃષ્ટિને પેદા કીધી ત્યારબાદ સૃષ્ટિમાં જે પ્રગટિકરણ નિરંતર કાર્ય કરે છે, જ્યાં 'અષ' (="અચળ નિયમ")ની દરેક પેદાશ વિરૂદ્ધ 'દ્રુજ' પોતાનું હાનિનું તત્વ દાખેલ કરી દુનિયાની 'અષ'ની પેદાશનો નાશ કરવા ઇચ્છે છે, ત્યાં હરહમેશ 'અષ' 'દ્રુજ' ઉપર ફાવી 'દ્રુજ'ને મારી હઠાવે છે. એ 'અષ' અને 'દ્રુજ' વચ્ચેની જુદી જુદી

ચાલુ લડાઇના દાખલા ગાથા પછીનાં લખાયલાં અવસ્તા સાહિત્યમાં મળે છે. એ સાહિત્ય રચનારાઓની સમ્પૂર્ણ માન્યતા હતી કે નાશ કરવાની કોશેશ કરનાર 'અંગ્ર મઇન્યુ' પોતે નાશ પામશે અને સૃષ્ટિના સરજનાર અહુરમજ્દાનું રાજ્ય અસલ હતું, હજુ છે અને હમેશાં રહેશે.

આજ સબબથી આપણી કુસ્તી બાંધવાની નીરંગમાં આપણે જરથુશ્ત્રિઓ દુવા ગુજારિયે છિયે કે અહુરમજ્દા માલેક અહ્રિમન્‌ને સત્તા વિના પછાત રાખે, અને અહ્રિમન્ અને તેનાં સઘળાં મળતિયાં નાશ પામે.

આપણી પવિત્ર ફિલસુફી ભરી દીનની ઉમદા મતલબો નહિ સમજી શકાવાથી, એ દીન ઉપર દ્વિવાદ (= dualism) નું ખોટું કલંક મેલવામાં આવ્યું છે, જે જો આપણે આપણી દીનની ફિલસુફી સમજશું તો સહેલાઇથી દૂર કરી શકાશે. જો જરથુશ્ત્રિ ધર્મમાં દ્વિવાદ છે તો એજ પ્રકારનો દ્વિવાદ ખ્રિસ્તીઓનાં ધર્મ પુસ્તકો અને ઇસ્લામી મજ્હબમાં પણ છે. 'ઓલ્ડ અને ન્યુ ટેસ્ટેમેંટ'માં Armilus અને Satan, અને ઇસ્લામીઓના મજ્હબમાં 'અજાજીલ' 'અંગ્ર મઇન્યુ'ની જગ્યા લે છે.

'હઇથ્યા-વર્સ્તાંમ્'

આ 'હઇથ્યા-વર્સ્તાંમ્' શબ્દ 'સ્પેંતામઇન્યુ' ગાથા, યસ્ન હા ૫૦, ૧૧ નાં ચોથાં પદમાં માત્ર એકજવાર મળ્યો છે, અને ત્યાંથી એ ગાથાનું પદ યસ્ન હા ૬૫, ૧૪ માં તેમજ દરેક ફરજિયાત ભણતરમાં ઉતારવામાં આવ્યું છે. એ શબ્દનો પાર્સીક દંતકથાનો તરજુમો 'આસ્કાર વર્જીતારાન્' (= "જાહેર કાર્યો કરનારા") થાય છે.

'ફ્રસ્પાયઑખ્યંઘ્રાંમ્'

આ 'ફ્રસ્પાયઑખ્યંઘ્રાંમ્' શબ્દ આખાં અવસ્તા સાહિત્યમાં માત્ર એકજવાર યસ્ન હા ૧૨, ૯ માં મલે છે. પાર્સીક દંતકથા મુજબ આ સમાસ વિશેષણનો તરજુમો 'ફ્રાજ્ અવકન્ત્ અયોજિસ્નીહ્' (= "ઝુંસરી ફેંકી દેવાડનાર") કરવામાં આવ્યો છે. પાર્સીક દંતકથાના તરજુમા મુજબ 'ફ્રસ્પા' = 'ફ્રાજ અવકન્ત' = "ફેંકી દીધી," અને 'યઑખ્યંઘ્રા' = 'અયોજિસ્નીહ્' = "ઝુંસરી". 'યઑખ્યંઘ્રા' શબ્દ સંસ્કૃત 'योक्त्र (= "જોતર")ને મલતો છે. સાધારણ રીતે તરજુમો કરનારાઓ એ શબ્દનો

અર્થ "ઝઘડો મટાડનારી" = "કજીયો કંકાશ દુર કરનારી" કરે છે. પણ એ શબ્દનો પાર્સીક દંતકથા મુજબનો અર્થ "ઝુંસરી ફેંકી દેવાડનાર" વધારે બંધબેસતો છે. જરથુસ્ત્રિ દીન માણસજાતને ખોટા અક્કલ વિરૂદ્ધના વિચારો યાને વહેમોની ઝુંસરી ફેંકી દેવડાવી છુટાપણું આપે છે.

'ખ્એત્વદથાંમ્'

આપણી 'આસ્તૂઇતિ'માં દીનનું વર્ણન કરતાં દીનને જે વિશેષણો લાગુ પાડયાં છે તેમાંનું આ એક, 'ખ્એત્વદથાંમ્', ઘણું અગત્યનું છે, કારણકે હજુ પણ તરજુમો કરનારાઓ એ શબ્દનો ખરો અર્થ કરી શકયા નથી. યસ્ન હા ૧૨, ૯ પાછલાં અવસ્તા સાહિત્યનું ઘણું જુનું, ગાથા ભાષામાં રચેલું, લખાણ છે. તેમાં 'ખ્એત્વદથાંમ્' વિશેષણ 'દએનાંમ્' શબ્દનો ગુણ દર્શાવે છે. 'ખ્એત્વદથ' (= स्वत्व–दद) નો અર્થ "પોતાનું સ્વત્વ યાને ખુદી અર્પણ કરનાર" થાય છે, એટલે જે 'દએનાંમ્ ખ્એત્વદથાંમ્' તે દીન જે માણસને પોતાનું સ્વત્વ, પોતાનો સ્વાર્થ, દુનિયાની મનુષ્યજાતના ફાયદા માટે અર્પણ કરવા શિખવે. પાછલાં પાર્સીક સાહિત્યમાં 'ખ્એત્વદથ' શબ્દ "લગ્ન" માટે વપરાયો છે, સબબકે લગ્નના ગાંઠથી જોડાનાર સ્ત્રી પુરૂષને પોતાનો સ્વાર્થ પોતાનાં પરણેતર અને પોતાનાં બાળકોને ખાતર અર્પણ કરવાનો હોવાથી લગ્ન એક અતિ મહત્વનું જાતીભોગનું સાધન છે.

એ 'ખ્એત્વદથાંમ્' શબ્દ આપણાં 'આસ્તૂઇતિ'નાં ભણતરમાં 'દએના'નાં એક વિશેષણ તરીકે નારીજાતીમાં છે.

હાલ સુધી સચવાઇ રહેલાં આપણાં અવસ્તા સાહિત્યમાં, વીસ્પરદના ત્રીજા કરદાના ત્રીજા ફકરામાં, અને અફ્રવિસ્રૂથ્રિમ ગેહના આઠમા ફકરામાં 'ખ્એત્વદથૅમ્' શબ્દ નરજાતીમાં એક સામાન્યનામ તરીકે મળ્યો છે, જેનો અર્થ ભાષાશાસ્ત્રને કાયદે તરજુમો કરનારા જરથુસ્ત્રિ અભ્યાસીઓએ વાજબી રીતે "દેશહીતકારી પુરૂષ", "પોતાના દેશ ઉપર ફિદા થયલો પુરૂષ" કીધો છે.

એજ શબ્દ એજ અર્થે છઠ્ઠી વિભકિત એકવચનમાં, વિશ્તાસ્પ્ સાસ્ત્ નુસ્ક, પરગરદ ૩, ફકરા ૧૭ માં 'ખ્એત્વદથહે' રૂપે મળે છે.

વંદીદાદ, પરગરદ ૮, ફકરા ૧૧–૧૩ માં આવતા શબ્દો 'ખ્વએત્વદથો' અને 'ખ્વએત્વદઇથીશ્' નો અર્થ કરતી વખતે જુદા જુદા વિચારના અભ્યાસીઓ જુદા જુદા અર્થો સુચવે છે. ખરી રીતે જોતાં વંદીદાદમાં વપરાયલા શબ્દોનો અર્થ, ઉપર આપેલા વીસ્પરતના ફકરામાં કીધેલા અર્થ મુજબ, "દેશહીતકારી નર કે નારી" કરવો વાજબી છે. બીજી રીતે જો તરજુમો કરવામાં આવે તો "પરણેલાં નર કે નારી" એવો અર્થ લઇ શકાય.

મરહુમ દસ્તુર કુમાના દાદદારૂએ ફ્રેંચ મુસાફર આંકેતિલ ડયુ પૅરૉને અવસ્તા સાહિત્યનો તરજુમો શિખવ્યો ત્યારે 'ખ્વએત્વદથ' વિષે કુમાના દાદદારૂ શું જાણતા હતા તે જાણવું ઘણું અગત્યનું છે. જેમ પાર્સીક દંતકથાના જમાનામાં અવસ્તા શબ્દ 'ખ્વએત્વદથ' કાંઇપણ તરજુમો કીધા વગર પાર્સીક ભાષામાં ઉતારવામાં આવ્યો હતો તેજ મુજબ કુમાના દાદદારૂએ ઉપર કહેલા ફકરાઓનો તરજુમો શિખવતાં 'ખ્વએત્વદથ' શબ્દ આંકેતિલને શિખવેલો હોવાથી, આંકેતિલએ પોતાના ફ્રેંચ તરજુમામાં 'ખ્વએત્વદથ' શબ્દજ સઘળે ઠેકાણે અર્થ તરીકે મેલ્યો. યસ્ન હા ૧૨, ૯, વીસ્પરત્ કરદો ૩, ૩, અઇવિસ્રૂથ્રિમ ગેહ, ૮, વંદીદાદ પરગરદ ૮, ૧૩ ના તરજુમા માટે જુવો આંકેતિલ પુસ્તક પહેલું, ભાગ બીજો, પાનું ૧૨૩ મું, તરજુમો અને નોટ ૧, જ્યાં આંકેતિલ સમજાવે છે કે "'ખ્વએત્વદથાંમ્' પિત્રાઇઓ વચ્ચેનાં વાજબી રીતનાં લગ્ન છે જેને પારસી ભાષામાં 'ખેશી' કહે છે." આંકેતિલના તરજુમામાં ભુલ એટલીજ છે કે 'ખ્વએત્વદથાંમ્' શબ્દને 'દએનાંમ્'નું વિશેષણ નહિ લેતાં એક નામ તરીકે લઇ આ પ્રમાણે તરજુમો કીધો છે: "અને હું આરાધું છું, પવિત્ર ખેતુદસને જે કાંઇ હયાત છે, જે કાંઇ હયાતીમાં હતું તેમાં આ બાબત સૌથી મોટી, સૌથી ઉત્તમ, સૌથી સ્વચ્છ છે; અહુરમજદાએ તેના (પેગામ્બર) જરથુસ્ત્રને એ (ફરમાવ્યું છે); (આ કામ) સઘળી નેઅમતોની આબાદી હાંસલ કરે છે. મજદયસ્ની દીનનો તે ખરો અમલ છે."

હાલના આપણા તરજુમાઓમાં 'આસ્તૂઇતિ'માં સમાવેલું જે વર્ણન આપણે 'દએનાંમ્'ને લાગુ પાડિયે છિયે તે કુમાના દાદદારૂએ તેમના ચેલા આંકેતિલને 'ખ્વએત્વદથાંમ્'ને લાગુ પાડવા શિખવ્યું. વ્યાકરણ અને વાક્ય રચનાનાં જ્ઞાનની ગેરહાજરીને લીધે આ ભૂલ થઇ. 'ખ્વએત્વદથ' યાને

"લગ્ન"ને દુનિયામાં સૌથી શ્રેષ્ઠ અને સ્વચ્છ બાબત દર્શાવી, તેને અહુરમજદાનું ફરમાન અને દીનનો ખરો અમલ હોવાનું શિખવ્યું છે.

વીસ્પરદ્નના કરદા ત્રીજાના તરજુમામાં 'ખ્વએત્વદથ' શબ્દની શરેહ "પોતાનાં કુટુંબમાં પરણીને" ઉમેરી છે: પુસ્તક ૧, ભાગ ૨, પાનું ૧૨૦.

અઇવિસ્રૂથ્રિમ ગેહના તરજુમામાં તેમજ વંદીદાદ, પરગરદ ૮ માં કાંઇપણ શરેહ ઉમેરી નથી: જુવો પુસ્તક ૨, પાનું ૧૧૦; પુસ્તક ૧, પાનું ૩૩૨.

વળી આ ફકરાઓ ઉપરાંત કુમાના દાદદારૂએ 'ખ્વએત્વદથ'નો ભાસ ચાર ફકરાઓ યસ્ન હા ૨૦, ૧, 'અહુનવઇતિ' ગાથા હા ૩૪, ૧૨, યસ્ન હપ્તન્હાઇતિ, હા ૩૯, ૫, 'વહિસ્તોઇશ્તિ' ગાથા, યસ્નહા ૫૩, ૪, માંથી મેળવે છે.

યસ્ન હા ૨૦, ૧ માં કુમાના દાદદારૂ 'ખ્વએતવે ખ્વએતાર્તમ્' શબ્દોમાંથી "જે કોઇ ખ્વએત્વદથ કરે" એવો ખ્યાલ મેળવે છે. પાર્સીક દંતકથાના તરજુમા પ્રમાણે આ બે શબ્દોનો અર્થ 'આન્-ઇ ખેશ્ ખેશ્-રોબિશ્નીહ્' (="પોતાનાં ખેશનું આગળ વધવું") કરવામાં આવ્યો છે, અને આ "પોતાનાં ખેશનાં આગળ વધવા"માં કુમાના દાદદારૂએ 'ખ્વએત્વદથ' (="ખેશી" ="લગ્ન")નો ખ્યાલ જોયો છે.

'અહુનવઇતિ' ગાથા, યસ્ન હા ૩૪, ૧૨ નાં ત્રીજાં પદ 'સીષા નાઓ અષા પથો વન્હેઉશ્ ખ્વએતેંગ્ મનન્હો'નો તરજુમો આંકેતિલ આ પ્રમાણે કરે છે: "બહમન માણસોને 'ખેતુદસ'નો પવિત્ર પંથ શિખવે." (જુવો પુસ્તક ૧, ભાગ ૨, પાનું ૧૭૫, પાનું ૧૨૩ નોટ ૧.) પાર્સીક દંતકથા મુજબ એ પદનો તરજુમો: "શિખવ અમને અષોઇનો પંથ જેની ખેશી વોહુમન મારફતે છે."

યસ્ન 'હપ્તન્હાઇતિ', હા ૩૯, ૫ ના શબ્દો 'વન્હેઉશ્ ખ્વએતેઉશ ખ્વએતાતા'નો પાર્સીક દંતકથા મુજબનો તરજુમો: 'પ વેહ્ ખેશીહ્ ઉ ખેશ્ રોબિશ્નીહ્' (="ભલી ખેશીથી અને ખેશનાં આગળ વધવાથી") છે. એ શબ્દોનો કુમાના દાદદારૂએ પોતાના ફ્રેંચ ચેલાને અર્થ શિખવ્યો કે "હું 'ખેતુદસ' ઉપર અમલ કરૂં." (જુવો પુસ્તક ૧, ભાગ ૨, પાનું ૧૮૩.)

વળી 'વહિશ્તોઇશ્તિ' ગાથા, હા ૫૩, ૪ માં 'ખ્વએતઑાવે' શબ્દ મળે છે. એ જગ્યાએ પાર્સીક દંતકથા 'ઓ ખેશાન્' તરજુમો કરી ટીકા વધારે છે: 'અશ્ તન્ પ જનીહ્ બે-દહિશ્ન' (="જરથુશ્ત્રનાં પુત્રી પોઉરુચિસ્તાએ અષો જામાસ્પને પોતાનું તન પરણેતર તરીકે સોંપવું"). ફ્રુમાના દાદદારૂએ આ ગાથાના છંદમાં "પવિત્ર 'ખેતુદસ્' જે ફળદ્રુપપણાંનો પંથ" જોયો.

એક જરથુશ્ત્રિ ધર્મગુરૂના ફ્રેંચ ચેલાએ 'ખ્વએત્વદથ' વિષે જો જ્ઞાન મેળવ્યું હતું તેના તરજુમાને બાજુએ મેલી હાલના યુરોપના વિદ્વાનોએ જરથુશ્ત્રિ પવિત્ર મજહબ ઉપર આળ મેલ્યું છે કે એ મજહબ મત મુજબ જરથુશ્ત્રિઓ પોતાનાં અતિશય અતલગનાં ખેશીઓ સાથે લગ્નના ગાંઠથી જોડાતાં હતાં. એ આળ કેટલું ખોટું છે તે આપણી કોમના દસ્તુર મરહુમ ડા૦ દારાબજી પેશોતનજી સંજાણાએ એક વિષય લખી સમજાવ્યું છે.[1]

જે મજહબોનું મત હોય કે દુનિયામાં માણસજાતની ઉત્પત્તિ એક માણસથી, 'આદમ' કે 'ગયોમર્દથન'થી, થઇ, તે મજહબમાં દુનિયાની શરૂઆતમાં માતપિતાઓ એકેકનાં ઘણાં નજદીકનાં ખેશી હોવાં જોઇએ એમાં કાંઇપણ શક નથી. પણ દુનિયાની શરૂઆત પછી હજારો વર્ષ અષો જરથુશ્ત્રની દીન નજદીકનાં ખેશીઓ સાથનાં લગ્નનું ફરમાન આપે છે એમ કહેવું સરિયામ સચ્ચાઇથી વેગળું છે. તેટલામાટે ભાષા-શાસ્ત્રને કાયદે તરજુમો કરનારા યુરોપના કાબેલ ભાષાશાસ્ત્રીઓ 'દએનાંમ્ ખ્વએત્વદથાંમ્'નો અર્થ "નજદીકનાં ખેશીઓ સાથે લગ્ન કરવાને ફરમાવનારી દીન" કરે તે વ્યાકરણને નિયમે કે ભાષાશાસ્ત્રને નિયમે ખરો નથી. જો દુનિયાની શરૂઆતમાં ગયોમર્દથનના પુત્ર અને પુત્રીનાં જોડાણથી સંતતિની વૃદ્ધિ થઇ હોય તો તેથી ગયોમર્દથન પછી હજારો વર્ષની મુદત વીતવા પછી અષો જરથુશ્ત્ર પોતાની દીનમાં નજદીકના ખેશીઓએ લગ્નના કોલથી જોડાવાનું ફરમાન આપી ગયા એમ બોલવું વાજબી નથી.

દસ્તુર ફરામજી સોહરાબજી મેહરજીરાણાના 'આસ્તૂઇતિ'ના તરજુમામાં આ નોંધ મળે છે:

---

૧. 'Next-of-kin marriages in ancient Iran.'

"ખેતુઓદથ કરવું ઘણું નેક છે, અને દીનદાર મરદને ખેતુઓદથ કીધું જોઇએ, કાંએજે હેનો શવાબ મોટો છે. ખેતુઓદથ તે એ જે માંહોમાંહ શગાંશગાંમા ખેશી કરે, જેમ એક ભાઇનો બેટો અને એક ભાઇની બેટી, તા૦ ભાઇની બેટી અને બેહેનનો બેટો, એ રીતે માંહોમાહાં ખેશી કરે તેહેને ખેતુઓદથ કહીએ." ('ખોરદેહ અવસતા બા માએની,' પાનું ૨૭.)

દસ્તુર એદલજી દારાબજી સંજાણા એજ રીતે સમજણ આપે છે:

"ખેતોદથ તે જે એક ભાઇની છોકરી અને બીજા ભાઇનો છોકરો એ મીશાલે એક એક શાથે શાદી કરે તથા પોતાનાં અતલગ શગાનાં છોકરાવો શાથેબી શાદી કરે તેહેને કેહે છે." (પાનું ૭.)

'ચિનહ્મી'

'ચિનહ્મી' શબ્દ चि ધાતુ ઉપરથી નિકળ્યો છે. चि (="એકઠું કરવું"). પાર્સીક દંતકથાના તરજુમામાં એ શબ્દનો અર્થ 'ચાશમ્' (="હું સ્વાદ આપું" ="હું ચખાડું" ="હું 'મ્યજદ્' તરીકે અર્પણ કરૂં") કીધો છે, જે અર્થ વાજબી છે અને "એકઠું કરવા"ના અર્થને ટેકો આપે છે.

'વઇર્યો'

'અહુનવઇર્ય'નાં માંથ્રમાં જે 'વઇર્યો' શબ્દ આવે છે તેનો તરજુમો પાર્સીક દંતકથામાં 'કામ' (="ઇચ્છા") કરવામાં આવ્યો હતો. એ દંતકથાનો તરજુમો સઘળા ભાષાશાસ્ત્રને કાયદે તરજુમો કરનારાઓએ આજસુધી કબુલ રાખ્યો છે. 'વઇર્યો' શબ્દ वृ (="પસંદ કરવું") ધાતુ ઉપરથી નિકળ્યો છે, અને નરજાતી પહેલી વિભક્તિ એકવચનમાં એક વિશેષણ છે. એનું અસલ ગાથા રૂપ 'વઇર્ય' (= वर्य ="ઇચ્છવાજોગ", "પસંદ કરવા લાયક", "વડો", "સૌથી સરસ"). એ 'વઇર્યો' વિશેષણનો વિશેષ્ય 'અહૂ' છે, અને 'અહૂ વઇર્યો'નો અર્થ "વડો રાજ્યકર્ત્તા" થાય. પાર્સીક દંતકથામાં 'અહૂ વઇર્યો' નો અર્થ 'અહૂ કામ' (=" 'અહુ'ની ઇચ્છા" ="અહુરમજદાની ઇચ્છા") કરવામાં આવ્યો છે.

'વઇર્ય' શબ્દ ગાથામાં, યસ્ન હા ૩૪, ૧૪, હા ૪૩, ૧૩ અને હા ૫૧, ૧ માં ત્રણ વાર મળે છે, જ્યાં ત્રણે જગ્યાએ પાસીર્ક દંતકથાએ એનો તરજુમો 'કામ' (= "ઇચ્છા") કીધો છે.

ગાથા ભાષામાં લખાયલાં પાછલાં સાહિત્યમાં, યસ્ન હા ૩૮, ૧, હા ૫૪, ૧ માં, 'વઇર્ય' શબ્દ બે વાર મળ્યો છે, જ્યાં પણ પાસીર્ક દંતકથામાં એજ તરજુમો કરવામાં આવ્યો છે.

'દજ્દા'

'દજ્દા' શબ્દ હાલનાં બચી રહેલાં તમામ ગાથા અવસ્તા સાહિત્યમાં માત્ર એકજ વાર યસ્ન હા ૨૭, ૧૩ (= 'અહુનવર્' નાં માંથ્ર)માં વાપર્યો છે. એ શબ્દ ધાતુ दद्, दा ઉપરથી નિકળેલું ભૂતકૃદંત दत्ता (= અવસ્તા 'દજ્દા' = "આપેલું", "બક્ષેલું") સામાન્યનામ તરીકે "ભેટ", "બક્ષેશ", "અર્પણ"ને અર્થે વાપર્યો છે.

'વાસ્તારૅમ્'

'વાસ્તારૅમ્' શબ્દનું અસલ રૂપ 'વાસ્તર્' છે. એ શબ્દ તમામ અવસ્તા સાહિત્યમાં માત્ર બે વાર ગાથામાં, યસ્ન હા ૨૭, ૧૩ (= 'અહુનવર્' નાં માંથ્ર)માં, અને યસ્ન હા ૨૯, ૧ માં મળ્યો છે. પાસીર્ક દંતકથામાં એ શબ્દનો અર્થ 'વાસ્તર્' કે 'વાસ્નીતાર્' કીધો છે. એ 'વાસ્તર્' શબ્દ ઇંગ્રેજી શબ્દ pastor ને મળતો છે અને એકજ અર્થ ધરાવે છે. આપણે એ શબ્દનો અર્થ "નિગેહબાન", "પાસબાન" કરિયે છિયે. સાધારણ રીતે "પશુઓનું રક્ષણ કરનાર"ને માટે 'વાસ્તર્' શબ્દ વપરાય છે. યસ્ન હા ૨૯, ૧ માં 'ગેઉશ્ ઉર્વન્' (= "સૃષ્ટિનું રવાન્") અહુરમજ્દા પાસે 'વાસ્તા' (= "નિગેહબાન") માગે છે, ત્યાં 'ગઑ' શબ્દ, જેનો સાધારણ અર્થ "જાનવર", "પશુ" છે, તે સૃષ્ટિ માટે વપરાયલો હોવાથી 'વાસ્તર્' શબ્દનો અર્થ "પશુઓનું રક્ષણ કરનાર" વધારે બંધબેસતો થાય છે. 'અહુનવર્'નાં માંથ્રમાં 'વાસ્તારૅમ્' શબ્દ 'દ્રિગુબ્યો' (= "ગરીબો") માટેના 'વાસ્તર્' તરીકે વાપરેલો હોવાથી, જેમ ઇંગ્રેજી ભાષામાં pastor શબ્દનો અથ "રક્ષણ કરનાર ધર્મગુરૂ" છે તેમ 'વાસ્તારૅમ્' શબ્દનો અર્થ લઇ શકાય.

'વાસ્તર્' શબ્દની વ્યુત્પત્તિ 'વસ્ત્ર' (= "કપડાં") ઉપરથી લેવામાં આવે છે, અને એનો ધાતુ वस् (= અવસ્તા 'વહ્' = "કપડાં પહેરવાં") છે. જે કોઇ જમીનની ખેતી કરે તેને 'વાસ્ત્ર્ય' કહે છે. જમીનની આબાદાની કરનાર ગોયા ઉજડ જમીનને 'વસ્ત્ર' પહેરાવે છે.

'હોર્મઁજદ્ દ ખ્દાએ'

ગાથા ભાષામાં અષો જરથુસ્ત્રએ 'અહુર મજદા' નામ "એક પેદા કરનાર મહાજ્ઞાની સ્વામી"ને માટે વાપર્યું. 'અહુર' (='असुर') શબ્દનો અર્થ ગાથા અને પાછલી અવસ્તા ભાષામાં "સ્વતંત્ર મીનોય હસ્તી જેની પહેલાં કોઇપણ હતું નહિ". 'અહુર' શબ્દનો અર્થ "સ્વામી" કરી શકાય. 'મજદા' (= 'મજ' = 'महत्' = "મહા" + 'દા' = "જાણવું")નો અર્થ "મહાજ્ઞાની" કરી શકાય એટલે 'અહુરમજદા' = "મહાજ્ઞાની સ્વામી". ગાથા અને અવસ્તા ભાષામાં 'અહુર' માત્ર કે એકલો 'મજદા' સૃષ્ટિના સરજનારને માટે વપરાયો છે. પણ પાર્સીક ભાષામાં એ બે શબ્દોને સાથે મેલી એક શબ્દ 'ઓહ્રર્મજદ્' બનાવી હમેશ "પેદા કરનાર"નાં નામ તરીકે વાપર્યો છે.

હાલમાં આપણે જરથુસ્ત્રિઓ 'ખ્દાએ' શબ્દનું ફારસી રૂપ 'ખોદા' 'અહુર મજદા'ને બદલે વાપરિયે છિયે. પણ પાર્સીક ભાષામાં 'ખ્દાએ' શબ્દનો અર્થ "સાહેબ", "માલેક", "ધણી" થતો હતો; પાર્સીક ભાષામાં 'ખ્દાએ' શબ્દ "અહુર મજદા"ને અર્થે કદી વપરાયો નથી.

"હોર્મઁજદ્ દ ખ્દાએ" નો અર્થ "અહુર મજદા જે માલેક" થાય છે.

'અવાદશાહાં'

'અવાદશાહાં' શબ્દ અસલ પાર્સીક ભાષામાં 'અ-પાત્ખ્શાય્-આં' છે તેનો પાજંદ ઉચ્ચાર 'અવાદશાહાં' થયો છે. 'અ-પાત્ખ્શાય્-આં' (= "સત્તા રહિત"). દસ્તુર ફરામજી એનો અર્થ "ઉંધો પડે અને દફે થાઓ" કરે છે. દસ્તુર એદલજી સંજાણાનો તરજુમો "બદકાર" છે. ઉસ્તાદ કાવસજી કાંગા "બદ અને નાપેકાર", "ખરાબ પાદશાહ" ને અર્થે લે છે. એ શબ્દમાં ત્રણ ભાગ છે. 'અ' પ્રત્યય ગેરહાજરી દર્શાવે છે; 'પાત્ખ્શાય્' વિશેષણ અવસ્તા ધાતુ 'પઇતિ-ખ્ષિ' (= "રાજ્ય કરવું")

ઉપરથી ઉત્પન્ન થયો છે, અને "સત્તાવાન" ને અર્થે વપરાય છે. એજ શબ્દ ફારસી ભાષામાં 'પાદ્શાહ્'ને રૂપે મળે છે; આખરે ઉમેરેલો 'આં' પ્રત્યય વિશેષણુની નિશાની છે.

'કીકાં કરપાં'

પાર્સી દંતકથાની સમજણુ મુજબ "'કરપનો' તેઓ છે જેઓને કર્મ અને સવાબ કરતાં માલ મિલકત વધારે સારી લાગે છે" (યસ્ન હા ૩૨, ૧૨); કીક્ "બુરાઇનાં તત્વથી હારતો નથી" (યસ્ન હા ૪૪, ૨૦); 'કરપનો' "યઝદાંનાં તત્વની બાબતમાં આંધળા અને બહેરા છે" (યસ્ન હા ૪૮, ૧૦); જે કોઇ લાંચિયાને સત્તા આપે છે તે 'કવિકાંન્' (= 'કીકાંન્' = 'કીકો') નાં ડહાપણુથી, જેઓ યઝદાંનાં તત્વ વિષે આંધળા અને બહેરા છે." (યસ્ન હા ૩૨, ૧૪.)

પાર્સી દંતકથામાં આવતા આ શબ્દો 'કીકાં' અને 'કરપાં' 'કીક્' અને 'કરપ્'નાં બહુવચનનાં રૂપ છે. અષો જરથુશ્ત્રના ગાથામાં 'કરપન્' વિષેના ઇશારા યસ્ન હા ૩૨, ૧૨, હા ૪૮, ૧૦, અને હા ૫૧, ૧૪ માં મળે છે; કીક્ (= 'કાવય', 'કવ') વિષે ઇશારો યસ્ન હા ૩૨, ૧૪ માં મળે છે; અને 'કીકાં' તથા 'કરપાં' બન્ને વિષે સામટા ઇશારા યસ્ન હા ૪૪, ૨૦, અને હા ૪૬, ૧૧ માં મળે છે.

યસ્ન હા ૩૨, ૧૫ માં અષો જરથુશ્ત્ર 'કરપોતા' (= "કરપ્") અને 'કૅવીતા' (= "કીક્") વિષે ઇશારો કરે છે.

એમ જણાય છે કે અષો જરથુશ્ત્રના વખતમાં 'કાવય' અને 'કરપન્' નામના બે ટોળાઓ આર્યન પ્રજા આસપાસ વસતી કોમમાં હસ્તી ધરાવતા હતા, જેઓએ અષો જરથુશ્ત્રની દીન કબુલ કીધી નહિ, તેટલામાટે તેઓ વિષે શરેહ કરતાં પાર્સી દંતકથા 'કાવય' (= પાર્સી 'કવીક્' = અપભ્રંશ બગડેલું રૂપ 'કીક્') ને "યઝદાંનું તત્વ નહિ જોતા", "આંખ હોવા છતાં આંધળા" કહે છે; અને 'કરપન્' (= પાર્સી 'કરપ્') તેઓને કહેતા કે જેઓ "છતે કાને બહેરા," વાજબી શિખામણ નહિ સાંભળતા.

પાછળથી એ બે ટોળાઓનાં નામ સામાન્યનામ તરીકે વાપરી એ શબ્દોના અર્થ ઉપર આપવા મુજબ કરવામાં આવ્યા છે.

ગાથા પછીનાં અવસ્તા સાહિત્યમાં એક અગત્યનો ફકરો મળે છે જેમાં 'કીકાં' અને 'કરપાં'ને ઇશારો છે. યસ્ન હા ૯, ૧૮ માં નીચલું લખાણ મળે છે:—

'ની તત યથ તઉવ'ચેનિ વીસ્પનાંમ્ ત્બએષવતાંમ્ ત્બએષાઑ, દએવનાંમ્ મષ્યાનાંમ્-ચ, યાત્વાંમ્ પઇરિકનાંમ્-ચ, સાથ્રાંમ્ કઑયાંમ્ કરફનાંમ્-ચ, મઇય'નાંમ્-ચ બિજ'ધ્રનાંમ્, અષૅમઑઘનાંમ્-ચ બિજ'ધ્રનાંમ્, વૅહ્ર્ક'નાંમ્-ચ ચથ્વરૅ-જ'ધ્રનાંમ, હએનયાઑસ્-ચ પૅરથુ-અઇનિકયાઑ દવાંઇથ્યાઑ પતાંઇથ્યાઑ.'

અર્થ:—"જેથી હું સઘળાં દુ:ખ દેનારનાં દુ:ખ ટાળું, દેવ મનુષ્યોનાં, જાદુગર પરીઓનાં, કાવય અને કરપ્ જુલ્મી રાજ્યકર્ત્તાઓનાં, બેપગાં મોત-લાવનારાંઓનાં, બેપગા આશ્મોઘો (="અચળ નિયમને તોડનારાઓ")નાં, ચારપગાં વરૂઓનાં, દુષ્ટ વચનો બોલતી અને ધસતી, બહોળી સફ ધરાવતી સેનાનાં."

આજ વાક્ય ઓછા કે વધતા ફેરફાર સહિત હોર્મજદ યશ્ત, ૧૦, આવાં યશ્ત, ૧૩, મેહેર યશ્ત, ૩૪, અને ફ્રવદીંન્ યશ્ત, ૧૩૫ માં મળે છે.

આ ફકરામાં 'કાવય' અને 'કરપન્' (="કીકાં કરપાં") ઉપરાંત 'યાતુ' (="જાદુગરો"), 'પઇરિકા' (="પરીઓ"), 'અષૅમઑઘ' (="આશ્મોઘો" = "અચળ નિયમને તરછોડનારા") ને ઇશારો છે, અને 'કાવય' તથા 'કરપન્'ને 'સાથ્ર' (="સાસ્તારાં" ="જુલ્મી રાજ્યકર્ત્તાઓ")ની ઉપમા આપી છે, જે દેખાડે છે કે 'કાવય' અને 'કરપન્' જુલ્મી રાજ્યકર્ત્તાઓ હતા.

આપણી કુસ્તી બાંધવાની નીરંગમાં 'અહ્રિમન્' ઉપરાંત 'દેવાં', 'જાદુઆં', 'કીકાં કરપાં સાસ્તારાં', 'આશ્મોઘાં', 'પરૂયાં' ની જે 'શિકસ્ત્' (="હાર") ચાહવામાં આવી છે તે અવસ્તા સાહિત્યમાં મળતા આ ફકરા ઉપરથી લેવામાં આવ્યું છે એ ચોકસ છે.

આપણી પાસીંક અને પાજંદ ભાષામાં જોડેલી બંદગીઓ સઘળી મોટે ભાગે અવસ્તા ઉપરથી, અસલ દીની મજહબ મતને અનુસરીને રચવામાં આવી છે એ જાણવું અગત્યનું છે.

'પરૂયાં', 'જાદૂઆં'

પાજંદ 'પરૂયાં' શબ્દ પાસીંક 'પરીકાંન્' નો અપભ્રંશ છે. 'પરૂયાં' 'પરી' શબ્દનો બહુવચન છે. પાસીંક શબ્દ 'પરીક્' અવસ્તા 'પઇરિકા' ઉપરથી ઉત્પન્ન થયો છે. એને મલતો શબ્દ ગાથા, વેદ કે સંસ્કૃતમાં મળતો નથી; પણ બનવાજોગ છે કે વેદ અને સંસ્કૃતમાં મલતો परी (=परि+इ) = "કુંડાળામાં ફરવું", "ભટકવું" અવસ્તા 'પઇરિકા' શબ્દને મળતો હોય. અવસ્તા શબ્દ 'પઇરિકા', સામાન્યનામ નારીજાતી, અવસ્તા ધાતુ 'પૅરૅ' (= पृ) ઉપરથી ઉત્પન્ન થયો હોય એ પણ બનવાજોગ છે. એ ધાતુનો અર્થ "પાંખોએ ઉડવું" થાય. એજ ધાતુ ઉપરથી અવસ્તા 'પૅરૅન' (= पर्ण = "પાંખ") નિકળ્યો છે.

અવસ્તા સાહિત્યમાં 'પઇરિકા' શબ્દ જુદાં જુદાં રૂપમાં યસ્ન, યશ્તો અને વંદીદાદમાં મળે છે: યસ્ન હા ૯, ૧૮, હા ૧૬, ૮ = હા ૬૮, ૮ માં; હોર્મેજદ્ યશ્ત્ ફકરા ૬ અને ૧૦ માં, અર્દિબેહેશ્ત્ યશ્ત્, ૫ માં, ખુર્દાદ્ યશ્ત્, ૪ માં, ખુર્શેદ્ યશ્ત્, ૪ માં, તીશ્તર્ યશ્ત્ ફકરા ૮, ૩૯, ૪૪, ૫૧, ૫૩, ૫૪ અને ૫૫ માં, મેહેર્ યશ્ત્ ફકરા ૨૬ અને ૩૪ માં, આેષ્ યશ્ત્ હાતોખ્ત્ ફકરા ૬ માં, ફ્રવર્દીન્ યશ્ત્ ફકરા ૧૦૪ અને ૧૩૫ માં, રામ્ યશ્ત્, ૧૨ માં, જમ્યાદ્ યશ્ત્, ૨૯ માં; સીરોજા ૨, ૧૩ માં; વંદીદાદ પરગરદ ૧, ૯, પરગરદ ૮, ૮૦, પરગરદ ૧૧ ફકરા ૯ અને ૧૨, પરગરદ ૧૯, ૫, અને પરગરદ ૨૦ ફકરા ૧૦ અને ૧૨ માં.

આ રીતે અવસ્તા સાહિત્યમાં 'પઇરિકા' શબ્દ ૩૦ વાર મળે છે, જેમાં બે ઠેકાણે કાંઇપણ વર્ણન કે વિશેષણ વગર 'પઇરિકા'ને ઇશારો છે: મેહેર્ યશ્ત્, ૨૬ અને ફ્રવર્દીન્ યશ્ત્, ૧૦૪; સત્તર ઠેકાણે 'યાતુ' (= "જાદુગર") અને 'પઇરિકા' (= 'પરીક્') બન્ને વિષે સાથે ઇશારો છે: યસ્ન હા ૯, ૧૮, હોર્મેજદ્ યશ્ત્ ફકરા ૬ અને ૧૦, અર્દિબેહેશ્ત્ યશ્ત્, ૫, મેહેર્ યશ્ત્, ૩૪, ફ્રવર્દીન્ યશ્ત્, ૧૩૫, સીરોજા ૨, ૧૩, ખુર્દાદ્ યશ્ત્, ૪, ખુર્શેદ્ યશ્ત્, ૪, તીશ્તર્ યશ્ત્ ફકરા ૮, અને ૪૪, વંદીદાદ પરગરદ ૨૦ ફકરા ૧૦ અને ૧૨, આેષ્ યશ્ત્ હાતોખ્ત્, ૬, રામ્ યશ્ત્, ૧૨, જમ્યાદ્ યશ્ત્, ૨૯, વંદીદાદ પરગરદ ૮, ૮૦; બે ઠેકાણે 'મૂશ્ પઇરિકા' (= "મૂશ પરીક્" = "પૂછડીઆ તારા") વિષે ઇશારો છે: યસ્ન હા ૧૬,

૮ = હા ૬૮, ૮; તીશ્તર્ યશ્ત્માં ચાર વેળા, ફકરા ૫૧, ૫૩, ૫૪ અને ૫૫ માં, ‘પઇરિકા યા દુજ્યાઇર્ય’ (= “પરીક જે માઠાં વર્ષની”) વિષે ઇશારા છે; વંદીદાદ પરગરદ ૧, ૯ અને પરગરદ ૧૯, ૫ માં ‘પઇરિકા ખ્નાંથઇતિ’ જે કેરસાસ્પ પહેલવાનને વળગી હતી તેણી વિષે બે વાર ઇશારા છે; તીશ્તર્ યશ્ત્, ૮ માં ‘પઇરિકાઑ યાઑ સ્તારો કૅરૅમાઑ’ (= “પરીકાઓ જે કીડારૂપી તારા” = “ધુમકેતુ”) વિષે એકવાર ઇશારો છે; તીશ્તર્ યશ્ત્, ૬૯માં “પરીકાઓ જેઓને અંગ્ર મઇન્યુએ પાણીનું બીજ ધરાવનારા સઘળા સેતારાઓની સામે થવા માટે બહાર પાડી” વિષે એક વાર લખાણ છે; વંદીદાદ પરગરદ ૧૧ ફકરા ૯, ૧૨ માં “જે પરીક આતર્, પાણી, જમીન, ગોસ્પંદ અને ઝાડપાન સામે આવે છે” તેને વિષે ઇશારો છે.

આ ત્રીસ ઠેકાણે ‘પઇરિકા’ વિષે મળતા ઇશારાઓ ઉપરથી અનુમાન કરી શકાય કે:

૧) અસલના જમાનામાં ધુમકેતુઓ અને ખરતા તારાથી ખરાબ બનાવો બનવાની આગાહી કરવામાં આવતી હતી, તેને લીધે ‘સ્તારો કૅરૅમાઑ’ (= “કીડારૂપી તારા”), ‘મૂશ્’ (= “ધુમકેતુ”) જેને વિષે પાસીંક દંતકથા કહે છે કે એ ‘મૂશ્ પરીક’ ને ખુર્શેદનાં કિરણ તળે બંદીવાન રાખવામાં આવે છે, અને પાણીનું બીજ ધરાવનાર સેતારાઓ, કર્ક, વૃશ્ચક અને મીન રાશિઓની સામે લડવા ‘અંગ્ર મઇન્યુ’એ બહાર પાડેલી ‘પઇરિકા’ઓ વિષે અવસ્તા સાહિત્યમાં લખાણ છે.

૨) જેમ આકાશમાં સેતારાઓ સામે આકારી તત્વના ધુમકેતુઓ અને ખરતા તારા કાર્ય કરે છે તેમજ સૃષ્ટિની બીજી પેદાશો આતર્, પાણી, જમીન, ગોસ્પંદ અને ઝાડપાનને બુરી અણદીઠ શક્તિઓ ઉડીને વળગે છે અને તેઓમાં હાનિનું તત્વ દાખલ કરે છે, તેઓને ‘પઇરિકા’ (= “ઉડીને આવનાર”) કહી છે.

૩) જરથુશ્ત્રિ દીન જયારથી હસ્તીમાં આવી ત્યારથી જુના જમાનાનાં જાદુ કામણની સામે તેણે પોતાનો અવાજ ઉઠાવ્યો હતો, અને ‘યાતુ’ (= “જાદુગર”) અને ‘પઇરિકા’ (= “જે દેખાવો ખરેખર હસ્તીમાં નાહ તે દેખાવો મનુષ્યજાતનું મન ફેરવી તેની સામે રજુ કરવાની બુરી વિદ્યા ઉપર અમલ કરનાર”) બન્ને વિષે સાથે ઇશારો કરવામાં આવ્યો છે, કારણ કે બન્નેની બુરી અસર એકસરખી છે અને બન્ને સાથે કામ કરે છે.

૪) અવસ્તા, પાર્સીક કે પાજ઼ંદ સાહિત્યમાં જ્યાંપણ 'પઇરિકા', 'પરીક્' અને 'પરી' વિષે કહેવામાં આવે છે ત્યાં "બુરી શકિત ધરાવનાર માણસો" વિષે વર્ણન છે. પણ પાછલા જમાનામાં ફારસી ભાષામાં 'પરી' શબ્દનો અર્થ સારો કરવામાં આવ્યો. ઇંગ્રેજી ભાષામાં પણ fairy શબ્દનો અર્થ સારો કરવામાં આવે છે. તેથી ભાષાશાસ્ત્રીઓએ અસલી ઇરાની સાહિત્યમાં આવતી 'પઇરિકા' વિષે ખોટું મત બાંધી, અવસ્તા 'પઇરિકા', ફારસી 'પરી' અને ઇંગ્રેજી 'fairy' એકજ અર્થ ધરાવે છે એવું મત બાંધી, 'પઇરિકા'નો 'અર્થ "મનુષ્યનો શોભીતો આકાર ધરાવનાર એક હસ્તી જે માણસજાતનાં કાર્યોમાં ભલે કે બુરે દખલગીરી કરે છે" એમ કીધો. ઉપર અવસ્તા સાહિત્ય ઉપરથી સંગ્રહ કરી જે સાર આપ્યો છે તે જોઇશું તો માલમ પડશે કે એ અર્થ ખરો નથી.

વળી વંદીદાદ પરગરદ ૮, ૮૦ માં જે વર્ણન આવે છે તે સાફ બતાવે છે કે જાદુગરો પોતાની બુરી શકિતથી નિર્દોષ માણસોને બહેકાવવા જે દેખાવો રજુ કરી નજરબંદીથી તેઓને ખોટી માન્યતાઓ તરફ ખેંચે તે દેખાવોને 'પઇરિકા' શબ્દથી પિછાણિયા છે :

'યહ્માત્ કહ્માત્‌ચિત્ નએમનાંમ્ વાતો આશ્રો બઓઇધીમ્ વીબરઇતિ અહ્માત્ કહ્માત્‌ચિત્ નએમનાંમ્ હજ઼ંગ્રઘ્નન પઇતિ જસઇતિ આતર્શ મજ઼દાઓ અહુરહે દએવનાંમ્ મઇન્યવનાંમ્ તૅમસ્‌ચિથ્રનાંમ્ દ્રવતાંમ્ બિજ઼્વત્ યાતુનાંમ્–ચ પઇરિકનાંમ્–ચ.'

અર્થ : "જે કોઇપણ દિશાથી પવન આતરનો સુગંધ આસપાસ લઇ જાય છે તે હરેક દિશાથી અહુરમજ઼દાનો આતર અંધકારનાં બીજના અણદીઠ દેવોને તથા દ્વંદ જાદુગર અને પઇરિકાઓનાં જોડકાં-ઓને હજાર ઘણી સંખ્યામાં મારવા આવી પહોંચે છે."

આ વંદીદાદનો ફકરો સ્પષ્ટ રીતે દેખાડે છે કે 'જાદુગર' અને 'પઇરિકા' સાથે મળી કામ કરનાર જોડકાં છે અને તેઓ અંધકારનાં બીજના અણદીઠ દેવોની સાથે કામ કરે છે.

'પતિત્ પશેમાંન્'

પાર્સીક અને પાજ઼ંદ ભાષામાં આવતો 'પતિત્' શબ્દ અવસ્તા 'પઇતિત' ઉપરથી નિકળ્યો છે. 'પઇતિત'ની વ્યુત્પત્તિ 'પઇતિ+ઇ' (= "प्रति+इ"

=“પાછું ફરવું”). એ ઉપરથી ભૂતકૃદંત ‘પઇતિત’ નો અર્થ “જે કાંઇ પાછું ફેરવ્યું તે”. સંસ્કૃતમાં प्रतीतं શબ્દ पश्चात्ताप (=“પશ્ચાતાપ”)ને અર્થે વપરાતો નથી. पश्चात्ताप ઉપરથી ગુજરાતી ભાષામાં ‘પસ્તાવો’ શબ્દ થયો છે.

અવસ્તા ભાષામાં ‘પઇતિતિ’ ગુણવાચક નામ છે, જેનો અર્થ “પાછું ફેરવવાનું કૃત્ય.”

પાસીંક અને પાજંદ ભાષામાં સાધારણ રીતે ‘પ પતિત્ હોમ’ (=“પસ્તાવો કરી પાપથી પાછો ફરેલો છું”) બોલવામાં આવે છે; પણ એમાંથી પહેલો શબ્દ ‘પ’ કેટલીક વાર છોડી દેવામાં આવે છે.

‘પશેમાંન્’ શબ્દની વ્યુત્પત્તિ સમજની સહેલ નથી. બનવાજોગ છે કે અવસ્તા ધાતુ ‘પસ્’ (=સંસ્કૃત ‘पश्’)નો આત્મનેપદી વર્તમાન કૃદંત ‘સ્પસૅમ્નો’ (=पश्यमान “દેખનાર”, “જોનાર”) ઉપરથી ‘પશેમાંન્’ શબ્દ ઉત્પન્ન થયો હોય. એક ભૂલ કરનાર માણસ જ્યારે પોતાનું ખોટું કામ જોઇ શકે ત્યારે તે પશ્ચાતાપ યાને પસ્તાવો કરે; તે ઉપરથી पश्यमान (=“જોનાર”) તે “પશેમાંન” યાને “પશ્ચાતાપ કરનાર.”

‘ઑખે અવખ્શ્ પશેમાં’

પાજંદ ભાષાના શબ્દોના ઉચ્ચાર એક નિયમે બંધાયલા નહિ હોવાથી, જુના જમાનાના દસ્તુરોએ ઉચ્ચારમાં ફેરફારો કીધેલા હોવાથી, કેટલાક પાજંદ શબ્દો સમજવા મુશ્કેલ થઇ પડયા છે.

પાજંદ ‘ઑખે’ શબ્દ અવસ્તા ‘અહુ’ (=“અંતઃકરણ”) ઉપરથી નિકળ્યો છે. પાસીંક ભાષામાં અવસ્તા શબ્દ ‘અહુ’જ લખાય છે. એ ‘અહુ’ શબ્દને પાજંદ ભાષામાં ‘અખો’, ‘ઉહ્’, ‘ઑખે’ વાંચવામાં આવ્યો.

દસ્તુર ફરામજી મેહરજીરાણાએ ‘કુસ્તી બાંધવાની નીરંગ’માં ‘ઉખે’ શબ્દનો અર્થ “એ હોરમજદ” કીધો છે. (જુવો એમની ‘ખોરદેહ અવસ્તા બા માએની,’ પાનું ૨૧). ‘પતેત’માં શરૂઆતમાં ‘ઓખે’ વાંચી તેનો તરજુમો “એ દાદાર હોરમજદ” કીધો છે, અને જ્યાં જ્યાં એજ સંબંધમાં એ શબ્દ પછવાડે આવે છે ત્યાં પણ એજ અર્થ લીધો છે. (જુવો પાનાં ૧૮૭, ૧૯૫). વળી ‘પતેત પશેમાની’માં જ્યાં અવસ્તા

'અહૂયા' નો પાસીંક તરજુમો 'પ ઓહ' કરવામાં આવ્યો છે ત્યાં તેનો અર્થ "દૂલે" કીધો છે.

દસ્તુર એદલજી સંજાણાએ 'નીરંગ-ઇ કોસ્તી બસ્તન'ના તરજુમામાં 'ઑખે' શબ્દનો અર્થ "એ ખોદાએતાલા" કીધો છે. (જુવો એમની 'ખુર્દેહ અવસ્તા બા મઅની', પાનું ૫). 'પતેત પશેમાંની'માં દસ્તુર એદલજીએ એજ શબ્દને 'ઓહ' વાંચી તેનો અર્થ "દૂલની નેક અંદેશી" કીધો છે. (જુવો પાનાં ૧૭૪-૧૭૫). વળી પતેતની શરૂઆતના તથા પાછલા ભાગમાં 'ઓખે' વાંચી "એ દાદાર હોરમજદ" તરજુમો કીધો છે. (જુવો પાનાં ૧૭૨-૧૭૩, ૧૭૮-૧૭૯).

ઉસ્તાદ કાવસજી કાંગાએ 'નીરંગ-ઇ કોસ્તી બસ્તન'ના તરજુમામાં 'ઑખે' શબ્દનો અર્થ "ઓ હોરમજદ!" કીધો છે. (જુવો ઉસ્તાદ કાવસજીની 'ખુર્દેહ અવસ્તા'ની નવમી આવૃત્તિ, પાનાં ૯,૮). 'પતેત પશેમાની'માં દસ્તુર એદલજીનાં વાંચન મુજબ 'ઓહ' વાંચી શુધ્ધ તરજુમો "અંતઃકરણ" કીધો છે. (પાનું ૧૧૦). પણ બીજી જગ્યાએ 'ઓખે' વાંચી દસ્તુર એદલજીના તરજુમા જેવો તરજુમો આપ્યો છે. (પાનાં ૧૦૮-૧૦૯, ૧૧૨-૧૧૩).

ઉસ્તાદોના ઉસ્તાદ નેરિયોસંગ ધવળએ પોતાના 'પતેત પશેમાની'ના સંસ્કૃત તરજુમામાં 'ઑખે અવખ્શ પશેમાંન'નો અર્થ **स्वामिन् व्यावृत्या पश्चात्तापेन** (= "સ્વામીના પાછા ફેરવવે પશ્ચાતાપ વડે") કીધો છે. જુના જમાનાના દસ્તુર સાહેબોએ **स्वामिन्** શબ્દ જે દૂીઅર્થી છે તેનો અર્થ "ધર્મગુરૂ" લેવાને બદલે "ખોદાવંદ" કીધો. એ શબ્દનો અર્થ "રાજા", "ધર્મગુરૂ" કે "અહુરમજદા" લઇ શકાય; ખુદ **स्वामिन्** શબ્દ પાજંદ 'યજદાં'ના તરજુમા તરીકે પણ નેરિયોસંગએ વાપર્યો છે, અને ઉસ્તાદ કાવસજીએ "ખોદાવંદ"નો અર્થ "હોરમજદ" કીધો છે. અવસ્તા ભાષામાં 'અહુ' શબ્દના એકથી વધુ અર્થ થતા હોવાથી ઉસ્તાદ નેરિયોસંગએ 'અહુ'નો અર્થ "અંતઃકરણ" કરવાને બદલે **स्वामिन्** (= "ધર્મગુરૂ") કીધો છે.

'પતેત પશેમાની'ના પહેલા કરદામાં અવસ્તા 'અહૂયા'નો પાજંદ તરજુમો દસ્તુરો ફરામજી તથા એદલજી અને ઉસ્તાદ કાવસજીએ 'ઓહ'

આપ્યો છે. ત્યાં ઉસ્તાદ નેરિયોસંગ 'ઉહ્' વાંચી સંસ્કૃતમાં ઊહેન તરજુમો કરે છે; એટલેકે તરજુમામાં સંસ્કૃત ભાષાનો શબ્દ વાપરવાને બદલે અસલ પાઝંદ શબ્દનો ઉચ્ચાર સંસ્કૃત તરજુમામાં આપે છે.

'અવખ્શ્' શબ્દનો અર્થ ઉસ્તાદ નેરિયોસંગએ વ્યાવૃત્યા લીધો છે તે ઉપરથી જણાય છે કે ઉસ્તાદ નેરિયોસંગએ 'ઑખે અવખ્શ'ની આગળ શબ્દયોગી અવ્યય 'અજ્' ઉમેરી તરજુમો કીધો છે, અને જેમ 'પઇતિત' શબ્દનો અર્થ "પાછા ફરવું" લઇયે છિયે તેમ ઉસ્તાદ નેરિયોસંગએ 'અવખ્શ્' શબ્દનો પણ તેવોજ અર્થ વ્યાવૃતિ (= "પાછા ફરવું") કીધો છે. બનવાજોગ છે કે ઉસ્તાદ નેરિયોસંગએ 'અવખ્શ' શબ્દને પાસીંક અને પાઝંદ 'અવાજ્' (= ફારસી 'બાઝ' = "પાછા")' શબ્દનું બીજું રૂપ ધાર્યું હોય.

'અવખ્શ્' શબ્દ 'અવખ્શુતન્' (= ફારસી 'બખ્શુદન્'="માફ કરવું") ઉપરથી નિકળેલો હોય અને એનો અર્થ "માફ થયલો", "માફી ચાહનાર" હોય.

'પ ૅત ગર્વૅશની'

આપણાં ભણતરોમાં પુરાતન કાળથી રેવાજ ચાલતો આવ્યો છે કે જે શબ્દો ભાર મેલીને બોલવાના હોય તે ત્રણવાર બોલવા; પશ્ચાતાપ જાહેર કરવાની ઘણી અગત્યની ક્રિયા ત્રણવાર 'પ પતિત્ હોમ્' શબ્દો બોલી બજા લાવવી અવશ્ય છે.

છેલ્લા શબ્દો

આપણે જરથુસ્ત્રિઓ યકીનદારીથી આપણી ખાલેસ દીનનાં શ્રેષ્ઠ ફરમાનોમાં માન્યતા ધરાવિયે છિયે. એ માન્યતાનો પાયો દરેક જરથુસ્ત્રિનાં જીગરમાં વધુ મુસ્તકીમ બનાવવા માટે આપણી સાદી હરરોજની બંદગીનાં ભિતરમાં શું છે તે જો આપણે જરથુસ્ત્રિઓ જાણિયે તો આપણી કોમની ધાર્મિક જીંદગીમાં સુધારો થાય એ નક્કી છે.

'ગાથા સોસાયટી'નું મુખ્ય કામ આ છે કે જરથુસ્ત્રિ કોમનું યકીન દીન ઉપર મજબુત કરવા માટે અસલ ગાથા અને પાછલા અવસ્તાનું તેમજ પાસીંક દંતકથાનું સાહિત્ય તરજુમા, ભાષણો અને ટીકાઓ મારફતે રજુ

કરી કોમમાં દીન, દીની સાહિત્ય, દીની તવારીખ, અને દીની નીતિની જાગૃતિ લાવવી. આ મકસદથી આપણી જરથુસ્તિઓની ટુંકી જીંદગી "નીરંગ-ઇ પાદયાબ્ ઉ કુસ્તી બસ્તન્" ઉપર બની શકતું અજવાળું નાખવાની નેમથી આ ભણતરની શુદ્ધ એબારત અને તરજુમો બહાર પાડયાં છે, અને જરથુસ્ત્રિ મજહબ મતના જે વિચારોનો આ ભણતરમાં સમાવેશ છે તેના ઉપર રોશની ફેંકવા આ સમજણ લખવામાં આવી છે. આશા છે કે દરેક જરથુસ્ત્રિ આ તરજુમો અને સમજણ ધ્યાનથી વાંચી પોતાની દીનનાં મહત્વનો વિચાર કરશે, અને પોતાની કોમમાં ખાલેસ જરથુસ્ત્રિ મજહબ મત માટે માન અને જાગૃતિ પેદા કરશે.

એહસાન

આ સમજણ સમાપ્ત કરતાં જે ભલા સાહેબોએ 'ગાથા સોસાયટી'ને અને ખાસ કરીને મને પોતાનાં કાર્યથી મદદ આપી છે, તેઓનું નમનતાઇ પુર્વક એહસાન માનું છું. શેઠ પીરોજશાહ નસરવાનજી મહેતાએ 'ગાથા સોસાયટી'ને મદદ કરી આ પુસ્તક છાપવાની જોગવાઇ કરી આપી છે. 'ગાથા સોસાયટી'ના ઉપ-પ્રમુખ શેઠ સોહરાબજી નવરોજી કાંગા, બી. એ.એ આ નાનાં પુસ્તકની સમજણમાં ઘટીટ કિંમતી સુચનાઓ કરી મને મદદ કીધી છે. ડૉ૰ કુવરજી રૂસ્તમજી અવારીએ આ પુસ્તક વાંચી તેમાં ભાષા અને જોડણીને લગતા કિમતી સુધારા સુચવ્યા છે. મારા અંગત મિત્ર શેઠ હોમી ફરામજી ચાચાએ ઘણી કિમતી સુચનાઓ કરી છે. મારા ભાઇ શેઠ હોશંગ તેહમુરસ અંકલેસરીઆએ આ પુસ્તક ઝડપથી બહાર પાડવાની કાલજી કરી મને મદદ કીધી છે; અને 'ગાથા સોસાયટી'ના ઉમંગી સેક્રેટરી એરવદ ફરામજી અર્દશીર બોદે પોતાના વખતના ભોગે મને ચાલુ સહાયતા આપી છે. એ સઘળા મેહેરબાન મિત્રોનું આ તકે હું એહસાન કબુલું છું.

બેહરામગોર તેહમુરસ અંકલેસરીઆ